અક્કલમંદ અરદવાજ

(એક ઈરાની સ્વરાજી વાર્તા.)

તથા

સ્વરાજી ભોપાળું, ઇ.

બનાવનાર-

માણેકજી એદલજી વાછા.

જે "કાઉન્ટ ઓફ મોંટે ક્રીસ્ટો," "શીવાજી,"
"ગોલ્ડન ફુલ," "એદલકાકા," "ગુલશન,"
"ઇન્ડીયન નાઈટ્સ," "નશીબના
નખરાં," વગેરે પુસ્તકોના કર્તા
[સ્લીટર રોડ, મુંબઈ, ૭]

કીમત— ચાર આના

છપાવી તથા છુટક વેચનાર—
શેઠ પીરોજશાહ મુકાદમ,
[illegible] બજારગેટ સ્ટ્રીટ,
કોટ, મુંબઈ ૧

પ્રસ્તાવના.

" અફઘાનિસ્તાન " ની વાતોના ૬૪ મા પાના પર તથા " ફરેબ રૂપીઆમાં સ્વરાજ "ના શરૂઆતના શબ્દો પર ખુલાસાઓ છાપેલા છે. જે ખ્યાલ બહાર રાખવું જરૂરનું છે કે હમીદખાન ફિરૂ સ્વરાજ ઉર્ફે તીલક ઉર્ફે રાષ્ટ્રીય ઉર્ફે ઉડતાઓ વગેરે ભાગભજક બોલ-શેવીક ખુલ્લા નેમ ધરાવતા હીલચાલોને શોધિજ લગારી તેમજ પોલીસને મહા ભારત કરીને હીંદને આગે નાખવામાં આવ્યો છે અને એ હીલચાલોને શોધિજ હીંદના દેવામાં મોટો વધારો થયો છે. વરસો થયા આ તરફ ખાનગી તદન સ્વતંત્ર લખનારાઓ આ નાશકારક હીલ ચાલોથી કેવા આફત કારક પરીણામો, પરદેશી તવારીખોના અનુભવથી, ચેતવતાં રહ્યાં અને તે ચેતવણી રૂપી આગાહી જેવા ઘણા વરસોમાં (સરકારની પોલીસ દોરી લીધે) જે ખરી ખરી પડી છે તે કોઈ પણ સમજદાર તોલ કરી શકે. ખાસ હીંદ ખાતું રક્ષણ કરનારી બ્રિટીશ સરકારે આખરે વાજબી માર્ગ પકડી ગૈરાક મુખી-ઓને પણ હવે " આરામ લેવા " અને " દુન્યાની દરેગુજ જાળમાંથી છુટકો કરવા હાથ લંબાવેલો જોઇ સર્વ શાંતીને ખરેખર ચાહનારી પ્રજા ખુશીજ થાય છે પણ તેજ વખતે સવાલ કરે છે કે તેમના બીજા અંતર ગોઠીઆઓને શા માટે હજી છુટા ફરવા દે છે. યુરોપ, અમેરીકા, જાપાન વગેરેથી, પીરંગી તથા હથીયાર વગેરે, ખુદ્દરેજી વગેરે અને બ્રીટીશ રાજ ઉથલાવવા માટે બોલશેવીક જર વગેરે વગેરે હજી નાખ્યાં આવતું નહી હોય ! પીરંગીઓની એક મદદગાર સરકારની મારફતે નગરના અફઘાનોના મગજમાં ઠસા-વવાની બોલશેવીક યુકતી છે. આગે આપણો હોદ હજનથી ઉપર પુસ્તકો માટે દેશી તર્ફ માન પત્રોના થોકડે થોકડા આ પુસ્તકના ત્રીજા પાના પર છપેલા જણાશે

" નોન-કોઓપરેશનના ઢોંગી ઓઠાં હેઠળની હીલચાલોમાં એક છે તે હીંદની લગભગ તેત્રીસ કરોડની વસ્તીમાંથી ત્રીસ કરોડ હીંદુ-મુસલમાની વસ્તીમાંના એકદમ ભાગને ઉઘાડ કરી તેમના તમામ જાતીઓને અતી મોઘા દામે અને ખોરાકના પછી જલદીથી ફાટી જાય આ કોઠી જાત જેવું " સ્વદેશી " કાપડ લેવાની આનાકાવગી ફરજ પાડી મોટા ખાડામાં ઉતા-રવાનું અપ્રમાણીક પગલું આ કેટલાક શાહુકારો એક ફરેબ કાપડ ગણાવે છે પણ નરમ, વજનમાં હલકું અને સસ્તાં સાથે નરમ મજબૂત કાપડ બનાવનારાં વેલાત વાળાઓનું બે શાનીએ રૂપ્યો થાય ત્યાં સુધી પ્રમાણીક દેનું અદા નહી કરવાની દેશી લુચ્ચાઇના પગલાથી દરેક દેશીઓનેજ હવે ભોગવવું પડે છે. કારણ કે આ બેશરમ લુચ્ચાઇના પ્રતાપે યુરોપ અમે-રીકાના કારખાનાવાળાઓ અને વેપારીઓએ ઉધાર માલ આપવાનું લગભગ બંધ કીધું છે જેથી દર વરસે આશરે રૂપ્યા હીંદના મફતના વપરાતા બંધ થયા. સટ્ટાબાજ બેંક યા શરાફો પાસેથી મોંઘે વ્યાજે હવે વેપારીઓને નાણું મેળવવું પડવાથી બીજો ખરચ સસ્તો માલ મળતો અટકી પડ્યો છે. ફક્ત નામ ત્યારે " સ્વદેશીને ઉત્તેજન આપો !" પણ સાથે તેમનાં ખીસાં તર કરો ! કેટલી બેહયાઇ ? મફતી ખાય હાંકતા "સ્વરાજીઓ" આજ તેને છેતરે છે કે રસ્તા પાસે નાણું ક્યાં છે કે અહીં હવે મોકલે ? પણ આ બેશરમ યુકતી છે: કારણ ખુદ એ બોલશેવીક સરકાર જાહેર છાપામાં વડાઇ લે છે કે "હીંદુસ્તાન, તુરકસ્તાન વગેરેનો નાશ કરવા પ્રચાર નાખ્યું ત્યા ચાલુ જાસુસો મારફતે રવાના કરવામાં આવે છે. " કોણ બહાર ?

માણેકજી એદલજી વાછા.

સુરત, ખપાટીઆ ચકલા, લક્ષ્મીનારાયણની વાડીમાં આવેલા " જૈન વિજય " પ્રીન્ટીંગ પ્રેસમાં
મુલચંદ કસનદાસ કાપડીઆએ છાપ્યું અને મુંબઇ, કાલબાદેવી રોડ ... બિલ્ડીંગમાંથી
પબ્લીશીંગ કંપની માટે કે. એન. ... પ્રગટ કર્યું.

અક્કલમંદ અરદવાન

યાને

કર ને જો.

લખનાર:—માણેકજી એદલજી વાછા.

તે "ઈરાનીયન નાઇટસ," "સુલતાની વાર્તા સંગ્રહ," 'ખાહીરજી બળવંત.' 'શીરાજી,' 'ઇન્ડીઅન નાઇટસ,' "દખણની દંતકથાઓ," ઇત્યાદીના કર્તા.

પાત્રો:—

અઆશ્નાએ યાતુ—અઝીદહાકનો બલવાખોર.

અરદવાન—દેમાવંદનો એક ખેડુત.

અરશાગ—અરદવાન તથા રહોદોગુનેનો પુત્ર.

અઝીદહાક—બલવા ઉઠાવનારાઓનો એક સંત.

આશક—ગબરૂ નવજવાન શખ્સ.

કાદીર બેગ—આશકનો કાકો.

કૈજખુક—તવંગર બુઢો નીમાજી.

થરસુસા—અરદવાન અને રહોદોગુનેની દીકરી.

નોશીરવાને આદલ—નામાંકીત ઇરાની પાદશાહ (ઇ૦ સ૦ ૫૩૧—૫૭૯)

બુઝર જ મેહેર—નોશીરવાને આદેલનો બાહોશ વઝીર.

મદાઇન, હમાદાન (એક બેટાના), રએ યાને રય—પાયતખ્ત શેહેરો.

મહાત્મા મેહેરદાદ—ઇરાની નામાંકીત પાદશાહ (ઇ૦ સ૦ પુર્વે ૧૭૦—૧૩૬)

નામશરૂ, યાતુ, યાતુ-પરીક, સાઝીશ-કુનીંદા, સાઝીશ જનહુરી—શાહી સત્તા સામે બલવા ઉઠાવનારાઓ.

રહોદોગુને—અરદવાનની પરણેતર.

વીઝીર—ન્યાયાધીશ.

હસીના—ખુબસુરત નવજવાન અબળા.

પરારંભ.

ઇરાનની તવારીખમાં સરસ નોંધાયલા શાહોમાં નોશીરવાને આદેલ (ખ્રસ્તીસન ૫૩૧ ૫૭૯) પણ આવી જાય છે. એ સાડીસુડતાળીસ વરસનું રાજ ભોગવી તેવ્યાસી વરસની જૈફ ઉમરે મરણ પામ્યો હતો. એના જેવા બહાદુર, ડાહ્યા, ઇનસાફી, અને કામેલ પાદશાહો થોડાજ થયા હશે. જાહેર રસ્તાઓ અને પુલો બંધાવ્યા ઉપરાંત તમામ રૈયતને ધર્મ સંબંધી છુટાપણું બક્ષીને " આદેલનો " ખ્વાબ મેળવેલો ઇલકાબ મરણ પછી તવારીખે નોંધેલો છે. એનું પાયતખ્ત મદાયન, યાને મદાઇન હતું. જ્યાં દેશ પ્રદેશના આલમાઓ દરબારમાં આવતા; અને ધર્મસંબંધી તકરારો છુટથી ચલાવવામાં આવતી હતી. વાર્તા નવીસોનો પણ ટોટો નહી હતો. આ નામચીન શાહનો વજીર બુઝરજમેહેર હતો: જે પણ વાર્તાઓનો જબરો ખાં હતો. દેશપ્રદેશની વાર્તાઓ કહેનારાંઓની જંગી સભાઓ સમમુખ સાંભળનારાંઓનાં મન રંજન કરતી હતી. ફુરસદને વખતે ખુદ શાહ તેમજ વજીર પણ તેમાં બહુ ઊલટથી ભાગ લેતા અને લાયકોને નજરાણું દલ્લાંજીવે આપતા; તેથી કુદરતી રીતે રૂમ વગેરે સાથની લડાઇઓ છતાં, લોક ચીત્ત વાર્તા સાંભળવામાં રોકાઇ રહે; અને સ્વતંત્ર થવાની લુચ્ચા દુષ્ટ હરામખોરોની લુટફાટ ચલાવવાની બાજીથી બનતાંસુધી નીરાળા રહી સુખી સંતોષી રહે, તો, તેમાં કશી નવાઇ નથી. એના રાજ્યમાં પણ, એવા કરપીણોની ઉશ્કેરણીથી કેટલાક બળવાઓ ઊઠયા હતા; પણ સંતોષી, અને સુખી રૈયતની મદદથી આ આદેલ શાહ અને તેનો તેવોજ વજીર તેમને મજબુત હાથે કામ લઇ દાબીદેતો હતો. એ વેળા કેવીરીતે વર્તવું તે માટે, પ્રાંતોના હાકેમોપર ખુલ્લું ફરમાન આશકારા કીધેલું હતું.

એક દીવસે, આ નામચીન શાહ પોતાના વજીરને લઇ છુપાવેશે શહેર—રચના જોવા ઊતરીપડયો. રૂમી—મુલકોમાં ફતેહ મેળવ્યા પછી પેત્રાનો નામચીન કીલ્લો પણ કબજે આવવાની વધાઇ, તે દીને દરબારમાં પોકારવા આવી હતી, તેથી આખું મદાઇન ખુશી ખુરશીમાં રમી રહેલું હતું. છુપા વેશે લોકની ખુશાલી જોવી એ બન્ને મહાન મુસાફરોને કાંઇ અજબ મોજમસ્તી હતી. તેઓ આ પ્રમાણે એક ગીચ મુખ્ય રસ્તાપરથી પસાર થયા કે એક ચોગાન આવ્યું; ત્યાં એક ઠેકાણે લોકમેદની વધુ જોઇ તે તરફ ગયા. તેઓએ જોયું કે એક દરવેશ નાનું ઢોલકરું વજાડી કથા કહેવાની તૈયારી કરતો હતો. તે દરબારી કથા કહેનાર નહી: એટલે આમ લોકમાં પાંચ પૈસા કુટી કાઢતો હતો.

દરવેશની પેહેલ્લી રાત.

" ઓ સુખી લોક! આજે હું એક બીજી ખરી બનેલી વાર્તા કહીશ. બાબા લોક! ગેગોટ નહી કરશો! સાંભળો:—

ફળ ફળાદીથી અને ખુદાની મેહેરબાનીથી ફળવંત દેમાવંદની એક એકાંત ખીણમાં અરદવાન નામનો એક ખેડુત રેહતો હતો. પોતાની સ્થાતીની એક ઓરત સાથે તેણે નેકાહ કીધા હતા, જેના પરીણામે તેમને બે ફરજંદો ખુદાએ બક્ષીયાં હતાં, જેમના નામો અરશગ અને થરમુસા હતાં. તેમની મા રહોદોગુને તેમની પાછલ વન પટકી નાખતી. રહેદોગુને થોડીક ખુબસુરત હોવાથી ગરબીનો અંશ તેણીમાં હતો, પોતાની લાડકી બેટી થરમુસા પણ તેણીના

જેવીજ ખુબસુરત હતી, જ્યારે બેટા અરશગ બાપ જેવા હતો. જો કે આ કુટુંબ પાસે જીવ જેવી દોલત હતી, છતાં કરકસરથી જીંદગી ગુજારવાથી તદન સંતોષી અને સુખી હતું. અરદવાન ખેડુત મજબુત બાંધાનો ખડતલ હતો. તે બાપદાદેથી એ જગ્યે વરતો અને પોતાના ઉમરાવ શેઠ માટે જમીન ખેડતો. તેના બાપદાદા પણ તેજ જગ્યે વસી સંતોષપણે મરણ પામ્યા હતા. તંદરોસ્તી હજાર ન્યામત! આ કુટુંબના બાબમાં તેમ હતું. પોતાની ઉમ્ર દરમ્યાન અરદવાન આ ઠેકાણેથી બાહેરગામ કેઠે ગયો નહી હતો, પણ તે જતા આવતા વટેમાર્ગુઓથી અને પેગામચીથી શેહરોની રચનાં અને તરેહવાર બરચક બજારો માટે ઘણું સાંભળતો હતો. શેહેરોમાં મોટી હવેલીઓ અને હાથીઓ, ઘોડાઓ, ઉટો તથા રથો માટે પહોળા રસ્તાઓ શા માટે હોય તે આ ગામડીઓ સમજી શકતો નહી હતો. વળી "એ સઘળું કેવું હશે?" તે વારંવાર મનમાં બોલતો. પોતાના કુટુમ્બની હાજત ઉપરાંત સેજ વધુ કપડાં અને અનાજ તેનો શેઠ ઉમરાવ આપતો. દુધ પણ શેઠના ગાય ઢોરમાંથી મળતું. જે જાનવરોને ખોરાક માટે જબેહ કરવામાં આવતાં, તેમાંથી તેને પણ ભાગ મળતો. પણ પૈસાની વાત નહી. સોનાનો દીનાર ફક્ટ નામેજ તે જાણતો હતો.

તો પણ મહાત્મા મેહેરદાદ પાદશાહે (ઇસ્વીસંન પુર્વે ૧૭૪–૧૩૫) બલ્ખ, મીડયા, યુનાનીઓ વગેરે સામે કીધેલી લડાઇઓમાં તલવારો, ઉંટો વગેરે સામાન પુરો પાડવાના કામમાં ઉમરાવે મોટો નફો કીધેલો હોવાથી આ ઉમરાવી શેઠે ખુશ થઇ નવરોઝની થોડાક દીસો આગાઉ ત્રણ દીનાર આપણા અરદવાનને બક્ષીસ આપ્યા અને ચાર પાંચ દીવસની રજા પણ બક્ષી. અરદવાન તો હાથમાં સોનાના આ ફરહાદી ત્રણ દીનર જોઇ ખુશીનો માર્યો ઘેલો જેવો થઇ ગયો. તેના હરખનો સુમાર નહી હતો. ત્રણ સોનાના સીક્કા અને વળી ચાર પાંચ દીનની છુટી? તેના "બાપદાદાઓના નશીબમાં પણ એમ બનેલું નહી હશે" તેણે વીચાર કીધો. ખેતીનું કામ આટોપી તે તરત પોતાના ઝુપડાં તરફ નાચતો કુદતો ગયો. "રહોદોગુને પ્યારી! નાચ કુદ, મજાહ કર! તારે સ્વપ્ને પણ નહી એટલી દોલત આજે હું લઇ આવ્યો છું.!" એટલું બોલી પેલા સીક્કાઓ હાથમાં દેખાડી ઉભો. રહોદોગુને પણ આ જોઇ પોતાના પતીની જ પેઠે ખુશાલીથી છલકાઇ ગઇ, અને ખુશાલીમાં ભાગ લેવા ખેતરમાં રમતા પોતાના બન્ને બાળકોને હાક મારી બોલાવ્યાં.

ત્રણે સિક્કાપર ચમકતી આંખ્યોએ નજર ઠેરવી રાખી અરદવાન બોલ્યો. "માયાળુ શેઠે ચાર પાંચ દીનની છુટી પણ બક્ષી છે. હવે સવાલ એ છે કે, આટલીબધી દોલતનું આપણે શું લઇએ? વ્હાલી! જો, તુંને અડચણ નહી હોય તો, કાલે હું રગે (રઇ) શહેરમાં જાઉં. મેં તેની ઘણી તારીફો સાંભળી છે, પણ નજરે જોયું નથી. અહીંથી થોડાક ફરશંગને આંતરે છે. આ સીક્કાઓનો ત્રીજો ભાગ તદન મુફલેસોમાં વેંહેંચીશ. મહાપ્રતાપી મેહેરદાદ પાદશાહનો જો, રૂડો ચેહેરો જોવાની તક મળશે તો, નજરાણા દાખલ એક બીજો સીક્કો ધરીશ; અને બાકી રહેલાનું તમે લોક જે માંગો તે ખરીદી લાવીશ."

વ્હાલા ખાવીંદ! હું કાંઇ ઘણું માગીશ નહીં. કોઇ દી મેં રેશમી પોશાક પહેર્યો નથી તો એટલા પરજ હું સુકરાના કરીશ."

"પેદર! મારે માટે એક તલવાર, અને એક ઘોડો." અરશગે માગણી કીધી.

"બેટા! શા માટે?"

"વળી, આપણા પાદશાહના દુષ્ટ દુશમનો સામે લડવા." કહી આંચકી ત્રમર રહ્યું.

"પણ તું હજી નાનો છે, તે કેવી રીતે પાદશાહના (ખુદા ! એની ઉમર તાજગીથી ભરપુર રહે; અને વીરૂદ્ધનાંઓનો નાશ થાય.) એ ખંધારી ખુનીઓ યા ખુનો કરવનારાઓની સામે થાય ?"

"શાહની સત્તા સામે માથું ઊંચકનાર નામશરૂઓ મારા જેવા છોકરાઓને શા માટે મીઠાઇ ખવાડી આગળ પાડે છે ?"

"એ તુંને કોણે કહયું ?"

"પસાર થતા લશકરીઓની છાવણીમાં તે દીન બેઠો હતો ત્યારે તે લોક બોલતા હતા. કહે છે કે તેઓમાં પણ, એ સાઝીશકુર્નાંદાએ નાણું-નજરાણું વહેંચ્યું; પણ એ નામશરૂઓના લશકરીઓ ગુલામ થયા નહી ને પોતાના અમલદારો આગળ નાણું નજરાણું સર્વ હકીકત સાથે હાજર કીધું."

"બેટા ! મને એ વાત માલમ નહી હતી. પણ તું મારો લાયક શાણો બેટો છે તેથી લાવીશ. હવે દીકરી થરમુસા ! તારે માટે શું ?"

"એક રેશમી રૂમાલ અને કસબી ભરેલા જોડા !"

"પાંચ છ દીનમાં જરૂર એ સર્વ લઇ આવીશ."

હવે બન્યું એમ કે જયારે આ વાતચીત ઝુંપડાંમાં થતી હતી તે વેળા શેઠાણીનું ત્યાંથી પસાર થવું, તે તેમનો હરખ અને વાતચીત બાહેર ઉભી રહી ગુપચુપ સાંભળતી હતી. તેણીએ ઘરે જઇ પોતાના પતી ઉમરાવ આગળ સર્વ બીના કહી.

"ગરીબ ગામડયો અરદવાન !" ઉમરાવ શેઠે સાંભળી લીધા પછી વીચાર જણાવ્યો. "બીચારાને માલમ નથી કે રએ કેટલું દુર છે અને એ સઘળી ચીજો એક બે દીનારમાં કેમ ખરીદશે ! પણ ખરા ! કાલે સહવારે એક સાહનસી પત્રો લઇ રએ જનાર છે તેની સાથે અરદવાન જઇ શકશે."

તેણે તરતજ તેમ કરવા હુકમ ફરમાવ્યો. હવે તો અરદવાન અને તેના કુટુમ્બની ખુશાલીનો પારજ નહી રહયો. વગર મહેનતે રએશહેર ! તેઓએ આ સારા સગણ માન્યા.

બીજા હાથ પર શેઠ શેઠાણી પોતાનો ભલો ખેડુત પૈસાનો કેવી રીતે વહીવટ કરે છે તે જોવા આતુરમંદ બન્યાં. શેઠે એક રૂકો શાહની દરબારના ઉમરાવ મીત્રને લખ્યો અને શાહ હજુર એક દીનાર અરદવાન નઝર દાખલ ધરે છે યા નહી તે ગુપચુપ જાણવા માંગ્યું. બીજા હાથ પર આ દરબારી ઉમરાવે પોતાના મીત્ર વઝીર આગળ એ હકીકત કહી, જેણે વળી શાહ મેહેરદાદને સઘળી હકીકત જણાવી; આ સાંભળી આ શુરા શાહે અરદવાનને પોતાની હજુર આવવાની ટક આપવા વઝીર સાથે નક્કી કીધું, કે જે ટક વેહરકાન (હીરકેનીઆ)ના પકડાયલા નામશરૂઓની જાહેર તપાસ વેળા તરતજ મળી હતી. કોઇ અઝીદહાક ધર્મઠગે વેહરકાન વગેરેના પ્રાંતોમા લોકોને સ્વરાજ બક્ષાવવાની ખોટી ઉમેદો આપી પાદશાહ મેહેરદાદ સામે બળવો ઉઠાવ્યો હતો. લુચ્ચા લફંગા નામશરૂઓએ એ મતલબથી કરપીન અઝીદહાક ધર્મઠગને છાપરે ચઢાવ્યો હતો કે જેથી લુટફાટો થાય અને નીરદોશ માણસોના દાગીના વગેરેને લીધે લોહી ગમે તેટલું વેરાય, પણ તે વેળા જે ઝવેર એ હરામખોરોના હાથમાં આવે તેનો ચોકકસ ભાગ પોતાના ઉપરી આ ધર્મ ઠગને દાન દાખલ આપી, પોતે રાખે. તેઓએ આ શખ્સને ઇશ્વરી દરજ્જો આપી "અમાલાએ યાતુ" ઉપમા પણ આપી હતી કે જેથી અજ્ઞાન, વેહેમી અને નબળાં ભેજાંનાં માણસો આ યાતુ મુખીને પુંજે કે જેથી લુટફાટ અને ખુનોનાં કામમાં સહેલાઇ મળે. નામ સ્વવંશ ! પણ મુળ ઇચ્છા લુટફાટ, બળાત્કારી, વગેરે. તેઓએ તરેહવાર હીકમતો કાઢી

રાજને સતાવવા અજમાવી હતી. પરદેશી લડાઇઓમાં દરબાર ગુંટાયલી, તેટલાં આ સ્વતાત રાજના હીમાયતીઓ થોડો વખત ફાવી ગયાથી વધુ બળવાન થયલા હતા, અને શાહી દસ્ત તે વેળા મજબુત નહી જોઇ ધ્રુસ્ચુપ્ચુ મનવારાંઓ પણ તેમની સાથે જોડાયાં હતાં. ખરા મહાત્માને છાજે તેમ પાદશાહ મેહરદાદે રાજ અમલમાં લોકને ભાગીદાર બનાવવા ત્રણ અલાહેદી રાજસભાઓ સ્થાપી હતી. (જુઓ વીદવાન ભાઇ પા૦ બ૦ દેસાઇની "તારીખે શાહાને ઇરાન" ભાગ બીજો, પાણું ૧૦૨. વીચીત્ર કે એજ પ્રમાણે હાલ હીન્દી રાજ સભાઓ લગભગ તેવી છે, એટલે પારથીઆના પારસી પાદશાહ મેહેરદાદે બે હજારથી વધુ વરસપર એ ત્રણ સભાઓ સ્થાપેલી હતી.) આ રાજસભાના કાયદાઓનો અનાદર કરવા અજ્ઞાન અને નબળાં ભેજાંનાં સંતોષી આદમીઓને ઉશ્કેરવામાં આવ્યાં હતાં. તરેહવાર રીતીઓ અજમાવવામાં આવી. આ "યાતુ-પરીક મંડળ" નાંઓને સુલેહસંપજ અને નેકીચાલું લોક અંતકરણથી ધીક્કારતુંઃ કારણ કે દરેક જરૂરીઆતી ચીજોમાં આ મંડળી તરેહવાર હીકમતો લગાડી ખલલ નાખ્યા કરતું કે જેથી તમામ લોક કંતાળી બળવાઓ ઉઠાવે અને છેલ્લાં તેમનો આ અઝીદહાક સુપી આપખુદ રાજ ચલાવીને પોતાના તેમજ પોતાની કોમના અને સાઝીશ જંખુરીઓનાં ખીસાં ભરે. "માઝ્રસ્તાન" સભા તો આ ઠગરાને મુદ્દલ ભાવતી નહી હતી.

ગધેડાં એ ભાર બરદારી જાનવર અને મુગે મહોડે બોજો ઉંચકી જાય, તેજ પ્રમાણે લોકને માથે પણ અમલનો એટલો બધો ભાર છે તે હરદમ યાદ રાખવા માટે એની ટોળકીવાળા ગુલામડાંઓએ ગધેડાંના ચીન્હવાળાં પોશાકો પેહેરવા કે જેથી સ્વછતા ગણાયઃ આ તેનો પ્રથમ હુકમ હતો. બીજો હુકમ આ યાતુએ એવો કાઢયો કે તઅીમું વગેરે શીખવા જનારાં છોકરાંઓએ શાળાઓમાં જવું નહી, પણ પાક પડોશીઓના ઘરબારોમાં ચોરીઓ કરવાનો હુન્નર ખીળવ્યા પછી તે ધંધામાં પાવરધા થઇ ધર્મસ્થળોમાં મળેલા પૈસા દર હાગીના ફુટી મંડળના ફંડોમાં ભરવા, અને થોડોજ ભાગ ખપ પુરતો પોતે રાખવો. હીંદ, ચીન, વગેરે ઠેકાણેનું રેશમી, ચામડાં ઇ૦ કાપડ કોઇએ પહેરેવું નહીઃ કારણ કે તેથી જગાત મોટી ઉપજે અને રાજના હાથ મજબુત બને; તેને લીધે મજબુત પોડોરા સરકાર રાખવા શક્તીવાન થાય, અને યાતુઓને ફાવવા દે નહી. ત્રણે રાજ સભાઓમાં કોઇએ ભાગ લેવો નહીઃ કારણ કે યાતુ મંડળની અંતકરણની મુળ મતલબથી એ રાજ સભાસદો સંપુર્ણ ખબરદાર હોવાથી તેના ઉપાયો લઇ કાયદા ઘડે, જો કે યાતુ મંડળ તરેહવાર તકલદી બહાણાઓ અજ્ઞાનીને બમાવવા કાઢે છતાં. અમીર ઉમરાવોએ એલકાબો ધારણ કરવા નહી, કારણ કે પોતાના મોભાના વીચારે યાતુ મંડળ સાથે જાજો સંબંધ રાખી શકે નહી, તેમાં "માઝ્રસ્તાન" તો યાતુ મંડળની નેમમાં મોટી હરકત ગણાતી; સબબ રાજ વહીવત કેમ ચલાવવો તેની તરબ્યત બાપદાદેથી માઝ્રસ્તાની સભાસદો શીખતા આવ્યા હતા અને સલાહ સંપજ કેમ સ્થાપવી તેના રસ્તાઓ તેમને માલમ હતા. વળી આ યાતુ મંડળે પોતાના સભાસદો અને હીમાયતીઓને ખાસ તાકીદ કીધી હતી કે સર્વે જણે ફક્ત ગધેડીનુંજ દુધ પીવું, કે જેથી ચીન્હને જોમ મળે અને અઝીદહાક સુખીની ગુપ્ટ છુપી નેમ પાર પડે. પરદેશી સામાનનો નાશ કરવો અને ખરીદવો નહીઃ સબબ પરદેશી સામાન સસ્તો આવે અને કુલ લોક તેથી સંતોષી બન્યાથી યાતુ મંડળની નેમને ધોકો લાગે; વળી જગાતથી સરકારી તીજોરીમાં ભરણું થયાથી બીમાર ખાનાંઓ, શાળાઓ, નેહરો, વગેરે બંધાયાથી લોક લાગણી યાતુ મંડળની નેમથી ઉલટી દીશાએ જાય. ખરગતુ ચીજોના ભાવો

વધારી દેતા, અરે જેટલી વધુ આવક થાય તેનું ચોક્કસ પ્રમાણ મંડળને ગુપચુપ ચાલુ એનાયત કરતા રહેવું; ગરીબ માણસોના ગુજરાનમાંથી લુટેલી એ રકમનો ઉપયોગ ફોજ અને તપાસનીસોને નીમકહરામ કરવા કામે લાગે, તથા મંડળના સભાસદો પોતાના ભેજાંની મેહેનતના બદલામાં સારો હીસ્સો મેળવે, તથા તીર કામઠાં બનાવવા અને બાકુતી ચપર બંધાઓને જરૂર પડવે રોકવા કામ લાગે. ગધેડાઓને તો ઘરેપર ઉછેરવાં: તેથી રોગ પેદા થાય તો તે મોતવાલો સીધો જરૂર સ્વરગે જાય. એ સીવાય બીજી તરેહવાર યુક્તીઓ આ યાતુ મંડળ જુદે જુદે વખતે અને જુદે જુદે સ્થળે લગાડી નામશરૂ તેમજ મુર્ખા લોકને પોતાની તરફ આંચકી વગર કરતું રહ્યું હતું.

હવે, એવે વખતે અરદવાનનું ખરીદી કરવા રએ શહેર જવું થયું. સારબાન (ઊંટ હાંકનાર બેપ્પો) તેનો જન્મથીજ ઓળખીતો તેની નજદીક રહેતો હતો અને મુખ્યકરી અરદવાનને શહેરો કેવાં હોય તેની મુખ્ય ખબર એજ આપતો હતો.

બીજી સહવારે ઝઝકળું થતાંજ પોતાના સુખી કુટુંબને સંતોષી દીસે ભેટી પુર આશાથી સારબાન સાથે ઊંટપર તે બેઠો. કુચ ચાલુ થઇ. બેઠુને લાયક મજબુત દાંગ તેણે સાથે લીધી હતી કે જેથી, રસ્તામાં જો બે ચાર યાતુ મંડળનાઓ મળીને ઘરપચ કરે તો, તેનો પુરેપુરો સ્વાદ દેખાડે.

"હું કાંઇ ઓરત નથી કે, દરી જાઉં ? બાયલાઓ બીહતા ફરે. મેં મારી માદરનુ અમૃત દુધ પીધેલું છે. કાંઇ ગધેડીઓનું નહીં જો !" અરદવાને વાતચીત દરમ્યાન સારબનને કહ્યું.

" ભલા અરદવાન ! આરતે. વખત આવવે સૌ થઇ રહેશે. માબાપ સરકારની પેઠે બનતાં સુધી આપણે ચુપચુપ એવા નામશરૂઓને ચુપ કરીશું. જરૂર પડે: ત્યારેજ લાકડી વગેરેનો કુંદીપાક. દરબારમાં દસ્તાવેજો પુગાડવાના: એટલે, બનતાંસુધી એ લોકોના સ્થળોથી આપણે વેગળાજ રહીશું. તું આટલો હીમ્મતવાન છે, એ જોઇ હું ઘણો ખુશી છું. "

ઊંટ હવે, વધારે લાંબી ફલાંગો ભરવા લાગ્યું. થોડાક ફરસંગો કાપ્યા પછી તેઓ એક જડ પહાડ આગળ આવી પુગ્યા જેની મધ્ય ઊંચાઇએ વાંદરાઓ દોડધામ કરતા હોય તેમ અરદવાનને લાગ્યું

" અહીં કેટલા બધા લંગુર ? "

" એ લંગુરો નથી; પણ, યાતુ મંડળનાઓ સરકારી પાહરા હેઠળ રાજ કરે છે !" સારબાને ખુલાસો કીધો.

"એટલે ?"

"એમ કે ચોક્કસ ગર ગામડાઓમાં અજ્ઞાનોને ઉશ્કેરી સરકારી લેહણું નહી ભરવા યાતુ મંડળનાઓ ઉશ્કેરી આવ્યા. તેના પરિણામ દાખલ મારામારીમાં નીરદોશોનું લોહી રેહાયું. જેઓ મારામારી દરમ્યાન જીલાઇ ગયા તેમને નીરાંતે રાજ કરવા આ ટેકડી પર સરકારે મોકળી આપી ગુફાઓ બનાવવાનું કામ સોંપ્યું કે જેથી કાંઇ નહી તો મરણ વખતે અસ્તોદાન દાખલ તેમનેજ એ જગ્યા કામ લાગે."

"પણ યાતુઓના મુખીઓ ?"

"મારા મારીની શરૂઆતમાં એ અભાગીઓ અજ્ઞાનોનાંજ ઘરબારો લુટી પલાયન કરી ગયા, અને તેમના બાપડી છોકરાઓને ગુલામો દાખલ બીજે ઠેકાણે વેચવા લઇ ગયા.

જેઓ તેમ કરતાં સપડાયા તેમનાં ડોકાં છતકાઇ ગયાં; તેમની લાસો ધધેડાંઓજ પગ તળે રોળે છે અને કોહલાં વરૂઓ ખાય છે."

અરદવાનને મનશે આ તદન નવી ખબર હતી.'

"એ હરામીનું અઆલાઓનો પણ મુખી ખરે કે ?"

"તું તો હૈઠો તદનજ ગમાડ રહી ગયો ! એ સઉથી કરૂરનું નામ અઆલાએ અઝીદ-હાક છે. તે ઘણોજ સીફતથી વર્તે છે, અને બીજા અઆલાએ યાતુઓ પેઠે રમખાનો અને બલવાઓ વખતે પોતાના જીવની સલામતી માટે દુરનો દુર રહે છે. જેમ નામશરૂઓ તેને પુંજે છે, તેમ અજ્ઞાનો પણ તેના ગુલામો બને છે. પાદશાહનું સર્વ ચીત અત્યાર સુધી પરદેશી લડાઇઓમાં રોકાયલું હોવાથી આ યાતુઓને ફાવી જવા ઘણી સરલતા મળી."

બે ત્રણ વધુ ફરશંગોની મંજલ કાપ્યા પછી તેઓ હરીઆલીથી ભરપુર એક મોટાં ગામમાં જઇ લાગ્યા, જયાંની મોટી ઇમારતો જોઇ અરદવાન દંગ થયો.

"અહીં તો આપણા મુરબ્બી શેઠના જેવી ઘણી ઇમારતો છે." અરદવાને વીચાર જણાવ્યો 'પણ પેલાં ઓહોલાં ચોગાનમાં હજારો ધધેડાંઓ કેમ ? વળી બધાં માણસો દુધ દોહોવવા મંડી ગયાં છે."

"નજદીકના બલવાખોર યાતુઓ પોતાના મુખીની સલાહથી આ જાનવરો ઉચ્છેરતાં હતાં. પણ બલવાખોરોને શાહી લશકરે હરાવી તેમના એ સર્વ જાનવરો તેમના યાતુ ધણીઓ ભેગા અહીં લાવી હાલ તરત જમા કીધાં છે, અને તેમના એ પવીત્ર જાનવરોનું દુધ તેમનીજ પાસે કઢાવે છે. બલવાખોરોની તલાસ ચાલ્યા પછી એ સર્વ જાનવરોને પથ્થરા ચુણો, કચરો વગેરે લાવવા સરકારને આપતાં કામે લાગશે. વળી પરદેશી લડાઇઓમાં પણ એ ઘણા ઉપયોગી થઇ પડે છે. યાતુઓ ઉછેરે અને યાતુઓએ જાહેર કીધેલાં અભાવવાલાં કામોમાં બળવાન લોક સુખ આપનારી સરકાર વગર પૈસે અને મહેનતે કામે લગાડે ! એ કરતાં સરસ શું ?"

"પણ દુધ દોહવનારાઓ ! પોશાક પર મુદલ ગધેડાંનો મુદ્રાલેખ દેખાતો નથી."

"કયાંથી હોય ? કેદખાનામાં એઓના બાપ્રબંધો જે બીલાફ પોશાક કાઢે, તેજ તેઓ પણ પેહેરે અને એ યાતુઓને પણ પેહેરાવે. સરકાર પણ એટલી બધી માયાલુ છે કે એ યાતુઓને પસંદજ ગધેડાંના ચામડાના પોશાકો કેદખાનામાં કરાવી તેમનેજ પેહેરાવવા માટે તેણે હુકમ કાઢયો છે."

ઉંટને પાણી પાઇ તથા ખવાડીને બન્ને જણાં પોતા સાથે બાંધી લાવેલાં ખાણાને ઇનસાફ આપવા બેઠા. પેટનો ખાડો પુંર્યા પછી પોહરેગીરોના મુખી આગળ તેહેકીક કરી સારબાન પાછો વલ્યો.

"આપણા રસ્તા પર બળવાન યાતુઓની એક ટોલકી વખતે મળે એમ જણાય છે" સારબાને ખુલાસો કીધો. "આપણે સલામતી માટે બીજો રસ્તો પકડીશું પણ જો ત્યાં પણ એ નામશરૂઓ મળે તો તું ફકત મારા હાથ હેઠલ ઉંટની ચાકરી કરનાર છે કરી કહેજે અને તેમને ઉલગબરહી રમાડીશ તે તું ખુબ ધ્યાન રાખી જોજે. વચ્ચે તારે બોલવું નહી, પણ જરૂર પડવે આ ખંજર તારી પાસે છુપાવી તૈયાર રાખ. તું જોશે કે એની સુઠ પર ખામખા ગધેડાંની આકૃતી પાડેલી છે હગને ઘર ઠગ પરોણો !"

તેઓએ હવે ચાલુ વપરાતો રસ્તો છોડી દઇ લાંબો વધુ ટેકાંટળીઆંવાળો સાંકડો માર્ગ લીધો. કેટલીક મંજલ કાપ્યા પછી ઘણાક યાતુઓની લાશો કાહલાં વરૂઓ અને ગીદ્દો વીગેરે ખાતાં નજરે પડી. વાસ એટલો તો હતો કે આખરે નાક પર પાટા બાંધવાની તેમને ફરજ પડી.

ઉંટ હવે બતી ઝડપથી દોડવા લાગ્યું, અને લાસોના ઢગોથી દૂર આખરે જઇ લાગ્યું.

"એ ઠેકાણે યાતુઓ સાથે બે ત્રણ દીનપર લડાઇ થયલી હોવી જોઇએ." સારબાને નાક પરથી પાટો કાઢી નાખી જણાવ્યું. "શાહી લશકરે એમને હરાવેલું હોવું જોઇએઃ કારણ કે પાદશાહી લશકરના એક પણ જણની લાસ મારા જોવામાં આવી નહીઃ એટલે દખ્મ કરવા તેઓ પોતા સાથે લઇ ગયલા હશે; જ્યારે યાતુઓ પોતાના સાથીઓને પડતા મેળી હમેસ મુજબ તેમનેજ લુટી પલાયન કરી છુટા છવાયા છુપાયા હશે. પણ ખરા, આ ઉંચા દરખત પર શું ?" તેણે ઉંટને ઠોબાવ્યું અને ઉંટ પરથી ઉતરી ઘણી સીફતથી જપાટામાં તે ગીચ ઝાડ પર ચઢગો.

"ફતેહ ! મહાત્મા મેહરેદાદ શાહની જય !" તેણે ઉંચાં દરખત પરથી પોકાર્યું. ત્યાર પછી તે ધીમે કદમે પોતાની પીઠ પર લાંબી ચીજ બાંધી નીચે ઉતર્યો. "પેલી તરફ શાહી લશકરની છાવણી છે. દુશમન યાતુઓએ આ ઝુંડો (હરવાની અણી પર જોઇ) આ દરખત પર સંતાડી મેલેલો હશે, કે જેથી શાહી લશકરના હાથમાં નહી જાય."

તેણે તે ખુલ્લો કીધોઃ તે ચામડાંનો હતો. તેની પર યાતુઓનો પવીત્ર મુદ્રાલેખ-ગધેડાંની ડોક અને તેના લાંબા બે કાનની વચ્ચે એક અઝદાહ દંખ મારવાની ઢબે-પાડેલો હતો.

"એ ચીન્હની મતલબ શી હશે !"

"ગધેડાં પસંદ યાતુઓના મુખીનું કહેવું એ છે કે ઝેરી સાંપની પેઠે દરેક અણુગમતાંને દંખ મારવો. કદાચ એનું પોતીકું નામ પણ અઝીદહાક હોવાથી એ બંધ બેસતું ધાર્યું હોય. બદમાસોને બદમાસ વખાણે; લુચ્ચાઓને લુચ્ચા પસંદ કરે; ખુનીઓને તેનાજ જેવા ખુનીઓ નીરદોષ કહે; દાકુઓને દાકુઓ છાપરે ચઢાવે; સબબ, આવ ભાઇ હરખા-આપણે બન્ને સરખા ! પણ જાહેરમાં ધરમી અને નીરદોષપણાનું ડોળ ! દુન્યા એમજ ચાલતી આવી છે. પણ વચ્ચમાં એ પાજીઓના લોભને લંધે નીરદોશો માર્યાં જાય છે અને તેમનું સર્વસ્વ લુટાઇ જાય છે."

"બાઇ ! તું તો મારી પેઠે શેઠનો નોકર ! અને એટલું બધું દહાપણ તારામાં કેમ ?"

"રાત દીન દરબાર, ઉમરાવો, ન્યાયધીસો, વગેરેને ત્યાં જવાનું, તે એ આલમાઓ પોતપોતામાં જે વાતચીત કરે, તે ધ્યાન દઇ સાંભળું; પછી જે બનાવો બને તે પરથી તોલ કાઢું; તો, તેમની અક્કલ અને લાંબી પહોંચપર આફરીન કર્યા વગર રહેવાય નહીં. દુન્યાના કહેલ માણસો તો ખરા. પોતાનું ઉપરાંત તંગ દસ્ત, અને નીર્દોષ માણસોને સુખ આપવામાં એઓજ હો ? યાતુઓ તો લુટફાટ, તથા ખુનો કરવા અને ખોટી અફવાઓ ફેલાવવામાં બહાદુર !"

તેઓ આગળ વધ્યા. એક પહાડી કઢચુત્રાળા સાંકડા રસ્તાપર એક યાતુ તીરકામઠાં, અને ખંજર સાથે સામો મળ્યો.

"હજુર !" તેણે મારવાની ઢબે તીર હાથમાં લીધો.

"બેરાદર ! યાતુને યાતુ મારે એ કયે દહાડે અઆલાએ અઝીદહાકનો હુકમ નીકળ્યો છે ?" સારબાને ઊંટ ઠોબાવી નીરદોષપણે સવાલ કીધો.

"દુશ્મન સરકારે હુકમ કાઢ્યો છે કે અબ્બાસાએ અજીદહાકનો સાગેરદ જો અંધીવાન દાખલ નહી પકડાય તો વગર આંચકીએ મારી નાખવો. તો અમે પણ શા માટે તેમ નહી કર્યે ?"

"પણ અમે તારા દુશ્મન હોઇએ તો કેની ? આએ ઝુંડોજ જો: તે હું ઘણી ખુશીથી આપણી સંતાડવાની જગ્યે લઇ જાઉં છું."

"મારી કેમ ખાતરી થાય ?"

"તું જરા પાછલ હઠી ખુલ્લી જગ્યાએ આવે તો ખાતરી કરૂં."

"કાંઇ પ્રપંચ તો નહી ?"

"કાંઇ ઘેલોઍલો છે ?"

યાતુ પાછલ હટ્યો, ઉંટ પણ તેની પાછલ ધીમે કદમે જવા લાગ્યું. આખરે તેઓ ખુલ્લી જગ્યે આવ્યા.

ઉંટને બેસાડી બન્ને જણાએ જમીન પર પગ મેલ્યો.

"વાવટો ઉભો ખુલ્લો કરીશું તો કોઇ જોશે; માટે જમીન પર તારી ખાતરી માટે પાંદરૂં છું."

"એ તો ચોથે દીને લડાઇ ચાલી તે વેળા ફરફરતો હતો." યાતુ ઘણા ધ્યાનથી જોવા વાંકો વળ્યો.

"કેમ તારી ખાતરી થઇ ?" એટલું બોલી અતી ઝડપથી શમશેર કાઢી યાતુની ડોક છટકાવી મેળી. "તું અમારી ડોક છટકાવવા તૈયાર થયો હતો હં ?" વાવટો ઉઠાવી અરદવાનને ઝડપમાં ઉંટ પર બેસવા કહી પોતે પણ છલાંગ મારી તે પર બેઠો અને ઉંટને એકદમ છોડી મેલ્યું.

"એટલી બધી ઉતાવળ કેમ ?"

"કદાચ આ યાતુના શાગેરદો અહીં કઢણોમાં છુપાયલા હશે." સારમાને ખુલાસો કીધો.

આખરે તેઓ એક શહેરમાં આવ્યા જ્યાં ખુશી ખુરમી વ્યાપી રહી હતી. રૂમી શાહને શીકશત આપી ખુરેહબદ નામનો સીપેહસાલાર ફતેહમંદીથી આ રસ્તે પાછો ફરતો હતો, તેને માન આપવા અને ખુશાલી જાહેર કરવા કુલ આલમે ધામધુમ કરી મેલી હતી; અહીં પણ યાતુઓથી દેખી શકાયું નહી. શેહેરની હવેલીઓ વગેરેને ખુબ સનગારી દીપકવાન બનાવી હતી. માટે અબ્બાસાએ યાતુએ હુકમ કાઢયો હતો કે તેની સંપવાસાએ ભાગ લેવો નહી. પણ બઝાર હાટ કરવા તથા કામે તો જવું જોઇએ: માટે તેનો પણ આ કળવંત ભેજાંઓએ તોડ સોધી કાઢયો.

ઝપાઝપીઓ દરમ્યાન યાતુઓએ અસંખ્ય ગધેડાંઓ ગુમાવ્યા હતાં. પણ તેમના હાથમાં પુષ્કળ ઘોડાને સેજ મજાની અંધારીઓ બાકી રહી હતી. તેથી પવીત્રાઇ દેખાડતા આ ગધેડાંઇ અંધારીઓ સર્વ યાતુઓએ આ ધામધુમ દરમ્યાન પહેરવી કે જેથી તમામ રચના તેમને દેખાઇ તેમનો જીવ બળી જળી ખાક ન થાય.

અરદવાનને તો આ જોઇ બહુ ગમત ગામશોક ભેગાં પડી.

"ધાંચીના ગધેડાંઓ ! તેમના મુખીઓ જે કહે તે એમને કબુલ ! ધાંચીનો ગધેડો, જ્યાંનો ત્યાં ફરી ફરીને પાછો આવે !" સારમાને વીચાર જણાવ્યો.

"હવે મને વીચાર થા ન્યાયાધીસને પેલા મારી નાખેલા યાતુની ખબર આપવી જોઇએ." સારબાને જણાવ્યું.

"શા માટે ?"

"કદાચ એ મારી ગએલો દુશ્મન ખેપીઓ હોય તો ઘણી બાતમી સરકારને મળે."

"તે કેવી રીતે ?"

"જે જગ્યાની હું ઇધાની આપીશ, ત્યાં તરતજ હથ્યાર બંધ લશ્કરની ટુકડી બનતી જડપે ત્યાં પુગી જશે અને શોધખોલ ચલાવશે.

"પણ આપણે નહી કહીએ તો નહી ચાલે ?"

"લોકનો એજ ખોટો વીચાર છે. બળવા યા રમખાનની વખતે યા આગમચ સતાવાલાઓના હાથ મજબુત કરવા પોતે જે પણ ખબર જાણતાં હોય તેની ખબર દરેક દેશ હીતેચ્છુ આપણી સરકારને આપવા બંધાયેલો છે કે જેથી ખુનીઓ અને સાઝીશજમહુરીઓ બેખબરીનો લાભ નહી લઇ જાય."

મહક પર જેવી ખબર આપવામાં આવી કે થોડા વખતમાં અતી ઝડપે એક હથ્યાર બંધ ટોલકી તે તરફ રવાના થતી અરદવાને દીઠી.

"સુલેહ સંપજને લીધે સુખી રાજ એમજ ચાલે, નહીતર દેશમાં અંધેર થાય ને બદમાસો નાતવાનોને સેહેલાઇથી લુટી લઇ, મારી નાખી, બાઇડાં છોકરાંઓ પર જુલમ ગુજારી કદાચ ગુલામો દાખલ વેચી પણ નાખે."

દરવેશનો બીજી રાતનો હેવાલ.

અરદવાન તો આ મંજલ દરમ્યાન જે સાંભલ્યું અને જે બનાવો નજરે નજર જોયા તેથી તદન હેરત થયો. તે રાતના તેને જાજી ઉંધ આવી નહી; સારબાન જેવો પણ પોતાના ભેજાનો સારો ઉપયોગ કરી જે દુન્યાઇ ગ્યાન મેળવતો હતો તેથી તે અજબ થયો.

એક ચીજ તેના મગજમાં ઉતરી નહી પોતાની લુચ્ચાઇની સહેલાઇ કરવા યાતુઓના વડાઓ પાસે દોલત હોવી જોઇએ. તે તેઓ કયાંથી લાવ્યા ?

બીજી સફવારે મુસાફરી શરૂ થઇ.

"તું આજે કાંઇ ઘણા ઉંડા વીચારમાં હોય તેમ લાગે છે." સારબાને પુછ્યું.

"એ રાજદ્રોહી માણસો જર કયાંથી લાવ્યા કે એટલા મોટા પાયા પર રમખાન મચાવી બેઠા છે ?"

"રૂમીઓ સાથની આપણી ચાલુ લડાઇઓને લીધે વેશધારી તેમજ લુચ્ચા વેપારીઓની મારફતે રૂમી દરબાર એમને ગુપચુપ નાણું પુરૂં પાડે છે. વેપારી બરનો માળ તેમને મફત પુરો પાડે છે. જહાજ તેમજ જમીન મારગે નગદ ઉપરાંત કીમ્મતી માલ ધમધુકાર આવે છે. એટલે પુરતી જપ્તાનીની ગેર હાજરીમાં કેવી રીતે સરકાર તે પર જાપટો મેળે ? વળી કેટલાક સરકારી નીમકહરામ જમહુરી નોકરો પણ, મોટા ઓહદાઓ પાછળથી મળવાની લાલચે, તેમની સાથે સામેલ છે, એમ લોકમત છે."

"પણ એ સુખી યાતુઓ ખુદ સુલતાનએ રૂમીની પનાહ હેઠલ ઇસ્ટખ્રોલ કાં નહી જતા ?"

"એ લોક જાણે છે કે થોડો વખત પરોણાગતનો લાહવો ચખાડી એકાદ રૂમી હાર થતાંજ રૂમીઓને રાજી કરવા પેલાં પ્રખ્યાત ઘેરી લીધેલાં ચોગાનમાં ભુખ્યા સીહોના મ્હોમાં તેમને કશી આંચકી વગર મેળી દેશે."

"હવે મને સમજ પડી."

"બીજું એ કે ચોરીઓ અને લુટફાટ ખાનગી રીતે સીખવવા તેમના મન ભોલવાવી શાળાઓમાં નહી જવા છોકરાઓને ઉશ્કેરે છે. એટલે કોઇ પણ પ્રકારે નાખતીની નજરે જોનારી સરકારને હેરાન કરવી. આ યાતુઓના મુખીઓની દરેક કામમાં અંદર ખાનેથી મુળ મતલબો જોઇએ તો ફક્ત એજ છે, જો કે બાહેરથી લોકને ઠગવા બીજાં બહાણા કાઢે છે."

અહીં ખબર કાઢતાં તેમને માલમ પડયું કે મહાત્મા મેહેરદાદ રએ શેહેરમાંજ હતો. વળી યાતુઓ ઉપ્રાંત તેમના કેટલાક મુખીઓ મંડેલા છટકાંમાં સપડાઇ જવાથી બાહોશ વીચીરો યાને ન્યાયાધીશો આગળ જાહેરમાં તલાસ ચાલવાની હોવાથી લોકમન ત્યાં ખેંચાઇ રહેલું હતું.

તેઓ આખરે રએ યાને રથ શેહેરે આગળ આવી પુગ્યા. શેહેરે બાહેર પુશકળ ધમાધમી ચાલી રહી હતી. લશકરીઓ અને શેહેરી પોહેરેગીરો ધક્કા મુક્કીમાં ઠીક બંદોબસ્ત જાલવતા હતા. એ ઓહોલાં ચોગાનમાં યાતુઓની ખાસ તલાસ માટે એક ટેકડી જેવી જગ્યાની નીચે ઉચી બેઠક કીધી હતી, જેની પર ગંભીરાઇથી વીચીરો બેઠા હતા, અને પોત પોતામાં કાંઇ વાતચીત કરતા. પેલી ટેકડી પર કીડીની પેઠે જમા થયલું લોક શું થશે તે આતુરતાથી તે તરફ જોતું હતું. કારણ કે તરેહવાર અફવામાં એક અફવા આ યાતુઓએ એવી ઉરાડી હતી કે સરકાર બીહી જઇ તેમને છોડી દેશે. એની મતલબ એજ કે ઘણુંપણુ મનવાળાઓ બેધડક વધુ રમખાણો મચાવે.

અરદવાન અને સારબાન આ મામલો જોઇ ત્યાં ઠેહ્યા.

કેટલાક લટખટ યાતુઓ પણ લોકના મન પર અસર કરવા બંદોબસ્ત જાલવવાને મસે ન્યાયાધીસોની નજદીક તુચ્છકારથી ઉભા હતા. આ ખાસ અદાલતનું કામ સેજ વખતમાં શરૂ થયું. વડા ન્યાયધીશે પ્રથમ જાણવા માગ્યું કે એ યાતુઓને નજદીકમાં શા માટે ઉભા રહેવા દેવામાં આવ્યા હતા? તેણે બીજા ન્યાયાધીસો સાથે વાતચીત કરી ત્યાંથી તેમને હાંકી કાઢવા પોહરેગીરોને ફરમાવ્યું. પણ કેટલાકો તુચ્છકારની ઢબે ત્યાં ઉભા રહ્યા, આથી પોહેરેગીરોના વડાને કાંઇ લેખીત હુકમ આપવામાં આવ્યો. સર્વ હાજર રહેલાંઓની છાતી હવે ધડકવા લાગી. રમખાન જરૂર થશે એવું ધારી નબળા પોચાંઓ ત્યાંથી વીખરાઇ ગયાં, જ્યારે જરૂર પડે તો સતાધીકારીઓને મદદ કરવા લોકનો અતી મોટો ભાગ ઉભો રહ્યો: કારણ કે આ યાતુઓથી લોક તદન કાયર થઇ ગયું હતું. જો પોહરેગીરો યાને લશકરીઓ ત્યાં નાની સંખ્યામાં હતે તો લોકનો મોટો ભાગ આ યાતુઓના મુખીઓને જરૂર ચીરી નાખતે. સરકારને આ બીના માલમ હતી. યાતુઓ લુચ્ચાઇ લફંગાઇમાં મેળવેલાં જરથી ફક્ત ફાવતા હતા.

પણ લોકની અતી ચુપકીદી વચ્ચે પેલા વીખરાઇને ઉભેલા યાતુઓને ચુપચુપ લશકરીઓએ ઘેરી લઇ દરેકના હાથ, ડોક અને પગોપર લોખંડી જંજીરો પેહેરાવી દીધી.

લગભગ તમામ હાજર રહેલું લોક 'શાબાશ! શાબાશ!'ના પોકાર કરતું જાણે ઘેલું ગાંડું થઇ ગયું. થોડાંજ વખત આગમચ તો બંધીવાનોને છોડાવી મેલવાની અફવાઓ સાંભળી હતી, પણ આ તો નજરે નજર ઉલટોજ બનાવ તેમાની નજરે પડયો હતો.

"ન્યાયની અદાલતનો અનાદર કરવા માટે પેહેલા વેહેલાં એમને ઉભા કરવા." ન્યાયધીસોએ હુકમ કાઢયો.

એક પછી એક આ નવા બંધીવાનોને ઉભા કરવાનાં આવ્યા; જેઓએ દલગીરી દેખાડી તેમને સૌથી છેલ્લા તલાસ માટે ઉભા કરવાનો હુકમ આપ્યાથી તેમને ઝીન દાનમાં પુરવા લઇ જવામાં આવ્યા; પણ થોડાક મુઠી ભરોએ તુચ્છકાર બતાવવો ચાલુ રાખ્યાથી પોતાના સાથીઓ સાથે મસલેત કરી વડા ન્યાયધીશે સજા કરતાં તેમને કહ્યું: "તમે પોતાને અબાલાઓ કહેવાડો છો, પણ ખરી રીતે તમે સયતાની અઅલાઓ છો: કારણ કે તમારા આચાર વીચારો અને કાર્યોથી તમો નીરદોશ સુખી માણસોના ઘરમાં ફક્ત માહેતમ ફેલાવો છો. સુખ સંપતવાલી તમામ રૈયતને રાહત બક્ષવા માટે તમોને ઉંડા અંધારા ગારમાં ઉતારવા હુકમ કરવામાં આવે છે. રખેવાળોને સાફ હુકમ આપવામાં આવે છે કે આ યાતુઓને બચાવવા યા ખોરાકી પાણી આપવાની જો કોઇ કોશેશ કરતો જણાય તો તેને બેધડક બે જાન કરવો. નીરદોશ માણસોના ઘરબારો લુટી લુટાવી તેમનામાં જે માહેતમ એ લોક ફેલાવે છે તેનો મરણ દરમ્યાન થોડો પણ અનુભવ એઓએ લેવો જોઇએ."

આ હુકમ બાપોકાર જાહેર કરવામાં આવ્યો. ખુશાળીથી તમામ ભેગું મલેલું લોક જાણે ઘેલું ગાંડું થઇ ગયું. યાતુઓના મ્હોં કાળાં ઠકણ મારી ગયાં. આખરે રાંક લોકે છુટકારાનો દમ ખેંચ્યો.

હવે જેમને માટે ખાસ અદાલત ગોઠવવામાં આવી હતી, તેમને જંજીરો સાથે અને હથ્યાર બંધ ચોકી પેહેરા સાથે ઉભા કરવામાં આવ્યા. થોડો વખત આગમચ પેલા મુખીઓને જે શીક્ષા કરવામાં આવી હતી તે પોહરેગીરોની વાતચીત પરથી તેઓએ જાણી હતી. તે શીક્ષા જાણી લોકે જે ખુશાળી જાહેર કીધી હતી, તેથી તેમનાં હાંજાં તદન ગગડી ગયા હતાં. તેઓને બાહેરના મુખીઓએ વચન આપ્યું હતું કે લોક મદદથી તેમનો છુટકારો કરવામાં આવશે અને અફવા ફેલાવી હતી કે ન્યાયધીસો સાથે સરકારની તરફેણના સર્વ જણાની કતલ કરવાની સંપુરણ યોજના કરવામાં આવી હતી. પણ અહીં તો તેથી તદન ઉલટુંજ તેમના દીઠામાં આવ્યું.

પેહેલાં નબળા પોચા બંધીવાનોએ ગુનાહની તોજેશ કરી માફી ચાહી, તેમને જોઇ બીજાઓએ પણ તેમ કીધું અને છેલ્લાં તેમ કરવામાં એક પણ બંધીવાન બાકાત રહેલો જણાયો નહી. લોકની અધીરાઇ આથી વધી. ન્યાયધીસોએ પોત પોતામાં મસલત ચલાવી. હજારો આતુર આંખો જાણે તેમના ભીતરના વીચારો જાણી લેવા તીક્ષ્ણ પણે જોતી હતી.

"તપાસના કામમાં સેહેલાઇ થયલી જોઇ આ અદાલત ઘણી ખુશીની નજરે જોય છે." વડા ન્યાયધીસે આખરે ગંભીરાઇથી જણાવ્યું. તેનો સૌથી બુજરગ ચેહેરો જાણે ફરેસ્તાનો ખ્યાલ આપતો હતો. "પણ તમે બંધીવાનોમાં અબાલા યાને મુખીઓ કોણ છે તે અદાલત ખાસ જાણવા માગે છે."

બંધીવાનો આથી ચુપ ઉભા રહયા; સર્વના દીઠામાં સ્પસ્ત આવતું હતું કે છ સાત જણા પર તેમની નજર જતી, પણ બીકના માર્યા કોઇની જબા ઉપડી શકતી નહી હતી.

"અદાલત જોઇ શકે છે કે તેમના આ કહેવાતા મુખીઓથી ડરી તેમના ગુલામ જેવા થયલાઓ ખબર આપવાની હીમ્મત કરતા નથી. પણ સરકારની આંખ સર્વ ઠેકાણે છે: તેમની દરેક હીલચાલથી જાણીતી હોવીજ જોઇએ: નહીંતર દેશનો સુખ સંપી વહીવત કેવી રીતે

ચાલી શકે ? અમીનને હુકમ કરવામાં આવે છે કે તલાસ દરમ્યાન આ બંધીવાનોમાં જે મુખીઓ જણાય હોય તેમને છુટા પાડી અમારી સનમુખ ઉભા કરવા."

આ કામ વદન સહેલું હતું. કારણકે, લગભગ તમામ લોકથી તેઓ જણીતા હતા. થોડાક બંધીવાનોને આથી અલાહેદા ઉભા કરવામાં આવ્યા.

" ત્યારે તમે બળવાખોરોના મુખીઓ દાખલ અત્યાર આગમચ ભાગ લીધો. " એક ન્યાયાધીશે કહયું " તમારા બચાવમાં કાંઇ કહેવું છે ? "

" ન્યાયોના શાહ ! અમોને ઉશકેરનાર અઝીદહાક. "

" પણ તેથી શું થયું ? તે તમારા કરતાં પણ વધુ ઝેરી અઝદાહ ? તેથી કાંઇ તમે ઝેરી સર્પ નથી એમ ઠરતું નથી ? સુલેહસંપથી રહેલી રંક અને રાય રૈયતનો એવા ઝેરી પ્રાણીઓથી બચાવ કરવો, એ દરેક સુધરેલાં રાજની રાજ્યનીતી છે, તે તો તમો મુખીઓ જાણતા હોવાજ જોઇએ; એવા ઝેરી અઝદાહો સુખી સુખીયારાં ઘરોમાં મોટી માહેતમ ફેલાવે છે તેનો તતકાળ અટકાવ કરવો અવશ્યનો છે. તમારા જેવા દુષ્ટ લોકની ઉશકેરણીથી નીરદોષ લોકના ઘરબારો લુટાય; તેમના નાહક ખુનો થાય; યા ગુલામો દાખલ વેચાઇજાય; અને સુખી શહેરને માહેતમમાં ફેરવી નાંખે; તે કોઇપણ શયાણી સરકાર કેમ સાંખી શકે ? શું એવા સયતાનોને દેશ સ્વાધીન કરે ? મહાદયાળુ દાતાર શું તેથી ખુશી થાય ? માટે એવાં કાતીલ ઝેર ધરાવનારાંઓથી તમામ રૈયતને બચાવવીજ જોઇએ, કે જેથા સવાબમાં હંમેશ થાય."

ત્યારપછી સર્વ ન્યાયાધીશો વાતચીતમાં મશગુલ રહેલા દીસ્યા. જરાવારમાં વડા ન્યાધીશે ચુકાદો આપ્યો. " બંધીવાન બળવાખોરોના તમો મુખીઓ છો, તમો સર્વ ઝેરી અઝદાહો મીશાલ છો. નીરદોશ રૈયતને તમારા જુલમાતથી બચાવવી, એ અદલ ઇન્સાફની નેમ છે. થોડો વખત આગમચ જે મુખીઓને સજા કરવામાં આવી તેમ તમોને પણ ઉંડા ગારમાં ઉતારી દેવા. એ સીવાય બીજો દયાળુ માર્ગ છેજ નહી. તોજેશ કરી મારી માગેલા પેલા બીજાઓને 'મજલીશે આમ' જે હુકમ કરે તે મુજબ અમલ કરવો. આ અદાલત બરખાસ્ત કરવામાં આવે છે. "

હાજર રહેલાં સર્વ લોકની ખુશાલીનો પાર નહી હતો. તેઓએ ન્યાધીશોને તરેહવાર શાબાશીનાં ચીન્હોથી વધાવી લીધા. તપાસ દરમ્યાન મોહું રમખાન કરાવવાની બદીથી ભરપુર યાતુઓના તમામ યુક્તિ એક સપાટે ભોંયે પડી. તેને બદલે તો ઉલટોજ મામલો દીસ્યો.

પણ સબર ! શેહેર તરફથી મોટા ધોંધાટ સાથે ધુસારું શાનું ? તે વધુ અને વધુ નજદીક આવતું હતું. વધારે નજદીક આવતાં જણાયું કે તેમાં યાતુ ચીન્હોવાલા ગુલામોની હસ્તીજ નહી હતી. ત્યારે એ શું ? તેઓ રંગ રાગ કરતા અને ઝલકદાર પીતલ ત્રાંબાના ઢોલ તાશા, શરનાઇ, પેંપુરીઓ, વગેરેના શોરદ કાઢતા ચચાર, બબે અને એકેક ઘોડાની રથોમાં બેસી ન્યાયાધીસોને વધાવવા આવ્યા હતા. ખાસ અદાલતમાં ધાંધલ મચાવનારાંઓને જે વાજબી શીક્ષા કરેવામાં આવી હતી તે થોડા વખતમાં આખાં રગે શેહેરમાં પ્રસરી રહી હતી, અને તે સાંભળી લોક જુસ્સો એટલો ઉશકેરાયો હતો કે તત્કાળમાં ધયશો ગોઠવાયું આ પરીણામ હતું. મહાત્મા મેહેરદાદ પાદશાહે ચોક્કસ પ્રમાણમાં રાજસત્તામાં લોકને ભાગ લેવાની મતલબે 'મજલીશે આમ', 'મજલીશે ખાશ' અને મજલીશે માજી યાને માજીસ્તાન' નામની જે ત્રણ રાજ સભાઓ સ્થાપી હતી તેના હાથ [illegible] ઉભરાથી એટલા તો મજબુત થયા કે હમાદાન, મદાઇન, રગે, વગેરે શેહેરોમાં થોડા દીવસોના યાતુઓની મુદલ હસ્તી દેખાઇ

નહી. એ સેતાની ખસલતનાઓ પેલા મુખીઓની પેઠે અંધારા ગારોમાં જાણે દટાઇ મુઆ હતા: સબબ તેમની બદ દયાનત પર અંધારાનાં વાદળાં ફરી વળ્યાં હતાં. તેમના બીજા મુખીઓએ ગુપચુપ ભરાઇ સંતાઇ ઇરાની સલતનત છોડી વાટપાડુઓ સાથે યા દુશમન રાજ્યોમાં નાસી જઇ ભરાવવામાં સલામતી જોઇ.

પણ આપણી છોડી દીધેલી બાબદ પર આવ્યે: સરનાઇ વગેરે સરોદો સાથનું રઠો, હાથીઓ, તથા ઉંટોનું સરઘસ ન્યાયાસન આગળ ઠેલ્યું. તેમનામાંના સરવથી બુજરગ અને માનવંત શખ્સે ન્યાયધીસો આગળ હાજર થઇ લોક તરફથી અરજ ગુજારી કે તમામ લોકની ઇચ્છાને માન આપી તેઓએ મોકલેલી ચાર ઘોડાવાળી ચોક્કસ રઠમાં બેસવું અને સરઘસના આકારે શેહેરમાં ફરવું. લોક ઉભરો જોઇ તેમની આંખ્યોમાં ખુશાલીથી પાણી આવ્યાં. એક મોટા ઉમરાવને ત્યાંના લગન માટે ઉમદા કારીગરી અને રચના સાથે આ રઠ ખાસ તૈયાર કરવામાં આવેલી હતી, પણ લોક લાગણી સાથે તદન મળતાપણું દેખાડી આ ઉમરાવ ખુદ પોતે તે ન્યાયધીસો માટે રઠ હાંકી લાવ્યો હતો. આ ચુઅસ્પના સર્વે ઘોડા નીરમળ સફેદ રંગના નાદર હતા.

ત્યાં હાજર રહેલા લશકરી અને પોહોરેગીરોના વડાઓની તરત કામ ચલાઉ ગોઠવણથી સરઘસને સારી રચનામાં ફેરવી નાખ્યું, અને ગાન તાન ગાતું સર્વ ખુશમંદી સરઘસ શેહેર તરફ ગયું તો ત્યાં તમામ લોકે ખુશાલીથી તેમને વધાવી લીધું. આ સરઘસમાં આપણા સારબાનની કુનેહથી હરોલમાં જગ્યા લેવાઇ: જે અરદવાન સર્વે બનાવ ઘણા ચીત સાથે જોતો અને ધ્યાનથી ટાહુકા ટુચકા સાંભળતો ફકત બે કલાકના અરસામાં તેની પર જબરી મોટી અસર થઇ હતી. ગાનનો રેલો જાણે તેના મગજમાં ગબડી પડયો હતો, તેમાં વળી શેહેરની દમામદાર ઇમારતો, બાગો, બઝારો અને ખાના પીના વગેરેના દુકાનોથી તેનું મન ચકભમ થયું હતું.

આખરે સરઘસ 'મજલીશે આમ' આગળ અટકયું અને લોકના ઉભરા વચ્ચે ન્યાયધીસો નમી નમી સલામોનો ઉત્તર વાળી એ દમામદાર ઇમારતમાં પેઠા.

આસ્તે આસ્તે લોક વીખરાવા લાગ્યું. સારબાન પણ પોતાના શેઠનો રૂકો તેના ઉમરાવ માલીકને સ્વાધીન કરવા ગયો; તેઓએ ત્યાંજ ઉતારો લીધો. સાંજ પણ પડવા આવી હતી; તેથી અરદવાને ખરીદી વગેરે કરવાનું કામ બીજા દીન પર મુલતવી રાખ્યું. ખાણાને તો તેણે સારો જેવો ઇનસાફ આપ્યો; પણ સરસ તાજગીવાલી જગ્યા છતાં તેને ઝાઝી ઉંઘ આવી નહી. મુસાફરી દરમ્યાનના બનાવોએ તેને ચકભમ કરી નાખ્યો હતો.

પેલા ઉમરાવને ત્યાંનુંજ સહવારનું ભોજન જમી ત્રણ દીનારનો વહીવટ કરવા તે બાહેર નીસરયો. તે જે ઠેકાણે ઉતર્યો હતો ત્યાંથી બઝાર કાંઇ ઝાઝે તફાવતે નહી હતું.

તરેહવાર રેશમી વસ્તુની ચીજો એક દુકાનમાં ગોઠવીને મુકેલી જોઇ ત્યાં ગયો. દુકાનદારે આગતા સ્વાગતાથી તેને બેસાડયો. પણ એટલી બધી રેશમી તરેહ તરેહની વસ્તુઓ તેના દીઠામાં આવી કે તેનું મગજ ચકભમ થયું. હજી તો એકજ દુકાનનો આ સામાન હતો. રેહેવાસીઓ આમથી તેમ ડોડધામ કરતા. રઠો સડસડાટ ફડફડતી પસાર થતી; તેમ બેઠેલાના બનામે ચજદ જેવા ચહેરા અને ચકચકીત તેમજ સાદા પોશાકોએ તેનું મન આકરશી નાખ્યું. મ્હોં ઉંઘાડું રાખી અજાયબીથી તેણે થોડી પલ સર્વ રાહઘાટ જોયા કીધો. દુકાનદાર સમજયો કે કોઇના આવવાની તે રાહ જોતો હતો. આખરે તેની ધીરજ

છુટી અને આવવાનો સબબ પુછયો. અરદવાનના પોશાક તથા ધપછપ પરથી તે ચેતી તો ગયો કે તેનો ઘરાક બાહેરગામનો હોવો જોઇએ. તેણે વિચાર્યું કે તે કદાચ પૈસાદાર ખેડુત પણ હોય. એમ ધારી કીસમ કીસમના તાકાઓ અને કટકાઓ તેની આગળ ધર્યા. પણ અરદવાન બાપડો તો આ ઢગ જોઇ એટલો તો અજાયબીમાં ગરક થયો કે શું પસંદ કરવું તેની તેને સમજ પડી નહી. આખરે એક સાદો પણ શોભીતો કટકો પસંદ કરી કીમ્મત પુછી.

"ફક્ત બાર દીનાર! સદવારના પોહોરની ઓઢોણી છે એટલે હું વધુ માગતો નથી." દુકાનદારે જણાવ્યું.

"શું? બાર દીનાર! બાઇ તારી ભુલ તો નથી?" અરદવાને ડોળા ફાડી અજાયબીથી પુછયું.

"ભુલ શાની હોય? એ તો ચીનાઇ રેશમની છે, ને એટલી કીમ્મતમાં કોઇ બીજો આપે નહી."

"શું આવા બાર દીનાર આ ચીજના?" તેણે એક દીનાર દેખાડી પુછયું.

"તે વળી બીજા કયા દીનાર? બાર દીનારમાં તો એ મફત છે. બીચારાં કેટલાં ચીનાચીનીએ એ વણુત પછવાડે કાઢયા હશે?"

"ગરીબ બાપડી રહેતોણુને!" પોતાની બાયડીની આશાને ફટકો પડેલો જોઇ અરદવાને નીશાશ મેલ્યો.

"બીચારી કોણ?"

"મારી બાયડી!"

"તે તારી બાયડી સાથે મને શું લાગે વળગે?" દુકાનદારે હવે મીજાજ ગુમાવી કહ્યું. "ઓઢોણીને વખતે કયાંથી પલીદ જાગો?"

"બાઇ! હું કાંઇ પલીદ નથી. પલીદોને તો ગઇ કાલે મારાં દેખતાં દેખત અંધારા ઉંડા ગારમાં નાખવા પોહોરેગીરો લઇ ગયા. સઘળું મેં નજરે નજર જોયું. પણ હું તુંને મારી સર્વ હકીકત દહીશ.' એટલું બોલી નરદોશપણે પોતાનો સર્વ હેવાલ ટુંકમાં દુકાનદારને કહયો. "એક દીનાર મારે ખેરાતમાં આપવાની, બીજી દીનાર જો પાદશાહોનો પાદશાહ મેહેરદાદ નજરે પડે તો તેના દીદાર પર કુરબાન કરવાની અને ત્રીજી રહેલીમાંથી મારે એ સર્વ ખરીદવાની. હવે બાઇ તુંજ કેહેના કે જો એ ત્રણે દીનાર ફક્ત આ રેશમી કટકા માટે આપી દઉં તો બાકીના માટે કયાંથી લાઉં?" અરદવાને ઠપકાની ઢબે પુછયું.

"બાપુ! ખોદા ખાતર મારી દુકાન છોડી જા! એક યા બે દીનારમાં રમકડાં વાલાની દુકાનમાંથી સર્વ ચીજોના નમુના જરૂર તુંને મળશે." એટલું બોલી આંચકો મારી તેને હડસેલી કાઢયો.

"ખરે પાજી ને લુચ્ચો દેખાય છે. પણ શેહેરમાં પ્રમાણીક વેપારીઓ તો હશેજ હશે." તેણે મનસે વીચાર કીધો. ધક્કા મુકકી વચ્ચે લોકમાંથી તે પસાર થયો હતો તેટલાં એક ઠેકાણે ટટ્ટ ઉભી જોઇ તે તરફ તેણે કદમ ફેરવ્યાં. આ ઠેકાણે ચોપગાં જાનવરોનું બજાર હતું તરેહવાર બાગોમાં ફરી તેણે અરશંગ માટે એક ટટ્ટુ પસંદ કીધું અને તેની કીમ્મત પુછી.

"પચીશ દીનાર!" ટટ્ટુના માલીકે જણાવ્યું.

"બાઇ, આવા દીનાર?" તેણે એક દેખાડી પુછયું.

"તે વળી બીજા કેવા ? પચીશથી એક દીરમ કમી નહી. એ તો ધણીને નાણાની તરત જરૂર છે, હરીનેજ એટલી કીમ્મતે કાઢે છે."

પણ અરદવાને જોયું કે, દુરથી એક બીજો વેચનાર ઇશારત કરી તેને બોલાવતો હતો. અરદવાન ત્યાં ગયો. પેલાએ પોતાના હરીફે શી કીમ્મત કહી તે જાણી લીધા પછી એક કાટડીમાં એક ટટુ દેખાડયું, તે જો કે અરદવાનને ઝાઝું પસંદ નહીં હતું છતાં કીમ્મત પુછી.

" બાવીશ દીનાર ! "

" બેરાદર ! શું ? "

" વળી કહયુંની કે, બાવીશ દીનાર ? "

" બાઇ, આ જાતના ? "

" તે વળી કાંઇ બીજાબી હશે કે ? પણ તું શું આપવા માંગે છે તે હું તો જાણું ? "

" હું તુંને ટુંકમાં હકીકત કહીશ. " અરદવાને પોતાની તવારીખ ટુંકમાં કહીસંભળાવી.

" બાપુ ! તારે ગામ પાછો જા. નહીતર તારા શેહના ઘોડાઊંટોની લીદીઓ ઊંચકી જશે. "

" પેલા રેશમી વેપારીના પેઠેજ આ ઘોડાઓ વેચનારાઓ પણ લફંગા દીસે છે, "

" જો, હું તને સારી સલાહ આપું છું. તારી રહોદોગુને, થરમુસા અને અરશગ આગળ ચુપચુપ પાછો જા, અને તેમને ખરચુચંડાં ખવાડ. તારી પાસની કીમ્મતમાં એટલાં તો જરૂર મળશે. "

" આઓ પણ કોઇ બરો લુચ્ચાનો પીર દેખું. " અરદવાને મનસે વીચારી ત્યાંથી ચાલવા માંડયું.

તેને હવે વીચાર આવ્યો કે, રૂમાલ તથા જોડા તો ખરીદું ? પણ અહીં વટીક નીરાશી સીવાય બીજું કાંઇ નહીં હતું.

તદન નાપસંદગીથી પોતાને મકાને જવા પગલાં ભરતો હતો, તેટલાં ભીખારીઓનું ટોળું બુમ–બરાડા માંગતું સામેથી આવ્યું.

' સખાવત ! સખાવત ! જે સખાવત કરશે, તેનો બેહડો પાર બનશે ! " તે અરીમખરીમ જેવાની પુઠે વળી બીજો તેનાજ જેવો આસુદો આવ્યો: ' ડુમડી ભર દે, મેરી ડુમડી ભર દે! અલ્લાકે નામ પર મેરી ડુમડી ભર દે! સો સો દીરમ દેગા, અલ્લાહ, મેરી ડુમડી ભર દે. '

તેને દીનાર આપવાનું મન અરદવાને કીધું અને એક સીકકો હાથમાં લઇ પુછયું. ' તું હમણા શું બોલ્યો ? '

' ડુમડી ભરે દે, મેરી ડુમડી ભર દે! અલ્લાહ કે નામ પર મેરી ડુમડી ભર દે! સો સો દીરમ દેગા, અલ્લાહ, મેરી ડુમડી ભર દે ! '

' અત્યાર સુધી જો કોઇ પણ પ્રમાણીક દુઆ આપનારો મને મલ્યો હોય તો તું છે. ' તે આ આખાં હાડકાંના આસુદાને એક દીનાર આપવા જતો હતો, તેટલાં સીક્કાનો સોનેરી ચલકાત ત્યાંથી પસાર થતા એક પોહેરેગીર અમલદારના જોવામાં આવ્યાથી તેની આગળ જઇ ઝડપથી જુતાવી લઇ પગથી માથાં તુલીક અરદવાનને નીહાલવા લાગ્યો, પણ પેલો સો સો દીરહમની દુઆ આપનાર તો નવા આવનારને જોતાંજ ક્યાંનો ક્યાં દોડી ગયો.

' બાઇ! અત્યાર સુધી મને જો કોઇ પણ પ્રમાણીક મલ્યો હોય તો એ હતો, તો તેમાં તેં શા માટે ખલલ કીધી ? ' અરદવાને પુછયું.

'એ નાસી ગયલો શખ્સ અપ્રમાણીકનો અપ્રમાણીક જાણીતો બદમાસ છે, ને તેને તું સોનાનો સીક્કો શા માટે આપવા નીકલ્યો ? કાંઇ લુટેલા માલની ભાગીદારી તો નથી ? યા કાંઇ પેલા યાતુઓ પૈકા વેરી જેઓને મારફાડ કરવા કરાવવા યા સરકાર વીરૂદ્ધ તરેહવાર ખોટી અફવાઓ ઉરાડવા ભાડેના રાખે છે તેમાંનો તો તું ધર્મીનું ડોળ ઘાલનાર તો નથી ?'

'બેરાદર! તારી ભુલ છે. હું તુંને મારી સર્વ હકીકત કહીશ. એ પલીદોને તો મારી ચશ્મ હજુર તેમને લાયકની શીક્ષા કરાવવા પહેરેગીરો લઇ ગયા હતા એટલું બોલી નીરદોષપણે પોતાનો હેવાલ ટુંકમાં અરદવાને કહ્યો.

'તારા દેખાવ અને બોલવાની છટાછપ પરથી તું એક અક્કલનો આદમી દીસે છે, અને તેનેજ લીધે સખાવત કયાં કરવી તે તું જાણતો દીસતો નથી. ચાલ મારી સાથ: આ સીક્કો પાછો લે, ને તારેજ હાથે જાહેર બીમારખાનાની પેટીમાં નાખ, કે જયાં તારા જેવા તંગદસ્તો મફત તબીબું કરાવી દુવા દઇ જાય છે. તું ખરીદી કરવા આ મોટા લતા પર ફર્યા કીધો, પણ સસ્તાં બજારથી તું બીનમાહીતગાર દીસયાથી તે પણ હું તુંને દેખાડીશ, જયાંથી થોડી ઘણી ચીજ તું ખરીદી શકશે.'

તે તેને બીમારખાનામાં લઇ ગયો, જેની સાદી પણ મોટી ઇમારત તથા બાગ જોઇ અરદવાન છક થઇ ગયો. તેને અજબ એ લાગ્યું કે આટલા બધા દુખી દરદીઓ સુતેલા બેઠેલા હતાં, છતાં ઘોંઘાટ જેવું હતું નહી. તબીબો દહાડીવાલા મુબેદો હતા જેમાંના એક વડા જેવા મુબેદ સાથે પેલાએ અરદવાનની ઓલખ કરાવી અને બીમારખાના તરફથી ઘણી ખુશી સાથે સોનાનો દીનાર આભાર સાથે લઇ તેની પોંહોંચ ચોપડામાં જમે કરાવી. તેની સભ્યતા જોઇ અરદવાન હેરત થયો. તેનું ઘણું મન થયું કે બાકીના દીનારો પણ તેનેજ આપીદે, પણ તેટલાં બાહેર કાંઈ દોડધામ ચાલી; અને વડો મુબેદ, પેલો અમલદાર, વગેરે બાહેર દોડી ગયાં. જરાવારમાં મોટા આદરસતકાર સાથે એક ગફર દેખાવનો ઊમરાવ ત્યાં વાતચીત કરતો દાખલ થયો. તેની પેશાની પરથીજ તે કોઇ મહાન પુરૂષ હોય તેમ જણાતું હતું. દરેક જણ તેને જોતાંજ નમીને સલામ કરી નીચી મુદ્રાએ ત્યાંનું ત્યાં ઉભું રહેતું. અરદવાને પણ તેમ કીધું. પણ એ નવો આવનાર કોણ હશે તે જાણવા તેને ચટપટ લાગી. બીજા હાથ પર વડા મુબેદ તબીબે નવા આવનારને પેલા દીનારની વાત કહી.

'એ કોણ ?' અરદવાને પોતાની પાસે ઉભેલાને ધીમેથી પુછ્યું.

'એ તો પાદશાહોનો પાદશાહ મેહેરદાદ પોતે છે! ખોદા સઉથી લાંબી જીદગી એને બક્ષે અને એનું રાજ અમર રહે!'

'તમે મારી મશકેરી તો નથી કરતા! કારણ કે એ મહાનને મારે કાંઇ અરપણ કરવાનું છે.'

'મશકેરી શાની? અરે! પણ શાહ અહીંજ આવે છે.'

'આ શખ્સ!' મુબેદ તબીબે અરદવાન આગળ ઉભો રહી કહ્યું, પાદશાહ મેહેરદાદને પોતા હજુર ઉભેલો જોઇ અરદવાન ઠરઠર કાંપવા લાગ્યો.

'બીહો છો શેના ? ઉપર નજર કરો! તમે એક લાયક કામ કીધું છે, જે સાંભળી હું ઘણો ખુશી છું. પણ તમારી આવક શી ?'

આથી અરદવાને પોતાની હકીકત ટુંકમાં કહી, અને પછી બોલ્યો 'જો આપ નામવર પાદશાહ મેહેરદાદજ હોવો તો મેં બાધા લીધી તે પ્રમાણે આ સીક્કો આપ રેહેમવંત શાહની હજુર ધરૂં છું!'

' ઘણી ખુશી સાથે ! આ સીક્કો મારા મુરબ્બીનો ચેહેરો દેખાડે છે. એને ભંડારખાનામાં ખાસ જાલવી રાખવામાં આવશેઃ સબબ એક મુફલેસ પણ વદન પ્રમાણીક રૈયત તરફથી નજરાણા દાખલ મલેલો છે. '

' શાહોના શાહ ! આપણો બુલંદ ચેહેરો જોવાની મારાં બચપણની આશા, તે અજબ સંજોગે પરીપુરણ થઇ છે તે માટે ખુદાનો મોટો આભાર માનું છું. ' એટલી બોલી લાંબો સુઇ જઇ શાહના પગને ચુંબન કરવા લાગ્યો. વરતજ શાહ ખસી ગયો. હવે તેને યાદ આવ્યું કે વઝીરે જે શખ્સ માટે કહ્યું હતું તે એ હોવો જોઇએ.

પણ પાદશાહને સતરસો કામ માથે પડેલાં, છતાં ફુરસદને વખતે અવાર નવાર એકાએક તે ચુપચુપ બીમાર ખાનાઓની મુલાકાત લેતો હતો, અને ત્યાંની જોઇતી હાજતો પુરી પડાવતો હતો. છતાં યાતુ જેવા બદમાસો પોતાની અંદરખાનેની નીચ બુરી નેમો ઢાંકવા બલતી જાહેર બાબદો આગળ ધરી સારી સુલેહ ભરી સત્તાને ઉથી વાલવા તરેહવાર ગોઠવણો કરતા રહ્યા હતા. સેતાનો હમેશ સેતાની કામો કરીઆ કરે છે. જો તેઓ તેમ નહી કરે તો તેમને કદી ચેન પડે નહી. તેમનામાંના મુખીઓ, ઘણું કરી ધર્મીપણાનું ઠોલ ધાલી, નાઈક મહાન ઠગો છેઃ રાંક રૈયતના તેઓ શ્રાપ છે. તેમના ઝેરી દંખોથી રૈયત ત્રાસ પામે છે, અને એમનું સત્યાનાસ થાય એમ ખરાં જીગરથી બોલે છે.

બીમારોને જોતો પાદશાહ આગળ વધ્યા કીધો. બીમારો તેની પર મરી ફીટતાં અરદવાનના જોવામાં આવ્યાં.

પણ મકાન બાહેર વળી આ નવો હોહોકાર શેનો ? જે અમલદાર આપણા અરદવાનને બીમારખાનામાં ધર્મ કરવા લઇ આવ્યો હતો તે દોડતો નાગી શમશેર સાથે બાહેર કેમ દોડ્યો ? બીમારો એકાએક ઠણુક કેમ મારી ગયાં ? પાદશાહ તેમજ મુબેદ તબીબો નીરાંત મને તેમને દીલાસો શા માટે દેતા હતા ?

આખરે ' અબાલાએ યાતુ ! અબાલાએ યાતુ ! ' ના પોકારો બાહેરથી અરદવાનના અજ્ઞાન કાનને અડકવા લાગ્યા.

ખુદ રાજધાનીની શેહેરમાં જ્યારે પુર શાંતી અને સુખી જીંદગી બાહેરથી દેખાતી હતી, ત્યારે એ ડોળ ધાલુ ધરમીઓ ક્યાંથી ઝેરી સરપો પેઠે ફુટી નીકળ્યા ?

બીમારખાનાના દરવાજાઓ તરતજ બંધ કરવામાં આવ્યા. દરેક બીમાર ખરા અંતઃકરણથી યાતુ શેતાનોને શ્રાપ દેતો સંભલાતો હતો.

' દોડો ! પકડો ! જીવતા પકડો ! છટકવા ના દેતા ! ખુનીઓ ! જીવતા હાથ નહી આવે તો ચીરી નાખો..! એ પલીદોનો નાશ કરો ! એમની પર દયા એ સેતાન્યતપણાને ઉત્તેજન છે ! ' વગેરે તરેહવાર વાક્યો સંભલાતા હતા.

' જો મને બાહેર જવા દેવામાં આવે તો એ પલીદોને જીવતા પકડું યા ઉભા ને ઉભા ચીરી નાખું ! ' અરદવાને દાંત કચકચાવી તથા હાથના ચાલા કરી પાસે ઉભેલા મુબેદને કહ્યું.

"બાઇ, ધીરે પાદશાહી લશકરીઓ અને પોહરેગીરો લોકની મદદથી ટુંક વખતમાં એ યાતુઓને જરૂર જેર કરશે.' મુબેદે હસી કહયું.

'પણ અમારા ગામમાં ઝનુની પાડા તો શું પણ સીંહ વતીકને જેર કરીએ, તો એ હરામખોર બદમાસોને મોમ મીસાલ કરતાં કેટલી વાર ?'

'તારી છાતીને ધન્ય છે. પાદશાહને તારા જેવી રૈયત પર પુરં ઇતબાર હોવાથી તું જોતો નથી કે નીશંતે પેલા બીમારોની ખબર પુછે છે?'

'પણ શેહેરમાં અત્યાર આમમય એમને કેમ છુટા રાખ્યા? ઝેરી સાંપો તો જયાં દેખાય ત્યાંથી મારી નાખવાનું ધર્મ ફરમાન છે.'

'તું કહે છે તે ખરી વાત. પણ પરદેશની લડાઇઓને સબબે દવાળુ પાદશાહે અત્યાર સુધી ધીલી દોરી મુંકી, તેનું પરીણામ છે. કદાચ પેલા અઝીદહાકે બાહેર જંગલોમાં છુપાવેલા આ નવા યાતુ હથ્યારોને છેલ્લી કોશીશ કરવા મોકલ્યા હોય કે જેથી ખુના મરકીમાં જે લુટફાટ મળે તેથી તેમના ખીસાં ભરાય.'

'પણ જો મને હાકેમ નેમે કની તો તો—'.

'તો શું કરો?' મુબેદે હસીને ગામડયા અરદવાનને પુછયું.

'એક એવો કારગત ઇલાજ પાદશાહને સુચવું કે બરાબર એ યાતુઓ એવે ઠેકાણે જઇને ત્યાં પેટ પુરતું રાજ કરે!'

'હો, હો! ભલા ન્યાયધીસોને તો જરા હીકમત નહી દેખાડે!' પાસે ઉભેલા એક શખ્સે ગુપચુપ વાત ચીત સાંભળી લીધા પછી હસી પુછયું.

'અરે એ તો કામીકું છે કામીકું! ફક્ત પાદશાહનેજ કહું, કે જેઓજ ફક્ત તેમ કરવા અધીકાર ધરાવે છે.'

આ સાંભળી સર્વ ખડખડ હસવા લાગ્યાં, જે જોઇ દૂર ઉભેલા પાદશાહ મેહેરદાદનું ધ્યાન ખેંચાયું. વડો મુબેદ જેની સાથે તે શાહ વાત કરતો હતો, તેનેથી હસવાનો સબબ જાણવા માંગ્યો. વડા તબીબ આથી અરદવાન નજદીકના મુબેદ આગલ ગયો અને પુછયું. મુબેદે અરદવાનની વાતચીત કહી સંભલાવી, જે સાંભળી વડો સર્વ હકીકત પાદશાહને કેહેવા ગયો.

"હવે મારા સખી દાતારો!" પેલા દરવેશે ઊલી સર્વ હજુર કરી કહ્યું "રાત મોડી થઇ છે. કાલે આપણે આએજ ઠેકાણે આ અધુરી વાત સાંભળવા ભેગા મળીશું. ખોદા તમોને જયાદા બક્ષે! ખોદા સર્વનો નીગેહબાન છે. પાદશાહે સાંભળી શું કીધું તે કાલ રાતે કહીશ.'

'હાલની વાત ઘણી રસ પર ચઢી ત્યારેજ દરવેસે બંધ કીધી.' મકાલ્યા નોશીરવાન આદેલે વઝીર બુઝરજ મેહેરને કહ્યું.

"હા નામવર! એ રીતેજ એ લોક પાંચ પૈસો કુટી કાઢી નીરવાહ કરે છે."

"રૈયતની મજાહમાં આપણે ખલલ કરીશું નહી. કાલે આપણે પાછા જુદા વેશે અહીં આવીશું." પાદશાહ નોશીરવાને જણાવ્યું અને અંધારી આડી અટાડી ગલીઓમાં પસાર થઇ તેઓ છુપે દરવાજે મેહેલમાં પુગ્યા.

દરવેશની ત્રીજી રાત.

ત્રીજી રાતે પેલાજ ચોગાનમાં દરવેશના મુખથી અધુરી વાત સાંભળવા લોકની મેદની જમા થઇ.

'ઓ સખી દાતારો! કાલ રાતની અધુરી વાત આગળ ચલાવીશ.' દરવેશે સર્વે ગોઠવાયા પછી કહ્યું; જેમાં છુપે વેસે પાદશાહ નોશીરવાન આદેલ તેમજ તેનો માનીતો વઝીર પણ હતો:—

બીમારખાના બાહેરનો અવાજ વધુ અને વધુ દુરથી સંભળાવા લાગ્યો.

'અય, તાજ વરફે વફાદારી દેખાડનાર' પાદશાહ મેહેરદાદ થોડી વાર રહી પાછો ફરતાં ગામડયા અરદવાન આગળ ઠોભી બોલ્યો. 'અમને જણાવવામાં આવ્યું છે કે ઝેરી યાતુઓને ઠેકાણે લાવવાનો રામબાન ઇલાજ તારા મગજમાં છે.'

'ઓ આલીલ પાદશાહ! હું કબુલ કરૂં છું કે તારો ખાકસાર બંદો તેવું ગુમાન ધરાવે છે.

'કેવી રીતે?'

'અગર જેહાંપણા એ પકડાયલા યાતુ મુખીઓને શીક્ષા કરવા મને થોડા વખતની પણ સત્તા બક્ષે તો કુલ રૈયતની ખાતરી કરી આપીશ.' અરદવાનની જબાં હવે ઉપડી. 'પણ તે ખાનગીમાં તમો જેહાંપણાને કહેવા મને મુદલ વાંધો નથી.'

'તું ઘણો હીમ્મતવાન ને બોલીદરાજ દીસે છે. યાતુઓ પકડાયા પછી તારી હોંશ મજલીશે આમ પુરી પાડશે એમ મારી ખાતરી છે."

'જેહાંપણા! પણ મારી સરત ફકત યાતુઓના મુખીઓને માટે છે. નાની તરફડતી માછીઓ માટે નથી. ફકત મુખીઓ ઝેર ધરાવે છે. જેને જો, જડમુળથી ચાંપતેપણે કાઢી નાખવામાં આવે તો, તેમના હાથ હેઠળના નાના નામશરૂઓ આપમેળે અલોપ થાય. જોકે, તેમને પણ જીંદગીભર યાદ રહે તેવી શીક્ષા કરવી એ રૈયતનું રક્ષણ છે.'

'વારૂ.! તમે દેમાવંદથી આવ્યા છોની?'

'આપ નામવરે તે કેમ જાણ્યું?' અરદવાને અજાયબી દેખાડી.

'પાદશાહી સતાના કાન સર્વ ઠેકાણે ખુલ્લા તો રહેવાજ જોઇએ. જો, તેમ નહી હોય તો, રાજ ઉંધું વાળનારાઓની અંદરખાને છુપાવેલી તરેહવાર યુકતીઓ કેવી રીતે માલમ પડે? જે દીવસે તમો પાછા દેમાવંદ પુગશો તે દીને એ બાબદમાં તમારી ખાત્રી થશે; તોપણ, હાલ તરત એક વદન પ્રમાણીક રૈયત સાથે વાત કરતાં ઘણી ખુશાલી લાગે છે.' એટલું બોલી પાદશાહ મેહેરદાદે હાથ લાંબો કીધો. અરદવાને ઘણી આસ્થાથી ચુંબન કીધું. પદશાહ ત્યાંથી હવે વીદાય થયો; અને ઘોંઘાટ પણ તદન નરમ પડેલો દીસ્યો. બીમારખાનાંના દરવાજા પણ કાંઇ બન્યું નહી હોય; તેમ, ખુલ્લાં મુકવામાં આવ્યાં.

અરદવાન બાહેર નીસર્યો. બે સોનાના દીનારનો તેણે ધારેલી મુરાદ મુજબ વહીવટ કીધો હતો. હવે, સરતાં બજારમાં ખરીદી કરવા બાકી હતું; પણ, બનેલા બનાવોથી તે તેમ કરવા ભુલી ગયો. બાહેર લોક બસ યાતુઓ અને તેમના ઝેરી અઝદાહી ખાસ્યતવાળા મુખીઓ પકડાયા તેનીજ ફકત વાત કરતું જણાતું.

'એવા નામશરૂઓની તલાસ શાની? ને વાત શાની? એ તુરંગીઓ રાંકરૈયત માટે થોડીજ દરકાર કરે છે ને ફોકટનો વખત સરકાર ગુમાવે છે.' અરદવાન મનસે બડબડતો આગળ વધ્યો.

આખરે તે 'મજલીશે ખાસ' પસાર કરી 'મજલીશે આમ' આગળ આવી પુગ્યો. અહીં લોકની ધકાધકીનો પાર નહી હતો. અહીં તેને બાહેર ઉભેલા લોકથી ખબર મલી કે મહાત્મા મેહેરદાદે ત્યાં હાજરી આપી હતી. કેટલુંક લોક બાહેરની દેવાલ પર ચઢેલું હતું, જ્યારે કેટલાકો ઝાડો પર ચઢી પાદશાહના દીદાર જોવા આતુરમંદ દીસ્તાં હતાં

'બાપ! પાદશાહી સબકતાં દીદાર થોડો વખત આગમચ મેં દીઠાં તો દીઠાં, પણ ખુદ એ મહાન પાદશાહ સાથે વાતચીત પણ કીધી; એટલુંજ નહી પણ તેનો સબકતો હાથ પણ ચુંબ્યો!' અરદવાને હાસ્યુ જાણી લીધા પછી ગંભીરાઇથી કહ્યું.

'કોણ? તેં?' પાસે ઉભેલાંઓ આ સાંભળી ખડખડ હસવા લાગ્યાં. તેઓ તેને પેહેરવેશ પરથી અને ગામડયાઇ બોલવા પરથી દીવાનો સમજવા લાગ્યાં. 'કાંઇ સ્વપ્નું તો નથી જોયું? કાલ ઉઠીને એમ કહે કે આફતાબ યા માહતાબ પર તું મુસાફરી કરી આવ્યો તો તે પણ અમે માન્યે ખરાં?'

'હુરરેરેએ!' છોકરાંઓએ ફરીઓ પોકારયો. લોક એકેકને જોઇ હસવા લાગ્યું. જેઓ સબબ નહી જાણતાં હતાં તેઓ પણ હમેસની રીત મુજબ હસવા લાગ્યાં.

'ભાઈઓ! હું ખરૂં કહું છું!' અરદવાન કાંઇ ખાંડયો જાય તેમ નહી હતો કારણ કે સચ્ચાઇ તેની તરફ હતી. પણ તે જેવો વાકય પુરો કરી રહ્યા નહી, તેટલા તો ત્રણ ચાર જણે એકાએક મશકેરી કરનારાઓની પછાડેથી એવો તો ધકેલો માર્યો કે બાપડા અરદવાને ભોંય બાપી. તેજ વેળા પેલાઓની પછવાડે બીજા ત્રણ ચાર જણા નીકળી આવી, તેમને ગળચીમાંથી પકડી, તૈયાર ઉભેલી સરકારી રઠોમાંની એકમાં બેસાડી લઇ ગયા.

'ભાઇ! ઘણું લાગ્યું કે?' જેની આગળ અરદવાને પોતે પાદશાહને ભેટવાની વાત છેડી, તેણે ઉઠાડતાં કહ્યું.

'અરે! પણ મારો રૂમાલ સાથે બાંધેલો દીનાર કયાં ગયો? હવે હું મારાં બાયડી છોકરાંઓને કેમ ખુશી કરીશ.'

'શું, સોનાનો દીનાર હતો?'

'ત્યારે શાનો? હું તમોને એની હકીકત કહીશ, એટલે તમો લોકની ખાતરી થશે કે હું કાંઇ પાગલ નથી.' એમ કહી પોતાની હકીકત કહી.

'બરાબર! હવે મને યાદ આવે છે.' ઠઠમાંના એકે બાપોકાર કહ્યું 'આ બાપડા ગરીબ માણસને લુંટી ગયા. તેમનામાંના એકની બંદી ખેંચતાણમાં ફાટી ગઇ ત્યારે અંદરના પોશાક પર શાહજાદહની નીશાન હતી.'

'ત્યારે યાતુઓ તો નહી હોય?'

'અરે તે લોકોજ! ગપેડા ચીન્હો પરથી પકડાઇ આવતા તેઓએ હમેસની પેઠે નવું ચીન્હ ધારણ કીધું છે. કાલે જો વીણતું પણ ધારણ કરે તો નવાઇ નથી. જુદે જુદે દીવસે ચાલુ હાર પર હાર થતી જોઇ એમનો મુખી જુદું જુદું અજમાવે છે.'

'પણ ત્યારે એમને ઘસડી જનાર કોણ હતા?' એક જણે સવાલ કીધો.

'એ તો છુપા વેશના મુજરીમગીરો હોવા જોઇએ. કારણ કે મેં બેડીઓ ઝપાટામાં ઠોકી સરકારી રઠોમાં લઇ જતા જોયા.'

'જો તેમજ હોય તો બેરાદર! તારી અસરફીઆમત સલામત છે.' એક જણે અરદવાનને દીલાસો દીધો.

'મળે ત્યારની વાત. હાલ તરત તો મારાં બાયડી છોકરાંની મોજ ગઇ.'

તેજ વખતે પાદશાહ દરબારી ઇમારતમાંથી બાહેર નીસર્યો. ત્યાં હાજર રહેલી તમામ રૈયતે ખુશાલીથી વધાવી લીધો. અરદવાન પણ પોતાની ખોટ ભુલી જઇ ખરાં જીગરથી પાદશાહને મોટેથી દુવા ગુજારવા લાગ્યો.

'ભાઇ, તારા જેવો પરદુ:ખ ભંજણીક તો આજેજ મેં જોયો.' એક જઇફ, જે સઘળો વખત ચુપચુપ ઉભો રહી જોતો તથા સાંભળતો હતો તે, બોલ્યો: 'હાલ મારી પાસે જેટલા દીરમ છે તે તુંને આપું છું અને ઇચ્છું છું કે સર્વ માણસો તારાં જેવાં હોય.'

'ના ભાઇ! તુંને એ વધારે જરૂરના હશે.' અરદવાને તે સ્વીકારવા ના પાડી જણાવ્યું 'મારો બાયડી છોકરાં, શોખની ચીજો વગર, શું નહી ચલાવી લે:!'

'શાબાશ! શાબાશ!'ના પોકારો હવે વ્યાપી રહ્યા. આ વખતે એક પોહરેગીર ત્યાં આવ્યો અને પુછવા લાગ્યો કે કોઇની કઇ ચીજો ગુમાઇ હતી કે કેમ?

'લે! ભાઇનો સેતારો બુલંદ દેખું? ઘર બેઠાં પુછવા આવે છે. એક જણે ટીકા કીધી.

'એ તો કરણી તેવી પાર ઉતરણી!' બીજાએ તાકુંકો પુર્યો.

'સીપાહસાલાર! પેલો શખ્સ ત્યારનો ફરયાદ કરે છે.' એક જણે અરદવાન તરફ આંગલી દેખાડી કહ્યું.

'બરાબર! રૂમાલમાં બાંધેલો સોનાનો દીનાર કોઇ બદમાશો ઝુટાવી ગયા.'

'કેવા રંગનો રૂમાલ હતો?'

'છાંટ છાંટનો!'

'રેશમી હતોની?'

'ના ભાઇ! ત્યારે તે કોઇ બીજાનો હશે. સાદો રૂની વણવનો હતો.' અરદવાને જવાબ આપ્યો.

'વારૂં, સીકકો કઇ ચીત્રામણનો હતો?'

'વળી કોઇ પાદશાહનો મુબારક ચેહેરો કોરેલો હતો.'

'વારૂં! આ સર્વમાંથી કયો? સરવ પંચે ખુદ ધ્યાનથી જોવું તથા સાંભળવું: કારણ કે કદાચ સાક્ષી આપવા આવવું પડશે.'

અરદવાને ફરહાદી એક સીકકો છુટો કરી દેખાડયો.

'તમાશગીરોમાંના થોડાકોએ મને રૂમાલો જરા આપવા.' એટલું બોલી સીપેહસાલારે થોડાક જણના રૂમાલો એકઠા કરી જપાટામાં પોતે છુપાવેલો રૂમાલ ભેલી અરદવાનને દેખાડી શોધવા જણાવ્યું. અરદવાને તરત પોતાનો ફાટેલો રૂમાલ ઓળખ્યો.

'ચાલો ત્યારે! પત્તો મલ્યો ખરો!'

અરદવાન સાથે થોડું મેજરૂં ચોકી પર ગયું, જેમાં જે શખ્સે અઝદાહની નીશાનવાળાને જોયો હતો તે પણ લોકના કહેવાથી ગયો. તેણે બંધીવાનોમાંથી પેલા દેશભક્તનું ડોલ ઘાલનાર યાતુને તરત તેના પેહેરવેશ પરથી પીછાણ્યો.

અરદવાન તથા પેલા પીછાણનારની જુબાની લખા લેવામાં આવી; તેટલાં બાહેરથી રડતી કુટતી બીજી ટોલી આવી. દેશભકતોનું ડોલ ઘાલનારા અને નવી ચીન્હોવાલા બીજા વધુઓને ચીલ ઝપટ કરતાં પકડાવાની અને તેમની પાસે જર જરીઅણુ ઉપ્રાંત તરેહવાર સીક્કાઓ મલ્વાની વાત આસપાસના લતાઓમાં વીજળીક ઝડપે ફેલાયાથી તથા આગલી રાતે બાપડા બે નીરદોષોનું ખુન કરી તેમનો માળ ગેપ થયલાની ખબરોથી ઘણી ચકચાર જે ચાલી રહેલી હતી તેમાં ઉમેરો થયો હતો. દરેક પકડાયલા યાતુઓના અંદરના પેહેરણ પર ઝેરી સરપોના ચીન્હો હતાં, જોકે બાહરેથી સ્વચ્છતા દેખાડનારા પોશાકો તેઓએ પેહેરેલા હતા. તેમના અંતઃકરણના વીચાર મુજબ શરીર આગળ છુપાવેલા ચીન્હો બરાબર હતાં.

પેલી રડતી આવેલી ટોલકીએ સગાંઓના ખુનો થયા પછી જે માલ મીલકત લુટાઇ જવાની ખબર પોલીસમાં નોંધાવી હતી તેમનો યા મરનારોને ગુમ થયલો માલનો કેટલોક ભાગ તેઓએ તરત પીછાણ્યો. બારીક જુબાનીઓ કરતાં પકડાયલા યાતુઓમાંના બે જણાના

પોશાક પર સેજ સાજ લોહીના ડાઘા પણ હતા જે તેઓએ ઘણી સફાઇથી લગભગ બે માલુંમ કીધા હતા. તેઓના મનમાં કદાચ એમ પણ હોય કે દેશ ભક્તનું ડોળ ઘાલી, અજ્ઞાનોની આંખ્યોમાં ધુળ છાંટી પોતાની લફંગાઇ ઢાંકી શકે છે, તેજ પ્રમાણે બાપડા નીરદોશોના ખુનો કરી કરાવી તેમની માલમતા લુટી ફરેસ્તાઇનું ડોળ ઘાલવાથી સર્વ ઢંકાઇ જાય છે. ખુનવાળી જગ્યાની સામે રહેનાર હવે ત્યાં આવી પુગ્યો. તેણે જુબાની આથી કે, આગલી સાંજે એ પકડાયલા દેશભકતો તે બાજુ ભટકતા તેના દીઠામાં આવ્યા હતા; પણ તે વેળા તેઓએ જુદાજ રંગનો પોશાક પહેરેલો હતો.

લોક આ જોઇ હવે, એટલું ઝનુની બની ગયલું દીસ્યું કે, ચોકીના દરવાજા બંધ કરવાની અમલદારને ફરજ પડી.

“ તલાસ શાની ? અમારા હાથમાં એ ખુનીઓને આપો. અમે સપાટામાં એ ડોળઘાલુ દેશભકતોનો ઇનસાફ કરીશું ” તરેહવાર વાકયો સંભળાવા લાગ્યા. આખરે અમલદારને બાહેર આવી લોકને શાંત કરવાની ફરજ પડી. તેણે રૈયતને ખાતરી આપી કે, એ ડોળઘાલુ દેશભકત કરપીણોની તલાસ રૈયતની મદદથી ચલાવવાનો સરકારી હુકમ નીકળ્યો છે. “ કદાચ એક તરાહીત ન્યાયાધીશની પણ એ ખાસ પ્રસંગ માટે નેમણુક થાય એમ પણ બોલાય છે. ” તેણે વધુ ખબર આપી.

ત્યારે એ નવો ન્યાયાધીશ કોણ હશે ? લોક તરેહવાર અટકળ કરવા લાગ્યું. તેમનાં ઉશકેરાયલાં જીગરોને શાંત કરવા સરકારે આ નવો માર્ગ તો નહીં લીધો હોય ?

“ કદાચ ન્યાયાધીશોપર એ બદમાસ યાતુ યા અઝીદાહોનાં ગુમરાહી ભરીયાં, અને ધમકી આપનારા સંધેસા ગયા હશે, કે જેમ વારંવાર એની તરફેણવાળાઓ તરેહવાર રીતીએ જાહેરમાં આપણને આપે છે. ’ એક જણે સુચવ્યું.

‘ હોય યા નહી હોય. ’ બીજાએ વીચાર જણાવ્યો ‘ પણ કાલે મજલીશે—આમના હુકમથી પેલાજ ચોગાનમાં જે તલાસ ચાલનાર છે તેમાં તો વેહરકાની, મીડ, યુનાની, સુસ્યાનીઓ. બલ્ખી ઉપ્રાંત કેટલાક જરજવાહેરની લાલચે, યા નવું રાજ સ્થપાય તો ઓધ્ધા મેલવવાની હોંશમાં આવેલા, યા હાલના રાજમાં સરકારી ઓધ્ધા મેળવવામાં નીશફળ નીકલેલા આજકાલના છછુંદરની પેઠે ફુટી નીકલેલા લોકો પણ સામેલ સપડાઇ ગયલા સંભલાય છે. ’

‘ ગમે તે લોક હોય તો શું થયું ? ભાઇ ! દરેક કોમમાં ઢેડવાડો તો હોવોજ જોઇએ. ત્રીજાએ વીચાર જણાવ્યો.

આ પ્રમાણે ગપ્પાં ચાલતાં હતાં તેટલાં ઢંઢેરો પીટાડવા એક જણ આવ્યો, જેણે ખબર આપી કે પાદશાહોના પાદશાહની ખાહેસથી લોક લાગણીને માન આપી મજલીશે ખાશ અને મજલીશે—આમે પકડાયલા અશવાખોરોની તરતજ તુપાસ કરવા નક્કી કીધું હતું અને બીજે દીને મયદાનવાલાં ચોગાનમાં તેમની જે જાહેર તપાસ ચાલવાની હતી, તે માટે એક ત્રાહીત શખ્સની પ્રમુખ દાખલ નેમણુક કરવામાં આવી હતી.

જે યાતુઓએ અરદવાનનો સીકકો તથા રૂમાલ ચોરીઓ હતો તે યાતુઓએ ચોરેલા માલ સાથે પોતાને સામેલ સંપડાયલા જોઇ બચાવ કરવા ના પાડી. આથી તેમને તેજ દીન ન્યાયાધીસની અદાલતમાં ઉભા કરવામાં આવ્યા. અદાલત કેવી રીતે ચાલે છે તેનો અરદવાનની

ચંચલ નજરે અનુભવ મલ્યો. ચોરી માટે યાતુઓને શીક્ષા કરવામાં આવી અને ગુમાયલી મતા અરદવાનને પાછી સ્વાધીન કરવામાં આવી. ખુનના ગંભીર વાંક માટે તપાસ મુલતવી રહી.

પણ અરદવાનને તે પલે થોડીજ ખબર હતી કે થોડાજ કલાકના અરસામાં હજારો લોકની નજર તેની તરફ આતુરતાથી ફેલાશે.

શેહેર રચના જોતો તે પોતાને ઘેરે ગયો તો સારબાન ઘણી અધીરાઇથી તેની રાહ જોતો જણાયો.

'આપણે કાલે ગામ પાછા જવાના હતા પણ ઉમરાવ શેઠનો હુકમ છે કે હાલ તરત નહી જવું અને તું આવે કે તરત તેમણે આગલ હાજર રહેવું.' સારબાને ખબર આપી.

તેઓ આથી જે ઉમરાવના મકાનમાં ઉતરીઆ હતા ત્યાં ગયા. ધણીએ બામાવજતથી તેમને દીવાનખાનામાં બેસાડ્યા. તેઓની અત્યાર સુધી મુલાકાત તેની સાથ થઇ નહી હતી. પોતાના શેઠનો રૂકકો તેના કારભારી મારફતે પુગાડવામાં આવેલો હતો. આ શેઠની અદાથી અરદવાન પર ઘણી અસર થઇ.

'કેવો ભલો માણસ!' તેણે વમાસ્યું.

'તમારૂં નામ અરદવાન? શેહેર પસંદ પડ્યું કે? કાલે આજે શું શું તમે જોયું!' તેણે સવાલો પુછ્યા.

અરદવાને પોતે જે જોયું તથા બન્યું તેની બારીક વીગત કરી સંભલાવી. ઉમરાવ થોડી થોડી વારે મુછમાં હસતો હતો.

'ત્યારે પાદશાહ સાથે પણ તમારી મુલાકાત થઇ?'

'તમારીજ પેઠે બહુ ભલો માણસ! કેવી નરમાસથી મારા જેવા સાથે પણ વાત કીધી?'

'અને તે છતાં યાતુઓ બુમ પડાવે છે.'

'એવા બદમાસોને કેમ ઠેકાણે લાવવા તે પાદશાહ યા ન્યાયધીસોને મુદલ ખબર હોય એમ જણાતું નથી.' અરદવાને પોતાનો વીચાર જણાવવા હીમ્મત કીધી.

'વારૂં, તમો ન્યાયધીસ હોવો તો શું કરો?

'શું કરૂં? એક દી પણ ન્યાયાસન પર બેસું તો કુલ આલમને દેખાડી વાખવાખી મેલવું. ઝેરી સરપોને દુધ પાયાથી, સામાં વધુ આસુદા બની તેઓ વધુ નીરદોશોનો ઘાણ કાઢે છે.'

'ત્યારે દરેક બળવાખોર પર તમારો ઇલાજ અજમાવો કે?'

'ના! મુદ્દલ નહી! તેમના મુખીઓને તારવી કાઢું.' અરદવાન વધુ હીમ્મતવાન બની બોલ્યો. 'સાંપોની સો ઉપર જાતો હશે, પણ હું તો ઝેરી અઝદાહોને વીણી વીણી બાંધુ કાઢું. એ સાંપોના મુખીઓ કહેવાય.'

'ત્યારે સાંભળો. રાજવહીવટ ચલાવવા તમામ રૈયત તરફથી ચુંટી કઢાયલી અજમારી- આમ નામના મંડળ તરફથી આ પોશાક તમારે માટે મોકલવામાં આવ્યો છે કે બળવાખોર યાતુઓની તપાસ બીજા ન્યાયધીસો સાથે તેમના પ્રમુખ તરીકે બેસી આવતી કાલે આ પોશાકમાં બીરાજમાન થઇ તમારે કરવી. પાદશાહની પણ એવી ઇચ્છા છે.'

' મુદલ નહીં. આ ખરીતો તમોને વાંચી સંભળાવું છું. '

' પણ મને લખતાં-વાંચતાં મુદલ આવડતું નથી; તેનું કેમ ? '

' તેથી તો, તમારા બેમા બીજા લખી-વાંચી જાણે તેવા ન્યાયાધીશોની નેમણુક કીધી છે. ફકત તમારી સલાહ તેમને આપવાની છે. '

' પણ, પણ—— '

' હવે, જોઇએ કે બોલ્યા તેમ કારગત ઇલાજ તમે ખરેખર અજમાવો છો યા નહી. અદાલતમાં જવા અગાડી અંઘોળ કરી, આ કપડાં પહેરી, તે પર મજળાશે આમે મોકલેલો અદાલતી પોષાક પેહેરી, ભોજન જમી, તમારે રઠમાં જવું. કે જે સરકારી રઠ તમારે માટે ખાસ આવવાની છે. '

' પણ મને તાજીમ-તવાજો આવડતી નથી. ' અરદવાને તકરાર કીધી.

અદાલતમાં જે જોયું તેજ પ્રમાણે સ્વતંત્રતાથી આપેલી સલાહ આગળ તાજીમ-તવાજો કાંઇ બીસાતમાં નથી. જે પ્રમાણે એક ખુની પારકા નીરદોષનું ખુન કરી-કરાવી ધરમ સ્થળોમાં ભકતી કરે-કરાવે, યા ફરેસ્તાઇ કપડાંમાં સજ થઇ રૂદા શબ્દો બાહેરનો દેખાવ કરવા ઉચરે, તો તેથી કાંઇ તેનું પાપ કપાતું નથી; તેમ, તાજીમ-તવાજોથી યા બાહેરના પોશાકથી વીદવાન યા ફરેસ્તાઇ ખસલતનો યા સાદગીસ જાુમહરી કાંઇ ચતુર લોકની નજરમાં ભલો ગણાતો નથી. ફકત અજ્ઞાન અને ભોળાં નીરદોશ લોક તેથી ઘેઘડી છેતરાય; યા આવ ભાઇ હરખા ! આપણે બન્ને સરખા ! કરી બદમાસો પણ ફકત તેને છાપરે ચઢાવે. '

' તમારો એકેએક વાકય સોનાનો મુગનો છે. '

બીજે દીને અફતાબ પોતાની તેજસ્વી રોશની સર્વ ઠેકાણે ફેલાવી દેવ દરજ જંતુઓને મારી નાંખી યા નસાડી ફળફળાદી, અને તનદરોસ્તીને તાજગી બક્ષે, તેની થેડીકવેળા આગળથી શેહેરનું જાણે તમામ લોક પેલી ટેકરીવાળાં બાહોળાં મેદાન તરફ ભેગું થવા માંડયુ, કે જે મેદાન વીશે અત્યાર આગમચ આપણે જાણીતાં થઇએ છીએ. લોકની આતુરતા કેટલી બધી હશે, તેનો ખ્યાલ એટલાંથીજ આવશે, કે નીરધન વચલે વાર્ગનું લોક ઉપરાંત ઉપલા વર્ગ દાખલ ગણાતી રઇયત પણ પોતાની બે ચાર ઘોડાની રેડો ફડફડાવતી ત્યાં જતી જણાતી હતી. આખાં શહેરમાં તરેહવાર અફવાઓ ફેલાઇ રહી હતી તેનું એ પરીણામ હતું. ઘણાંકો પોતા સાથે ખાવાપીવાનું પણ ઉજાણી-દાખલ લઇ ગયાં હતાં. રાજ સામેના બળવાખોરો જાણે અલોપ થયા હતા, નીરદય દેવો જાણે, દેવસ્થાનોમાં સુવાનો ઢોંગ કરી છુપાઇ બેઠા હતા. તમાસો જોવાની ખુસાલીમાં છોકરાંઓની કુદાકુદી અને ગાયનો કાંઇ ઓછી ગમત આપનારા નહી હતાં ?

આખરે, ન્યાયાધીશોને લઇ તેમની રેડો પણ તેમને માટે ખાસ રાખેલી જગાએ જઇ ઉભી. પહેલાં પુશકળ ઘોંઘાટ થઇ રહ્યો; પણ આખરે, ચુપકીદી પથરાઇ રહી.

ન્યાયાધીશોએ પોતપોતામાં મસલેત કીધા પછી બંધીવાનોના મુખીઓને બીજાઓથી છુટા પાડવા હુકમ કીધો. તમામ મળેલી ઠઠમાં ફકત અરદવાન નવો ન્યાયાધીશ દેખાયો. તેના હાલના પોશાકમાં બેશક તે ઘણો દીપી નીકળેલો હતો; અને તેણે ધારણ કીધેલી ગંભીરાઇથી લોકની નજર આ નવા આફતાબ તરફ કુદરતી રીતે હતી.

શરૂઆત ત્યાંના અતી માનીતા અને જાણીતા ન્યાયાધીશે કીધી. ' અમોએ મસલત

કીધા પછી ઠરાવ્યું છે કે, પહેલ્લાં ખુદ મુખીઓની તપાસનું કામ હાથમાં લેવું, કે જેથી, ઇનસાફના કામમાં સેહેલાઇ થાય. આ ખાહેશ અમારા નવા ગોઠયા અરદવાનને ખાસ આભારી છે.

રાજકારોબારમાં લોકને ખાસ ભાગ આપવા ઘણું થયું નામદાર પાદશાહે બે રાજસભાઓ સ્થાપી છે, કે જેની સલાહથી લોક માંગણી જો, વાજબી હોય તો, તે માંગણીને માન આપી તે મુજબ વહીવટ કરી શકાય. તમો જાણો છો તેમ મજલીશે ખાસ ઉમરાવો અને પાદશાહી ખાનદાનીઓની બનેલી છે, જયારે મજલીશે આમ પ્રજાના ડાહયા પુરૂષો અને માજી યાને ધર્મગુરૂઓથી બનેલી છે. આ બન્ને સભાનાં ભેગાં બળથી વળી સર્વોપરી ત્રીજી સભા છે, જે માજીસ્તાન નામે આપણે ઓળખીએ છીએ. હવે, તે છતાં આવી સુધરેલી સરકાર સામે તમો બંધવા મુખીઓએ શા માટે બળવા જગાડયા છે ? તે અમો જાણવા માંગીએ છીયે, એટલુંજ નહી પણ, રઇતને પોતાના મનની શાંતી અને સલામતી માટે જાણવાનો હક છે. રઇયત તમારેથી તદન કાયર થઇ છે, તે વીશે હાલ તુરત વધુ બોલીશ નહી. તમારૂં અંતઃકરણજ હરવડી બોલતું હોવુંજ જોઇએ.'

'તમો જયારે જાણવા માંગો છો તો, હું કહું છું કે, મારો ધર્મ મારા ધર્મને મળતા નહી થનારાંઓને જડમુળથી ઉખેડી નાંખવા કહે છે.' એક બંધવો બોલ્યો.

'તમારો ધર્મ ?' અરદવાને પુછયું. 'તે કયો ધર્મ ? પેગમબરનું કાંઇ નામ ?'

'તે તો, અઝીદાહક ફકત તેનું નામ જબાં પર લઇ શકે. તે અમારો મહાગુરૂ છે.'

'ત્યારે તો એમ કહો કે તમારા લોકના મનમાંથી ઉપજાવેલો આ કાંઇ નવો ધર્મ છે કે જે તમારાં ઘાતકી મતને મળતા નહી થનારાંઓને મારી નાંખવા યા નીરદોશ લોકોનાં ઘરો અને ધર્મસ્થળો લુટવા માટે ખાસ ઉભો કીધો છે. હવે, આ સરસ દયાળુ સરકારનો કાયદો તો, દરેક ધર્મને (એટલે, બીજા ધર્મોને હેરાન નહીં કરે એવા વાજબી ધર્મને) તેનું છુટાપણું આપવા ઘડેલો છે, અને તે છુટાપણું તમે આપ મતલબે જુ તી લો છો તો સ્વતંત્રતાનો તમો લોકનો ફાંકો તો હવામાં ઉડી જાય છે.'

'અમે અમારા મુખ્ય મુખીની મરજીને આધીન છીએ.'

'પણ, તે કાંઇ પુછેલા સવાલોનો જવાબ નથી. વારૂં. એ બીના પડતી મેલીએ. તમો સ્વતંત્રતા ધારો કે મેલવો, કે જેમ કરતાં લાખો લોક તમારાં પાપી કામોથી માર્યાં જાય; યા, જરૂર લુટાઇ જાય તો પછી, રાજવહીવટ કેવી રીતે કરો ?'

'અમો અમારામાંથી થોડાકોને ઉપરીઓ ઠેરવીએ, બીજા બંધવાએ જબાં ખોલી.

'એટલે કે દરેક પ્રાંતમાં આપખુદ ઉમરાવો પેઠે આપખુદ સત્તા મેળવે, અને પોતાના યા પોતાના મુખીના ફાંટા પ્રમાણે ગરીબ રૈયત પર અગાઉ બનતું આવ્યું હતું તેમ જુલમ ગુજારે. વળી તેથી તમારો જુમહુરી શબ્દ તો જુઠો ઠરે છે. ઉલટું, આપ-બળ-રાજ કહો તો તે ફકત ખરો શબ્દ છે.' [આ વખતે ભેગી મલેલી ઠઠમાંથી 'શાબાશ શાબાશ' શબ્દો વધુ જોશથી સંભલાવા લાગ્યા.]

'મારા નામચીન ગોઠયાઓ અનુભવથી ખબર આપે છે કે તમારી રીતીઓ અખત્યાર કરનારાઓ (યાને તમારાં પંથનાંઓના) અતી મોટા ભાગને બાતેનમાં તો તમો મુખીઓ પર મુદલ વીશ્વાસ હોય એમ જણાતું નથી. કેટલાકોને સરકારી નોકરી નહી મલ્વાથી બવીસ્યમાં તમારેથી મલવાની આશાએ તેઓ જોડાયા છે, કેટલાકોને તેમની ગેરવાજબી રીતીઓથી શીક્ષા

કરવામાં આવેલી છે તેના વેરમાં જોડાયા છે, કેટલાક લડ લુચ્ચા લફંગાઓને માસીક મુસારો યા લુટમાં મલતો ભાગ, આપવાની આશાએ જોડવામાં આવ્યા છે, કેટલાકો કેદખાનાની હવા ચાખી આવ્યાથી જોડાયા છે, કેટલાકોને રાંક પ્રજાને તરેહવાર ધમકી આપી જોર જુલમથી લાગા રૂપે પૈસા મેલવવા કામે લગાડેલા છે, જ્યારે કેટલાકો ફક્ત પરીણામે શી નીપજે તેનો મુદલ તોલ નહી કરી શકે તેવાં ભેજાં ધરાવનારાંઓ છે. આ પાછલાઓના ખુદ ઘરબારો જ્યારે ખરેખર ચાકુઓથી લુટાઇ જાય યા તેઓ પોતે ઘાયલ થાય, ત્યારેજ એ બેવકુફ ગધેડાંઓની સુધ્ધ ઉઘડે.'

[અહીં વળી પાછા ' શાબાશ શાબાશ ' ના ઉદગારો સંભલાવા લાગ્યા.]

' જ્યા સુધી આદમ પોતાપર ખુદ મુસીબત આવી પડે નહી ત્યાં સુધી તેનો ખ્યાલ તેને આવી શકતો નથી.

લુચ્ચાઓના બોલવાના ઉશકેરાતથી પારકાંઓનાં ઘરબારો લુંટાઇ જાય, તે તેવા હલકા ખવાશનાઓને મનશી કાંઇ નથી : કારણ કે પોતાના ઘરબારો તો તેઓ આ દયાળુ સરકારની ગોઠવણથી તદ્દન સલામત જોય છે, કે જે તેમની હીનાયતી સરકારજ તેમનું રક્ષણ કરી શકે છે.

' પણ હવે આવી કુલ રૈયતને રક્ષણ આપનારી સરકાર સામે બળવો જગાડવાનો વાંક તમો કબુલ કરવાની હીમ્મત ધરાવો છો ?'' અરદવાને સર્વ મુખી બંધવાઓ તરફ નજર કરી ઠઠેરાથી 'પુછ્યું: રાંક રૈયતને ઉશકેરવાની તમારી તરેહવાર યુક્તીઓની શોભાઇ કેટલે અંશે છે તે હવે જણાઇ આવશે. તમો વાંક કબુલ કરો છો ?'

[' હથ્યારો સાથે અને લોકોને લુટતા સાબુતપણે પકડાયા છે તે પુછવું શાનું ?' ભેગી મલેલી ઠઠમાંથી એક બુલંદ અવાજ નીકલ્યો.]

' તમોને કોણે સત્તા આપી કે ન્યાયાશને બેઠા છો ?' એક જનુની બંધીવાન હાથ પગ પરની લોખંડી જંજીર ઠચુઠચાવી બોલ્યો.

' તો ગરીબ નીરદોશ માણસોને મારી નાખવા યા નખાવવા તથા જુલમથી ઉપાડી જવા તમો કપીનોને કોણે સત્તા બક્ષી છે ?' અરદવાને સામો સવાલ કીધો ' જો કે મારી તો કાયદા મુજબ નેમણુક કરવામાં આવી છે.'

[' અરે ! એ દૈત્યોને જડમુલથી ઉખેડી નાખો ! એ નીરદયો પર દયા શાની હોય ! ચીરી નાખો ! કતલ કરો !' વગેરે વાક્યો ઠઠમાંથી સંભલાવા લાગ્યા.]

' અમે તમો બંધીવાનોને ફરીથી આ ગંજાવર ઠઠ આગલ સવાલ કરીએ છીએ કે તમો તમારો ગુનાહ હીમ્મતથી કબુલ કરો છો ?' અરદવાને પાછો સવાલ પુછ્યો.

થોડો વખત તદ્દન ગંભીર ચુપકીદી પથરાઇ રહી. પણ જ્યારે બંધીવાનોએ મુદલ જવાબ આપ્યો નહી ત્યારે ન્યાયધીશોએ પોતપોતાનામાં મસલત ચલાવી. લોકની અધીરાઇ ઘણી વધી પડેલી જણાઇ. એક ન્યાયધીશની ઇશારતથી આખરે કરનાયનો અવાજ સંભલાયો અને પલમાં તદ્દન શાંતી ફેલાઇ રહી.

' બંધીવાનો !' અરદવાને બાજેબુલંદ બંધવાઓ તરફ મ્હોં કરી કહ્યું: 'તમારી ચુપકીદીનો અર્થ અજીમ ગુનાહો કબુલ કરવાનો છે. સત્તાવાલા તેમજ સુખી સંપીલી રૈયત તમો જેવાઓથી તદ્દન કાયર થઇ છે, અને કુળ રૈયતની ઇચ્છાને માન આપી અમે એવા ઠરાવ પર આવ્યા છીએ કે અત્યાર સુધીની દયાનો તમે તદ્દનજ ગેરઉપયોગ કીધો છે અને સત્તાવાલાઓની નબલાઇ—માનતા મનાવતા રહ્યા છો. તમારેઆ વીરૂધના, તેમજ થોડી ઘણી લુંટાય તેવી અસ-

કેયામત ધરાવનારાંઓના, બેધડક ખુનો કરવા યા કરાવવા તમોએ જરાએ આંચકી ખાધી નથી; જો કે તમારામાંના થોડાક ઢોંગીઓ, ફક્ત બાહેરનો દેખાવ કરવા અને ભોલાંઓને ભમાવવા, તે પર નાપસંદપીનો દેખાવ કરતા રહ્યા છે. હવે એ સર્વ ઢોંગ અને ચપરખંધીને દાબી દેવા જ્યાં સુધી મજબુત પણે છાપ બેસે, તેવી શીક્ષા નહી કરવામાં આવે ત્યાં સુધી એ બદમાસી ચાલુ રહે. અત્યાર સુધી સખત શીક્ષા દાખલ અપ્રાધીઓને ઉંડા ગારમાં જીવતા દાટવામાં આવ્યા છે કે ત્યાં તેઓને મરણનો ખ્યાલ આવે; પણ તે વખતની તેમની વાજબી અફડાતફડી તેમના બાંધ બંધુઓ જોઈ શકતા નથી કે જેથી ધડો મેલવે: માટે આ વખતે આ ન્યાયાશન દરેક મુખી બંધવાનને શીક્ષા ફરમાવે છે, કે ચોકકસ દહાડો સતાવાલાઓ ઠેરવે તે દહાડે યા દહાડાઓ પર દરેક બંધીવાનોને પાતળી લોખંડી ચાર સાંકળોએ બે હાથ, અને બે પગોએ બાંધી તેમને ચાર ચાર હુમા યાને રૂખ પક્ષીઓ મારફતે આસમાનપર ઉરાડવા કે જેથી, દરેક જમીન પરનો માણુસ તેમની મરતી વખતની અફડાતફડી જોઇ શકે અને બોધ મેળવે. આ સીક્ષા મુખી યાતુઓ માટે છે. તેમના હાથહેઠળનાઓની તપાસ ઉપલી સીક્ષા અમલમાં આવ્યા પછી હમેશની અદાલતમાં કરવામાં આવશે. એવી આશાએ કે, તેટલાં તેમને પશ્ચાતાપ કરવાનો પુરતો વખત મળે. હવે, આ અદાલત બરખાસ્ત કરવામાં આવે છે.

[' ખરેખર, એક પેગમબર ! મહાન માજી ! ધનશ.પરી હીરો ! વાહ વાહ ! ધન્ય છે ! ' વગેરે તરેહવાર પોકારોથી આખું મેદાન ગાજી રહ્યું.] દરેક જણ આ નવો ન્યાયાધીશ કોણ તે, જોવા આતુરમંદ બન્યું, અને ન્યાયાશન તરફ ધસારો કરતું વધ્યું; પણ, પોહરેગીરોએ તેમને અટકાવ્યા.

પોતાના ગોઠ્યા ન્યાયાધીસોના ટહેવાથી અરદવાન ઉભો થયો કે ખુશાલીનું પુછવું શું ?

આ તકનો લાભ લઇ તરતજ બંધીવાનોને ઝપાટામાં ખસેડી કેદખાને જઇ પુર્યો. કારણકે, તેમના ગોઠ્યાઓ તેમને છોડાવવા જરૂર કોશીષ કરશે એવી ધારતી આગમચથી લોકમાં ફેલાવવામાં આવી હતી.

બીજે દને સતાવાળાઓને ઢંઢેરો ફેલાવવાની (તરેહવાર અફવાઓને લીધે) ફરજ પડી:—' જાહેર પ્રજાની શાંતી માટે નામવર સરકારને જણાવવાની ફરજ પડે છે કે, ગઇ કાલની તપાસના ચુકાદાને પુરેપુરો અમલમાં મુકવા નીશ્ચય ઠરાવ કરવામાં આવ્યો છે. એટલુંજ નહી પણ એવીજ શીક્ષા ફરમાવવા અને અમલમાં લાવવા દરેક પ્રાંતના હાકેમોનું ધ્યાન ખાસ હલકારાઓ મોકલી ખેંચવામાં આવ્યું છે એથી ઉલટી અફવા ફેલાવવાની બદમાસીઓની મતલબ ધચુપચુ થયલા બળવાખોરોને ઉત્તેજન આપવા અને વધુ ખુનામરકી કરાવવાની દીસે છે. ન્યાયાધીશોના મત સાથે નામદાર સરકાર તદન એકમત છે કે હવે બળખોરોપર વધુ વખત દયા દેખાડવી, એ ઝેરી અઝદાહોને દુધ પાવા બરાબર છે. પ્રાંતે પ્રાંત ઉપર ફરમાવેલી શીક્ષાઓ બળવાખોરોને કરવામાં આવશે, તે માટે રઇએતે નચીંત રહેવું; અને બદમાસોની ધરપચ-સરપચ, અને જુઠી અફવાઓથી ભોળાવવું નહી. ખોદા ! પાદશાહ અને રાજને સલામત રાખે. આમીન ! આમીન !'

આ ઢંઢેરાથી ઝટ અસર થયલી દરેકના જોવામાં આવી. ડોળઘાલુ કસરે વાજો કાળે મહોંડે તદન અલોપ થતા દહાડે દહાડે જોવામાં આવ્યા; પણ, તે ફકત બાહેરનો દેખાવ હતો. નીચ પ્રકૃતીનાં માણસો અને જેના બદનમાં ઝેરી લોહી દોડતું હોય તે કાંઇ મુંગા બેસે ?

અઠવાડીયું થયું નહી કે, એક દહાડે સહવારથી આખું રગે શહેરજ નહી પણ હમાદાન, મદાઇન, પારસાગરદ, પરસીપોલીસ, કરમાના વગેરે શહેરોએ રંગરાગનો વેશ લીધો. લગભગ દરેકના મહોંડાપર આનંદનો છાપ હતો. ફકત મુઠીભર ઝેરી અઝદાહી યાતુઓ જનુની ગુસ્સાથી નીચી મુદીએ આમતેમ ફરતા જણાતા હતા. સબબ, તેના કરૂર બાદ્મબંધોને તે દહાડે આશમાની હવાઇ-વાદળાંઓપર તેમને મનભાવતું રાજ ચલાવવા મોકલી દેવાના હતા.

બાદશાહી શેકાર માટે તબ્યત આપેલાં હુમા યાને ફેમ પક્ષીઓ ઠેકાણે ઠેકાણે સજ-સમારી ખબરદારીથી બેસાડેલાં જણાતાં હતાં.

આટલી ટુંક મુદતમાં અરદવાન તમામ રઇઅતને મોંડે રમી રહેલો હતો. સાબુત શીક્ષાના શોધક-દાખલ દરેકની જબાંપર તેનું નામ હતું. જે પ્રમાણે નહી જણાએલા યાતુઓ પોતાનાં કામ યા બોલીંદરાજી અને હીકમતથી લુચ્ચા-લફંગાઓમાં, અને હલકી મુન્શાદોમાં વાખ-વાખી મેળવી શકતા; તો, તેથી ઉલટી કીસમનો અરદવાન ભલી રઇયતમાં ટુંક મુદતમાં શા માટે નામના નહી મેળવે ?

પણ, તે દીવસ અશકાની પાદશાહત માટે વધુ ખુશખબરની ભર્યો હતો. સીરીયાનો પાદ-શાહ દીમીત્રીઅસ જે, અત્યારસુધી લડાઇઓમાં ઇરાની-તુરાની પાદશાહતને હંફાવતો રહયો હતો, અને જે યાતુઓનો છુપીરીતે મુખ્ય મદદગાર હતો, તેના પરાજયના, અને પકડાઇ જવાના સમાચાર તે દીને રએ શહેરમાં ફરી વળ્યાથી તમામ વફાદાર રઇયતમાં ખુશાલી વ્યાપી રહી હતી.

હવાઇ તમાસો જોવાના ઠરાવેલા વખત આગમચ છોકરાંઓ ફુદાફુદ કરી સારૂ આશ-માન તરફ નજર ફેંકતાં, અને રમતી ધીંગામસ્તી કરતાં હતાં. તેમને મનસે તે દીવસ ઉજાણી જેવો હતો. હવામાં માણુસો કેમ પ્રવાસે નીકળે છે ? તે જોવા, તેમની આતુરતા સઉથી મોટી હતી.

પણ તે વખત આવે તેટલાં તો, આખાં શહેરમાં હોહાકાર મચી રહયો. એક જાણીતા મુબેદને ત્યાંથી મેજબાની ચાખી પાછાં ફરતાં અરદવાનને યાતુઓ કંઇ અંધારામાં ઉપાડી ગયાની અફવાએ આખું શહેર હલમળી રહયું. લોક દાંત પીસવા લાગ્યું. યાતુઓની આટલી બધી મકકર-ફુદી અને શેખી ! અને તે પણ રાજધાની શહેરમાં ? કેટલાકોએ તે અફવા પહેલાં તો, માનવા ના પાડી; પણ, પાછળથી ખાતરી થયાથી તમામ વફાદર સુખી રઇઅત યાતુઓ પર ફીટકારવા લાગી.

પણ અરદવાન તે વખતે કયાં હતો ? તેને કેવી રીતે ઉપાડી જવામાં યાતુઓ ફતેહ પામ્યા હતા ?

' સખી દાતારો !' દરવેશે આ ત્રીજી રાતે હેવાલ અધુરો મુકી કહ્યું ' રાત ઘણી વધી છે તેથી કાલે આપણે આએજ ઠેકાણે બાકીનો હેવાલ સાંભળીશું.' તેણે ઝોલી હાજર રહેલાંઓ આગળ ધરી અને સઉસઉએ પોતાની ગુંજાશ પ્રમાણે આપેલા પૈસા માટે ખુદાનો પાડ માની વીદાયગીરી લીધી.

'આજે પણ વાત જયારે ઘણી રસીક બની છે ત્યારેજ દરવેશે અધુરી મેલી.' નોશી-રવાને આદેલે વઝીર મેહેરને જણાવ્યું. 'તોપણ કાલે આપણે આજની પેઠે જરૂર જઇશું. અજબ છે કે આ વાત આવી ઢબે આપણે કદી સાંભલી નથી. સીરીઆના પાદશાહ ડીમીત્રી-અસને મહાત્મા મેહેરદાદે હરાવ્યો તે તથા યાતુ યાને સાઝીશ જુમહુરીઆના બળવાઓ વીશે ફકત આપણે જાણીએ છીએ, પણ વાર્તાની ઢબે પેહેલીજ વખત ત્રણે રાત થયાં આપણે સાંભ-ળ્યે છીએ. એજ દેખાડે છે કે કેટલીક બાબદમાં રાજશાહી વાત કેહેનારાંઓ કેટલીક વખત કેવાં બેખબર છે.

દરવેશની ચોથી રાત

ચોથી રાત્રીએ પેલા દરવેશે પોતાની અધુરી વાત આગળ ચલાવી:—ઓ ખાકી બંદાઓ ! માણસ ધારે છે શું ને થાય છે શું ? અરદવાને જ્યારે મેજબાની ચાખી ખુશ ખુશાલપણે પોતાના મેજવાનને ત્યાંથી નીકળ્યો, ત્યારે તેને થોડુંજ માલમ હશે કે આવી દરામણી રાતે કાળાં કરતુકો કરનારાઓ તેને ઉપાડી જશે ? પણ તેમ ખરેખર બન્યું.

પાદશાહી લશકરીઓ અને રૈયતનું રક્ષણ કરનારા ઘણાજ ચબરાક પોહરેગીરો તેના જવાના રસ્તાનું ખુણે ખુણું તપાસી રહ્યા, પણ જીવતા યા મુએલા અરદવાનનો મુદલ પત્તો મળે નહી.

તે દરામણી રાતે થોડો વરસાદ પડયો હતો, પણ વાવીજોડું એટલું તો સખ્ત હતું કે તમામ લોકે છાંયડાવાલી જગ્યાઓનો આસરો શોધ્યો હતો.

શેહેરમાં યાતુઓના હેતુઓએ અફવા ફેલાવી કે તેમના પેગમ્બર અઝીદહાકના છુમંતરનું એ પરીણામ હતું, અને એ નામની બોલબાલાથી રૂખ પક્ષીઓ પાસે જે મુખીઓને હવામાં મરાવી નાખવાના હતા તેમ કદી કોઇ કાલે બનશે નહી. એકને મહોડેથી બીજે મહોંડે આ ચમત્કારી નામની વાત આખ્ખાં શેહેરમાં ચોતરફ ફેલાઇ. ઘણાંકોએ હવાઇ તમાશો જોવાની સતતર આશા છોડી; અત્યાર આગમચ એ નામના પ્રતાપથી ઘણા મોજેજા બનવાની ખોટી અફવાઓ સંભલાઇ હતી, પણ અહીં તો તમામ શેહેરની નજરે નજર તેમ બને છે યા નહી તેની તક હતી.

આફતાબ મધ્યાનમાંથી નીકળી પશ્ચીમના બુરૂજમાં જવા નીકલ્યો. આગલી રાતના વરસાદથી વાદલ તથા હવા તદન સ્વચ્છ થઇ હતી. એટલે હુમા પક્ષીઓની મારફતે માણસાઇ હવાઇ–મુસાફરી જોવાની આ સુંદર તક ખુદ કુદરતે આપી હતી. વળી યાતુઓના પેગમ્બરના નામની બોલબાલાના ચમત્કાર ખરા યા ખુતારા હતા તે પણ જાણે કુદરત અંકે કરાવવા માંગતી હતી. લોક એકેક સાથે 'બનશે યા નહી' તે માટે ખાના પીનાની સરતો બકતા. અરદવાનની ગેરહાજરીમાં યાતુ–મુખીઓની શીક્ષા કાં નહી કદાચ સત્તાવાલાઓ મુલતવી રાખે ?

પણ નહી. બરાબર ઠેરવેલા વખતે મેદાનમાંથી જબરો મોટો ઘોંઘાટ તમામ શેહેરે સાંભલ્યો. શું હશે ? યાતુઓના પરાક્રમ ? અઝીદહાક નામથી પોતાના માનીતા ચેલાઓને બચાવવાનો ખરેખર મોજેજો ? લોકની છાતી ઠડક ઠડક થવા લાગી.

તેટલાં હુરરેએ ! હુરરેએ ! ના પોકારો નીકલ્યા. જરા વારમાં સરવની આતુર નજરે શેકાર માટેના પક્ષીઓ છુટાં હવામાં ઉડતાં જણાયાં. જરા વારમાં તેમનો શેકાર કરવા આતુર બનેલાં જબરદસ્ત રૂખ યાને હુમા પક્ષીઓ ચચારની ટોલકીમાં એકેક બોજ સાથે પાંખ ફડફડાવતાં ઉડયાં.

અઝીદહાક નામનું છુમંતર ધુળે રગડોલાયું ! પોતાના માનીતાઓને બચાવી નહી શકે તો ભલવાં અલફાતુઓને તે શું કારગત લાગી શકે ? વેહેમીઓ ચતુર લોકની નજરમાં ઝંખવાના પડી ગયાં. તેઓ અંતકરણમાં તો સમજી ગયાં કે તેમનાં નબલાં બેજાંનો લાભ ચપરખાંધા યાતુઓ થોડો વખત મેલવી ગયાં હતાં, એટલુંજ નહી પણ થોડી ઘણી આબ કે આમત પણ એ લફંગાઓ પચાવી ગયા હતા.

રૂખ યાને હુમા પક્ષીઓની એંચતાણથી તેમના માણસાઇ બોજાના અવ્યવો એક પછી

એક છુટા થઇ નીચે પડતા ગયા અને તેમનો બોર કમી થતો ચાલ્યો. છેલ્લાં દરેક ટોલકીના બીન બોજાને લીધે પક્ષીઓ છુટાં પડી ગયાં, અને હવે ઝપાટામાં પોતાના ધારેલા શેકારોને પોતાની ચુંગાલમાં લેવા લાગ્યાં.

આખરે હુમા પક્ષીઓ માણુસાઇ બોજાને બદલે શેકારી પક્ષીઓને લઇ પોતાના આશ્રમ ગાહમાં પાછાં વલ્યાં. રાત થવા આવી પણ ત્રણ પક્ષીઓ પાછાં ફરેલાં જણાયાં નહી. શું તેમને તેમના બંદીવાન યાતુએ કાંઇ કલાથી મારી નાખ્યાં હશે? અને શું તે હજી જીવતો હશે? તે વળી કોણ હશે! ન્યાયધીશોને ઠગુઠણારી કાઢયો તે તો નહી હોય?

બીજી સહવાર પડી, પણ તે ધુમસવાલી હતી. કુદરત શું ખેલ કરી દેખાડે છે, તે માણુસ ફક્ત જોઇ શકે છે. તે આખો દીવસ ધુમસ બ્યાપી રહ્યું. આગલા દીવસની હવાઇ સ્વછતા અંધારામાં ફેરવાઇ ગઇ. કોઇ દીવસ નહી જોયલો એટલો એ કાલો ધુમ્મસ હતો. યાતુઓના અંતકરણુને અને તેમના કુર કામોને પેસ પડતો તે ધુમસ હતો. આગલે દીવસે પુર ઉજાસ રહું અને ખુશી, બીજે દીને અંધકાર અને સરદ! યાતુ–મુખીઓને થયલી વાજબી શીક્ષાની તમામ રૈયતની ખુશાલી જાણે બે ઘડીની હતી.

પણ અરદવાન કયાં હતો? તેનું શું થયું હશે? તેના નીરદોષીત ખુનને માટે કુદરતે માહેતમનો આ પોશાક ધારણ કર્યો તો નહી હોય? લોકને એક મોટો સધ્યારો હતો. સંતાવાલાઓની શોધખોળ મજબુત ચાલુ હતી. શેહેરની અંદર તેમજ બાહેરની સર્વ દીશાએ પારધીઓ પુર આશાએ ફરી વલ્યા હતા. શેહેર બાહેર શોધમાં ગયા હતા, તેમાંના કેટલાક હજી પાછા ફરીઆ નહી હતા. સાંજને કંઇ અફવા ઉડી કે એક જાણીતા ઉમરાવને ત્યાંનું સઉથી ઝડપી ચાલ માટે જાણીતું ઉંટ ગેબ થયું હતું, કે જે ઉમરાવનું મકાન અરદવાન મેજબાની ચાખવા ગયો હતો તેની નજદીક હતું. શોધક બુદ્ધીના સત્તાધીકારીઓને મનસે આ એક અગત્યની શોધ હતી. ને ઉંટના એક પગની તાલકી પર વીચીતર કાપ જેવો ખાંચો હતો.

'ભાઇઓ!' દરવેશે સર્વ તરફ જોઇ કહ્યું: 'હું અત્યાર આગમચ જણાવી ગયો તેમ મેજબાનીને દીવસે વરસાદ પડયો હતો; એટલે આ ગુમ થયલાં ઊંટના જાણીતા પગલાંનો છાપ જોતાં એ કામમાં હુશીયાર મુખ્બીરગીર થયલાં યાને જાસુસો આગળ અને આગળ વધ્યા. લોકને તે બીના માલમ નહી હતી. આખરે તેઓ બારીક તપાસ કરતા અને દરેક પગલે આસપાસ ચંચળ નજર નાખતા એક નાળાં આગળ જઇ લાગ્યા. અહીં ઊંટના પગલાંનો છેડો આવી રહ્યો. ત્રણે બાજુએ ઉંચી ઉભી અને ગીચ ઝાડીવાળી ટેકરીઓ આવેલી હતી. તપાસ માટે નીકળેલામાંનું કોઇ પણ તે દીવસ આગમચ ત્યાં ગયલું નહી હોવાથી તે જગ્યા તેમને બેમાલમ હતી.

'અહીં કદાચ આપણી મેહેનતને જશ મળે.' મુખ્બીરગીરોના વડાએ જણાવ્યું.

'આવી દરામણી જગ્યાએ કદાચ દાકુ યા યાતુઓના દગાથી માર્યા પણ જઇએ.'

'અને તેથીજ સર્વ ઠેકાણે બારીક નજર નાખી ગુપચુપ આપણી તલાસ વધુ ચોકસાઇથી ચલાવવી જોઇએ. રાતનો કાલાશ અત્યાર આગમચ ફેલાઇ રહ્યો છે માટે અહીંજ જરા ઉંચાન જગે રાત તોડી પાડીશું'

'વારા ફરતી ચોકી કરવા દરેક જણે જાગવું પડશે.'

તેઓ હવે એક ટેકરી પર ચઢવા લાગ્યા. થોડે ઉંચે ગયા પછી ચોગાન જેવી ખાલી

જગ્યા તેમને માલમ પડી. આ જગ્યાથી ટેકડી તદન ઉભી જાણે આસમાનસે સર લગાડી ઉભી હતી. માહતાબે હવે પોતાના દરશન દેખાડયાં.

'કુદરત આપણને આવી દરામણી જગ્યે પણ જાણે મદદ કરે છે.' ટોળકીના વડાએ પોતાના સોબતીઓને હીમ્મત આપવા કહ્યું.

'તમો ખોરાકની તૈયારી કરો, હું જરા તપાસ કરૂં છું.' નરસી વપાસદારે કહ્યું.

'એટલું તે શું માહતાબનું ઉજરડું છે કે તું તપાસ કરે ?'

પણ નરસીએ ઉત્તર વાળ્યો નહી. ચુપચુપ તે જમીન પર લાંબો થઇ સુતો અને એક કાન જમીનને અડકાડ્યો. થોડી વારે તે પાછો ઉઠયો અને દીશા બદલી તેમજ કીધું. ત્રણ ચાર વખત તેણે તેમ કીધું.

'આ દીશા તરફ ત્રણ ચાર જણા ઘણી ઉશ્કેરાતથી તકરાર કરે છે અને વચ્ચે વચ્ચે જંજીરનો ખખડાટ પણ સંભળાય છે.' તેણે આખરે આંગલી દેખાડી કહયું.

'ઉપર યા નીચે ?'

'તે જણાતું નથી. પણ જ્યારે પણ જંજીરનો અવાજ સંભલાય છે ત્યારે સાથે સાથે તાસવીસનો પણ અવાજ આવે છે.' નરસીએ ખુલાસો કીધો.

'કોઇને બંધીવાન કીધો હશે, અને તેનો કેવી રીતે નીકાલ કરવો તે માટે તકરાર ચાલતી હશે.'

'હું પણ તેમજ ધારૂં છું. પણ આપણે જેની શોધમાં નીકલ્યા છીએ તેજ કાં નહી બંધીવાન દાખલ હોય ?'

'જો તેમજ હોય તો આપણે ખુલ્લી જગાને બદલે ઝાડીવાલી જગા પસંદ કરવી જોઇએ.'

'હું પણ તેમજ ધારૂં છું. નીચેના નાલાંમાંનું પાણી લેવા કાં નહી આ તરફ આવે ?'

'આપણા માહાં જાગ્યે રાત છે. દીસ હતે તો આપણે તેને છોડાવી શકે.'

"ખમોશ !" જમીનપર સુઇ તપાસ કરનાર નરસીએ કહયું. થોડીવાર રહી તે ઉઠયો. બીજાઓને મનસે ફલાકો હતા. 'પકડાયલાને આ ઉભી ટેકડીવરના મથાળાંપરથી કાસે ગબડાવી દેવાના ઠરાવ પર તેઓ આવ્યા છે.'

'ત્યારે તો, ઉપર જવાનો મારગ તેમને માલમ હોવો જોઇએ.'

'કોઇબી રીતે તે બાપડાને આ નીરદયોના હાથમાં છોડાવવો જોઇએ.'

'પણ તે કેવી રીતે ? કદાચ ગીચ ઝાડીઓમાંથી ઉપર જવાનો માર્ગ હશે. જો, તેમ હોય; તો, કોઇ બીજા માર્ગે આપણામાંની અરધી સંખ્યાએ આગમચથી ઉપર જઇ છુપાવાનું જરૂરનું છે, ને બાકીનાઓ તેમની પુઠે જઇ ઘેરી લઇ શકાશે.'

'કદાચ આ ઉભી ટેકડી જેવી જણાતી જગ્યે કાં નહી ઉપર જવાનો બીજો ટુંકો માર્ગ હોય ?'

'તે તો સહવાર પડે ત્યારે જણાય. ચાંદરણામાં કાંઇ સમસ્ત દેખાતું નથી.'

તેઓ ખાણાને ઇનસાફ આપવા બેઠા. કલાકેક પછી પેલી દસાથી રંગરાગનો ગુંગવાટો અવાજ સાંભળવામાં આવ્યો.

'તેઓ ખુશાલીમાં આવ્યા છે ને રૂમી રસ ગળામાં હોઇયાં કરતાં જણાય છે. જો, તેમજ હોય તો, લંબો વખત તેઓ નીંદ્રાવશ રહેશે; તેટલાં કાં નહી આપણે મહાંલાંપર કોઇપણ માર્ગવાટે જઇ ઘેરીલઇ તેમના બંધીવાનને છોડવ્યો ?' નરસીએ સુચવ્યું.

'કુદરત જો, મદદ કરે; તો, છાકટપણાની હાલતમાં કાં નહીં આપણે તેમને પોતાને બંધીવાન કરીએ ?'

'આપણે માર્ગ જાણતા નથી; એટલે, જે હોય તે સહવાર પડવાપર વાત.'

જેઓ ઘણા થાકી ગયા હતા તેઓ નીદ્રાદેવીને જરા, વારમાં વશ થયા. સાપ, વીંછુ વગેરે તેમને મનસે કુછ નહી હતાં.

'ઓ સાંભળનારાઓ; દરવેશે ખંખાર મારી પોતાના સાંભળનારાઓને કહ્યું. "બીજી પહોર ફાટી, કે જે વેળા આખું રએ શહેર અને તેની આસપાસની જમીન ધુમસમાં વીંટાયલી હું કહી ગયો છું. પણ કુદરતનો ખેલ અજબ હોય છે. અરદવાનની શોધમાં નીકળેલી ટોલકી જે ટેકરી આગળ છાવણી નાખી પડી હતી, ત્યાં તો, આફતાબના તેજસ્વી કીરણો સર્વ જગ્યે રોશની ફેલાવવાની દોડધામ આંશમાનનાં કરતાં હતાં. કીરણો પ્રકાશે તે અગમ્ય તો ગોલાથી હંડું ઉંજરડું પડવા શરૂ થયું. પેહેરેગીર ટોલકી તરતજ પોતાના પગોપર ખડી ઉભી. નીચે ઉંટો સલામત બેઠેલાં ચા ઉંઘ ખેંચતા જોઇ તેઓ નીરાંતે ચારીક નજર નાખતા ઉભા.

'અજબ !' એક જણ ઝાડોમાં આંગળી દેખાડતો બોલ્યો 'આ ટેકડીની નજદીક પેલી બીજી ટેકડી છે, તેપર પેલાઓએ ઉતારો લીધો છે. આપણે કાંઇ ત્યારે ધારતા હતા તેમ, ટેકડી પર નથી પણ ઉભા ખડકપર છીએ: પેલાઓનો રંગરાગ સાંભળજો, તેની હવે બરાબર સહમજ પડે છે. તેઓ નીંદ્રાવશ થયલા દીસે છે. રૂમીરસની ખુમારી હજી ઉતરેલી જણાતી નથી.

'તારી ભુલ છે. આ ઝાડીમાંના બાકોરાં વચ્ચે જો ! એક જણ બેઠો બેઠો ચોકી કરે છે.'

તેઓ સર્વ ચીમારને જોવા લાગ્યા.

'તેમના પેહેરવેશ પરથી તો તેઓ ખોરાસાનીઓ દેખાય છે.' એકજણ ચીપીચીપીને જોઇ બોલ્યો.

'શું ખોરાસાનીઓ ?' ટોલકીનો વડો બોલ્યો, 'પેલા નીશાપુરી જફર નીમાજીને કાદીરબેગ સરદાર બે ચાર દહાડાની વાતપર શેહેરબાહેર ઉતારો ગયો કહેવાય છે, તે ટોલકી તો નહી હોય ?'

'કયો નીમાજી ?'

'વળી. મીર્જાજી દાખલ જણાયલો બુઢો ! જવાન ખુબસુરત નખરાંવાળીને નેકાહ કીધા પછી, તલાક આપી, પાછો નેકાહ કરવા માંગતો હતો તે ?'

'નીમાજી કે જખુક ?'

'ત્યારે બીજો કોણ ? આખાં શહેરમાં તેણે હલાસલ ફેલાવી, તેટલાં વાતુઓના કામોથી ખલલ પડી; અને એ વાત તેને લીધે વીસરઇ ગઈ.'

'પણ તે એઓમાં જણાતો તો નથી.'

'કદાચ રાત્રીએ જે તાસવીસ સંભળાઇ, તે બંધીવાન નીમાજીની જ હશે. તેઓએ કેંઠે સંતાડ્યો હશે.'

'દાકુઓએ શુક્રાઓ આ બાજુ ખણી કાઢયા હોય; ને તેમાં કદાચ છુપાગો પણ હોય.'

'જો તેમજ હોય તો અરદવાનને શોધી કાઢવાની આપણી યત્ન ફોકટ ગઇ.

'પણ, કંઇ નહી કરતાં થોડું પણ ગણીમત !'

'કાં નહી કદાચ સાથે અરદવાન પણ હાથ લાગે ? યાતુઓએ જરથી એઓને કાં નહી રોક્યા હોય ?'

'જે હોય તે. પણ આ ખોરાસાનીઓ કાંઈ યાતુ-મુખીઓ જેવા બાયલા નથી. તેઓ જો મગજમાં લેશે તો જીવ જાય ત્યાં સુધી લડશે.'

'આપણો આ સાથી પણ, ખોરાસાની છે. પણ રાજ-વફાદાર છે.'

'કાં નહી કદાચ એ ટોલકીમાં મારો ઓલખીતો હોય !' પેલા રાજ-વફાદાર ખોરાસાનીએ વીચાર જણાવ્યો. 'તેમને કેમ મનાવી લેવા તે હું જાણું છું : માટે હુંજ પેહેલ્લાં આગલ વધીશ.'

'એક સીવાય સર્વ સુતેલા છે : માટે એ જાગતાને કાં નહી અહીંથી તીરથી વીંધી નાખીને સુતેલાઓને બંધીવાન કરીએ ?'

'જ્યાં સુધી સલાહસંપજથી કામ થતું હોય તો ખુના મરકી શા માટે ?' ખોરાસાનીએ જણાવ્યું.

'અમે તૈયાર હથ્યારબંધ થઈ તારી પુઠે આવ્યે છીએ : માટે તું શરૂઆત કરવા માંગે છે તો કર.'

ખોરાસાની પોહરેગીર આથી ભરાતો છુપાતો પેલા અરધા ઉંઘણુસી રખેવાલ આગલ ગયો. તેના સાથીઓએ દુર છુપાઇ જોયું કે તે તેની સાથે મળી ગયો હતો : અને થોડી વાર પછી તો નઝદીક આવવા ઠેરવેલી નીશાન વટીક કીધી. આથી આખી ટોલકી ત્યાં ગઇ અને પેલા સુતેલા આગલ એવી ઢપે ગોઠવાઇ બેઠી કે છાકતાઓ જાણે તેમના બંધીવાનો હતા. નહી ધારેલી રીતે સીફતાઈથી આ કામ બજાવવામાં આવ્યું હતું. પેલા જાગૃતે ખાતરી આપી કે તેઓમાંનો કોઇ પણ યાતુઓ સાથે સંબંધ ધરાવતો નહી હતો, બલકે તેઓ કહે તેને એ તરફના બીયા બાનમાંથી પકડી લાવવા તેના સાથીઓ મદદ પણ કરે. તેઓ કાંઈ ખરેખર ધંધે લુટારૂઓ નહી હતા, પણ એક નખરાંબાજ ખુબસુરત હુરીને લીધે એ રસ્તો તેઓને અખત્યાર કરવો પડ્યો હતો.

'ત્યારે તમો આવી બીનવસ્વાતવાલી જગ્યે કેમ ?'

'તમોએ નીમાજી કેજખુકનો કીસ્સો સાંભલ્યો હશે ?'

'તરેહવાર અફવાઓ શેહેરમાં ફેલાઇ છે : એટલે ખરૂં ખોટું અમે જાણી શકતા નથી.'

'ત્યારે તો, લેવો. પેલો અમારો શેખ સરદાર ઉઠે છે. તેને મ્હોઢેથી પુછી ખાતરી કરો.'

જેને તે સરદાર કેહેતો હતો તે પેહેલાં તો પોતા આસપાસ હથ્યારબંધ ટોલકી જોઇ ઘણો વીસમય પામ્યો, પણ તેના હાથ નીચેનાએ ટુંકમાં સર્વ હકીકત જણાવી.

'જો તેમજ હોય તો પાદશાહને મદદ કરવા મારી નાની ટોલકી તૈયાર છે. અમે કાંઇ રાજદ્રોહ કરપીન યાતુઓ નથી, યા ડાકુઓ પણ નથી.' સરદારે જણાવ્યું. આ વાતચીત દરમ્યાન બીજાઓ પણ જાગૃત થઇ અજબ થઇ વાતચીત સાંભલતા બેઠા.

'અમો અહીં શા સબબ સર છાવણી નાખી પડયાં છીએ, તે સાંભલવાજ માંગો છો તો સાંભલો. તમો કહો છો કે અરદવાન નામના નવા ન્યાયાધીશની શોધમાં તમો નીકલ્યા છો, તો એ શેહેરમાં રહેતા જાણીતા નીમાજી કેજખુક નીનાપુરી વેપારીથી તો તમે જાણીતા હશોજ. તે ઘણોજ પાજી સ્વભાવનો હોયાની બીના પણ તમોને માલમ હશે.'

'હા ! પણ શેહેરમાં અકેકથી ઉલટ એટલી બધી અફવાઓ ઉડી રહી છે કે ખરેખર શું બન્યું તે અમો જાણવા માંગે છીએ.'

'ત્યારે ધ્યાનથી સાંભળો.' શેખે હસીને કહ્યું:

નીસાપુરી મોટા વેપારીને "નીમાજી કેજખુફ" દાખલ સારી રૈયત પીછાણતી હોવી જોઇએ. પૈસે તવંગર, પણ હાથે તંગ! કાંઇ સેંકડો ઢોરોનો એ ધણી હશે અને વેપારી માલ જુદો! બન્યું એમ કે ઘણી ખુબસુરત નખરાંબાજ નવજવાન હુરી સાથે નેકાહ કરવાનો આ બુઢાને શોખ થયો અને જરના જોરે તેમાં ફાવ્યો ખરો! પણ આ જઇફ, નીમાજી છતાં, એટલે તો બીજાજી કે બનતાં સુધી દરેક જણ તેનાથી ડરતાં હતાં; તે પ્રમાણે પોતાની નવી લાવેલી પુતલીને પણ તે ખાસડું ખવાડતો અને ધાકમાં રાખતો, બળકે ગુલામડી દાખલ ગણતો.

સદાની હસ્તી હસીના પેહેલ્લાં તો ગુપચુપ સઘળું ખમી ગઇ, પણ પેહેરામણી દાખલ મોટી રીત પોતાના પરણેતર તરફથી (આગલથી પઠણ કર્યા મુજબ) મળી કે તેણી પણ રફતે રફતે નવજવાન પાણી આ બુઢાને દેખાડતી ચાલી, અને છેલ્લાં તો મુદલ મચક આપવા નહી લાગી. આથી ઉંદર બીલાડીના જેવો મામલો થઇ પડ્યો.

એક દી બુઢો એટલો તો ખફા થઇ જનુની બન્યો કે તે ત્રણ વખત તલાક આપવાના કલામો પઢયો: એટલે રેવાજ મુજબ પેહેરામણીની સઘળી મીલકત સાથે સદાની હસમુખી હસીના લોકની તાણાજાણીના ડરથી રડમસ થઇ પોતાના ગરીબ પણ સારાં આબરૂદાર મા-બાપને ત્યાં પાછી ફરી.

તેણીનો રડમસ હાલ જોઇ તેણીની માદર પેદર પેહેલ્લાં તો ઘણાં દલગીર થયાં, પણ પછી વીચાર કીધો કે તેઓએ તેણીને નામરજી છતાં નીમાજી બુઢા સાથે પરણાવી હતી: એટલે ઘણું ખરૂં પરીણામ જે આવવું જોઇએ તેજ થયું. તેઓ હવે હસીનાના આગલા યાર સાથે તેણીના નેકાહ કરવા તૈયાર થયાં, જે હજી તેમને ત્યાં આવતો જતો હતો.

તે હવે આગળ કરતાં પણ દુલ્લા જીવે શેકારો મારી તેમને ત્યાં જવા લાગ્યો. જો કે, કોમ તેની તરેહવાર ખોડખાંપણ કાઢતી હતી; અને તેને લીધેજ હસીનાના 'માબાપનું' મન અગાઉ ખાટ્ટું થયું હતું.

પણ, હસીનાની નજર હવે બીજેજ ઠેકાણે પહોંચી વળી. પોતાના બચપણ દાયા મા-રફતે "આશક" નામના નવજવાન ગબરૂની તારીફ તે સાંભળી રહી હતી. કે જેણે આ દાયાને ગુપચુપ કામે લગાડી હતી. આશક પણ આબરૂદાર ખાનદાની નવજવાન હતો; પણ કુટુંબ ગીરદેશીમાં આવી પડયાથી બીચારાના ગજવામાં હમેશ એવું મોટું કાણું કે કોઇ દી દીનાર યા દેરહમ ખડખડતા નહીં. કાકાને પેટ ફરજંદ નહીં તે તેને કરી લીધો હતો; પણ, તે વખતે આ કાકા ભત્રીજા વચ્ચે કાંઇ સંસારી-ખટપટથી ઝગડો ચાલ્યો હતો.

ખુબસુરત આશક જવાનની એક બેહેન એક શહેરના હાકેમની એક ધણીઆણી હતી. જાહેર હમામખાનામાં આ બેહેને હસીનાને જોઇ હતી; તે પણ તેણીની ખુબસુરતીની તારીફ પોતાના ભાઇ આશક આગળ કરતી હોવાથી આશકે આ તલાક દીધેલી નખરાંબાજને નીકાહમાં હાથ કરવા બીડું ઝડપ્યું.

હસીનાની દાયાને એકાગમથી કામે લગાડી આશક પોતાની મુરાદ બર લાવવા માંગતો હતો; ત્યારે, બીજા હાથપર પૈસાના જોરે બુઢા નીમાજીએ (હસીના વગર ચેન નહી પડયાથી) તેણીને પાછી પોતાના ઝનાનખાનામાં લાવવા ફાંફા મારવા શરૂ કીધાં; તેણીના માબાપને મોટી બક્ષેસો કરી સમજાવવા પાછળ મંડયો હતો. પરીણામમાં બુઢો કે જવાન ફાવે છે તે જોવા, જાણકારોની આતુરતા વધી. તેમને મનશે મજાહ હતી.

પણ, એની વચ્ચે સપડાયલી હસીના ! તલાક મળ્યાથી લોકની હસીમાં આવી પડી હતી, તે કાંઇ ભુલી નહી હતી; ત્યારે, તેણીએ શું કીધું કે લોકમાં હસાહસીની ગમત પડી સાંભળનારાંઓ ! કાલે રાતે આ જગ્યે હું તે વર્ણવીશ. હાલ તુરત તો મારો પેટનો ખાડો તમો મેહેરબાનોની મદદથી પુરીશ."

એટલું બોલી દરવેશે એ વાત અધુરી મેલી ઝોળી સર્વ આગળ ફેરવી.

દરવેશની પાંચમી રાત.

પોતાના બોલ પ્રમાણે દરવેશ પાંચમી રાતે હાજર થયો અને બોલ્યોઃ—મેહેરબાનો ! સુડી વચ્ચે સોપારી ! હસીનાએ શું કીધું ? તેણીએ બુઢા નીમાજીને સંતોષ પમાડવા પોતાના માબાપના દેખતાં આનાકાનીનાં ઢોંગ કરી કહ્યું કે તે તેની સાથે પાછા નેકાહ કરે તે અગાઉ, ચાલતા આવેલા રેવાજ મુજબ, એક દહાડો અને એક રાત સારા આબરૂદાર ખાનદાની સાથે તેણીએ નીકાહ કરી રહેવું જઇએ. જે પછી, આ ભાડુતી ટક સાચવનાર શખસ તીલાક તેણીને દે. કે, રેવાજ મુજબ તે બુઢા સાથે પાછા નેકાહના ગાંઠી જોડાવા તૈયાર હતી કારણકે, તેણીને પણ આબરૂ વ્હાલી હતી ને રેવાજ મુજબ ચાલવુંજ જોઇએ.

જે પ્રમાણે, યાતુઓ પોતાની મુળ મતલબ છુપાવી અજ્ઞાની લોકને પસંદ આવકેની જાહેરાત આપી પોતાની બુરી મતલબ કાઢી લેવા માગે છે તેજ પ્રમાણે આ અબળાની પણ ચુંકતી હતી. તેણી પણ પોતે પસ્તાતી હોય તેમ, બુઢા આગળ ઢોંગો કર્યા કીધા. બુઢો અંજાઇ ગયો, બલકે, તેણીપર ઘેલો–દીવાનો થયો. તેણી કહે તે પ્રમાણે ચાલવા તૈયાર થયો.

તેણે એક ભાડુતી શોધી કહાડયો; અને છેડા છુટકાના બે દીનના નેકાહ માટે કોઇ આબરૂદાર શખસને શોધી કહાડવાનું કામ તેને સોંપ્યું.

દાયાની મારફતે હસીનાની આ ખબરથી આશકે આ ટક હાથથી જવા દેવા કદાપણ ભર્યું ખાધું નહી. પેલા ભાડુતી મુખતારના સમાગમમાં આવવા તેણે બીડું ઝડપ્યું. પેલા ભાડુતીની એક ઠેકાણે હમેશ બેઠક હતી તેની નજદીક પોતાના દોસ્ત સાથે આશક ગયો. અગાઉથી કરી રાખેલી ગોઠવણ મુજબ મોટેથી વાતચીતમાં પોતાના કુટુંબની ઉંચી આબરૂ, પણ હાલની નીરધનતા, માટે અફશોસ કરવા લાગ્યો. વળી, પોતાનાં સગાંવ્હાલાંઓ માટે પણ ફરીયાદ કરી નીરાશીનો માર્યો તે રએ છોડી દઇ નઇનસ ખાતે નશીબ અજમાવવા જવાનો ઇરાદો રાખતો હતો, તે મુખતાર સાંભળે તેમ કહ્યું. " જો, હું બેવચનીજ હતે તો, મોટી મીલકતનો માલીક થતે. પણ, શુક્ર ખુદા ! હું એક બોલનો આદમ છું. મારી પર ગમે તેટલી આફત આવી પડે; પણ, એક વખત મારા આ બે હોઠોની વચ્ચેથી જે સુખન નીકળે તે હું પાળ્યા વગર રહેતો નથી. તે તો તમો દોસ્તોને માલમ છે. ખાવાના મને વાખા છે. માટે દોસ્તોને સલામ કહેજો કે મારૂં નશીબ અજમાવવા નઇનસ જવા કુચ કરનાર છું. અહીં રહીને શું કરૂં ?" એટલું બોલી એકાએક તેણે ચાલતી પકડી. તેની પુઠે બુઢા નીમાજીનો પેલો ભાડુતી મુખતાર પણ જવા લાગ્યો. આશકનું કુટુંબ આબરૂદાર પણ ગીરદેશીમાં આવી પડેલું તેણે શું કાનોકાન સાંભળ્યું નહી હતું ? વળી, તે શહેર સદાનો છોડી જનાર અને એકવચની છે તે પણ, તેણે સાંભળ્યું નહી હતું ? ત્યારે, બુઢો નીમાજી જેવા શખસને માંગતો હતો તેવોજ આ શખસ તેને જડયો હતો. દીરો લઇ શોધવા જવાની જરૂર સર્વ મટી ગયલી તેણે ધારી. બુજ મહેનતે મોટું દામ મળવાની આ ટક તે કેમ ગુમાવે ?

શેહેરના મેદાન આગળ આવી પોહોંચતાં એક મોટાં દરખત નીચે ઠાક ખાવા મસે આશક બેઠો અને "નશીબ ! નશીબ !" બોલી પોતાના કપાલ પર હાથ અફાલવા લાગ્યો.

"ભાઇ ! સલામ !" મુખતારે તેની નજદીક જઇ દયાનું ડોલ ઘાલી કહ્યું "આપ નસીબના લુખ્ખા દીસો છો."

"બોલો ના યાર ! નસીબને કુટું કે શું કરું તેની મને સમઝ પડતી નથી ! પણુ તમે કોણુ છો ?" આશકે અજાણ્યો થઇ પુછયું.

"તારો એક અજાણ્યો ખેરખાહ ! નસીબના નખરાં એરજ હોય છે: ઘડીમાં હસાવે ને ઘડીમાં રડાવે ! તારા હમણુાના પોકાર પરથી તું રડતો માલમ પડે છે, પણુ હસાવવાનું તારા પોતીકા હાથમાં છે."

"ભાઇ ! મશકેરી કરી મને શા સારૂ સતાવે છે ?" આશકે ઢોંગ ચાલુ રાખ્યો.

"હું મશકેરી કરવાવાળો આદમ નથી. તારૂં નશીબ જરા વારમાં ફેરવવાનું તારા પોતીકા હાથમાં છે."

"મ્હોડે સાકર ! પણુ કેવી રીતે, તે તો કાંઇ જણાવશો ?"

"ખુદા ચાહે છે તો એક ફુંકારામાં નસીબને વળ આપી દે છે, અને તે વખતેજ તેનો ઝટ ઉપયોગ કરવાનું કામ ખરા મરદ બચ્ચાઓજ કરી શકે. તું જો તારી શી મુસીબત છે તે જણાવે તો કદાચ હું તુંને મદદ કરી શકું."

"ભાઇ ! કાં મને કંતાલો આપવા આવ્યો છે ? તારા દેખાવ પરથી તું પણુ મારા જેવો મુફલેસ દેખાય છે. હું એક વચની માણુસ હોવાથી આ સઘળું મને ખમવું પડયું છે."

"પણુ તારો મને કાંઇ હેવાલ તો કેહેશે ?"

થોડીક આનાકાની કર્યા પછી આશકે હેવાલ "કહ્યો: ભાઇ ! હું એક આબરૂદાર અશરાફ ખોરાશાનીનું ફરજંદ છું. એક નવજવાન અબલાને ચાહી તેણી સાથે નેકાહ કરવાનું મેં ખાનગી વચન આપ્યા પછી તે પાલવા તૈયાર થયો તો મારો પેદાર ઘણો ગુસ્સે થયો. મારાં પૈસાદાર માદર પેદરનું હું સઉથી નાનું ફરજંદ ! પણુ જેણીને હું ચાહું છું તેણીના કુટુમ્બ સાથે લાંબા વખતનો અણબનાવ ! એટલે તેમનો ખાનગી ગુસ્સો મારી પર ખાલી થયો. મારો મેહેરબાન કાકો, મને પોતાના ફરજંદ કાખલ જાહેર કીધેલો, તે પણુ મારી પર રૂઠયો. હું એક શુરવીર લડાઇઆ દાખલ અમારા તાએફામાં જાણીતો હતો, પણુ માદર પેદરની અને ચચાની આ રીતથી મને મારા બચપણુની જગ્યા છોડી આવવી પડી. નશીબ શોધવા આ શેહેરમાં આવી વસ્યો. પણુ મારા ખરચ પ્રમાણે પુરતું મલ્યું નહી, તેથી મેં જમા કીધેલી સઘળી ટુંક પુંજી ગુમાવી, એટલુંજ નહી પણુ કરજ આપવાના મારાં એક વચનને લીધે મારો સુફ સફેદ ગુણુવંતો ઘોડો, તેજી શમશેર, વગેરે, સર્વ વેચી નાખવાની મને ફરજ પડી; મારી મદદે આવી મને મદદ કરનાર દોસ્ત પણુ જમાનાની ગીરદેશીમાં આવી પડયાથી મને આ વેચાણુ કરવાની ફરજ પડી હતી. તમે જોશો કે મારાં વચનને લીધે સુંદર માહબુબ ઉપરાંત મારૂં સર્વસ્વ મને ગુમાવવું પડયું. પણુ કાલ સહવાર રએ શહેરનો આફતાબ મને જોશે નહી. અહીંથી કુચ કરી નઇનસ ખાતે નશીબ અજમાવવા મેં પકકો ઠરાવ કીધો છે."

"તારા જેવા એક વચની માણુસો દુન્યામાં થોડાંજ હશે." મુખતારે તારીફ પર તારીફ કરી કહ્યું. "ત્યારે જો ! તું રડતા નસીબને કકુવા દે છે, તો તેજ નસીબને હસતું કરવા મને

વિચાર સુજયો છે. ખુદાનું ચાહવું હશે તો ફક્ત એકજ દીન અને રાતમાં તું સો દીનારનો માલીક બનશે. તુંને કાંઇ મેહેનત પણ કરવાની નથી."

"એકજ દીન રાતમાં બીન મેહેનતે શો દીનાર એટલે મહીને ત્રણ હજાર અને વરસે છત્રીશ હજાર સોનાના દીનાર? કદાચજ કોઇ હાકેમને એટલો મુસારો મલતો હશે. જો તેમજ હોય તો તું એક મુફલીશના દેખાવમાં ફરેસ્તો છે! ઓ નશીબ! એક વરસમાં છત્રીશ હજાર દીનાર? ત્યારે તો મારી બારબાજ નખરાંવાલી મારેજ હસ્તક!"

"ભાઈ! ધીરે, ધીરે! મેં ફક્ત એકજ દીનરાત માટે કહયું છેઃ કાંઇ મહીના યા વરસ માટે કહયું નથી. પણ સો સોનાના દીનાર કોણના બાપના? તુંજ કહે છે કે તારી પાસે ખાધાની ખાક નથી."

"ભાઇ! તું મને પાછો નીરાશીમાં ગરક કરે છે. પણ સો તો સો! કેવી રીતે મેલવવા?"

"ત્યારે સાંભળ? આ શેહેરના તવંગર નીમાજી કે જણુકે પોતાની પરણેતર હસીનાને તીલાક આપ્યા તે ખબર તુંને માલુમ હશે. હવે નીમાજી પાછો તેણીની સાથે નેકાહથી જોડાવા માંગે છેઃ માટે તે અગાઉ, રેવાજ મુજબ એક દીન રાત માટે એક આબરૂદાર ખાનદાનનો મરદ શોધે છે કે જે તેણીની સાથે નેકાક કર્યા પછી એક દીન રાત અલાહેદા ઓરડામાં રહી એ મુદત પુરી થતાંજ તીલાક પુકારી રખસુદ લીએ. તે માટે સો દીનાર અગાઉથી તુંને અપાવીશ. તારે ફક્ત તીલાક પોકારવા પછી નહનસ જવા માંગે છે તેમ ચાલી જવું. પણ તું આબરૂદાર ખાનદાનનો અને વળી ગરજાઉ છે, તો આવી સોનાના મુગની ટક જતી શું કરવા મુકેચ?"

પેહલ્લાં તો આશકે મીજાજ દેખાડવાના ઢોંગ કીધા, પણ પછી મુખતારની બોલી દરાજીથી પોતે આજેજ થયો હોય તેમ દેખાવ કરી વધુ દીન રએમાં તોડો પાડવા આનાકાનીએ કબુલ કીધું. મુખતાર સાથે તે નીચી મુડીએ મુઝમા હસ્તો બુઢા નીમાજીને ત્યાં ગયો, જ્યાં તેનો ઘણો આદરસત્કાર થયો અને સો દીનાર ગજવામાં સેરવી પોતાને મકાને પાછો ફર્યો.

હવે હસીનાના આશક સાથે નેહાકની તૈયારી ચાલી, પણ તે સર્વ બુઢા નીમાજીનેજ ખરચે. રેવાજ મુજબ નેકાહ થયા પછી રાત તોડી પાડવા શેહેરની પાદરે પોતનો એક અમલો હતો તે નીમાજીએ સપુરદ કીધો. નીમાજીની મતલબ ગાપલોક જેટલું ઓછું જાણે તેટલું સારૂં!

નવું પરણેલું જોડું જેવું આ મકાનમાં પેઠું કે સર્વે વગેતગે થઇ ગયાં, પણ હસીનાની ખુબસુરતી અને હસમુખા ચેહેરાથી સદાના મોજીલા આશકના હોંશ કોશ ઉડી ગયા. બીજા હાથપર હસીના પણ ફીદા ફીદા થઈ.

બુઢો બીજી સહવારે તીલાક સાંભળવા આવવાનું ઠેરવી વીદાય થયો હતો, પણ તેટલાં તો આ આશુક માશુકે કોઇપણ સબબ સર છુટાં નહી પડવા માટે એક બીજાને કોલ આપ્યો હતો, અને તેઓ ખુદાનો શું રકાશ થાય છે તે જોવા તલપી રહ્યાં હતાં.

પોહોર ફાટતાંજ નીમાજી બુઢો આતુરતાથી ત્યાં પાછો આવ્યો અને મુખ્ય બારણું ઠોકવા લાગ્યો; પણ જવાબ નહી મળ્યાથી ઠપ.ઠપ બારણા પર હાથમાંનું જાડું દીગોલું મારવા લાગ્યો. પણ અંદરથી જવાબ મુદલ મલ્યો નહી. ઉશ્કેરાઇ જઇ વધુ જોરથી એક બે ફટકા બારણા પર માર્યા ને અંદરના જોડાંને તરેહવાર વીશેષણોએ હાંક માર્યા કીધી કે પીઠ પાછલથી એક જોશદાર ધપ્પો તેના માથાં પર આવી પડયો, અને તેણે ગોલાંટ

ખાધી. માથું દાબતો બુઢો ઉઠયો, ને પાછળ ફરી જોયું તો, એક જનુની ખોરાસાની સાથે ગભરૂ દેખાવના બીજા બે જણને ભાલા વગેરે સાથે ઘોડેસ્વાર થઇ ઉભેલા જોયા.

" આ મારા ઘોડાની રેકાબ પકડ. " એક જણ ઘોડાપરથી ઉતરતાં બોલ્યો. " હું આ મકાનમાં જાઉં છું. "

" અરે એ બુઢા ! તારા બે હાથ છે. '' બીજો પણ ઉતરીને નીમાજીને ધપ્પો મારી બોલ્યો. " માટે આ મકાનમાં જઇ આવ્યે તેટલે આ મારા ઘોડાને પકડી રાખ. "

તવંગર નીમાજી તો અજાયબીથી તેમની તરફ જોવા લાગ્યો. બન્ને જણાએ તેના હાથોમાં લગામો પકડાવી.

" હું કાંઈ તમારો નોકર-ચોકર છું કે ?" " ખામોશ ! જરાપણ વધુ બોલ્યોચ તો, ઓ હરામજાદા ! આ ભાલાથી વીંધાઇ જશે. "

તેજ ઘડીએ, બીજા આશરે અઢાર ખોરાસાનીઓને હથીયારબંધ પોતાની આસપાસ ફરી વળેલા નીમાજીએ જોયા.

" મારી દોલત તો, પચાવી લેવા એ હરામખોરો નથી આવ્યા ? "

બુઢાએ મનસે વમાસ્યું. " અહીંથી નાશી જાઉં તો કેમ ? આ જગ્યા આટલી વેરાન છે કે કાળું કુતરૂં પણ મદદે આવે તેમ નથી. મને શું સુઝ્યુ પડયું કે મારી હસીનાને આ મકાનમાં લાવ્યો. "

એમ વીચારી નાશવાની તેણે વેતરણ કીધી.

" જો, અહીંથી એક કદમ ખસ્યોચ તો તું પોતાને બેજાન થયલો સમજજે. "

" તમો કહો તે કરીશ. " બુઢાએ સેતાન ડાહ્યો કીધો.

" શાબાશ ! હવે, મને જણાવ કે મારો લાડકવાયો ભત્રીજો કયાં છે ? " ટોલકીના સરદાર જેવા જણાતા એક શખસે પુછ્યું.

" તેનું નામ ? "

" હજી પુછેછ ? આશક ! આશક ! આશક ! ઓ બેહેરા બુઢા ! સમજે છે ? "

" તે તે તો, " બુઢો તતપપ થઇ ગયો.

" તે તે શું કરે છે ? મેં તેને માફી બક્ષી છે. ગોડમાં મારા લાડકવાયાને દાબવા ઇંતેજાર છું. એક બે જણા અંદર જઇ એને બોલાવી લાવો. "

" ત્યારે, તમે એના ચચા થાઓ. "

" હજી તો, આ બુઢો સવાલ કરે છે. કાદીરબેગ જાણીતો કાદીરબેગ—તે હું પોતે."

" જેહાંપણા !" બારીએથી મકાનમાં એક ગયલો પાછો બાહેર આવી બોલ્યો. " શું કહું ? આશક તો. નેકાહ ફરી પહેલ્લી પરણેલી રાત ગુજારવા આ મકાનમાં છે. "

"શું બોલ્યો ? નેકાહ કીધા ? કોઇ નાપાક સુસીયાની યા બલ્ખી યા યુનાની લોહી ધરાવતી સાથ પરણીને સ્વચ્છ ખોરાસાની લોહી અપવીત્ર કમબખ્તે કીધું કે ?"

"નહી, ચચા!" આશક બાહેર આવી બોલ્યો ." ખાનદાની નીરમલ ખોરાસાની પરીપયકર સાથે ગઇ કાલેજ મેં નેકાહ કીધા. હસીના ! પ્યારી હસીના ! મારા પેદરરૂપી ચચાને તારો માહતાબી ચેહેરો દેખાડ ! આ પાજી બુઢાએ ચીડમાં આવી બીચારીને તીલાક દીધા ને પાછી સુદ્ધિ ઠેકાણે આવવાથી ચચગાલેના નેકાહ માટે મને પસંદ કીધો; પણ ચચા ! હસીના હવે એ બુઢાને ત્યાં પાછી જવા ના કહે છે. તમેજ પુછી ખાતરી કરો. પાસે પુંજી પણ છે "

"કોણના બાપ !!?" બુઢો જનુની થઇ બોલ્યો.

"ખામોશ ! એવાં જોર જુલ્મી નેકાહ કદી હું થવા દઇશ નહી. કયાં છે તારી રૂખસારી ?"

"જી ! પાંઉં પડવા આવી છું ?" એટલું બોલી અકસમાતીક ઢપે હસીના ખામખા બુરખો ખસ ડી કાદીર બેગના પગ આગલ વાંકી વલી; પણ બેગે વણી ખુશ મીજાજથી ઉંચકી લીધી. તે પણ તેણીની ખુબસુરતી અને અડબ અડાથી ખુશ થઇ ગયો.

"મારો ભત્રીજો ખબર અપે છે કે તમે આ બુઢા સાથે પાછાં જોડાવવા મુદલ રાજી નથી, એ શું ખરૂં ?"

"આ બુઢો, નીમાજી દાખલ, સારાં શેહેરમાં જાણીતો છે" આશકે પોતાના કાકાને કહ્યું "તો તમે એને નહી ફરમાવો કે આખો દહાડો નીમાજ કરવા સાથે એને કામ છે; નેકાહ સાથે શી નીશબત એ બુઢાને હવે રહી ?"

"એ બુઢા ! હું કોણ છું તે હવે તું ઓલખતો તો હશે ? મારી નામના તારી જાણમાં તો આવી હશેજ !"

"જેહાં પેહેલવાન દાખલ કાદીર બેગનું નામ કોણે સાંભળ્યું નહી હોય ?" ટોલકીમાંના એકે તાલુકો પુર્યો.

"ત્યારે મારો ઠરાવ એ છે કે કાલે થયલા નેકાહ હમેશ માટે કાયમ છે ! આવ આશક ! આ તારા ખેરખાહ ચચાને ભેટ !"

પોતીકા કાકાના બન્ને પોહોલા હાથોની વચ્ચે ઘણી ખુશી સાથે આશક જઇ પડયો.

"પરીચેહર ગઇ તે ખેર ગઇ ! પણ મેં કીધેલી પેહેરામણી તો મને પાછી આપો." નીમાજીએ જબાં પાછી ઉપાડી.

"પરી એ નહી, ને પહેરામણી પણ નહી." બેગે ચુકાદો આપ્યો. "તેં પેહેરામણી તારી રાજી ખુશીથી આપી હતી કે નહી ?"

બુઢો ચુપ રહ્યો

"ત્યારે મારો ચુકાદો કાયમ છે."

"બધા તાગરો રચાયો છે. બધો દગો છે. હું હમણાંજ ન્યાયાધીશ આગલ જઇ તમો બધાંઓના મુસ્કાટાટ કરાવીશ." નીમાજીએ હવે ધરપચ શરૂ કીધી.

"ખરેખર ? પણ સારૂં થયું કે તેં તારી ધારણા જણાવી. ત્યારે તો એ મારા શુરવીરો ! આજે અંધારૂં થતાંજ એને માઝનદરાંનના મારા બાલપરશ કીલ્લામાં હાલ તરત લઇ ચાલો." બેગે હુકમ કીધો.

"સરદાર ! તૈયાર !" બધાઓએ ઉત્તર વાલ્યો.

"જુવો ! તમારામાંના બે જણાના જે સઉથી ઝડપી ચાલના ઘોડાઓ હોય તે આશક અને તેની પરણેતર માટે આપો. મારી સાથે બીજા બે જણા આવશે અમો પાંચે પેહેલ્લાં આશકની માશુકના માદર પેદર હોય તો તેને ત્યાં જઇ અરકેઆમદનો બંદોબસ્ત કરી આ શેહેરથી તરત રૂખસદ લઇશું. અમારા ગયા કેડે બે ત્રણ કલાક પછી તમોમાંના બે ત્રણ જણે આ હેલીમાંના પૈસાથી ખરીદી કરવા શેહેરમાં જવું ને જોઇતી ચીજો ખરીદી રાત્રીએ અહીંથી કુચ કરી બાલ ફરશ કીલ્લા તરફ જવા કુચ કરવી. ત્યાં શું કરવું તે હું તમોને જણાવીશ. તેટલાં આ બુઢેમીયાંની જબાં કેવી રીતે બંધ કરવી, તે તો, તમે જાણતાજ હશો."

"ચોર ! ડાકુ ! ખુની !"

" જો, એ મુંગો નહી મરે તો, જરૂર પડશે, જે છેલ્લો શબ્દ બોલ્યો તેપર બેશક અમલ પણ કરશે. "

" આ રાજમાં તેમ કોઇથી થાય નહી. ચોઓર—" તરતજ બુઢાને બે જણે પકડયો અને તેના મ્હોમાં ડુચો મારી મકાન અંદર ઘસડી ગયા.

" જો મુસાફરી દરમ્યાન એની સુદ્ધ ઠેકાણે આવે અને કંઇપણ પગલાં નહી ભરવા કસમ ખાઈ કબુલાત આપે તોજ એને છુટો મેલી તમારે કીલ્લામાં નીકળી આવવું. " બેગે છેલ્લો હુકમ આપ્યો. " ચાલ મારી બેટી ! આ ઘોડા પર સ્વાર થા. આશક દીકરા ! તારી પરીચેહેરનું ઘર દેખાડ. ! "

પાંચે જણે ત્યાંથી રૂખસદ લીધી. બાકીનાઓ તે દીવસ તે મકાનમાંજ તોડી પાડવા બેગના હુકમ મુજબ રહયા. તેઓ પાસે બારબરદારી ઘોડાઓ તો ફાજલજ હતા. રસ્તામાં હસીનાના કાલાવાલાથી બેગે ખાતરી આપી કે બુઢો પોતીકી મેલે ઠેકાણે આવી જશે, અને તે ચંદ રોજમાં રએ પાછો ફરી પોતાની ફજેતી પર પોતેજ ઢાંકણું વાલશે.

હસીનાના માદર પેદરને સર્વ હકીકત જણાવી, સર્વ ઠીકઠાક કરી, ત્યાં પકાવેલા સ્વાદદાર મીસ્તાનોને સારો જેવો ઇનસાફ આપી પાંચે જણે તેજી ઘોડાઓ પર માઝંનદરાન પહાડની રાહ ધરી.

બીજા હાથ પર બેગના મદદનીસોએ બુઢા સાથે નમ્રતાપુરી વરતી તેને જયારે ખાવા પીવાનું આપ્યું, ત્યારેજ તેના મહોડામાંનો ડુચો કાઢયો. પણ ચેતવણી આપી કે જો તે જરાએ બુમ પાડશે તો પાછો ડુચો મારી ખાવા પીવાનું પણ આપવામાં આવશે નહી.

આદત મુજબ બુઢાને બપોર પડતાં જબરી ભુખ લાગી, અને કેફી વસ્તુથી તૈયાર કીધેલો ખોરાક તેણે ખાધો. રાતની શરૂઆતમાં પણ તેણે તેવોજ મીશ્ર ખોરાક લીધો કે થોડીવારમાં તે તદન નિદ્રાવશ થયો. તેને માટે ખાસ કમી રસમાં તૈયાર કીધેલા ખોરાકનું તે પરીણામ હતું. તેઓમાંના એકે બુઢને પોતાની પીઠ પર ઘોડેસ્વાર થઇ લીધો, અને તેની સાથે તેના સાથીઓએ ઘોડેસ્વાર થઇ બેગના હુકમ મુજબ માઝંનદરાન તરફ જવા ચાલુ મુકયું. આ ઠેકાણે વીસામો લેતાં તમો ભાઇઓની મુલાકાત થઇ" શેખ સરદારે હેવાલ પુરો કરી કહ્યું.

"મેં બધું સાંભળ્યું છે !" ગુફામાંથી બુઢાનો અવાજ સંભળાયો. " પોહરેગીરો ! એ બધાને બાંધો, જકડો, ને રએ લઇ ચાલો. ઘણા ગંભીર વાંકો હું એમની પર મુકવાનો છું "

" તમે લોક જેને સહવાર પડતાં આ ઉંચા ખડક પરથી ગબડાવી નાખવાના હતાં તે એજ કે ?" પોહરેગીરોના વડાએ પુછ્યું.

" તમે તે કેમ જાણ્યું ?" શેખે અજબ થઇ પુછ્યું.

" ગમે તેમ ! પણ અમે તો અરદવાનને સમજ્યા !"

" તમારી ભુલ નજરે જોવો. બુઢો આખો વખત સુધ્ધીમાં હોય ત્યારે આવીજ રીતે બકબકારો કરે છે, અને હવે ગામો શેહેરોમાંથી પસાર થવાનું, એટલે આ સીવાય બીજો માર્ગ અમારા હાથમાં હતો નહી " શેખે ખુલાસો કીધો.

" પણ આ રાજમાં તમારેથી તેમ થાય નહી. એક આદમને જરાએ ઇજા કરો યા મારી નાંખો, તો તે માટે મોટી શીક્ષા છે." પોહરેગીર સરદારે અદાથી સમજ પાડી: કારણ કે બેગની વિખ્યાતી સર્વે ઠેકાણે જાણીતી હતી.

" અમે ફક્ત અમારા રેવાજ મુજબ બેશક એમ કરી શકીએ. " શેખે જણાવ્યું.

"તમારા પોતીકા દેશમાં તેમ ચાલી શકતું હોય, પણ ઇનસાનની સલામતી માટે આ દેશે જે કાયદાઓ ઘડીયા છે તેને આ દેશમાં રહેનારા ગમે તે કોમના માણસોએ આધીન રહેવુંજ જોઇએ, એવો પાદશાહ તથા મજલીશોનો સાફસાફ હુકમ છે. દેશના કાયદા આગળ ગમે તે રેવાજો યા ઇનસાનને હાણી પુગે એવા ધરમી કેહેવાતા કૃતવાઓ બીજો દરજ્જો ધરાવે છે, બલકે દેશ—કાયદા આગળ કુચ નથી." પોહરેગીરોના વડાએ જણાવ્યું.

"મારે કબુલ કરવું જોઇએ કે તમારા દેશના કાયદા દયાળુ સાથે ઇનસાફી છે."

"ઇનસાનના કાયદા માટે સેંકડો બલકે હજારો વરસોના અનુભવ પરથી એ કાયદાઓ બાંધેલા છે. જો એવા કાયદા નહી હોય અને આદમ તે મુજબ ચાલે નહી તો પછી આદમ અને વાઘ વરૂ વચ્ચે કાંઇ ફરકજ નથી. ફાડી ખાનારાં વીકાલ જંગલી જાનવરો મીસાલ ગણાય"

"તમારૂં કહેવું દરોબસ્ત છે પણ હવે પેલા બુઢાનો કેવી રીતે નીકાલ કરવો તે સવાલ છે. અમો પણ અરદવાનની શોધમાં તમારી સાથે આવીશું."

"ત્યારે તો ઘણું શરસ! બુઢાને અમે સમજાવી લઇશું. જો નહી સહમજશે તો અહીં એને છુટો મેલી ચાલી જઇશું; સબબ, મજળીશોનો સાફ હુકમ છે કે સર્વ બાબદ પડતી મેલી અરદવાનનો પત્તો મેલવવો." પોહરેગીરોનો વડો આ હેલ્લો વાક્ય ગુફા તરફ મ્હોં કરી ખામખા મોટેથી બોલ્યો.

"ત્યારે આજનો દીવસ ખુશબખ્તીનો છે. દાંતણ પાણી કરી ખાણાને ઇનસાફ આપી આપણે શોધખોળ ચાલુ કરીશું." શેખે જણાવ્યું.

ઝડપમાં જરા આગળ દાંતણ પાણી કરી પોહરેગીરોનો વડો ગુફામાં ગયો અને બુઢાના બંધ છોડી તેની સાથે વાતે વલગ્યો. બુઢાએ પોહરેગીરોના વડાનો હેલ્લો વાક્ય આગમચથી બરાબર સાંભલ્યો હતો: એટલે વીચાર કરવાને તેને પુરતો વખત મળી ચુક્યો હતો.

"મારી જીદથી જો આ ઠેકાણે મને પડતો મેલી જસે તો વીકાળ જાનવરોના ડાચાં સીવાય છટકવાનો બીજો માર્ગજ રહે નહીં." તેણે મનસે વમારયું.

તેથી બુઢા પાસે એજે માગેલી કસમ પર કબુલાત મેલવવામાં જાજી મુસીબત વડાને નડી નહી અને તે ચાર પાંચ સાથીઓની વચ્ચે બેઠેલા શેખ આગળ હસ્તે મોહડે નીમાજીને લઇ આવ્યો.

"જનાબે આલી! જ્યારે આપણે અરદવાનની શોધમાંજ જવાના છીએ, તો આગળી સાંજે બનેલો એક બનાવ હમણા મને યાદ આવે છે." એક બેરાસીનીએ શેખને કહ્યું.

બુઢાને તથા વડાને પોતાની આગળ બેસાડી કહ્યું. "આગલ ચલાવ!" શેખે કહ્યું.

"કાલે સાંજે જ્યારે છાવણી નાખવાની ગોઠવણમાં હતા, અને હું હાજતે પેલી તરફ બેસી સામે દુર જોતો હતો, ત્યારે ઉંટો પર સ્વાર થયલી એક નાની ટોલકીને ધોરી રસ્તો મુકી દઇ પેલી તરફ જતાં જોઇ. મને લાગ્યું કે મોટો બાર લીધેલો હોય તેમ એક ઉંટ પગે લંગડાતું હતું: કારણ કે તેની પર પડતાં ડીફાં છતાં જરા જરા વારે ફસડાઇ બેસી જતું હતું."

"એ તો જંગલી પાહડોની રાહ છે." શેખે જણાવ્યું.

"અને તેથીજ મને પણ શક ઉપજ્યો; પછી છાવણી અને પકાવવાથી દોડધામમાં એ વાત જણાવવા હું વીસરી ગયો તે હમણા આ વાની ખબર પરથી યાદ આવી."

"જો ઉંટ થાકી ગયું હોય યા લંગડાતું હોય તો તે ટોલીને પકડી પાડતાં આપણને

વાર લાગશે નહી." શેખે વીચાર જણાવ્યો "પણ એ તરફની રાહ એ ટોલીએ શા માટે ધરી હશે ? જંગલ બીયાબાન !"

"કદાચ ચાંતુઓનું છુપાઇ બેસવાનું મુખ્ય ધામ હોય." પોહરેગીરોના વડાએ અટકલ ચલાવી.

" જો તેમજ હોય તો કાં નહી અરદવાનને તે તરફ ઉપાડી જતા હોય ? " શેખે જણાવ્યું.

" શેખ ! આપણો સીતારો બુલંદ દીસે છે. આ જઇફ નીમાજી પેલી ઓરતની બાબદમાં કોઇની પર કશાં પણ પગલાં નહી ભરવા કસમ પર કબુલાત આપે છે," પોહરેગીરોના વડાએ વધાઇ આપી.

"હું કસમ પર આ આફતાબ સામુ જોઇ કહું છું કે હસીનાની યા પેહેરામણીની અને મને બંધીવાન કરવાની બાબદમા કશાં પગલાં ભરીશ નહી." જઇફ નીમાજીએ આફતાબ તરફ બન્ને હાથો ઉંચા કરી જણાવ્યું.

" મોડેથી પણ દહાપણ સુજ્યુ. એ ગનીમત છે." શેખે જણાવ્યુ " સરબતનો પ્યાલો ત્યારે દરેક જણે નોશ કરવો."

સરબતનો શીશો તરતજ હાજર કીધો, અને દરેક જણે લાકડાંના પ્યાલામાં થોડો થોડો નાખી ઝરાનું અમૃત પાણી મિશ્ર કરી પીધો. પછી, સર્વ સાથે પકવાનને ઇનસાફ આપવા બેઠા. આ કામ ખલાસ થયું કે જાનવરોને ઘાસપાણી ખવાડી જે ઠેકાણેથી આગલી સાંજે પેલી ઉટો સાથની ટોલકી જણાઇ હતી ત્યાં જવા ચાલુ મુકયું. નીમાજીમાં ટુંક વખતમાં વહન ફેરફાર થયલો સર્વના દીઠામાં આવ્યો. વરેહવાર તાહુકા-તુચકા કરી તે સઘંને ગમત આપવા લાગ્યો. આખરે તેઓ પેલી જગ્યે આવી પુગ્યા, અને હવે ઉંટોના ચોક્કસ સંખ્યાના પગોની નીશાણીઓ જોતા તેઓ બેધડક વધ્યા. એક પગલું ઘણું ઉંડું, તો તેની જોડનું પગલું ઘણું અળગું તેમના અનુભવે જોઇ લીધું; ત્યારે તરક ખરી હતી. એક ઉંટ લંગડાતું હતું. અસંખ્ય ઝરાઓ વટાવી તેઓ બેધડક આગળ વધ્યા. આખરે, એક ઉંચાણવાળી જગ્યે જઇ પુગતાં દુરેથી એક ટોલકી જણાઇ.

" કોઇ પણ રીતે આપણે એને ઘેરી લેવી જોઇએ. પછી તેમાં અરદવાન હોય યા નહી." પોહરેગીરોના વડાએ શેખને વીચાર જણાવ્યો.

" હું પણ હમણા એમજ બોલવા જતો હતો." શેખે કહયું. પણ, તેઓ આપણને નહીં જોય તેમ હવે જવું જોઇએ. મને લાગે છે કે, તેઓ હવે ધીમે ધીમે હીંડે છે. તેઓ પોતાના મઠકની નજદીક તો નથી આવી પુગ્યા ? "

" કોણ જાણે ! તેમની સામેના પહાડપર ગુફાઓ કોરેલી હોય, અને ત્યાં મઠક હોય; યા, ઉતારો લેવાના હોય. "

" જમણા હાથપરની ઉંચી જમીન ગીચ ઝાડોથી ભરાયલી છે, અને આ નીચી ટેકડી ઠેઠ પેલા પહાડને જઇ મળતી જણાય છે. તો, આપણે તેમાંથી રસ્તો કાપીશું. "

" ઘણો સરસ વીચાર. "

તેઓ તે તરફ ગયા. કેટલીક મહેનતે ઝાડીઓમાંથી રસ્તો કાઢતાં આખરે તેઓ એક સાંકડા માર્ગપર જઇલાગ્યા.

" આ માર્ગ પેલા પહાડના માણસાઇ મઠકપર જતો જણાય છે. "

ત્યારે તો આપણને ખુબ હોશીયારીમાં રહેવું જોઇએ. કાં નહી સામેથી કોઇ આવતું હોય, અને પોતાના સાથીઓને કાંઇ ઇશારતથી ખબર આપે ?"

તેઓ આગળ વધ્યા. આખરે તેઓ પહાડના હેઠાણ આગળ જઇ પુગ્યા. તેમને મસ મોટાં દરખતો છુપાવતાં હતાં. તેઓને માલમ પડયું કે તેઓ ઘણા ટુંકે રસ્તે આવી પુગ્યા હતા: કારણ કે ઉંટોવાળી ટોળકી હજી એ તરફ આવી પુગી નહી હતી.

નીમાજી બુઢો હવે ઘણો ગેલમાં આવી ગયલો જણાયો. સર્વના મનમાં દગદગો પેઠો. વેરના આવેશમાં બુઢો તેમને ફસાવે તો નહી ?

"તમે આટલા બધા ખુશીમાં કેમ ?" શેખે પુછયું. પણ પોહરેગીરોના વડાએ પોતાની પુર હુંશીઆરીમાં રહી ઇસારતથી પોતાના સાથીઓને ગુપચુપ એવી રીતે ગોઠવી દીધા હતા કે બુઢો ધારે છતાં તે જાજું કરી શકે નહી.

"ખુદા કરેને એ યાતુઓ હોય ?" બુઢાએ જવાબ વાલ્યો.

"તેની સાથે તમોને શી નીસબત ?" શેખે સવાલ કીધો.

"ત્યારે તમોને ખબર હોય એમ ભાસતું નથી." બુઢાએ પુર્વ તરફ આંગળી દેખાડી કહ્યું "આફતાબ રોશન થાય છે તે દીસા તરફ આવેલાં નીશાપુર શેહેરમાં મારાં ઘરબારો લુટી ઓઓ પર બયંકાર આજાબ ગુજારી, છોકરાંઓની કતલ કરનારા, અને ભકતોનું ડોલ ઘાલનારા યાતુઓ છે. કદાચ આ પેલા પહાડ પરજ એમનું મુખ્ય મથક પણ હોય: કારણ કે નીશાપુર અહીથી જાજું દુર નથી."

આ સખુનો સાંભલી સર્વના દીલમાં શાંતી પેઠી.

"ત્યારે તમે વેર લેવા તલપી રહ્યા છો; એમજની !"

"નીરદોશ માણસોના ખુનો કરે યા કરાવે, તેમના ઘરબારો લુટે અને જાહેરથી દેવ ભકતોનું ડોલ દેખાડે તો તેવા માણસોને પકડવા તો શું પણ ચીરી નાખવા જોઇએ." બુઢો દાંત કચકચાવી બોલ્યો.

"તમારા બોલને હું બોલેબોલ મલતો છું, છતાં કેટલાંકો તેમને માટે ખુશાલી દેખાડે છે."

"અરે ! એવા ભેજા ગેપ નામશરૂઓના પોતાના ઘરબારો લુટાય અને ખુનરેજી ચાલે, ત્યારેજ તેમની સુદ્ધી ઠેકાણે આવે. પારકાંના ઘરબારો લુટાય અને તેઓ તે કામ કરનારાઓ માટે ખુશાલી દેખાડે, એજ દેખાડે છે કે તેમનામાં કેવું સેતાન્યત લોહી દોડે છે. તે નીચ દુષ્ટો જોય છે કે જે સરકારને તેઓ વગોવે છે, તેજ સરકાર તો તેમનું રક્ષણ કરે છેજ. એવાં એ આપ મતલબી દુષ્ટો છે."

"તમારાં કેટલાં ઘરો લુટાયાં ?"

"ત્રણ. એઓ હીમ્મત પણ કેમ કરતે, પણ સરકાર તે વેળા રૂમીઓ સામે લડાઇમાં રોકાયલી, એટલે એ નામશરૂઓને ફાવીતું પાયું."

"તમોને થયલાં નુકશાન માટે અમો સર્વ ઘણા દલગીર છીએ." શેખે જણાવ્યું; "પણ, ખુદા ચાહશે તો, એમને શીક્ષા કરાવવાની તમારી વાજબી હોંશ ટુંકવખતમાં પુરી પણ પાડે.

"અલ્લાહ શોકર ! તે દહાડો કયારે આવે ? કે મીલકતો લુટનારા કાશાનના ઝેરી વીછુઓનો દરેક જણ જેહાનમમાં રાજ કરવા જઇ પુગે !" નીમાજી અતી ઉશ્કેરાઇ બોલ્યો.

"આસ્તે ! આસ્તે ! નહી તો, આપણો સર્વ બાજી બગડી જશે " પોહરેગીરોના વડાએ સુચવ્યું.

હસીના અને પેહેરામણી બાગદોનો ગુસ્સો નીરદય ડોળઘાલુ સાઝીશ જુમહુરીઓપર ખાલી થતો જોઇ સર્વ મધન રહયા.

" એ લોક કહે છે કે હકને માટે એમ કરે છે. "

" ખાલી ઢોંગ ! ચીકાસદાર ઓહ્દા યા ઠગી અને લુટફાટના પૈસા મેળવવાની મુળ મતલબ ! માર્યા જવા યા ઘાયલ થવા, મુખીઓ મુરખાઓને ઉપદેશો કરતા રહયા છે. પણ, હીચકારા હરામીઓ પોતે તેમ ચાલી દેખાડતા નથી. ફકટ ભાડુતીઓ, અને મુરખાઓને તરેહવાર હીકમતોથી દોરવી તેમના કહયા પ્રમાણે કરાવવામાં નામશરૂઓ ઉકમાઇ માને છે. તેમના બદનમાંનું લોહી કેટલું અસ્વચ્છ હશે તેનો ખ્યાલ દેખાડે છે. "

" લેવો, પેલી ગુફા ! મોટી દીસે છે. " ઝાડોમાંના બાકોરાં તરફ આંગળી દેખાડી નરસી બોલ્યો. " પેલી ઉંટવાળી ટોલકી હવે તે તરફ જવા ઉપર ચડે છે."

" હું જરા એ તરફ ગુપચુપ ફેરો મારી આવું છું. તમે અહીંજ રહેજો."

" નહી. આપણે તેમની નજદીક છુપાઇ શકતા હોઇએ તેટલા વેર જઇએ તો બહેતર. "

સ્વારીના સર્વ જાનવરોને ત્યાંજ બાંધી મુકી અને બીજા બે જણને ત્યાંજ ડોબાત્રી હથ્યાર તેયાર રાખી સર્વ આગળ વધ્યા.

તેમના સારા નશીબે તેઓ આ ગુફાની એટલા નજદીક જઇ પુગ્યા કે, ઝાડીઓમાંથી ગુફામાંનાઓની તમામ વાતચીત સાંભળી શકતા. એટલુંજ નહીં, પણ બાહેરના ચોતરાપર બેઠલાઓને ગુપચુપ નીહાળી શકતા હતા. એવી સરસ જગ્યા કુદરતે તેમને પુરીપાડી હતી.

તેઓએ જોયું કે, ચોતરા પર એક બાજુ ગધેડાનો આકાર ધરાવતું એક પુતલું ઉભું કીધું હતું, તેના આગલા તેમજ પાછલા પગોની વચ્ચે એક બેઠક બનાવેલી હતી, જેની પર વાઘનું ચામડું પાથરેલું હતું. તેની પર ધધેડાં અને અઝદાહની નીશાનો ધરાવતો પોશાક પેહેરી તેમનો મુખી જેવો બેઠેલો હતો. બેઠકની ઉપર ગુંબજ રૂપી એક છત્ર હતું, જેનાં મહાલાં પર ડંખ મારવાની ઢપે એક ઝેરી અઝદહાનો આકાર હતો.

"હું ધારું છું કે" પોહરેગીરોનો વડો અતી ધીમેથી બોલ્યો " રાજદ્રોહી ટોળાઓના મુખ્ય મથકોનું એક આ હોય ! કદાચ એજ મુખ્ય હોય."

" તેમ હોય તો આપણી સર્વ મુસીબતોનું સારું ફળ આપણે ચાખીશું. " શેખે હીમ્મત આપી.

" બંધીવાન જીવતો છે યા મુવેલો ?" ધધેડાં આગળની બેઠક પર બેઠેલાએ હવે મોટેથી પુછયું.

"આજ સહવાર સુધી તો જીવતો હતો." ઉંટોની ટોલકીમાંનાએ ઉતર વાળ્યો "ઘાસમાં લપેટેલો છે. એટલે આપ મુરબ્બીની નજર આગળજ ખોલીશું તો જણાશે."

"રસ્તામાં કોઇ મળ્યું ?"

"શેહેર વટાવ્યા પછી કોઇ નહી. અમે આપણા ગુપ્ટ માર્ગે આવ્યા છીએ."

"સર્વ સહીસલામત ?"

"અઝીદહાકના મંત્રની બોલ બાલાથી."

"ત્યારે ઘાસનો એ ગાંસડો લાવી અહીં છોડો. એની શીકલ હું જોવા માંગુ છું કે એ વળી નવો નીયાયધીશ કોણ છે?"

શેખે પોહરેગીરોના વડાનો પોશાક તાણ્યો. સર્વની છાતી ધડકવા લાગી.

ઘાસ છુટું કરતાં એક મુરદાં જેવો આકાર સર્વની નજરે પડ્યો.

"મેજબાનીનાજ પોશાકમાં અરદવાન!" પોહરેગીરોના વડાએ શેખના કાનમાં કહ્યું.

"હું ધારૂં છું કે એ હવે ખુલ્લી હવાના પ્રતાપે હાલે છે." શેખે જણાવ્યું.

"ઠીક! એને સુદ્ધીમાં આવવા દેવો, પછી એની શીકલ બરાબર જોઇ શકીશું." ધરેડાંઇ ફીરકાના કલાને યાતુ સાથીઓને હુકમ કીધો. "એ મુજીને લીધે અરધી દઝન મારા ખંતીલા સરદારોના હવામાં જાન ગયા. ગારમાં ઉતરતો એઓ માટે પણ કોશેશ કરતે કે જેમ બીજાઓના બાબમાં આપણે ફતેહમંદીથી ગુપચુપ કીધું. ઓ મારા જમણા હાથો! તમારે માટે રાત દીન હું રડું છું. વમારા જેવાઓ દુન્યામાં થોડાજ હશે." કપાલ પર હાથ મેલી તે બોલ્યો.

"ખચ્ચીતજ! દુન્યામાં એવા નામશરૂઓ થોડાજ હશે." શેખ બડબડ્યો. "પણ તમારો વાંકો દહાડો હવે શરૂ થઇ ચુકયો છે."

પોહરેગીરોના વડાએ ચુપ રહેવા ઇસારત કરી શેખનો બરડો ઠોક્યો.

અરદવાનના ચેહેરા પર પાણી છાંટયાંથી તે હુશીઆરીમાં આવ્યો, અને દગાઇને આસપાસ જોવા લાગ્યો.

"તેં જેને સેતાનની ઉપમા આપી હતી તેમના મુખ્ય મથકમાં હાલ તું બંધીવાન છે." યાતુ ફીરકાના કલાને હસી કહ્યું "તારી માનીતી હવાઇ સફર સારી, કે અમારો જમીન સફર?"

"તમે કોણ?"

"તમો લોક જેમને અંતકરણથી શ્રાપ દેવો છો, તેમનો એક મુખી."

"બીજા શબ્દોમાં સેતાનોનો એક સરદાર! શયતાનોનો સંત!" અરદવાને હીમ્મતથી જવાબ વાલ્યો. બીજા યાતુઓ તેને એક દમ પુરો કરવા બડબડ્યા.

"ભાઇઓ! તમારી ઇચ્છાને હજી વાર છે. સામેના વિચાર ધરાવનારાંઓનો યાતુઓ કેવી રીતે નીકાલ લાવે છે તે કુલ આલમને હજી આપણે દેખાડીશું; માટે સબ્ર!" કલાને ઠંડા પાડવા કહ્યું. પછી અરદવાન તરફ હસી બોલ્યો "તારી આવી હીમ્મતથી હું ઘણો ખુશી છું. તારે લીધે હવામાં મારા માર્યા ગયલા બાહદુરોના જેવોજ તું દુશ્મન છાવણીમાં જણાય છે, પણ રફતે રફતે એનો નતીજો તુંને મળશે. શયતાનોનો હું સંત! હવામાં માર્યા ગયલા મારા બહાદુર શુરવીરોનું વેર બ્યાજ સીકે લેવાનું છે. તેટલાં ભાઇઓ! આપણા કેદખાનામાં લઇ જઇ એને પુરો અને ખાવા પીવાનું આપો."

"ઝેર ભેળેલું!" અરદવાન બોલ્યો. "ઓ શયતાની સંત!"

"તારી ભુલ છે. મારા દરેક માર્યા ગયલા સરદાર માટે જુદી જુદી શીક્ષા તુંને ભોગવવાની છે; એટલે ઝેર ભેળી સપાટામાં તારો આંકો લાવું તો અમારી મુલ નેમ ઉંધી વળે. પછી તો કોણ જાણે! એકાદ વાઘ યા સીંહનો ખોરાક તું થઇ પડે તો તે તારૂં નસીબ! બેરાદરો! એને લઇ જાઓ!"

"ઓ સંત! એ સયતાન!" અરદવાન ઉશ્કેરાઇ બોલ્યો.

"એને ગમે તેટલું બખારવા દો! પોતેજ થાકશે." કલાને દઇત્યની પેઠે હસી કહ્યું. "તમે લોક પેઠેજ હાલ અમે પણ તુંને બંધ્યાર જગ્યામાં પુરે મેલીશું."

"રીબાવવા ?"

"તું અમોને સેતાની ખસલતનાઓ કહે છે તો પછી સેતાની સંતોથી તું શી વધુ આશા રાખી શકે છે ?"

"તમો લોક તો બીચારાં નીરદોશોનો માલ લુટી લેવો છો, જબરદસ્તી કરો છો, ઓરતો પર અલાપ લેવો છો, યા ગુલામો દાખલ તે નીરદોશોને વેચી નાખો છો: તેથીજ સરકાર રઇઅતના રક્ષણ અરથે તે માટે શીક્ષા કરે છે; જ્યારે તમે લોક તો તમારા વીચારથી વેગળાં જણારાઓ તરફ શેતાનીયતપણું ગુજારો છો. જો તમો લોક રાજસત્તા પર આવો તો શું કરો, તેનો ભાશ દેખી લોક કમકમે છે. ફક્ત સેતાન ખસલતનાંઓજ તેથી રાજી થાય."

"બેરાદરો ! એને અહીંથી લઇ જાવો." રાજદ્રોહ મુખીએ હુકમ કીધો.

"આ દેશની સરસ સરકાર પર જાન કુરબાન કરવા હું તૈયાર છું: એટલે તમો જ્યાં મને જવા કહો ત્યાં હું ખુશીથી જઇશ. સાંભલ ઓ સંત !"

"એમજ છે તો એને પેલી નાલાંવાલી જગ્યે લઇ જાવો; ત્યાંજ ખોરાક પાણી આપી નીકલી આવો કે આપણે સભા ભરીએ. આપણે કાંઇ હજી જોર થયા નથી. ઘણું કામ હજી ઝટપટ કરવાનું છે."

આ સાંભલી શેખની ટોલકીવાલાઓમાં કુદરતી રીતે જીજ્ઞાસા વધી. રખેને તેઓ બંધીવાનને તેમની તરફ લઇ આવે. ઉપાય દાખલ તેઓ છુટા છુટા થઇ ઝાડીઓમાં છુપાઇ બેઠા.

પણ નહી. બંધીવાનને તેમનાથી થોડે દુર એક જુદાજ માર્ગ વાટે લઇ ગયા. આખરે તેઓ ખાલી હાથે પાછા ફરી તેમના દરબારી ગુફામાં ગયા, અને તકરારમાં ભાગ લેવા લાગ્યા.

"આપણો આજનો શીકાર સર્વથી સરસ છે" કલાન બોલ્યો "બહાદુર શુરાઓ ! તમારી છાતીને ધન્ય છે ? પણ પંદરેક દીવસ પર જે મંદીરોમાંનો માલ આપણે લુટી લાવ્યા તેનો કંઇ નીવેડો કીધો ?"

"સોના રૂપાંની દરેક ચીજ ગાલી નાખવા શેહેરમાંના આપણા સોનીને આપી આવ્યા છીએ તે કહે છે કે રૂમી લડાઇ પુરી થવાને લીધે એની સારી કીમ્મત ઉ જશે."

"અને હીરા, મોતી, લુલક, વગેરે ?"

"શેહેરની આપણી દુકાન પર તરેહવાર દાગીનાઓમાં ઉઠાવ પણ થઇ ગયો છે. એટલું ઠીક છે કે સરકારને હજી એ બન્ને ઠેકાણા માટે શક ઉપજ્યો નથી."

"ત્યારે તો હવે માંજનદરાની મેહેલમાંના લુટી લાવેલા અવેજનો નીવેડો પણ કરી નાખવો જોઇએ કોઇ પણ રીતે આપણી રોકડ નાણા સંબંધી સ્થીતી સુધારવી જોઇએ." મુખી બોલ્યો.

"બે ત્રણ દહાડા અમોને ઠાક તો લેવા દો ?

કોણે ના કહી ? પણ આપણી ધર્માંતુ ટોલી કેમ પાછી ન ફરી ?"

"ધાર્યા કરતાં વધુ ખુનો કીધાં હશે તો, કોઠે કોઠે છુપાઇ બેઠી હશે."

"તેમ હોય તો ભલે ! એટલા વધુ ગંજનો આપણને આશા રહેશે. જેમ રોકડ નાણું વધારે, તેમ તાબેદાર બાહુતીઓ પણ વધારે. સરકાર જોર કરી કરીને કેટલા કરશે ? સીવાય, કે વીચાર ફેરવીનાંખી, ઢીલી દોરી પડતી મેલે તો, આપણને બે ઘડી વીચાર કરવો પડે ખરો."

"તે તો ભવીષ્યની વાત છે. હાલ તો, ઊઠોરે સરદાર ! લુટોરે જરદાર !"

" તું કયી કે દીવસથી થયો ? "

" ચાતુઓમાં પણ કોઇ શાહેર હોવો તો જોઇએ ! નહીં તો, આપણી વાખવાખી આહેરીઓમાં કોણ વખાણે ? "

" કાણાને કોણ વખાણે ? તેની માદરજ ! બન્નેમાં એકજ ખમીરનું લોહી. "

" ત્યારે હવે આપણે ખાણાને સારો જેરો ઇનસાફ આપી સુઇ જઇશું. " કઆને સુચવ્યું. બંધીવાનના બંધ છોડયા કે ? "

" ફકત પગોજ એક ખુંટી સાથે બાંધ્યા. "

" રાતના એ બાજુ પાણી પીવા વાઘ યા સીંહ આવશે કે, તેની ગરજના સાંભળી એ શુરવીર અધમુઓ થઇ જશે. ગઇ રાતે પણ, એ તરફ ગરજના સંભળાઇ હતી અને એક આપણું મેંઢું કમી થયું. "

" ત્યારે તો જરૂર આવવાનો. "

તેઓ સર્વ ગુફાની અંદર ગયા.

"ખાનુ ખાવા બેઠા હશે." શેખે જણાવ્યું.

પણ પેલો ચટપટી નરસી પોહરેગીર કેઠે ગેપ થયલો જણાયો. કુદરતી હાજતે ગયો હશે કરી તેઓએ ધાર્યું; પણ ઘણી વાર છતાં તે જણાયો નહીઃ એટલે તેઓ તરત અરદવાનની મદદે જવાનો કરેલો ઠરાવ પડતો મેળી ઝાડીઓમાં શોધ ખોલ ચલાવવા લાગ્યા. શું એકાદ ઝેરી પ્રાણીનો તે ભોગ તો નહી થઇ પડયો હોય ?

આખરે ઠાકી અરદવાનને બચાવવાના આગલા ઠરાવ પર તેઓ આવ્યા. જે ઠેકાણે ચાતુઓ તેને લઇ ગયા હતા તે તરફ જવા ત્રણુ જણા તૈયાર થયા. પણ તેઓ આગળ કદમ વધારે તેટલાંજ તેઓ ચોક્કસ પક્ષીનો સરોડ સાંભળી ચોંકયા. એક પલ પછી બીજી વખત પણ સંભલાયો, બીજી ત્રણેક પળ પછી ત્રીજી વખત.

" શાબાશ ! " પોહેરેગીરનો વડો ખુશ મીજાજથી બોલ્યો.

" શા માટે ? " શેખે પુછ્યું.

" વધાઇ ! વધાઇ ! " વડાએ સદમજ પાડી " થોડા વખતમાં આપણા બહાદુર નરસી સાથે જો અરદવાન જીવતો જાગતો આપણને આવી મળે તો અજબ થઇશું નહી. બહાદુર બેરાદરો ! અહીંથી કુચ કરવા તૈયાર થાવો. સરકારનો હાલનો હુકમ બર લાવી પેલી ગુફામાંના બદમાસોની બરાબર ખબર લેવા આપણે વધુ માણસો સાથે પાછા ફરીશું. એ ટોળકીમાં કેટલા છે તે આપણે જાણતા નથી અને વલી નવી ખુની ટોળકી પાછી ફરવાની અણી પર છે તે તો એમના મુખોના મુખથીજ સાંભલ્યું છે. આપણે હાલ તરત વધુ જોખમ શા માટે માથે લઇએ ? તેમનું એક મુખ્ય ધામ તો આપણે જોઇ લીધું છે. અરે લેવો ! પેલા બન્ને ભરાતા છુપાટા અહીંજ આવે છે. શાબાશ ! તે પણ કશો ખુનો મરકી વગર ! "

અને ખરેખર ! નાતવાન અરદવાનને ટેકાવતો નરસી પોહરેગીર સધગાઓની અજાયબી વચ્ચે પાછો ફરીઓ. " તેણે કેવી રીતે અરદવાનનો છુટકો કીધો હતો ? કાલે રાતે આપણે સાંભળીશું " દરવેશે કીસ્સો અધુરો મેલી, ઝોલી સર્વ સાંભલનારાંઓ આગલ ફેરવી, કહ્યું.

દરવેશની પાંચમી રાત.

પાંચમી રાત્રીએ મેળાવડો પાછો ભરાતાં દરવેશે સર્વેને નમન કરી કહ્યું:—

જ્યારે રાજદ્રોહી મુખીઓ અતાન અને નામદાર શાહની સાથે રાજ્ય સામે ફિતુરી પોતાની જીંદગીની સલામતી માટે નાસતા ભાગતા ફરે, ત્યારે આ બહાદુર નરસીંહ પેહરેગીર રૈયત તરફની ફરજ રૂએ પોતાની જીંદગીની દરકાર કર્યા વગર ખુદ રાજદ્રોહીઓના મુખ્ય મથકના ગુપ્ત કેદખાનામાં દાખલ થયો, અને અરદવાનને સહીસલામત લઇ આવ્યો હતો. પોતાના વડાને જે હકીકત કહી સંભળાવી તે આ મુજબ હતી:—

“ તમો જ્યારે રાજદ્રોહીઓની સભામાં થતું કામકાજ પાસે રહી છાને સાંભળવામાં મશગુલ હતા, ત્યારે મેં બે પળેલાં મેંઢાંઓને અરદવાનના બંદીખાનાની જગ્યા તરફ જતાં જોયાં. તે જંગલી નહી હતાં, તેથી મેં ધાર્યું કે, સાંજનો સમો હોવાથી, પોતાના વાડામાં જતાં હોવાં જોઇએ. અરદવાનને તે તરફજ લઇ જવા પેલા બુરહાનના વડાએ હુકમ કીધો હતો; તેથી કદાચ જગ્યાનો પતો મળશે એમ ધારી હું બહાનો—છુપાતો ગયો. રખેને થાતુ પેહરેગીરો ત્યાં હોય એવી મને મુખ્ય ધાસ્તી હતી; પણ ખુશાલી ભરેલી રીતે મેં મારો માર્ગ તદન ખુલ્લો દીઠો. મેંઢાંની પુંઠે પુંઠે હું ગયો તો એક નાના બાગ આગળ પથરાઓ, અને માટીથી બાંધેલી અને દોઢ માણસ પુર ઉંચી દીવાલોથી ઘેરી લીધેલી ચોરસ જગ્યા જોઇ, જેમાંથી તાસતીસ સંભળાતી હતી. આસપાસ નજર કરતાં, અંદર પેસવાનો એક પણ માર્ગ જડયો નહી. પેલાં મેંઢાંઓ તો બાહેર એક સપાટ કીધેલી જગાપર બેઠાં. મેં જોયું કે તેઓની આગળ ફરવાળીઓ વળેલું લાંબુ મજબુત દોરડું હતું. જે પરથી જણાતું હતું કે, મેંઢાં ઉપરાંત ગાય-ઢોરો પણ સારી સંખ્યામાં ત્યાં બંધાતાં હોવાં જોઇએ. આસપાસ તીણી નજર ફેંકતાં કોઇ આદમી મને દેખાયું નહીં; પણ, પેલા ચોગાન બાહેર એક ઉંચું મોટું દરખત મારી નજરે પડયું. વધુ તપાસતાં પાંદડાંઓની વચ્ચે ચોગાન ઉપર પેસતી એક મજબુત ડાંખળીપર એક કપ્પી બાંધેલી નજર પડી, કે જે પેલાં ઢોરોને બાંધવાની હોય એમ જણાઇ. હવે મને તરતજ સમજણ પડી. વાઘુઓ પોતાના બંદીવાનોને સરકારી ઉંડાગારની પેઠે ઝાડ અને કપ્પીનો ઉપયોગ કરી નીચે ઉતારતા હતા. ફરક એટલોજ કે, આપણે કેદીને બંદીખાન પુંઠે અંદર નાખી દઇએ છીએ જ્યારે એ લોક પાછું ખેંચી લે છે. એ પરથી એમ જણાય છે કે, પહેલાં એકાદ બે જણા નીચે ઉતરતા હશે. પોતાની પુંઠે ઉતરેલા બંદીવાનને અંદર બાંધ્યા પછી પેલાં દોરડાં વાટે પાછા ઉપર આવી, દોરડું કપ્પીમાંથી કાઢી લેતાં હોવા જોઇએ. આ ફક્ત મારી અટકળ હતી તેથી તેજ યુક્તિ કામે લગાડવા મેં બીડું ઝડપ્યું. કપ્પીમાં દોરડું નાખી ચોગાનની અંદર નીચે લટકે તેમ દોરડાનો એક છેડો નાખ્યો અને બીજો છેડો પાછળની બીજી ડાંખળી પર બાંધ્યો. દોરડાંને મજબુત પકડી હું તે વાટે નીચે સરી ગયો. અરદવાન સરદારના બંધ છોડી, દોરડાંવાટેજ અમો બંને ઝાડની ડાંખળીઓપર બેઠા; આસપાસ નજર ફેંકતાં કોઇ નહીં જણાયાથી ડાંખળાં પરથી ઝાડ છોડી, કપ્પીમાંથી દોરડું બાહેર કાઢી, તે ચોગાન બાહેર નીચે નાખી, ઝાડ વાટે અમો નીચે ઉતર્યા. અસનતાં! નાતવાનીને લીધે બીચારા મારા સાથીને ઘણી મુસીબત પડી હતી. જમીનપર પણ દરરોજ પેલું દોરડું અસલ જગ્યાએ મેલી, તમો લોકને મળવા અહીં આવ્યા.” નરસીએ હેવાલ પુરો કીધો.

હવે, અરદવાન પોતાનો હેવાલ કહેવાનો હતો; પણ પેહરેગીરોના વડાએ નગનડાઇ તો

તેને તેમ કરતા અટકાવી કહ્યું: "આપણી પહેલી ફરજ જેમ બને તેમ જલદીથી અહીંથી છટકી સહીસલામત રએ જવાની છે: બલકે તમોને બનતી ઉતાવળે શહેરમાં લઈ આવવા મને ખાસ સરકારનો હુકમ છે: માટે તરત ઉપડી જઇશું. રસ્તામાં ગમે તો તમારો હેવાલ કહેજો."

"હું બોલે બોલ મલતો છું." શેખે ટેકો આપ્યો.

તેઓ થોડી વારમાં તૈયાર થઇ નીકલ્યા, તેરૂને નશીબે હજી થોડું ઉજરડું હતું. વધુ સારે નશીબે ચંદરણું પુર જોશ સાથે પડવા લાગ્યું. નીગાજી અને તેની સાથના બે સાથીઓને લઈ આખરે તેઓ એક ધીચ નાનાં જંગલ આગલ આવી લાગ્યાં. અહીં તેમને છાવણી નાખવાની જરૂર પડી. તેઓએ તે રાત ત્યાંજ તોડી પાડી. રાત્રીના વારા ફરતી પોહરેગીરો સીવાય સર્વ ખુશ ઉંઘ ખેંચી શક્યા. પ મલસ્કુ થતાંજ તેમની શી અજાયબી?

ત્રણ બાદશાહી રૂખ યાને મા પક્ષીઓ નજદીકના જુદાં જુદાં મોટાં દરખતોની દાંખલીઓ પર જીણી મજબુત સાંકળીઓને લીધે વીંટળાઇ બેસી દુ:ખના પોકાર મારતાં હતાં. વડાએ તરતજ તે પક્ષીઓ બાદશાહી દાખલ પીછાણ્યાં. ત્યારે રાજદ્રોહ યાતુઓને તેમને લાયકની જે શીક્ષા કરવા રૂખો ઉડયાં હતાં, પણ તેમાંના ત્રણ પાછાં નહી ફર્યાં હતાં, તેનો સબબ આ સાંકળીઓ હતી. યાતુના હાડકાં પાંસલાં છુટાં થયા પછી શીકારને પકડવા પાછલ ઉડતાં આ હોનારત બની હતી.

ટોલકીમાંના કોઇને એ બીના માલમ નહી હતી: કારણ કે હવાઇ શીક્ષાના તમાસાની આગમચ તેઓ રએ શેહેરથી ઉપડયા હતા. તોપણ શેખને એક વિચાર સુજ્યો.

"જો આપણે લુંગડાના ત્રણ કટકાઓ પર અરદવાનની સલામતીના સમાચાર લખી એ રૂખ પક્ષીઓની પાંખ સાથે બાંધી તેમને છુટાં મેલ્યે તો કેમ? તેઓ જરૂર સપાટામાં રએ જઇ પોતાના ઉતારાવાલી જગ્ગે જઇ વીસામો લેશે."

"ઘણો સરસ વીચાર!" વડો બોલ્યો "સાથે ચારસો પાંચસો હથીયારબંધ ઘોડેસ્વાર યા ઉટે સ્વાર ટુકડીને તૈયાર રહેવા માટે પણ લખીએ: કે જેથી ગુફામાંના પલીદો જલદીથી સકંજામાં આવે."

તરતજ આ ઉપાય અજમાવવામાં આવ્યો. ત્રણે રૂખ પક્ષીઓએ રએ તરફની રાહ ધારી: આપણા મુસાફરો પણ એજ શેહેર તરફ જવા લાગ્યા.

રસ્તામાં અરદવાને પોતાનો હેવાલ કહી સંભલાવ્યો:—બોસરીને ત્યાંની મેજબાની ચાખી હું બાહેર ચાલતો નીસર્યો. થોડેક દૂર ગયા પછી રસ્તાની વલાણુ આગળ જઇ પુગતાં ત્યાં છુપાયલાં ત્રણ ચાર જોરાવર આદમીઓએ મને ઘેરી લીધો, એક જણે મારા મ્હોમા ડુચો મારી મને માથાંપર મુંકી લગાવી કાઢી કે તમ્મર ખાઇ હું નીચે પડયો. પછી શું થયું તે હું જાણતો નથી. પણ જ્યારે સુદ્ધીમાં આવ્યો ત્યારે મે પોતાને એક અંધાર ઓરડામાં ઘાસમાં પડેલો દીઠો. ચાર દીવાલો વચ્ચે ફક્ત એકજ હવા આવે જાવ માટે બાકોરૂં હતું. આંખો તાણ્યા પછી ઘણી મુસીબતે મેં જોયું કે હું એક તદ્દન ઉજડ જગામાં હતો; ઘણા ધ્યાનથી વધુ જોતાં સામે ઝાડોઓથી ભરપુર એક પહાડ મેં જોયો. તંતોસ્તો તંતોસ્તો ચારે દીસાએ ફરતાં અંધારામાં મને એક બારણા જેવું લાગ્યું. પણ તે એવું તો ભીંતો સાથે મળેલું હતું કે જરાએ ફાટ જેવું મને જણાયું નહી. આ તલાસ ચલાવતો હતો તેટલાં કેટલાક આદમીઓનો વાતચીતનો અવાજ મેં સાંભલ્યો. જોવાનું મુકી દઇ હું તે ઘણા ધ્યાનથી સાંભ-

લેવા લાગ્યો. તેમના વાતચીત પરથી મને લાગ્યું કે તેઓ રાજદ્રોહ યાતુઓ હતા અને કોઇ માજંનદરાની મહેલમાં લુટ ચલાવી અને રેહેવાસીઓને કતલ કરી તે લુટાયલા માલની કેવી રીતે વ્યવસ્થા કરવી તેનો વીચાર કરતા હતા. ટુંકમાં મારી ખાતરી થઇ કે કપીચુ રાજદ્રોહ મંડલીએ રચેલી બાજીનો ભોગ થઇ હું તેમના હાથમાં જઇ પડયો હતો. હવે મેં મારા જીવવાની તદન આશા છોડી દીધી. સૌથી મોટું દુઃખ મારી પ્રીયા રહેહોગુને, મારો લાડકવાયા બેટા અરશગ અને તેટલીજ હેતવંતી થરમુસા દીકરીને પાછાં જીવતાં નહી જોવાના વીચારથી હતું. તેમનું શું થશે તે માટે મને મોટો અંદેસો પડયો. રએ શેહેર આવવા માટે હું પોતાને ઠપકા દેવા લાગ્યો.

ઘણી વાર પછી બાહેરની ટોલકીમાંની રકઝક તરફ પાછું મારૂં ધ્યાન ખેંચાયું. લુટી લાવેલા માલની વેહેંચણી માટે આ તરછોડ ચાલતી મને માલમ પડી. એવો નીવેડો કોઇ તેમના મુખીની મુનસફી પર લઇ જવા નક્કી કરી તેઓ ઉઠતા જણાયા. તેમની વધુ નજદીક થતી વાતચીત પરથી મને લાગ્યું કે કદાચ તેઓ મને તપાસવા આવતા હોય. બારણાથી દુર તરતજ હું ધાપ પર લાંબો થઇ પડયો. મારી અટકલ તદન ખરી હતી.

બારણું ઉઘડયું. એકદમ ઉજાસ આવવાથી મારી આંખ્યોએ ચીતરી આવી. મેં હાથ આંખ્યો પર મેલ્યો.

"આ ખાવા પીવાનું છે તે જમી પી લે. થોડીવારમાં કુચ કરીશું." એક ભયંકર ચેહેરાનો યાતુ બોલ્યો. "કદાચ આ તારૂં છેલ્લું જમણ હશે. સંત પર સર્વ આધાર છે."

તરસ તથા ભુખ એવી લાગી હતી કે તેમ કર્યા વગર છુટક નહી હતો. તેઓ ચોકી કરતા ઉભા અને મારી મશ્કરી કરવા લાગ્યા. હું ધારૂં છું કે મારા ખોરાક પાણીમાં તેઓએ કેફી વસ્તુ ભેળી હશેઃ કારણ કે થોડી વારમાં મારી આંખે ઝુંકણુ આવી. છેલ્લાં જ્યારે મેં આંખ્યો પાછી ખોલી ત્યારે સેતાની સંત મંડળની સભામાં ઘાસમાં પડેલો મેં પોતાને જોયો. પેહેલ્લાં તો હું સમજ્યો કે સ્વપ્નુ જોતો હતો; પણ નહી. સેતાનીઓના સંત આગલ તેના સાથી ફરમાબરદાર ગુલામો દાખલ ઉભેલા હતા, અને તેમના માનીતાં ગધેડાં અને અઝદાહના પુતળાં ત્યાં હતા. એ સેતાનજાદાઓ સીવાય ગુફા યા બાહેર ફરશંગો સુધી કોઇ પણ આદમી મારી નજરે પડયું નહી.

"તમે કોણ?" મેં પુછયું.

"તમો લોક અંતઃકરણથી જેમને શ્રાપ દેવો છો, તેમનો એક સંત." મુખીએ દઇત્યની પેઠે હસી ઉત્તર વાળ્યો.

"બીજા શબ્દોમાં સેતાનોનો એક સરદાર! સયતાની સંત!" મારૂં આ સાંભલી તેના દુષ્ટ ગુલામડાઓ મને મારી નાખવાની ઢપે ધસી આવ્યા.

"ભાઇઓ! સબુર! સામેના વીચાર ધરાવનારાઓનો સાઝીશ જુમહુરીઓ કેવી રીતે નીકાલ કરે છે તે કુલ આલમને હવે પછી આપણે દેખાડીશું." સંત હવે ફરેસ્તાઇ ચેહેરાનો ઢોંગ કરી બોલ્યો "તારી હીમ્મત માટે હું ઘણો ખુસી છું. તારે લીધે હવામાં માર્યા ગયલા મારા બહાદુરોના ખુનોનો નતીજો તુંને રફતે રફતે મળશે. હું સયતાની સંત, હું!"

"એ બુઝખ! એવણ તો ફરેસ્તાઓના ફરેસ્તા છે!" સંતના ગુલામડાઓ મુખીને ઉપરે ચઢાવવા મારી તરફ મ્હોં કરી બોલ્યા.

"બાહદરો ! બસ ! એને આપણા કેદખાનામાં લઇ જઇ પુરો અને આપણે કેવા હાતમ દીલના છઇએ તેની ખાતરી કરવા ખાવા પીવાનું આપો."

"ઝેર બોલેલું ! ઓ સ્વતાની સંત !" મેં કહ્યું

"તારી ભુલ છે. મારા દરેક ચાર્યો અમલા સરદાર માટે જુદી જુદી શીક્ષા તુંને ભોગવવાની છે." ફરેસ્તાઓ ટેલવાલુ સંત બોલ્યો. "તું કહે છે તેમ હોય તો અમારી નેમ ઉંધી વળે. કદાચ વાઘ યા સીંહની તે દરમ્યાન ભેટો થાય તો કામ આવે. એને લઇ જાવો!"

"ઓ અંત–એ–સયતાન !" હું ગોસરાઇ બોલ્યો. આમજ સામણ શબ્દોના બાણો છુટવા પછી તેઓ આગળે અને તેઓના પંથોખાનામાં લઇ ગયા, મારા પગો ખુંટીઓ સાથે અને દોરડા વાટે બાંધી ઝાડ પર ચઢી વેરાન જંગલમાં એકલો મેલી જતા રહ્યા. હું મારા નસીબને ફકત દેતો બેઠો. મારી ખાતરી હતી કે, એ લોક ફરેસ્તાઇનું ડોળ ઘાલી ખુનો કરવા ના, કરાવવા જરાએ ડરતા નથી તો, મારા જેવાને કોણ જાણે કેવી રીતે રીબાવી મારશે ? ખુદાપર આધાર રાખવા શીવાય છુટકોજ નહી હતો. પરવરદેગારની બંદગીના કલામો પઢતો આસમાન તરફ નજર ફેરવતા ગયો તો, મારી નજર એક ઝાડની ડાળી પર પડી. હું ઠંડ થઇ ત્યાં બનતો વીચીત્ર બનાવ આતુરતાથી જોવા લાગ્યો. મારી પર આવી પડનારી આફતનો વીચાર તે પળે બેમાલમ થઇ ગયો. બાહદરો ! મેં શું જોયું ? તમારા ખ્યાલમાં પણ નહી હશે. કુદરત જાણે મને હીમ્મત આપતી હતી.

[આ સાંભળી સર્વે મુસાફરો બરાબર સાંભળવાના ઇરાદાથી આગળ વધતા અટકી ગયા.]

બેરાદરો ! ઘણા પાંદડાંવાળી એક દરખતની ડાળી પર સાંજને સમે આરામ લેવા આવેલાં એક બુલબુલને ડાળખા પર વીટળાઇ એક લીલા સાપે પોતાના મ્હોમાં પગથી પકડયું હતું. બીચારૂં બુલબુલ તે સર્પના મ્હોંમાંથી પોતાનો નાજુક પગ કાઢવા માટે બીચારૂં પાડતું, અફડાતફડી કરતું હતું; પણ, રફતે રફતે તે સર્પ કોઇ યુક્તિથી વધુ અને વધુ તેનો પગ મ્હોમાં ખેંચતું હતું. અફસોસ ! મોત શીવાય આ બુલબુલનો હવે બીજો છુટકો નહી હતો; પણ, કદાચ, બુલબુલે બીચારીયાઓમાં ખુદાને મદદ બોલાવ્યો હશે; અને અજાયબરીતે પરવરદેગારે તે તુચ્છ ગણાતાં પક્ષીની પણ મદદે એક ફરેસ્તાને મોકલ્યો. તે ફરેસ્તો કોઇજ નહી પણ એક બાજ હતું. આસમાનપર લહેર કરતાં તેની તીખી નજર આ સર્પપર પડી; અને એકદમ તે તરફ પાંખો પહોળી કરી આવ્યું. બાજને જોતાંજ ધારતીના મારીયા સાપે પોતાના શીકારને તરતજ છોડી મેલ્યો; અને ખુદ પોતે નાકામયાબમાં પડયો હોય તેમ છુપાવવા કોશીષ કરવા લાગ્યો; પણ તેટલા તો બુલ બુલ ખુશાલીથી ઉડી ગયું અને સર્પ બાજના પંજામાં સપડાઇ હવાઇ મુસાફરી કરતો મારી નજરે પડયો. કુદરતનો આ શો ચમતકાર ? જેણે મરવાની પુર અણી પર પોતાને જોયલું તે સહીસલામત છટકી ગયું. જ્યારે જેણે પુર ખાતરીથી પોતાનો શેકાર ગણેલો તે પોતેજ બીજા બળવંતનો શીકાર થયલો પોતાને દીઠો. શું મારા બાબમાં પણ તેમ બને ? આ વીચારે મને હીમ્મત આવી. મેં કોઇનું બુરૂં કીધું નહી હતું, અને કુલ રઇયતના ભલા માટે નાપાક સેતાનોને તેમને લાયકની શીક્ષા ફકત મેં ફરમાવી હતી. એવા નાતરસ મુજીઓને આ ધરતી પરથી નબુદ કરવામાં મેં ખોદાઇ ફરજ બજાવી હતી, કે જેમ કરવા દરેક સારા રાજ્યના રહીસની મુખ્ય ફરજ છે. આ પ્રમાણે વીચાર કરતો હું બેઠો હતો તેટલાં આ બાઇ મારી મદદે આવ્યો, અને ન ધારેલી રીતે ખુદાઇ મેહરબાનીથી આપણે પાછા હસી ખુસીથી રમે જઇએ છીએ. ખોદાઇ લાકડીને અવાજ નથી.

ફરેબીઓ મને રીબાવી મારી નાખવા પુર આશાએ પેલા પહાડમાંના ગુફામાં છે, પણ તે સેતાનોને માલમ નથી કે ખોદાનું ચાહવું હશે તો ટુંક દીવસમાં તેમના પોતીકા દાંડા ગણાઇ જશે અને કુલ આમલનો છુટકો થશે. તેમની નેમ બુરી છે; તેમના કામો કમકમાત ભર્યાં છે; ફરેસ્તાના વેશમાં નાતરસ પલીદો છે: એટલે ઇશ્વર જરૂર તેમને લાયક ગુપચુપ શીક્ષા કરાવશે" અરદવાને હેવાલ પુરો કીધો.

તેઓ આખરે રએ શેહેરના તમામ સદગુણી લોકની ખુશાલી વચ્ચે સહીસલામત જઇ પુગ્યા. કેહેવાની જરૂર નથી કે તમામ વફાદાર રયતે આ સર્વ જોધ્ધાઓને જાહેર મેજબાની આપી. શાહી તીજોરીમાંથી બક્ષેસો સપુરદ થઇ. ખુદ પાદશાહોના પાદશાહ મહાત્મા મેરહદાદે પોતાના મેહેલમાં એ આખી ટોલકીને બોલાવી તેમના મુખથી સર્વ હેવાલ ખુશીથી સાંભળ્યો, અને સરોપાવની નવાજેશ કીધી.

"હવે આપણને હજી એક કામ બજાવવાનું છે. અરદવાનને, અને તેથી તાજને, જે હીનકસ્તી ભર્યું અપમાન આ તોફાનીઆઓએ કીધું છે તે માટે તેમની સખ્ત ખબર લેવાનું બાકી રહ્યું છે." મહાત્મા મેહેરદાદે ગંભીરાઇથી જણાવ્યું: "તમોમાંથી કોણ ગુફામાંનાઓને જેર કરવા લશકર સાથે ભોમ્યા દાખલ જાઓ છો ?"

"તારો ખાકી બંદે આ મારી ટોલકી સાથે તે કામ બજાવવા અને ઝપાઝપીમાં ભાગ લેવા શર નમાવી ઉભો છે." શેખે અદબથી કહ્યું

"શાબાશ ! પરદેશના અને પરરૈયતનાઓ પણ મારી સલતનતમાં જાન આપવા તૈયાર છે, તે જોઇ ઘણો ખુશી છું. તમારા જેવા વીચારનાઓથીજ આ રાજ ઉંચા દરજ્જા માટે કુલ જગતમાં આશકારા થયું છે. તમારા જેવાઓથીજ રૈયત સુખી સંતોષી રહે છે. પણ તમારા જેવાઓનો જાન જોખમમાં નખાવવા હું ઇચ્છતો નથી. એ કામ લશકર ઘણી સેહેલાઇથી બજા લાવશે."

"જનાબે આલી ! અમો સર્વ ત્યાં જવા આતુરમંદ છીએ કે જેથી અમોને રંજ આપનારાઓને પકડવાનો સંતોષ અમોને મળે." નીમાજી સીવાય સર્વ જણા સાથે બોલી ઉઠયા.

"જેમ તમારી મરજી ! તમારી તકરાર મારાથી તોડાય તેમ નથી. આ રાજ તમારા જેવાઓનો આભાર માને છે."

"પેલા જઇફ અઉરત કાંઇ બોલતા નથી." વઝીરે નીમાજી તરફ આંગળી કરી કહ્યું. "જઇફીને લીધે હેજગારી ઓવણુથી ખમાય નહી, છતાં હું અજબ છું કે તમારી ટોલકીમાં કેમ ?"

"જો દાનેશમંદોના દાનેશમંદ પાદશાહ રજા આપે તો તમારો સેવક ખુલાસો કરવા તેયાર છે." શેખે કહ્યું "શાહને બલતી બાબદોના કંતાશો નહી આપવા માટે ખામખા આ જઇફ નીમાજીનો કીસ્સો અમે જણાવવા મોકુફ કીધું હતું."

શાહે ફરમાવ્યાથી હાજર રહેલાં સર્વની ગમત વચ્ચે જઇફ નીમાજીનો હેવાલ શેખે હશમુખી બોલીથી કહી સંભળાવ્યો, જે સાંભળી હાજર રહેલાંઓ ઘણા ખુશ થયલાં જણાયાં.

"આપ નામવરને જો ફુરસદ હોય તો અને રજા આપે તો એક બીના તરફ ધ્યાન ખેંચવા માંગું છું." તીક્ષ્ણ નજરના વઝીરે જણાવ્યું.

"બોલો ! શું છે ?"

"આ જઈફ નીમાજીનો કીસ્સો તમો સર્વ સાંભળવા મશગુલ હતાં ત્યારે હું જોતો હતો કે વાર્તાના મુખ્ય નાયકની નજર ઘણી ખરી બાગાયાતમાં રોકાએલી એક અબલા તરફ હતી." ડાહ્યા વઝીરે ખુલાસો કીધો.

"શું ખરી વાત ?"

"કુલ દુનીઆ જીતનાર આગલ છુપાવવાનું ફોકટ છે." જઈફ નીમાજી બોલ્યો.

"આગળ બોલો."

"હશીના ગઈ તો ખેર ગઈ ! પેહેરામણીના પૈસા ગયા તો ખેર ગયા ! મને જંજાલો-માંથી પસાર થવું પડ્યું તો તે પણ ખેર ! છતાં આપ નામવરની દરગુજર ચાહી આ ખાકી બંદો સર જુકાવી જણાવે છે કે પેલી બાગમાં કામ કરતી અબલા ઘણી ખુબસુરત છે."

સર્વ આ બુઢાનું સાંભલી ખડખડ હસવા લાગ્યાં.

"કોણ છે ? એને બોલાવો." પાદશાહે હુકમ કીધો.

"નામવર!" વઝીરે બાહેર જઈ એક અબલાને હાજર કરી કહ્યું: "એ તો આપ નામવરની લોંડી 'રોશન' છે."

"નીમાજી ! તમો એની સાથે નેકાહ કરવા ખુશી છો ?"

"શુક્ર ખુદા ! એવો તે કોણ કમબખ્ત હોય જે ના કહે !" જઈફ નીમાજીની જીભ તલવાર ઢપે ચાલી.

"પણ રોશનની મંજુરીઆત તો લેવીજ પડશે."

"આપ જેહાંપનાના હુકમને કોણ નાતાબેદાર હોય ?"

"નેકાહની બાબદમાં શાહ કદી વચ્ચે પડતા નથી." વઝીરે વચ્ચે બોલી ખુલાસો કીધો. "પણ શાહની રજા હશે તો એ વીશે હું યત્ન કરીશ."

"કોઈ પણ પક્ષની નામરજીને પણ ધ્યાનમાં રાખવાનું છે."

"જો આપ જેહાંપનાનો હુકમ હોય તો—" શેખે અદાથી પુછ્યું.

"બોલો."

"નીમાજીના હવે વલવાં પાણી ? સૌથી સરસ માર્ગ રાત દીન નીમાજ કર્યા કરવાનો છે. બીજું તો એ કે નીમાજી વળી પાછા નવનવાજ સાથે નેકાહ કરવા તૈયાર થયા છે; હશીના જેવો રખેને બનાવ બને."

/ "હું પુછું કે મારી હાલત ત્યારે કોણ ખાય ?" નીમાજી જરા જનુનથી બોલ્યો, જે સાંભળી સર્વને ઘણી રમુજ પડી.

"નીમાજીનું કહેવું દરોબસ્ત છે !" ગાદી વારેસ શાહજાદા હરદાદ (બીજો) મશકરીની ઢપે વચ્ચે પુરાયો. "વળી રોશનને માતબર થવાનો આવો લાગ ક્યારે મળે ? પુંજીની ઉથલ પાથલ તો થવીજ જોઈએ."

"ઇન્સાફીનો ઇન્સાફી ! બહાદુર જેહાંપનાનો બહાદુર બેટો !" જઈફ નીમાજી બન્ને હાથે સલામ કરી નમી બોલ્યો.

"ખુશાલીની ખબર !" વઝીર જે ઉપલી વાતચીત દરમ્યાન લોંડી સાથે ગુફતેગોમાં ગુંથાયો હતો તે બોલ્યો. "નીમાજી માટે ખાસ ખુશાલી ! રોશન નેકાહ કરવા કબુલ થાય છે, પણ જેહાંપનાની રજા હોય તોજ."

"ત્યારે નીમાજીએ પેલી રંજનો બદલો તને ગમતો મળી રહ્યો. તમારૂં જોડું લાંબી મુદત વેર સુખ ભોગવે."

"આમીન ! આમીન ! આમીન !"

હવે બુઢા નીમાજીને તેની નવી જવાન માશુક સાથે પડતો મેલી બીજી તરફ નજર દોડાવીશું.

એક હાથપર બીજે દીને બુઢો વળી પાછો નેકાહની તૈયારીની ધામધુમમાં પડયો, કે બીજા હાથ પર ત્રણસો માણસની હથ્યારબંધ ઘોડેસ્વાર ટુકડી પેલી ગુફાવાલા પહાડ તરફ જતી જણાતી હતી. એક દીવસની મંજલ કાપ્યા પછી તેઓ રાત તોડી પાડવા છાવણી નાંખી પડયા. તેમની સાથે નીમાજી ઉપ્રાંત અરદવાન નહી હતો, બાકી આગલી ટોલકીના સર્વ જણા હતા. પાદશાહના હુકમથી બન્ને જણા રએ શેહેરમાંજ રહ્યા હતા.

ઝઝકલું થતાંજ રાત પાહરો ભરતા પોહરેગીરોની નજર એક ટોલકી પર પડી, જેઓ એક વેરાન સેજ ઉંચી જગ્યા પર છાવણી નાખી પડેલા હતા. તેઓ તેમને બરાબર દેખી શકતા હતા; પણ ઝાડોને લીધે હોય યા તદન બેપરવાઇને લીધે હોય તેથી શાહી હથ્યારબંધ ટોલકીને વેરાન જગ્યે આસરો લેનારા જોઇ શક્તા નહી હોય તેમ નરસીની અનુભવી આંખ્યોએ જોઇ લીધું. તરતજ મસલેહત ચાલી. શેખે તરક કીધી કે જે ખુની ટોલકીની ગુફામાંના શોબતી ચાતુઓ લુટેલા અવેજ સાથે આશા રાખતા હતા તે કદાચ હોવી જોઇએ. તેના આગલા સોબતીઓ તથા લશકરીઓમાંના અમલદારો તે મતને મલતા થયા. આથી પેલી ટોલકી કુચ કરે તેની પુઠે પુઠે છુપાઇ જવાનું નક્કી કીધું. તેમને લાંબો વખત ખોટી થવું પડયું નહીઃ કારણ કે આફ્તાબ ઉગતાંજ તેઓએ છાવણી ઉંચકવા માંડી. એ ટોલકીમાં આશરે પચીસ ત્રીશ જણાતા હતા, પણ તેમની સાથના જાનવરો પર પુષ્કળ સામાન લાઢેલો જણાતો હતો.

બેશક ! તે વેપારી ટોલી નહી હતીઃ કારણ કે થોડે કટે ગયા પછી તદન અજાણ્યુ માર્ગે અતી દુર જણાતા પેલી ગુફાવાલા પહાડની રાહ તેઓએ ધરેલી જણાઇ. ત્યારે નરસીનો શક ખરો હતો.

પણ હવે એક મોટી નડતલ શાહી ટોલકીને નડી, તે તેમની સંખ્યા હતી. આટલી મોટી સંખ્યાના જાનવરો ચાલતી વેલા શું ધુલાર નહી ઉરાડે અને શકમંદ ચાતુ ટોલકીનું ધ્યાન તે પર નહી જાય ? ખરૂં હતું કે પેલી ટોલી જાહેર રસ્તો મુકી દઇ આડે મારગે બીન જણાયલા રસ્તે જતી હતી. પણ શાહી ટોલકી અનુભવી હતી. તરેહવાર લડાઇઓમાં મોટો ભાગ જઇ આવેલો હતોઃ એટલે તેમને જાજી મુશીબત નડી નહી. પેલી ગુફાવાલા પહાડ આસપાસ ઘેરો નાખવાની ઢપે જુદી જુદી નાની ટુકડીઓમાં ફેરવાઇ જઇ જુદા જુદા નાના મારગે બનતાં સુધી ઝાડીઓમાંથી જવાનું નક્કી કરવામાં આવ્યું. એક ટુકડીની સરદારી શેખે લીધી, બીજીની નરસીએ, અને એ પ્રમાણે તેઓ વેંહેંચાઇ ગયા. શકમંદ ચાતુની ટોલકીની પુઠે જનારી શાહી ટુકડીઓને તેમની પાછલજ રહી નજર આગલથી નહી ખસવાનો મજબુત હુકમ આપવામાં આવ્યો, જેમાં શેખ અને નરસીની આગેવાની હેઠલની પણ ટુકડીઓ હતી.

આખરે ગુફા તરફ જવા માટે પહાડ પર ચઢવા ચાતુ ટોલીએ શરૂ કીધું.

"શીકાર બરાબર આપણા હાથમાં સપડાઇ ગયો છે." નરસી બોલ્યો. "ચાલો, આપણે આગલીજ જગ્યા પર જઇ પેહેલાં ગુપચુપ મામલો જોઇએ."

તેઓ ત્યાં મલી જઇ જઇ ત્યારે સર્વ દીસાબેથી પક્ષીઓના સરોડ જેવા આવાજો

સંભળાવા લાગ્યા, જેમના પાછા તેવીજ ઢબે ઉત્તરો વાળવામાં આવ્યા; ત્યારે હવે પારી રાખેલી ગોઠવણ સંપુરણ થઇ હતી. ઘેરો વાતુઓથી અન દીઠ શરૂ પણ થઇ ચુક્યો હતો. ગુફામાંના માતુ સંતે પાછી સભા ભરી અને ખુનરેજી ચલાવી લુંટી લાવેલા અવેજ સાથ આવેલા "વરમી" સાથીઓને હરખથી આવકાર આપ્યો.

"મંડલની તીજોરી ખાલી થવા આવી, પણ આ વખતની ગંજાવર લુંટથી પાછી ભરપુર કરવામાં આવી છે." પેલી નવી ટોલકીનો વડો બોલ્યો.

"શાબાશ! તમારી છાતીને ધન્ય છે!" સંત ખુશાલીથી બોલ્યો. "ખરેખર! તીજોરીનું તળીયું દેખાવા શરૂ થયું હતું, પણ તમારાં આ નવાં જોખમ ભર્યાં કાર્યોથી ભરપૂર થશે. પણ મને કેટલેક વખત થયાં એક ચીંતા લાગ્યા કરે છે. આપણી ઠગબાજી હવે રૈયતની નજરમાં ઉઘાડી પડતી જાય છે: તેથીજ હવે આપણા ધારેલાં કામોમાં હરકતોનો વધારો થતો ચાલ્યો છે પણ આપણે તેથી કાંઇ ડરીશું નહી. ફળવંત ભેજામાંથી કાંઇ વળી નવું નવું શોધી કાઢી અજ્ઞાનોને પાછા આપણી તરફ કરી શકીશું. તીજોરીની બરકતથી બાહુતી બદમાસો તો કોઇ પણ પલે તૈયાર અમણાંજ છે."

" શાહે સંત! આપનું કયે દીન ખોટું છે? ભલે! વીરુદ્ધનાઓ આપણને નાગશરૂઓની ઉપમા આપે અને શ્રાપ દે. સયતાનો શું શ્રાપથી ડરી જતા હશે? આપણને પણ આપણા પેટ તરફ જોવાનું છે." નવી ટોલકીનો વડો બોલ્યો. " પેટનો ખાડો કોણ પુરે?"

" વળી ખુનરેજી અને લુટાયલા અવેજથી?"

" તું વળી બોલીદરાજ બાપણ કર્તા કે દહાડેથી?"

" માતુઓમાં કવીઓ હોય તો ભાષણકર્તા કાં નહી હોય! શું આપણી પોતાની રાજસભાઓ નથી?"

" શાબાસ! શાબાસ! શાબાસ!" સંત હસીને બોલ્યો.

" પણ, આ વખતનો લુટી લાવેલો અવેજ ઘણો છે. કયાં મુકીશું?"

" નંબર ત્રીજા ભંડારમાં હાલ તુરત મુકો." સંતે હુકમ ફરમાવ્યો. કેટલેક વખત થયાં એ ગંજાવર ભંડારખાતું તદન ખાલી પણ છે."

"તો કાં નહી થાય? આપણા ભાડે રાખેલા ગુલામડાઓ સેજ સાજ બીન જોખમની મેહેનતે એમાંથી તવંગર થતા ચાલ્યા છે."

"તું તે માટે અફસોસ શેનો કરે છે? પાછી તીજોરી તો ભરપુર થઇ છેની?"

"એટલે આપણે જીવ જોખમમાં નાંખી તરેહવાર યુક્તીઓથી ધુતી યા લુટી લાવે, અને એ હરામખોરો ખાઇ જાય?"

" તું હવે મંડલને બેવફા થતો જાય છે."

" છેલ્લી લુટ વેળાની ઝપાઝપીમાં દઇવયોગેજ મેં મારો પ્રાણ બચાવ્યો તે તું જોવા આવ્યો હતો કે?"

" ચાલો! વાત માંડી વાળો! નહીતર કુસંપ ઉતપન્ન થશે." સંતે ચુકાદો આપ્યો. " પેહેલ્લાં, હમણા લાવેલો અવેજ ભંડાર ત્રીજામાં મુકવા ગોઠવણ કરો."

આ છેલ્લો હુકમ સાંભલી નરસીની ટોલકીના કાન ફફડ્યા. નંબર ત્રણ તે કયાં હશે? પણ તેમને જાણું ખોટી થવું પડ્યું નહી. જે જગ્યે અરદવાનને બંધીવાન રાખવા તેઓ લઇ ગયા હતા તે તરફજ સર્વ જવા લાગ્યા. મદદ કરવા ગુફામાંનાંઓ પણ હવે સામેલ થયા.

"ઓહો! માજીવન, સુસીયન, ઇરાનીઓ, મીડીયનો, સામારગાંવાનો, અને અરમીન્યનો સર્વ લુટ અને ખુનરેજી ચલાવી એકઠા થયા છે. દેશભક્તનું ડોલ ઘાલનારા આ નામશરૂઓને આ સીધા ખીઆબાનમાં એકત્ર જોઇ ત્રણસો વરસ પર થવલા મહાન સાસોનીઅન દારાયસ હીસ્તાપીસનો વખત પાછો યાદ આપે છે. તેના રાજ્યમાં (ઇ૦ સ૦ પુર્વે ૫૨૧-૪૬૫) પણ અંતોનું ડોલ ઘાલનારા એવાજ લુટારાઓ રૈયતને તોબાહ પોકરાવી બેઠા હતા, પણ એ પાદશાહે જ્યારે મજબુતાઇથી કામ લીધું ત્યારે ફક્ત એ પલીદો દફે થયા." એક જણ બોલ્યો.

"ત્યારે આપણો પાદશાહ કાં નહી તેમ કરતો?"

"રૂમી લડાઇ હવે પુરી થઇ: એટલે જોઇ લેજો કે એવાઓને કેમ જડમુળથી ઉખેડી નાખે છે. શરૂઆત પેલી હાઇ મુસાફરીથી શરૂ પણ થઇ છે અને કુલ રૈયત પણ તેથી ખુશ થઇ છે."

"પણ પેલાઓ હવે કોઇ જુદોજ માર્ગ ધરે છે. કદાચ એ ઠેકાણે તેમનું ત્રીજું બંડાર હશે" નરસીએ જણાવ્યું. "હું જરા જોઇ આવું છું. તમો અહીંજ ઠોબજો. ઘણા માણસોનું કામ નથી. મારી પુઠે મદદ માટે દુરથી એકાદ બે આવશો તો ચાલશે. ન ધારેલી મુસીબત માટે તૈયાર રહેવું સારૂં છે."

બોજો લાધેલા યાતુ લુટારાઓની પુઠે પુઠે છુપાતો નરસી ગયો. કેટલુંક ચાલ્યા પછી તદન ખુલ્લી જગ્યા આવી. શું કરવું તેના વીચારમાં હતો, તેટલાં તેની નજર એક ઉંચા દરખત પર પડી, જે પેલી ઝાડીઓની કીનારી પર આવેલું હતું. પુઠે આવેલા સોબતીઓને ઇશારત કરી તે ઘણી સફાઇથી ઉપર ચઢ્યો. લગભગ ઉંચાઇએ પુગ્યા પછી તેણે જોયું કે પેલા બાર બરદારી યાતુઓ ટેકરીની બાહેર નીકળી આવેલા એક ખડક આગળ ઉભા હતા. એક જણ બોજા સાથે, અને લાંબી લાકડીનો ટેકો લેતો, તે તરફ ગયો. થોડીવારે બોજા વગર તે પાછો વળ્યો. ત્યાર પછી એકેક જણે આવજાવ કર્યા કીધી. આ પરથી ખુલ્લું હતું કે નંબર ત્રીજા બંડારમાં જવાનો મારગ તદન સાંકડો હોવો જોઇએ. આખર સર્વ બોજા વગર એકઠા થયા. કાંઇ મસલહત ચલાવ્યા પછી પેલો પેહેલ્લો જનાર પાછો લાકડીના ટેકા સાથે ખડક પર ગયો અને થોડીવાર રહી પાછો પોતાના સોબતીઓને જઇ મલ્યો.

"કદાચ ટોલકીનો સરદાર હશે અને બોચકાંઓ બરાબર ગણી પાછો વળ્યો હશે." ઝાડપર બેઠેલા નરસીએ વીચાર્યું. થોડી વાર પછી બોજા ઉંચકનાર સર્વ યાતુઓ ગુફા તરફ પાછા ફરતા નરસીની નજરે પડ્યા. વલાણવાલી જગેથી તેઓ દેખાતા બંધ પડ્યા. થોડી વાર રહી નરસી ઝાડ પરથી નીચે ઉતર્યો અને પોતાની પુઠે આવનારાઓને જઇ મળી સર્વ હકીકત કહી. ચારે જણાઓએ હથીયારો તૈયાર રાખી ખડકવાલાં બંડાર તરફ જવા નક્કી કીધું. ઘણી સંભાલથી તેઓ તે તરફ જઇ લાગ્યા. નરસી પહેલાં સાંકડો માર્ગ વટાવી ખડક પર ગયો. લાકડાં તથા પાલડાંથી બનાવેલું એક બારણું ગુફાના સાંકડાં મહોં પર ઢાંકેલું તેની નજરે પડ્યું. ત્યારે અંદર કોઇ આદમી હોવો નહી જોઇએ એમ તેણે નક્કી વીચાર્યું. બારણું ખોલી સેજ મુસીબતે અંદર પેઠો તો પથ્થરમાં કોતરી કાઢેલો એક ગંજાવર ઓરડો તેની નજરે પડ્યો. જેમાં જેમ ગમે તેમ લુટેલો સામાન પડેલો હતો. તેણે બાહેર આવીને પોતાનાં ગોઠયાઓને ઇસારત કરી એક પછી એક બંડારમાં બોલાવ્યા. અજબ જેવું તેઓને એ લાગ્યું કે પેલા સાંકડા માર્ગ સીવાય આ પથ્થરનું દીવાનખાનું સઘળી બાજુથી બંધ છતાં અંદર

ઉજરડું પુષ્કલ હતું. આખરે દુર થતાં સામી બાજુએ એક મોટું બગારૂં જણાયું; તપાસ કરતાં તે એક ઉંડી ખીણ આગલ જણાયું. બરફ તથા વરસાદનું પાણી ભંડારમાંથી કાઢી નાખવા તે કીધેલું હોય એમ તેઓએ નક્કી કીધું.

પણ હવે કરવું કેમ ? એક ભારી બંધ્યાર પેતારો લઇ બાહેર આવી બારણું પાછું અસલ હાલતે બંધ કરી, કેટલીક મુસીબતે તેઓએ ગુફા નજદીકમાં ઠોએલા ગોઠઆઓને જઇ મળી સર્વ હકીકતથી જાણીતા કીધા. નીચે પહાડ આસપાસ ઘેરો ઘાલી બેઠેલાં લશકરીઓને સર્વ બીનાથી વાકેફ કરવા થોડાકો નીચે ગયા. બાકીનાઓ સંત ર૦ ળના ગુફાપર ચોકસી રાખવા રહયા. મસલહત ચાલ્યા પછી નક્કી કરવામાં આવ્યું કે, ત્રીજા ભંડારનો સર્વ સામાન ગુપચુપ બાહેર કાઢી એક ટુકડીએ કેટલેક દુર નીચે છાવણીની જગ્યે મુકી આવી ઇશારત થતાંજ ઉપર મદદે દોડી આવવું. પરીણામમાં ત્રીજા ભંડારમાં એક ચીજ પણ રહી નહી. બારણું અસલ ઢપે બંધ કરવામાં આવ્યું. સંતવાળા ગુફામાં રંગ રાગ ચાલુ થયલો સર્વના સાંભળવામાં આવ્યો. એક લેખે તે ઠીકજ હતું. તેઓ તદન નભરવસ હતા તે ખુલ્લું હતું. ટુંક વખતમાં આવી પડનારી આફતથી આ ડોળઘાલુ સાઝીશ જુમહુરીના હીમયતી લુટારૂ ખુનીઓ તદન અજાણ હતા. ખુદાઇ કેહેર ઓર છે. અત્યાર સુધીમાં સયતાની સંતોના કાવા દાવા અને દાવ પેચથી સરકારની તકલીફી નબળાઇને લીધે અજ્ઞાનોમાં ફાવી ગયા હતા; પણ, અશોઇનું પ્રબળ હવે એ નાતરસ મુજીઓને જેર કરવા તલપી રહયું હતું. નરદોશોના ખુનો અને લુટાયલાં ઘરબારોના ધણીઓ અને સગાંઓનાં શ્રાપનો જમેબો હવે એકઠો થયો હતો. તે આ ફરેબાઓને કચડી નાખવા જાણે તલપી રહયો હતો.

આફતાબે પણ હવે ઠંડી રોશની ફેંકવા શરૂ કીધું; અને તરેહવાર રંગના પક્ષીઓ ઉઘવા અગાઉ ખોદાની સેતાયસ સુંદર સરોડથી લલકારવા લાગ્યાં હતાં. ત્રીજા ભંડારમાંનો સર્વ સામાન નીચે સલામત લઇ જવામાં આવ્યો પણ હતો. એટલે, શાહી ટોળીએ તે રાત નીચાનમાં તોડી પાડવા નક્કી કીધું; અને ગુફાઓને રંગ રાગમાં મશગુલ રહેવા દઇ સર્વ નીચાણમાં ગયા. ગુફાના મ્હોથી ઉલટીજ દીશાએ તેઓએ છાવણી નાખી તે રાત તોડી પાડી.

મળસકુ થતાંજ જપત કીધેલા સર્વ સામાનને એક ટુકડી સાથે રએ રવાના કરવામાં આવ્યો. કાંઇ ન ધારેલો બનાવ બને તેના ઉપાય દાખલ તેમ કરવામાં આવ્યું.

લશકરીઓને બગાબર ગોઠવી ઘણા હીમ્મતવાન અને ચબરાકો ગુફાના મ્હોં આગળની પેલી જાણીતી છુપાવવાની જગ્યા આગળ છુપાઇ બેઠા. તેમને ખાતરી હતી કે ઉઘમાંથી બીદાર થતાં કુદરતી હાજતે તેમના સયતાની શેકારો જરૂર બાહેર આવશે; અને તેમજ બન્યું. સૌથી પહેલ્લો મંડળનો શયતાની સંત બાહેર નીસર્યો; અને કુદરતે તેને નરસી જ્યાં છુપાયો હતો ત્યાંજ મોકલ્યો. સત જેવો ઠરી ઠામ થઇ બેઠો કે નરસી સાથે ત્રણ જણા તેની પર તુટી પડી, મ્હોંમાં ડુચો ખોસી, બંધવા ગીરફતાર કરી નીચે ઘેરો ઘાલી તૈયાર ઉભેલી ટુકડીને સ્વાધીન કરી પાછા ઉપર પોતાની છુપાવવાની જગ્યે જઇ પુગ્યા તો તેમને જણાયું કે બીજા છ જણાને એજ રીતે બંધીવાન કરવામાં આવ્યા હતા. તેમને પણ નીચે ઉભેલી ટુકડીને સ્વાધીન કરવામાં આવ્યા. આ પ્રમાણે લોહી રેડયા વગર રૈયતના દુશ્મનોને ઝીકડવાનું કેટલોક વખત સુધી ચાલુ રહ્યું. આખરે અચાનક સંજોગે તરતના બંધીવાન કીધેલા એક ચાતુએ તેમની છુપી નીશાનીવાલી મ્હોથી સીસોટી ફોડી કે થોડીવારમાં સંતવાળી

ગુફાના ચોગાનમાં કેટલાક હથીયારબંધ યાતુઓ બચાવની ઢબે તીર કામઠાં, વગેરે સાથે તૈયાર ઉભેલા શાહી લશકરીઓએ જોયા. લડાઇ કર્યા વગર હવે છુટક નહી હતો. બંધીવાનોને નીચે સલામત જગ્યે કેટલેક છેટે લઇ જવામાં આવ્યા.

લડાઇની શરૂઆત ગુફામાંના યાતુએ એક કારી તીર ફેંકી દીધી, જે તીર શેખની લગોલગ પસાર થઇ ઝાડના ઠઠમાં પેવસ થયો. તરતજ શેખે પોતાના સોપતીઓને હુનરનો દાવ દેખાડી આપ્યો. તેણે નેમ ટાંકી એક તીર એવી રીતે છોડયો કે પોતાના હમનબરદના શરીરમાથી આરપાર પેવસ થઇ તેની પાછલના યાતુને પણ જાણે સોવી લીધો.

"શાબાશ ? શાબાશ !" લશકરીઓ પોકારી ઉઠયા. પણ શેખ તો ઠંડાં માટલાં પેઠે હસી બીજો તીર ફેંકવાની તૈયારી કરતો હતો.

"શૈતાન છે કે કોણ છે ?" ગુફામાંથી અવાજ સંભલાયો.

"શયતાનોના પેદરો ! તમારા સયતાની સંતનું મંત્ર હવે કયાં ગયું ?"

"ખરા ! સંતને ઉઠાડો !" ગુફામાંથી અવાજ સંભલાયો "પણ સંત કયાં છે ?"

"કેદી તરીકે શાહી લશકર કયાંનું કયાં લઇ ગયું છેઃ માટે હથયાર છોડી સરણે થાવો." લશકરી સરદારે પોકારી કહ્યું.

"કદી નહી ! તેને બદલે આ લે ?"

એક મોટો તીર વીજળીક ઝડપે આવ્યો, પણ તે બાજુના સર્વેએ તે કરતાં વધુ ઝડપે જમીન પર સુઇ જઇ છટકાવી મેલ્યોઃ ખચ્ચીત ! સુઇ નહી જતે તો સરદાર મરણતોલ ત્યાંજ પડતે.

સુંઇ જનારા તરતજ ઉઠયા અને બીજા સાથીઓ ભેગા તીરોના ઝપાટામાં એવો તો વરસાદ વરસાવ્યો કે ગુફામાં લોહીની રેલ થતી જોઇ બાકીના જીવતા ગુફાની છેક અંદર ભરાઇ ગયા.

"કાંઇ નવો પ્રપંચ તો નહી હોય ?" શેખે પુછયું "શુક્ર ખોદા કે આપણે સર્વ તદન સલામત છીએ."

"આપુને ફાંદામાં લેવા જો દુશમને નવી બાજી રચી હોય તો આપણે પણ નવીજ હીકમત લગાવીશું. આપણામાંથી એક પણ જખમી નહી થાય તેમ હું જોવા માંગું છું." નરસીએ કહ્યું.

"તે ભલા કેમ બને ?" સરદારે સવાલ કીધો "મોત નક્કી ધારી વીકરાલ બન ગુફામાંનાઓ બાહોબાહ આપણી સામે લડશે. વરસો થયાં નીરદોશ માણસોના લોહીથી તેઓ હેવાન્યત ખસલતનાઓ થયા છે તે કાંઇ લોહી રેડવા વગર નીરાંતે શરણે આવે ? હું તો તેમ માનતો નથી."

"પણ અક્કલ કોઇના બાપની નથી." નરસીએ હસી જણાવ્યું "એજ યાતુઓ પોતાના સયતાની સંતોને બાહેરથી માન આપે છે, પણ બીજી બાજુથી મીઠી બોલી દરાજીગી બોલાંઆને છેતરી જે અવેજ એકઠો કરે છે તેમાંથી અરધો પોતો ભાગ પોતાનાં ખીસામાં ગુપચુપ સેરવી લઇ બાકીનો ભાગ સંતોને સ્વાધીન કરે છે. સંતો પણ જાણે છે કે મેહેનતના બદલામાં તેમ કરવા તેઓને હક છે, જેથી ભંડારો ચાલુ ભરપુર રહે અને સરકારને વધુ મુસીબત નડે.

હવે એ બીના પકતી મેલી દુશમનોને જેર કરવા એક રામબાણ ઇલાજ તમોને દેખાડીશ. થોડા જણા મારી સાથે આ દીશા તરફ ચાલો."

અગાઉ અરદવાનને જે બંધીવાર વાડમાંથી તે છોડવી લાવ્યો હતો તે તરફ ગયો. આખરે સર્વની અજાયબી વચ્ચે તે સુક્કાં પાંદડાં અને ઘાસના ઠેલા ઘસડાવી લાવ્યો, કે જે ઘાસની ગંજીઓ અગાઉ તેણે જોઇ હતી.

"વાહરે વાહ! અક્કલવંત તો ખરો." સરદારે હસી જણાવ્યું. "એક અક્કલવંતે જુમહુરીઓને જેર કરવા ઠંડો હવાઇ રસ્તો શોધી કાઢયો, જ્યારે આપણા આ અક્કલવંત સાથીએ એવાઓને જેર કરવા ગરમાગરમ ઉપાય શોધી કાઢયો. ભાઇઓ! એ તો કોટે કોટેની બુદ્ધી! પણ હવે વાંધો એજ રહ્યો કે ગુફામાંનો ચોરી લુટફાટથી લાવેલો પરાયો માલ બળી જાય તો તેનું કેમ?"

"માણસાઇ જીંદગી આગળ તે તુચ્છ છે એમ પેલે દહાડે નીયાયાધીસે નહી કહ્યું હતું!"

"બાપુ! તારી તકરારથી હાથ જોડયા. બોલો ત્યારે; શી હીકમતો લગાવીએ?"

નરસીએ ઇસારત કરી સર્વ જણાને પોતાકી નજદીક બોલાવ્યા, અને કહ્યું: "મોટેથી બોલીશું તો ગુફામાંનાઓ સાંભળશે. આપણે સપાટાબંધ આ અને સામી બાજુથી ઘાસની ગંજીઓ ગુફાના મ્હોં આગળ મુકી અંદર જરા ધકેલી તેમને શરણે થવા કહીએ. મારી તો ખાતરી છે કે જીવતા ભુંજઇ મરવાને બદલે તેઓ શરણે આવશે; જો કે બીજાં નીરદોશોના ઘરબાર બાલી નખાવવા એ દઇત્યો કદી પાછલ હઠયા નથી; સામા તે માટે મગરૂરી લે છે: એટલે આપણે કાંઇ ખોટું કીધેલું કહેવાશે નહી."

પેહેલાં તેઓએ અંદરનાઓ નહી જોય તેમ સામી બાજુએ ઘાસ પાદડાંની ગંજીઓ લઇ જઇ મુકી. એ કામ ખલાસ થયું કે નજદીક જગ્યા આગળ લઇ જતાં પછી વાર કેટલી? આ સઘળો વખત "શરણે આવો! સંત જીલાઇ ગયો છે! તમારૂં હવે કાંઇ વલવાનું નથી." વગેરે બુમો મારીઆ કીધી, અને તેજ વખતે એક હીમ્મતવાન ભરાતો છુપાતો ગુફાના મ્હોં આગલ ગયો અને અંદરનાઓની હીલચાલ જોવા લાગ્યો તો ગુફાની છેક અંદર એક ફાલકું ઉંબાડી ચાતુઓ આસપાસ ઉભેલા નજરે પડયા. તેણે પાછો આવી ખબર આપી તે પરથી અટકલ કરવામાં આવી કે એ ભોયરૂં તેમનો ભંડાર હશે. કદાચ લઇ જવાએ એવા નાના કીમ્મતી અવેજ સાથે નાસી જવા ગોઠવણ કરતા હોય એમ ધારવામાં આવ્યું. આ તેમની અટકળ પછવાડેથી ખરી માલમ પડી.

"એકદમ શરણે આવો, નહીંતર હવે સળગાવી મેલીશું." બોલતા લશકરીઓ ઝપાટામાં ઘાસની ગંજીઓથી ગુફાનું મ્હોં બંધ કરવા મંડયા, જ્યારે બીજાઓ તીર કામઠાં અને તલવાર બરછી સાથે તૈયાર ઉભા. આ નવો બનાવ જોઇ રંગદીલ લોહીના તરસ્યા સાઝીશ જુમહુરીઓ ઠરઠરી ગયા. કુદરતનો કોપ શરૂ થઇ ચુક્યો હતો. અત્યાર આગમચ સરકાર અને રૈયતની ઢીલી દોરીથી તેઓ ફાવી વધારે હીમ્મતવાન બનતા ચાલ્યા હતા, પણ હવે તેમની અજલ નજદીક હતી. સર્વને ઠરઠરાવી નાખનારા સીરીયન શાહ ડીમીત્રીયસ વટીક મેહેરદાદથી આજેજ થયો તો એ પલીદ મમતરાંઓ આ હીસાબમાં?

"આ હવે મસાલ સળગી! હથ્યાર છોડી બાહેર શરણે આવો છો યા નહી?" લશ્કરી સરદારે ડબુડબાવી મોટેથી બુમ મારી. "સામે થવામાં કાંઇ વળવાનું નથી. જીવતા ભુંજાઇ મરશો."

[દરવેશે હેવાલ અધુરો મેલ્યો; અને મહેનતનું વસુલ કરી વળતી રાતે આવવા કહી રૂખસદ લીધી.]

દરવેશની સાતમી રાત.

સાતમી રાત્રીએ મેદની ભેગી થતાં દરવેશે અધુરી વાત આગળ ચલાવી:—

જીવતાં ભુંઝાઇ મરવાનો સમય નજદીક જોતાંજ આ પલીદોનાં હાંજાં ગગડી ગયાં. નીરદોશોને જીવતા બાળવામાં તેઓ બહાદુરી સમજતા હતા; પણ, જ્યારે તેમ થવાની તેમની પોતીકી વારી આવી ત્યારે, " દયા! દયા! " પોકાર મારવા લાગ્યા.

"દયા શાની? દયા દેખડવાની સત્તા ફકત સરકારને છે. માટે, તરત અમારે શરણે થાઓ. જરા પણ વીલંબ લગાડશો તો, આ ચેહ સલગેલીજ સમજજો. બાહેર ધસારો કરશો તો, લોહી લોહન થઇ પટકાઇ પડશો."

અંદરથી કાંઇ ગુસ ગુસ થતી સંભળાઇ.

" તમારૂં કાંઇ વળવાનું નથી. હું સાત બોલું; તેની અગાઉ જો નહી શરણે થશો તો, આ સળગેલી મસાલ તમોને જીવતાં જીવત ભુંજી નાખશે. એક—બે—ત્રણ—ચાર—પાંચ "

" કબુલ! કબુલ! "

" સારૂં દહાપણ મોડેથી પણ સુઝ્યું. ઉભા રહો. અમો એક બાજુ ગંજીઓ ખસાડયે તે રસ્તેથી પહેલ્લાં સર્વ હથ્યારો ફેંકી અકેક જણે બાહેર આવવું." સરદારે હુકમ કીધો. તેણે હથ્યારબંધ ટુકડી સફ સમારી મ્હોંથી થોડેક છેડે ઉભી રાખી. એ બળતી મસાલો પણ તૈયારજ રાખી કે, દગાને પહોંચી વળાય. દોરડાંની મદદથી એક બાજુનું ઘાસ ખસાડી અંદરનાઓને બાહેર નીકળવા નાનો માર્ગ કીધો.

" આ માર્ગે અકેક પછી બાહેર આવો. પેહેલ્લાં તીરકામઠાં વગેરે હથ્યારો બાહેર આવી પડયાં. જે વીણીને એક બાજુ કીધાં. ત્યાર પછી જેમ જેમ રાંક રૈયતને ખુમ પડાવનારો સયતાન બાહેર નીકળતો ગયો તેમ તેમ તેને જીકડી નીચે ઉભેલી ટુકડીને સ્વાધીન કરવામાં આવ્યો. આખરે, સયતાની સંતોના આ બાહુતીઓ પણ, સરકારના હાથમાં કાંઇ વધુ લોહી રેડાયા વગર ઝીલાઇ ગયા. તેમના એક સંતે શરૂઆત કીધી; તે તો, આપણે જોઇ ગયા છીએ. સર્વ સયતાનો બંધીવાન થયા પછી ખાતરી માટે, અકેક પછી સર્વ ગંજીઓ ખસેડી નાંખવામાં આવી; અને સરદાર, નરસી તથા શેખ પહેલ્લાં અંદર દાખલ થયા. પેલું ગધેડાં આકૃતીવાળું તખ્ત ત્યાં હતું; પણ, તે પર બીરાજનાર સયતાની સંત અંબીત્રાન તરીકે રસ્તે તરફ મુસાફરી કરતો હતો. પેલો અઝદાહી આકાર પણ મોજુદ હતો; પંચ વાક્ય ચતુરાઇ, હાથ ચાલીકીથી અને ખુની લોહી ધરાવનારા સયતાની સરપો પોતાના પાયતખ્તની નીચે, કેદી દાખલ ઝંખવાના થઇ ગીરફતાર થયલા હતા.

ગુફામાં તરેહવાર જાતનો પુશકળ સામાન તથા ખાધખોરાકી જોવામાં આવી, જે સઘળું લુંટનું પરીણામ હતું. સેજ સાજ શોધ પછી પેલું ફાનસ પણ ઉંચકવામાં આવ્યું, અને

મશાલની મદદથી મા આઠ સીડીઓ ઉતરતાં એક ચોરસ ભોંયરૂં આવ્યું જેમાં વધારે કીમ્મતી અવેજ મેલેલો હતો. અહીં ઉપર તપકેની નજર નાખતાં એક ખુણા આગળ એક બારણું નજરે પડ્યું, જે ઉઘાડતાં તેમને કેટલીક મુસીબત નડી. આખરે તે પણ ઉઘાડવામાં આવ્યું તો આગલા ઓરડામાંના કરતાં પણ વધુ કીમ્મતી અવેજ ને દાગીના જોવામાં આવ્યા. મુરતીઓ અને મરણ પામેલાં પૈસાદાર માણસોને જે જાતના સોનાનાં દાગીના પેહેરાવવામાં આવતાં, તે અહીં સંખ્યાબંધ હતા. કોઇ કોઇ પર માણસાઇ ચામડી પણ વલગેલી હતી. ત્યારે આ સ્વરાજ્ય અપાવવાનું ડોલ ઘાલનારા સયતાની યાતુઓ જીવતાનેજ નહી પણ મુરતીઓ અને મરણ પામેલાંઓને પણ છોડતા નહી. તેમની લાંબો વખત તકી રહેવાની શક્તી માટે આ નવીન લુટનો ભરમ અહીં ખુલ્લો થયો. સર્વ લશકરીઓનાં આ જોઇ દીલ કમકમ્યાં અને ધીક્કાર નાખવા લાગ્યા. સરદારે જો મના નહી કીધી હતે તો જરૂર તેઓ દરેક બંધીવાનને ત્યાંના ત્યાંજ ઠાર કરતે. ઝાઝી મુસીબત વગર તેઓને ત્રણે ભંડારોનો પત્તો મલ્યો હતો. મોટી સંખ્યાના ભારબરદારી જાનવરોની મદદ વગર ત્યાંથી રખે લઇ જવાય એ અશકય હતું.

એક નાની ટુકડીને આ બન્ને ભંડારો અને ગુફાની પાસબાની કરવા રાખી બાકીનાઓ થોડાક કીમ્મતી સામાન સાથે બંધીવાનોને લઇ કુચ કરવા લાગ્યા. તેમની આગમચ સંત સાથના બંધીવાનો રખે પુગ્યા હતા; તેમના પકડવાની ખબરથી આખું શેહેર હલમલી રહ્યું હતું; પણ જ્યારે બંધીવાનોનો આ બીજો જમેલો ત્યાં જઇ લાગ્યો અને નંબર બીજા ભંડારમાંના અવેજ માટે લોક જાણીતું થતું ચાલ્યું, ત્યારે નામશક યાતુઓ પર ધીક્કાર નાખવા તમામ શેહેર જાણે ફરીયાદ કરવા બાહેર પડેલું જણાયું. ગધેડાં, ઉંટો અને ઘોડાઓ, વગેરે ભારબરદારી જાનવરોને સરકારી મુનશીઓ અને આમીલો સાથે ચુપચુપ તે રાત્રીએ રવાના કરવામાં આવ્યા, જેની અગાઉ અવેજની વાત બાહેર પડવા દીધી નહી હતી.

પંચમે દીને ગુફા અને ભંડારોના અવેજ સાથે સર્વ જણા પાછા ફર્યા. તેમના આવી પુગ્યાની ખબર ચોમેર ફેલાઇ જતાં વાર લાગી નહી. તેથી શેહેરના દરવાજાની બાહેરથીજ જાણે એક મોટું સરઘસ ખુશાલીથી શેહેરમાં દાખલ થયું હતું. સર્વના મ્હોં પર ખુશાલી પ્રગતી નીકળી હતી. ફક્ત કાળાં હૈયાનાં સાઝેશ જુમહુરીઓના મ્હોં કાળાં ઠણક મારી ગયાં હતાં. તેમની બળજોરી, તેમના હવાઇ ખ્યાલો, તેમની ઝેરી યુક્તીઓ, તેમના નાતરસ દાવપેચો, તેમના બાહુતી સયતાની ઉઠાવગીરો, તેમના બાહુતી ખુનીઓ, તેમના બાહુતી નીમાજીઓ, વગેરે સર્વ પલાંદો પરેશાન થયલા દીસતા હતા. ફક્ત તેમનાં જંગલી દેવ દેવીઓ ગધેડાં અને અઝદાહો-એ પરવાહથી ફરતાં હતાં.

ધારીઆ કરતાં પણ અવેજ મોટો હતો. જબરદસ્ત પાયા પર રાજના જુદા જુદા પ્રાંતોમાં ચોરી, લુટફાટ, અને ખુનોની બાજી ઘણી ચતુરાઇથી રચવામાં આવેલી હતી, તે આ અવેજથી ખુલ્લી પ્રગટી નીકળી. આ તો ફક્ત એક સયતાની સંતના મઠકમાંનો અવેજ હતો. દરેક પ્રાંતના હાકીમો પર હુકમો નં કલ્યા કે જંગલોમાં તથા ગુફાઓમાં બારીક શોધખોલ ચલાવી લુટાવલો માલ જણાય તો જેમની પાસે માલ નીકલ્યો હોય તે ટોલકીના મુખ્ય મુખીઓને રોક પક્ષીઓ મારફતે હવાઇ મુસાફરીઓ કરાવી આવી સોખાઇ ભરી બદમાસીનો ઝટપટ અંત લાવવો, અને ચોરાવલો માલ જેમનો હોય તેમને સ્વાધીન કરવો. બાકી રહે તે વેચી તેની રકમ સરકારી તીજોરીમાં પોહરેગીર ખાતામાં ભરવી."

કહેવાની જરૂર નથી કે આખરે મહાત્મા મેહેરદાદની અદલ સરકારે લાગેલા ચાંપતા ઇલાજોથી આખા દેશમાં સાઝીશ જુમહુરીના ઓઠા હેઠલ ફુટી નીકળેલા પલીદોનો ટુંક વખતમાં અંત આવ્યો અને સુખ સાંતીને ચાહનારૂં તમામ લોક તે માટે હકતાલાહી આ રહમ બક્ષેસ માટે ખરા અંતકરણથી દુવા ગુજારવા લાગ્યું.

પણ ત્યારે અરદવાન? એક પ્રાંતની ખાલી થયલી જગ્યા પર હાકેમ દાખલ તેની નેમણુક કરવામાં આવી. પણ અરદવાને નમનતાઇથી પાદશાહને અરજ કીધી કે તેના મુરબ્બી શેઠને તે ઓહદા પર નેમવો, અને તે મુરબ્બીના હાથ હેથલ મદાર-ઉલ-મોહામ દાખલ ખુશીથી રહેશે. પાદશાહ મેહેરદાદ આથી ઘણોજ ખુશ થયો. તે નામવરે તેમ નેમણુક કરાવી, એટલુંજ નહી પણ મોટી જાગીર બક્ષીસ આપી નવા ઓહદાની તરબ્યત આપવા જાણીતા ઓલમાઓને ફરમાવ્યું. માણસનો સેતારો કેમ સપાટામાં અને નજીવાં કારણથી ફરે છે તેનો આ જાણીતો દાખલો છે. ટુંકમાં, અરદવાનની પહેડી દર પેહેડીએ ખાધું પીધું અને મોજમજાહ કીધી.

પણ ત્યારે બુઝરગ નીમાજી? આ બુઢાએ જવાન 'રોશન' સાથે ઘણી ધામધુમથી નેકાહ કીધા. "રોશન લોંડી હતી તો શું થયું? પણ, તે બાદશાહી મકાનમાંથી આવેલી હતી." બુઢા નીમાજીની તકરાર હતી. "હસીના તો પોતા સાથે પરાઇ દોલત ઘસડી ગઇ હતી; પણ, રોશનના મુબારક પગલાંથી માજનદરાનની મારી લુટાયલી અરકેમામત પાછી મળી."

તેનો આ પાછલી તકરાર ખરી હતી; કારણકે, પેલી ગુફામાંના સામાનમાં નીમાજીનો લુટાયલો લગભગ સર્વ અવેજ સલામત મળી આવ્યો હતો, એટલે, બુઢાની ખુશાલીનું પુછવું શું? વળી, તેણે પોતાની નજરેનજર લુટનારાઓનાં ઘવાયા અંગોને શીક્ષા દાખલ રોક યાને રૂખ પક્ષીઓની મારફતે હવાઇ મુસાફરી કરી જીંદગી ખતમ કરતા દીઠા હતા. કુદરતી ન્યાય એરજ છે. અને આશક હસીનાનું જોડું? મારવામાં આવતું હતું. તેમ આ જોડું હસી ખુશી સાથે આશકના બચપણના મુલકમાં રહયુ. આશકને માદર પેદર સાથે તરતજ પછી દોસ્તી થઇ. ત્યાર પછી ફરજંદોની પણ આમદાની વધવાથી મકાન વધુ હરતું બોલતું થયું. રહેવાની જરૂર નથી કે શેખને દાગજો પણ વધી ગયો હતો.

બાકી રહ્યા નરસી, વગેરે. સરકારે તેમને ઓહદે ચઢાવી તથા છુટે હાથે બક્ષીસ બક્ષી ખુશ ખુશાલ કીધા. તેમની મુસાફરીના હેવાલથી જાણજા તારીફ થવા લાગી. તેમને સરોપાવ ખુદ પાદશાહ મેહેરદાદે મજલીશ ભરી આપ્યો હતો; તે ઘણી દબદબા ભરી હતી અને તે વખતે પાદશાહોના આ પાદશાહે હીરા, મોતી વગેરે કીમ્મતી ઝવેરાતોથી મઢેલું ઉંચી કોલાહ જેવું ન બનાવેલું તાજ પેહેરી પોતાનું બુલંદ શીર દીપકવાન કીધું હતુ.

"અને દાનેશમંદો!" દરવેશે ઓલા હાજર રહેલાંઓ હજુર ફેરવતાં કહ્યું "આફતાબ અને માહતાબના બેરાદર મહાત્મા મેહેરદાદ સાડત્રીશ વરસ રાજ ભોગવી, પોતાના શરૂઆતનો નાના રાજ્યોનો વીસ્તાર મરણ વખતે મોટાં રાજ્ય જેટલો કરી, બારે હકતાલાના દરબારમાં લોક કલાપીત વચ્ચે ગયે.

સઘળું મેજરૂ વીખરાઇ જવા લાગ્યું અને દરવેશ પણ જવા લાગ્યો. તેની પુઠે નોશીરવાને આદેલ અને બુઝરજ મેહર વઝીર પણ ગયા, અને એક અંધારી ગલી આવતાંજ ચલણતા નવા મેહેરદાદી સીક્કાથી ભરપુર નાનો ઠેલો દરવેશના હાથમાં મેલી બીજી ગલીમાં વળી ગયા. "ઇંડુંપી સખાવત" એ નોશીરવાનનો મુદ્રાલેખ હતો.

ખુલાસો.

પ્રખ્યાત કેપટન મેરીયત "પીટર સીમ્પલ" નામની રમુજી વાંચવા લાયક ચોપડીમાં લખી ગયો છે કે ૯, ૯૯, ૯૯૯ વરસે બનેલો બનાવ પાછો બને છે; તેટલાં બધાં વરસો તો નહી, પણ કાં નહી હીંદમાં છેલ્લાં ત્રણ વરસમાં થયલા બનાવો જેવા બનાવો મેહેરદાદના ઇરાની રાજમાં થયલા હોય તેમ વીચારી "પીટર સીમ્પલ" ને માન આપી "અરદવાન"ની વાર્તામાં હાલના જાતી અનુભવથી દાખલ કીધા છે.

"અકલમંદ અરદવાન"ની વાર્તાના પાંચમાં પાનામાં જણાવ્યા મુજબ ઇરાની પાદશાહ મેહેરદાદે બે હજારથી વધુ વરસો પર હાલના હીંદને મલતી ત્રણ રાજ સભાઓ સ્થાપીને રાજ વહીવતમાં તમામ રૈયતને ભાગ આપેલાની નોંધ તવારીખે કીધેલી છે પણ અજબ એ છે કે હીંદની આગલી સ્થીતીના તદન ખોટાં બાકાં ફુંકનારાં મતલબી "દેશ ભકતો" એવો એક પણ દાખલો દેખાડી શક્યાં નથી. ઉલટું રાજાઓ દશરથ–રામથી ઉતરી પાંડવથી ચાલુ રહી ઇ૦ સ૦ ૧૮૫૭ના હીંદી મોટા બલવા સુધી "મારે તેની તલવાર" જેવું રાજ હીંદુ-ઇસ્લામીઓ કરતાં હતા. છવીશ સો વરસ! તે છતાં રૈયતને શાંતિભર્યા રાજ અમલમાં ભાગ આપવા તદન અખાડા! ખટપટી, જોરેમંદ, માલેતુજાર અને તેવીજ પ્રકરતીના ધર્મોપાધ્યાઓનું સેતાની રાજ હતું. એવાઓ વીજ નામની સભાઓ હતી; તેમના ચાલુ જુલમને લીધેજ રાંક રૈયત જમીનના ટુકડાઓ ખરીદવામાં પોતાની પુંજી તથા અસંકેઆમતની સલામતી જોતી. જર જવાહેર યા પૈસો જણાયો તો લુટાઇ જતો. ખુદ મંદીરોમાંનું સલામત નહી હતું. વાંચો જુલાઇ ૧૯૨૧થી "જ્ઞાન વર્ધક"માં આવતી "બાહીરજી બળવંત"ની ચાલુ વાર્તા.

એવો ગેરવહીવત અંગ્રીજોએ મજબુતપણે બંધ પાડયો છે તેનો ચચરાટ ચપરખંવા દેશીઓ હજી ભુલેલા જણાતાં નથી. તેઓ બોલશેવીક પૈસા અને જર જવાહેરની મુખ્ય છુપી મદદથી બોલ્શેવીક યાને નાશતીક રાજ હીંદમાં પણ સ્થાપવા મંડી રહેલાં છે. લાયક પરજાતી દેશીઓને રાજ વહીવતમાં ચોક્કસ અંદાજે ભાગ આપવા લોરડ દફતરીનની આગેવાની હેઠલ ઇ૦ સ૦ ૧૮૯૨ માં અંગ્રીજોએ મંડાણ કીધું ઇ૦ સ૦ ૧૯૦૯ના કાયદાથી વધુ સત્તા બક્ષી તેવી આગલ વધી ૧૯૧૯માં સુધારેલી રૈયતી રાજસભાઓને ઘણાંક ખાતાંઓ બાબમાં એવી વધુ સત્તા આપેલી છે કે જેથી લાયક દેશીઓ બહુમતીથી લોક કલ્યાણ ચોક્કસ પ્રમાણમાં કાયદાઓ ઘડી શકે અને કર નાખી શકે. ઉમદા યુરોપીન કેલવણીના પ્રતાપે સામટી રીતે સારો ઉપયોગ કરે છે. ખરેખરાં "દેશ ભક્ત દેશીઓ" તો તેઓજ છે. લુટફાટ, ખુનરેજી આપખળ વગેરે દુષ્ટ કામોના તેઓ વેરીઓ ગણાય દરેક સ્વતંત્ર દેશીની આજકાલ મુખ્ય ફરજ ફક્ત સતાવાલાઓને મદદ કરવાની છે. "વેસ્તરન ઇંડયા લીબરલ એશોશીએશન" સીવાય બીજા રાજદવારી મંડલો યા સભાઓ ખાલી ઢોંગ છે અંદરખાનેથી તેઓ બેવફા એકનાએક છે "કરોડ રૂપીઆમાં સ્વરાજ"ની બાબદમાં વધુ ખુલાસો જણાશે.

લી૦ માણેકજી બેહરામજી વાછા.

કરોડ રૂપ્યામાં સ્વરાજ !

મરાઠા તવારીખનો ગઈ સદીનો એક સફો.

લખનાર—માણેકજી એદલજી વાછા.

તે "ક્લીફ હારૂન-અલ-રશીદ." 'બાહીરજી બળવંત', "પાંડુરંગ હરી," "બાપુ બ્રાહ્મણ," "૧૮૫૭ નો બળવો," "નાના નોવેલો," ઇત્યાદીના કર્તા.

હકબંધ તથા છુટક વેચનારઃ—

મી૦ પીરોજશાહ મુકાદમ, બુકસેલર, ચર્ચગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ, ૧.

ખુલાસો.

સ્વરાજ દોશેશીનો બાશ કરાવતી "અક્કલમંદ અરદવાન"ની ચોસઠ પાનાની નવલ કથા સાડી વીસસો વર્ષ અગાડીનો ઇરાની કીસ્સો રજુ કરે છે. એ પરથી અત્યારે આગમચ થયલી હીંદી 'સ્વરાજ" હીલચાલોની સંક્ષેપ તવારીખ પણ એ વાર્તા સાથે શા માટે દાખલ નહી કરૂં તેના વીચારમાં હતો, તેટલાં ઘણેક ઠેકાણેથી 'સ્વરાજીઓ" દાખલ પોતાને ઓળખાવ- નારાઓને મ્હોંડેથી આગલા હીંદી ઇતીહાસ માટે તદ્દન ખોટી લંબાસો બીન માહીતગારોના મન પર પોતાની ચોક્કસ મતલબો માટે ઠસાવતાં જોઇ ખરા આકારમાં જાહેરાત આપવા મેં નક્કી કીધું. બળવાન માયાળુ બ્રીટીશોની આગમચ અહીં રાજકારભાર કેમ ચાલતો તેનો થોડો જેટલો સુંઘાડ ફક્ત પચીશ ત્રીશ વરસની ટુંક તવારીખમાં આપવા અર્થે આ બાબદ લખી છે. વાર્તાના શોખીનોને "કરોડ રૂપ્યામાં સ્વરાજ !" તેના જોડયા "અક્કલમંદ અર- દવાન"ની વાર્તા સાથે ચોરીયાસી પાનામાં બાર આનાની કીમ્મતે બાંધેલી જણાશે, જ્યારે ફક્ત તવારીખનાં શોકીના માટે આ "કરોડ રૂપ્યામાં સ્વરાજ" વીશ પાનામાં ચાર આનાની કીમ્મતે બાહેર પાડી છે.

આટલી બીના ધ્યાનમાં રાખવી કે હાલની હીલચાલનું વર્ણન જાતી અનુંભવથી તરે- હવાર કોમોનો વીચારો સમજી ટપકાવ્યું છે. ફક્ત વર્તમાન પત્રો પરજ આધાર રાખ્યો નથી, પણ રસ્તે, શેરીએ, કલ્બો, ટ્રેનો, ટ્રામો, બઝારો વગેરે ઠેકાણે ગુપચુપ ફરી સાંભળીને કીધું છે. ખરેખરી સ્વતંત્ર કલમ આ લેખકની વાજબી વડાઇ છે. છતાં, પૈસાના પુંજારી "સ્વરાજીઓ" તેમની ચાલુ જાહેર રીતીઓ પ્રમાણે ગમે તે ખોટી અફવા ઉડાવે તેની રતીભાર દરકાર નથી. ડગબાજી કોઇ દી છુપી રહી નથી અને રહેનાર નથીજ. એટલું ધ્યાનમાં રાખવું કે અગાઉના હીંદી રાજકર્તાઓ અને હાલના યુરોપ્યનોના સમાગમમાં આવેલા અને બીજા સ્વચ્છ દેશી- ઓની પેઠે યુરોપ્યન કેળવણી લીધેલા બાહોશ રાજકર્તાઓ અને દેશી મોટા અમલદારોમાં મોટો ફરક છે, અને તેથીજ આજના "સ્વરાજીઓ"ની બદનીષ્ટા આગળ વધી શકતી નથી, એ હીન્દ માટે સારી આશાનું કીરણ છે. એટલું જણાવી હાથ ધરેલો વિષય શરૂ કરાશું.

કરોડ રૂપીયામાં સ્વરાજ!

એક કરોડ રૂપરડીમાં 'સ્વરાજ !' ખાસ્સી વાત ! અમેરીકાના યુનાયટેડ સ્ટેટસ, ફ્રાંસ, વગેરે પ્રજા સત્તાક રાજયો " સ્વરાજ " છે. એ લોકનો મોટો ભાગ સમજતો જણાય છે, પણ હાલ આપણામાં જે " સ્વરાજ સ્વરાજ " કરી બોલે છે તે તો પોતીકાં ફક્ત ખીસ્સાં તર કરવાની, અને નાલાયક છતાં મોટા ઓદ્ધા પર આવવાની ટક મળવા માટે બોલે છે. ખરી રીતે " સ્વતાત રાજ " તેમને માટે છે, પણ આ હીકમતીઓ અજ્ઞાનોને ભમાવવા " તાત " શબ્દ કાઢી નાખી રહયા છે. " સ્વરાજ " શબ્દ કાંઇ હીંદમાં આજકાલનો નથી.

મુરતીઓનો મહાન નાશ કરનાર અને મુરતી પુજકોની નાહક કતલ કરાવનાર ઇસ્લામી ઔરંગઝેબ પાદશાહે [જન્મ તા. ૨૪ મી અકટોબર ૧૬૧૮–મરણ તા. ૨૦ મી ફેબરૂઆરી ૧૭૦૭.] નરમદા નદીની ઉતરે સંપુર્ણ અને દક્ષીણ મહારાષ્ટ્રમાં થોડે ભાગે ઇસ્લામી દસ્ત બેસાડયો, ત્યારે પણ તે વખતના ઇસ્લામીઓને મનસે " સ્વરાજ " હતું. ત્યાર પછી ઇ૦ સ૦ ૧૭૮૪ માં અફ્રાસીઆબ ખાન વગેરે ઇસ્લામી મહાન પુરૂષોની કમકમાટ ભરેલી કતલો પછી સીંધ્યા, તે વખતના દીલ્હીના નબળા તથા નામના પાદશાહ પાસેથી પુનાના રાજ કરતા મરાઠા માટે વકીલાતે–મુતલક યાને પેશવાઇ (વડું પ્રધાન પદ) મેળવી શકયો,. અને જે આપખુદ પેશવાઇ સત્તાની બરકતથી પેશવાઓ જે ગમે તે દોર ચલાવવા લાગ્યા, તે વખતને પણ હીંદુઓએ " સ્વરાજ " મળેલું ગણ્યું. આ પેશવાઇ હકુમત દરમ્યાન (લુચ્ચા લફંગા બદમાસો શીવાય) રાંક તવંગર તેમજ નીરધન રૈયત પર કેવા કમકમાટ ભર્યા આજાઓ કશી હરકત વગર ગુજારતા, તે વાંચનારને ખુદ હીંદુ તથા ઇસ્લામીઓએ લખેલા દફતરો પરથી જણાશે. " જ્ઞાન વર્ધકમાં " હાલ આવતી " બાહીરજી બળવંત, " તથા "પાંડુરંગ હરી," " આમીર અલી " વગેરે ગુજરાતી કથાઓ થોડે હીસ્સે પણ ખ્યાલ આપી શકાશે. હાલમાં " સ્વરાજનો " હીંદુ–ઇસ્લામીઓ જે અર્થ બાતેનમાં કરે છે તે એવોજ છે તેમા કશો શક નથી. ઇ૦ સ૦ ૧૯૨૦–૨૨ ના માલેગામ, ધારવાર, મલબાર, મુંબઇ, મધરાસ, ચઉરા ચઉરી, વગેરે ઠેકાણેના બળવાઓ અને હુલ્લડો જીવતા દાખલા છે. માપલા " સ્વરાજના " મુખીઓ તેમની વીરૂધના હીંદુ વગેરે પર ખુનરેજી, લુટ, વગેરેનો ત્રાસ વરસાવી રહયા, અને આખરે " રાજા " પોતાને ગણાવવા લાગ્યા, તે બનાવને તેમના ખુદ હીંદુ " સ્વરાજના " હીમાયતીઓએ અને ખુદ તેમના બાઇબંધ મુખીઓએ આ હીચકારાં ખુની કામો માટે, ધીક્કાર દરશાવવાને બદલે, સામી ખુશાલી જાહેર કીધી હતી. એજ સ્પસ્ત દેખાડે છે કે એ મઉલાઓ, સંતો અને ગણત્રીના " ખોરદેક અવસ્તા " પઢનારાઓનો બાતેનનો વીચાર કેવો છે. જબરદસ્તી, લુટફાટ તથા ખુનરેજી કરવા કરાવવાનું પાછું રાજ થઇ પડે, તેને તેઓ " સ્વરાજ " ગણાવે છે. દમદાટી, જોર જુલમ, ખુનરેજીનું અસલ રાજ એ મહાન ઠગો પાછા સ્થાપવા ફક્ત માંગે છે. મુંબઇના હુલ્લડ દરમ્યાન કીધેલી ખુનરેજી અને લુટફાટ માટે જાહેર ઢોંગી ખબર બાહેર પાડવામાં આવી હતી કે કેટલાક સ્વરાજના મુખીઓ રડયા ! (પારસી સ્વરાજીઓએ પણ તેમ કીધું કે તે જણાવવામાં આવ્યું નથી) પણ ખરેખર રડયા હોય તો કોણ માટે ? શું તેમના દુષ્ટ વીચારોની સામે બનારસીઓના નાશ માટે ? ખચ્ચીતજ નહી ! ફક્ત બેવકુફના બેવકુફોજ તે માની શકશે. એ તો

સ્વરાજી પક્ષે રચેલાં કાવતરાંના તેમનીજ પક્ષવાલાઓ વાજબી બ્રીટીશ લશ્કરી શીક્ષાથી ભોગ થયા અને પકડાયા, તેમનેજ માટે; પણ જો ખરેખર રડયાં હોય તો પછી જે રીતીઓને લીધે એવું પરીણામ નીપજ્યું હતું, તેજ રીતીઓ પાછી ચાલુ કેમ રાખે છે? શું તેઓ પોતે સંભાલ રાખી સપડાતાં નથી તે માટે? એક માપલા ખુનીએ વડાઇથી જણાવ્યું કે તેણે પંચોતેર હીંદુઓના ખુનો કીધાં. શું આ "તેજ" કામ? વળી કેટલાક ઉંધી અકકલનાં યા મતલબીઆંઓ કહે છે કે સ્વરાજી મુખીઓની પુઠે ચાલનારાં લાખો ગુલામડાંઓ છે. હશે! તેમ તો કરપીણુ નાના સાહેબ યા ઢોંડુ પંત, વાસુદેવ બળવંત, ધીંગરા વગેરેના શું થોડા હીમાયતીઓ હતા? નીરો અને જેકાકના પણ શું કમી હતા? હડતાલો, દમદાટી, લુટફાટ અને લાગારૂપે તેમના અપવીત્ર ફંડોમાં વધારો કરવાની તેમની રીતીઓ લગભગ દરેક દેશીને માલમ હોવીજ જોઇએ. તેઓ જાણે છેજ કે તેમની પેહેલી અને છેલ્લી રીતીથી ગરીબ માણસોના ખાધા પીવાની દરરોજની જરૂરયાત ચીજોના ભાવોમાં કેટલેક અંશે વધારો થયો છે. એજ દેખાડે છે કે સ્વરાજી મુખીઓ ખરેખરા કેવા દેશ હીતકારી છે. જલ્યાનવાલા બાગ! આગલથી સ્વરાજીઓએજ રચેલો બલવો દાબી દેવા વાજબી રીતે બલવાખોરોને શીક્ષા કીધી (લેકીન, બલવાખોરો હારી જ્યારે પાછા ફરતા હતા ત્યારે વધુ શીક્ષા અટકાવવી જોઇતી હતી. એ દરેક કબુલ કરશે છતાં) પણ એ બલવા જગાડવા જે બદમાસોએ આગમચથી ઉશ્કેરણીઓ કીધી, તાગરો રચ્યો, લખાણો કીધાં, તેમને માટે ચુપકીડી કેમ અખત્યાર કરવામાં આવી છે? ખુદ મુંબાઇમાં એ બલવાની સતર દહાડા અગાડી તે તરફ થનારાં કાંઇ ભયભીત રમખાણોની અફવાઓ ચાલુ રહેલી હતી, તેજ દખાડે છે કે એ અજીબ ગુનાહના કરાવનારાઓ મુંબઇમાંનાજ હોવા જોઇએ. તા. ૧૭ મી નવેમ્બર ૧૯૨૧ના મુંબઇના થનારાં હુલ્લડની અફવાઓ દોઢ અઠવાડયાં (તા. ૫મી) આગમચ મુંબઇના દેશીઓમાં ફેલાયલી હતી, પણ તે દીવસ તા૦ ૧૮ મી માટે બોલાતો હતો, એ પણ શું દેખાડે છે? કે ખુદ મુંબઇજ એવાં પ્રપંચોનું ધામ હોવું જોઇએ.

પણ એ બીનાઓ હાલ તરત પડતી મેલી "એક કરોડ રૂપ્યામાં સ્વરાજ!" ની મુળ બાબત પર આવીશું. આ એક ખ્રિ૦ સ૦ ૧૮૧૬–૧૮માં બનેલો મરાઠા વતારીખનો સફો છે.

તા. ૨૫ મી અકટોબર ૧૮૦૨ માં લોની અને હડપસર વચ્ચે યશવંતરાવ હોલકર અને સીંધીઆ વચ્ચે ચાલેલી લડાઇને પરીણામે હોલકરની જીત થવાથી બીજો બાજીરાવ પેશવા પોતાના સાત હજાર મરાઠા લશ્કર સાથે સીંહગઢ નાસી ગયો હતો, અને લડાઇના દંડ તરીકે હોલકરે મહીના સુધી પુના શેહરને લુટ્યું; છેલ્લાં, જાણીતા ચીંતુપંત તથા વીઠ્ઠુનાથપંતને કામે લગાડી પૈસાદારો તથા મધ્યમ વર્ગ પાસેથી મોટી રકમો મેલવ્યા પછીજ લુટાણું બંધ કરાવ્યું હતું.

સીંધ્યા સાથે હોલકર લડતો પુના નજદીક સનગમ આગળ જઇ લાગ્યો, જ્યાં હુશીઆરી જાપરી ઘણી સરસ રીતે કરનલ કલોઝે રેસીડન્સીનો બ્રીટીશ વાવટો સર્વે જોય તેમ ફડફડાવી મેલ્યો હતો. આ જોઇ ઘોડેસ્વાર હરીફ લશ્કરોએ વધુ આગલ પગલાં ભરવાનું પડતું મેલ્યું. બીજા હાથ પર સીંહગઢના અજીત ગણાતા ઉંચા કીલ્લામાં ત્રણ દીવસ આસરો લઇ બાજીરાવે રાયગઢ તરફ કડમ ફેરવ્યાં, ત્યાંથી તે મહાડ નાઠો, અને ત્યાંથી બ્રીટીશ સરકારનો આસરો લેવા માટે મુંબઇમાં રૂકો મોકલ્યો. હોલકરનું લશ્કર તેની પુઠે લાગેલું સમજી સેવરન દુરગના

ડીલ્લામાં પોતાના લશકર સાથે બાજીરાવ જઇ ભરાયો. અહીં પણ થોડા દીન પછી તેવીજ ખબર સાંભળી રેવાદાંડા નાઠો. અહીં પેશવાની આગ્નુજીથી મુંબઇની બ્રીટીશ સરકારે તેને અને તેના માણુસોને લઇ આવવા એક બારકસ મોકલ્યું હતું, તેમાં સ્વાર થઇ તા. ૬ ઠી ડીસેમ્બર ૧૮૦૨માં વસઇ ખાતે બ્રીટીશ પનાહ હેઠલ જઇ લાગ્યો, જ્યાં તેજ દીને કરનલ કલોઝ પણ તેને જઇ મલ્યો. આ ઠેકાણે બાજીરાવ પેશવાને મરાઠા તખ્ત પર લાવી બેસાડવા મદદ કરવા માટે તા. ૩૧મી ડીસેમ્બર ૧૮૦૨માં પેશવાએ કેટલીક સરતો કબુલ કરી બ્રીટીશો સાથે કરારનામું કીધું, જેને વસઇનું કરારનામું કહે છે. પણ આ કરારનામું કર્યાં પછી અને બ્રીટીશ પનાહમાં રહેવા છતાં તેના ખવાશ પ્રમાણે કરારનામાનું ઉલંગન કરી સીંધ્યા અને રગુજી ભોસલે પર છુપી રીતે પુના પર ધસી જવા હુકમો મોકલ્યા જે પાછલથી ખરકીની લડાઇ પછી શનવાર વાડાના મેહેલમાંથી બ્રીટીશો હાથ આવ્યા હતા. તેણે ધાર્યું કે વસાઇના કરારનામાંનો સદંતર અનાદર સીંધ્યા તથા ભોસલે કર્યાં વગર રહેશે નહી, અને તે રીતે, વખત આવવે, આ ખતપતી પેશવા તેનો લાભ લઇ રદ બાતલ ઠેરવશે. પેશવાઓનાં છળ કપટો અને દગાબાજી કયો તવારીખ જાણનાર નથી જાણતો ? બ્રીટીશો સામે ભોંસલેનો ધીક્કાર તો જાણીતોજ હતો. એટલે પેશવા તરફથી મળેલા છુપા સંદેશાઓને આધારે સીંધ્યાએ પોતાના વડા પ્રધાન યાડવરાવ ભાશકરને ભોંસલાની છાવણીમાં મરાઠા રાજ્યોનું એકત્ર જોડાણ કરી **બ્રીટીશોને હાંકી** કાધવા ગોઠવણ કરવા મોકલ્યો. બન્ને જણાઓ બ્રીટીશોને ઠાપ આપવી ચાલુ રાખીને ગુપચુપ લશકરી તૈયારીઓ કરતા ગયા.

બીજા હાથ પર બીજાંજ કરારનામાંની સરતોની રૂએ નીઝામની મદદ સાથે કરનલ સ્તીવનસન અને જેનરલ વેલેસ્લીના ઉપરીપણા હેઠળ બ્રીટીશ લશ્કર બાજીરાવને પાછો પુનાના મસનદ પર બેસાડવા તે તરફ કુચ કરી ગયું. બત્રીશ કલાકની કુચમાં સાહઠ મૈલ જેનરલ વેલેસ્લીએ લશકર સાથે કાપ્યા અને તા. ૨૦ મી એપ્રીલે પુને પુગ્યો; બારસો યુરોપ્યન અને અગ્યારસો દેસી પાયદલ લશકર સાથે વસઇથી ઉપડેલો બાજીરાવ પુને ગયો અને **બ્રીટીશોની પનાહ હેઠળ** તા. ૧૩ મી મે ૧૮૦૩ માં પેશવા દાખલ મસનદ પર આખરે બેઠો. હવે પછીના બનાવ માટે એ સઘળું જાણવા જરૂરનું હોવાથીજ આ ટુંક તવારીખ અને નીચલો વાકય લખ્યો છે.

ઇ૦ સ૦ ૧૭૮૮ માં દીલ્હીની મોગલ શેહેનશાહી પાદશાહત દરબારી માહોમાહેની ખટપટને લીધે, એટલી તો નબળી પડી હતી કે તે વરસની અધવચ્ચે ગોલામ કાદીર નામના સરદારે ખજાનો, પાદશાહી જનાનો તથા મેહેલ ઉપ્રાંત દીલ્હી શેહેર બે માસ સુધી લુટી તથા ત્યાં ભયંકાર ખુનરેજી ચલાવીને નહી ધરાતાં શાહઆલમ પાદશાહને તખ્ત પરથી ઉઠાડી મેલી તે બાપડાની બન્ને આંખો પોતાના ખંજરથી ખાંચાઓમાંથી ખેંચી કાઢી, એટલુંજ નહી પણ આ રાક્ષસે બાપડા પાદશાહના ઝનાનાની કમનસીબ બાનુઓ પર ભર રસ્તે અને મેદાને આલાબ ગુજરાતી બેહુરમત કીધી હતી; આખરે જ્યારે મરાઠા લશકર ત્યાં જઇ લાગ્યું ત્યા૦ રેજ એ બાપડાંઓનો છુટકો થયો હતો. આ વખત પછી દહાડે દહાડે ઇસ્લામી પાદશાહત વધુ નબળી થતી ચાલી અને મરાઠા તથા બીજા હીંદુઓ વધુ પગભર થતા ચાલ્યા; તે વખ૦ તને હીંદુઓ "સ્વરાજ" મલ્યું કરી ગણવા લાગ્યા. પણ એ "સ્વરાજ" દરમ્યાન કેટલી અસંખ્ય ખુના મરકીઓ, લુટફાટો, જબરદસ્તીઓ, ઇ૦ દરરોજ ચાલ્યા કીધી તે તો તે વખ૦

તના ખુદ ઇસ્લામી તેમજ હીંદ લખનારાઓ જે હેવાલ લખી ગયા છે તે પરથી જણાશે. વાંચો ઇલીયટ્સ "હીસ્તોરીઅન્સ હીસ્તરી;" ગ્રાંટ ડફ્સ "હીસ્તરી ઓવ મરાઠા;" પરસનીસ, સરકાર, કફીખાન, ભંડારકર, રાનાડે, ડાભાડે વગેરેના પુસ્તકો.

બ્રીટીશે બાજીરાવ પેશ્વાને મસનદ પર બેસાડયા તે વખતે સર્વોતમ દીલ્હી પાદશાહત નહી જેવી હતી તે આપણે જોઇ ચુક્યાં છીએ; તેને લીધેજ પેશ્વાઓ ઉપ્રાંત બ્રાહ્મણી તેમજ બીજા ક્રુર અંમલદારો રાંક રૈયત પર જેમ ગમે તેમ જબરદસ્તી અને ખુનો કરાવતા હતા, એટલુંજ નહી પણ માણુસાઇ દુશમનો–પીંઢારીઓ તથા ઠગો–સાથે ખાનગી રીતે ભાગ રાખતા હતા. દહાડે દહાડે પેશવા અને તેના અમલદારોની આપખુદી અને ખુનરેજી એટલી વધી ગઇ કે તેથી હીમતવાન બની ખુદ બ્રીટીશોને હીંદુસ્થાનમાંથી હાંકી કાઢવા પેશ્વા, તેના સેનાપતી ગોકલા, ત્રીમ્બકજી દાંગલીઆ, પીંઢારા તથા ઠગોની ટોલીઓના સરદારો, નાગપુર, બીરાર, જોધપુર, હોલકર, સીંધ્યા, માઇસોરના હીંદુ રાજાઓ, સરદારો વગેરે સાથે ગુપચુપ છુપું કાવતરૂં ગોકલા સેનાપતીની આગેવાની હેઠલ રચવામાં આવ્યું (ઇ૦ સ૦ ૧૮૧૬–૧૮), અને આ "સ્વરાજ"ના કામ માટે બ્રીટીશ વગેરે લશ્કરો તથા પોલીસ ફોજો અને દેશી બ્રીટીશ ઓધેદારોમાં લાંચ આપવા એક કરોડ રૂપ્યા નીમકહરામ પેશ્વાએ ખાનગી રીતે બાપુ ગોકલાને આપ્યા. આ "સ્વરાજ"ના કામની શરૂઆત પારવતી ટેકડીના પવીત્ર ગણાતાં શીખર પરથી કરવામાં આવી, કે જે શીખર તલેટીથી બસો સોલ ફીટ ઉંચું છે, અને એ ટેકડી પુનાની હાલની વડી ટપાલ ઓફીસથી સાડાત્રણ મૈલ પર સંકર શેઠ રોડને છેડે આવેલી છે.

દશેરાનો તે દીવસ (તા. ૫ મી નવેમ્બર ૧૮૧૭) હતો. છેલ્લો પેશ્વા બાજીરાવ આ પારબતીના દેહેરામાં પુંજા કરતો અને બ્રાહ્મણો પાસે કરાવતો હતો, ત્યારે તેના સેનાપતી ગોકલાની સલાહને આધીન થઇ બ્રીટીશ લશકરની પોતાના બચાવમાં ઉભું રહેવાની નવી ગોઠવણ નીરમુળ કરાવવા બ્રીટીશ રેસીડંટ મોનસ્ટુઅરટ એલ્ફીન્સટન પર, તે અટકાવવા માટે, અપમાન ભર્યો પેગામ મોકલ્યો; આ પેલા "સ્વરાજ"નું પહેલું અને મરાઠા દેશ માટે આફતકારક પગલું હતું. જે બ્રીટીશ રાજે તેને દયાથી આસરો આપ્યો તેનેજ બેવફા થયો. માયાલુ બ્રીટીશ રેસીડંતની ઘણી બાબદોમાં નાખતીને તે, દેશી રીત પ્રમાણે, નબલાઇ સમજ્યો. હાલ પણ તેવોજ મામલો આપણે જોઇએ છીએ. બ્રીટીશોની સંખ્યા મરાઠા લશકર આગળ સરખાવતાં ઘઉંમાં કાંકરા મીસાલ હતી, તેથી સેનાધીપતી ગોકલા તેનો લાભ લેવા તલપી રહેલો હતો. વળી બ્રીટીશોને હીંદમાંથી હાંકી કાઢવાની મરાઠા રાજ્યોની એક સંપીતું ફળ ચાખવાનું હતું. શું આ ટેકડી પરનાં દેવ દેવીઓ તે માટે મદદ નહી આવે? બ્રાહ્મણો અને ગોકલા સાથે, ક્રુર પણ વેહેમી, બીજા બાજીરાવની પણ તે માટે પુર ખાતરીજ હતી કે જે વખત જતો તેમાં બ્રીટીશ સત્તાના દહાડા ગણાઇ ચુકયા હતા. દેવ દેવીઓને ભાંગી તોડી નખાવનાર એસ્યાતીક ઇસ્લામીઓની બીના તેઓ વદન ભુલીજ ગયા હતા, યા નવી બદનીષ્ટાની હોંશમાં ભુલી જવાનો દેખાવ કરી રહ્યા હતા. પણ બીજી બાજુ બ્રીટીશ રેસીડંત બાહોશ મી૦ એલ્ફીન્સટન (જે પાછળથી મુંબઇનો ગવરનર થયો હતો) કાંઇ ખાંડયો જાય તેમ નહી હતું. તેને સેજસાજ માલમ હતું કે તેના જુજ દેશી લશકરીઓને મોટી લાંચો પેલા એક કરોડ રૂપ્યામાંથી આપી ફોડવાની યાને ના ફરમાન થવાની કોશેશ કરવામાં આવી હતી. તેણે પેશ્વાને પારવતી પર સામો જવાબ મોકલ્યો કે

પીંઢારીઓને જેર કરવા ઠરાવેલા મુજબ પેશવા જે લશકર મોકલવાનો હતો, ત્યાં મોકલી પેશવાઇ લશકરનું ગત તેમાં રોકેલું રાખવું; જો કે બ્રીટીશ લશકરના કેટલાક અમલદારોને સેજ આગમચ બાતમી મળી હતી કે પેલા એક કરોડ રૂપ્યામાંથી તો એ પીંઢારીઓને જરૂરની વખતે પેશવા તરફથી લડવા આવવા તૈયાર રાખેલા હતા. તે વખતે રેસીડંત તે માટે શકમંદ હતો. તો પણ આરબ, સીદી, ફરેંચ, મોગળ, મુસલમાન, ગુજરાતી, ફીરંગીઓ અને મરાઠાઓથી રચાયલાં પેશવાઇ લશકરની જબરી મોટી સંખ્યા અને ચઉઃ મોટી તોપો જોઇ રેસીડન્સી ભડક છોડી જવાનું વાજબી પગલું એલ્ફીનસ્ટને લીધું, અને ખરકી આગલ પોતાનું નહી જેવું નાનું લશકર લઇ ગયો. આસપાસની સરવે ટેકડીઓ પર પેશવાઇ લશકર જીતની હોંશમાં ધમાધમી કરી રહ્યું હતું. પારવતી પરથી તથા શનવારવાડાનાં નગારાં ખાનાંમાંથી જબરદસ્ત નગારાંઓ ઠોકાતાં હતાં. "જરી પટકા" અને નાના "ભગવા જીન્દા" વાવટાઓ ફડફડી રહ્યા હતા. આ દીવસે ખેતરોમાં અનાજ વગેરે વાવેતર તૈયાર થઇ દાંડાઓ પર જુમાઇ રહેલું હતું. શેહેરમાં હાથીઓ અને ઘોડાઓની અલગાર પર અલગાર ચાલુ રહી હતી. બ્રાહ્મણો અને ગોસાંવીઓ, [ત્રીમ્બકજી ડાંગલ્યા અને ગોકલા વગેરેની પેડેજ,] મુચ્છ પર તાવ દેતા ફરતા યા લુટતા હતા; નીરદોસોની ખુનરેજી ચલાવવામાં પણ કમી નહી હતા. તમામ રેહેવાસીઓ સોલમે વરસે પાછી પારવતી પરથી નીકળેલી આ ન ધારેલી આફત જોઇ હેબત મારી ગયાં હતાં. કેટલાંક તો ધારતીના મારીઆં યા આગામ ગુજારવાથી ઘેલાંગાંડાં થઇ આમતેમ ફરતાં હતાં, જો કે હજી પેશવાઇ રાજ હતું.

બીજા હાથ પર કેપ્ટન ફોરડ, લેફ્ટનન્ટ કરનલ બર્ર, વગેરે જેવા બહાદુર બ્રીટીશો હીમ્મતથી, પેશવાઇ સરદાર ફરંગી ડીપેન્તો, નારૂપંત આપ્તે, માહદુરાવ રાસ્તીઆ, આબા પુરન્દરી, ત્રીમ્બકજી, ગોકલા, પ્રધાન મોરો દીક્ષીત વગેરે સામે પોતાનું જુજ લશકર છતાં લડયા. ઉપલા મરાઠા જોદ્ધાઓ 'જરી પટકા' સાથે ૭ હજાર ચુનંદા ઘોડેસ્વારોની ટુકડીઓ સાથે પેહેલાં લડવા આવ્યા હતા. અફતા તફડીમાં ખેતરોમાંનું વાવેતર તો જાણે સહાયક થયું હતું. પેશવાઇ અમલદાર ફીરંગી ડી પેન્તોએ લશકરી ઠગબાજી ઘણીએ ચલાવી, છતાં તે દહાડેના અન્જામ માટે ગોકલાનાજ શબ્દો પ્રસંગોપાત થઇ પડશે. પણ તે અગાડી કલમનો ઘોડો આ ખુનખાર ઝપાઝપીનું બયાન આપવા આગલ કડપટાવીશું.

"હર હર માહાદેવ! અલ્લાહો અકબર! દીન! દીન!" પોકારોથી તમામ પેશવાઇ લશકર જાણે તીડોનાં ટોલાં માફક ટેકડીઓ અને છુપાવાની જગ્યાઓમાંથી બ્રીટીશોને હીંદમાંથી હાંકી કાઢવા બાહેર આવી મેદાને પડયું. પારવતી દેવી અને તેની સાથના બીજા દેવો ઉંચાન જગેથી આનંદમાં તેમના ચાહકો કરમો શું જોતાં નહી હશે? એ ગોરાઓ કોણ? બાજીરાવ બીજાને બલે બ્રીટીશોએ પોતાનું લોહી રેડી પેશવાઇ ગાદી પર બેસાડયો, પણ મુંગે મહોડે દુઃખ સહન કરનારા દેશીઓને પેશવાઇ દેશી અમલદારોના જુલમાતમાંથી ઉગારવાનો બ્રીટીશોને શો હક? દેશીઓના બાબમાં એ તો પાંડવ કૌરવના વખતથી થતુંજ આવ્યું છે. પેશવા મહારાજે એક કરોડ રૂપ્યા ગોકલાને આપ્યા પણ સાથે વળી તે એકલાને ગમે તે કરે તે માટે પોતાની સહી સાથનો દસ્તાવેજ લખી આપી તેનો તે ગુલામડો વટીક બન્યો તે શું ફોકટ? ગોકલા, ત્રીમ્બકજી અને બાજીરાવના શીશુએ અત્યાર સુધી સર માલકમ અને એલ્ફીનસ્તન સાહેબોને પીંઢારાઓની બાબદમાં ઠગ્યા કીધા, તે શું ફોકટ જાય? હમેશને માટેસ

નહી હતું, પણ દેશીઓને તો માલમજ હતું કે આ નાતરસી ખુની પીંઢારીઓને બ્રીટીશો સામે લડાઇ કરવા સાત મહીના જેટલો પગાર આગ પર આપેલો હતો, પણ તેજ વખતે ડોલ ઘાલી મરાઠા બચ્ચાઓએ એ પીંઢારાઓ સામે જાહેરમાં તીરસ્કાર દેખાડવાનું અને તેમને દાબી નાખવાના ઢોંગો ચાલુ રાખ્યા હતા. એ તો હલકા દેશીઓના બાબમાં બાપદાદેથી ચાલી આવ્યું છે અને અત્યાર સુધી છેજ. વળી હોલકર, સીંધ્યા, બીરાર. સતારા, નાગપુર, માલ્હસોર, જોધપુર, ૪૦ હીંદુ રાજ્યોના અજીત લશ્કરો કયાં ગયાં ? ઇંગ્રેજ સરકાર તરફથીજ એક હજાર રૂપ્યાનું માસીક પેન્શન ખાનારા જેસવંતરાવ ઘોરેપુરેને મોટી લાંચ આપી છુપી રીતે દામે લગાડી બ્રીટીશ મોટા અમલદારોને ડાપ આપવી જે ચાલુ રાખી હતી તેનો અંત આખરે તે દીવસની અફડા તફડીએ આણ્યો. બીજા હાથ પર મરાઠા રાજ્યના ખરા ખેરખાહો પણ હતા, પણ તે બહુજ જુજ. દાખલા તરીકે બાલાજી પંત નાથુ તદન સ્વતંત્ર ખવાસનો બ્રાહ્મણજ હતો, જેણે આવતી આફત માટે અગાડીથી પોતાના ઓળખીતા બ્રીટીશ અમલદારો આગળ ઇશારાઓ કરવા ચાલુ રાખ્યું હતું. તે વરસના દશેરાના દીવસથી એ ભોળા અજ્ઞાન અમલદારોની શુદ્ધી ઉઘડી. જ્યારે મામલો છેલ્લે પાતલે થયો ત્યારે ! કે જે વેળા તે વેળાની કરત ટંટવા કંપનીનું તે બાજુ ફકત આઠસો યુરોપ્યન અને અઠાવીસસો દેશી લશ્કર શાંતીથી છાવણી નાખી પડેલું હતું બીજા હાથ પર તે વેળા પચરંગી કોમોથી પીંઢારાઓ સાથે—બનેલું મરાઠા લશ્કર છવીશ હજારનું બનેલું મરાઠા બખબરો યાને દફતરો જણાવે છે. કહે છે કે ઉપર લખેલા દીવસની આગલે દીને (યાને તા. ૪ થી નવેમ્બર ૧૮૧૭) કેપ્ટન ફોર્ડ અને ડોકટર કોત્સ શીવાય દરેક બ્રીટીશને તરેહવાર રીતે મારી નખાવવા છુપો પેશવાઇ હુકમ નીકળ્યો હતો. કેપ્ટન ફોર્ડને બાપુ ગોકલા સાથે સારી દોસ્તી હતી તેથી, અને તબીબ કોતસે પેશવાની બીમારીઓ વખતે સારો કીધો હતો તેથી ! ફોર્ડને જેવી આ કાવતરાની ખબર મળી કે ઘટતે ઠેકાણે ગુપચુપ ખુલ્લું કરવાના ઝડપી ઇલાજો તેણે લીધા. જેનરલ સ્મીથને પણ ચાર દીવસ આગમચથી છુપી બાતમી મળ્યાથી ધસુપસુ વડી સત્તાના હુકમની રાહ જોયા બદલે હુંશીઆરીથી તેણે બચાવ માટે તતકાળ ઉપાયો લીધા. તેણે ગોદાવરી પરના ફુલટામ્બા ખાતે નાનું લશકર ભેગું કીધું અને એક ટુકડીને સીરૂર તરફ રવાને કીધી. રેસીડંટ એલ્ફીન્સ્ટનને કહેવાડયું કે તેમનાં વચ્ચેનો ચીઠીપત્રનો વહેવાર જો અટકે તો પેશવાઇ લશકરે લડાઇ શરૂ કીધી કરી માની લઇશ. તા. ૩ જી નવેમ્બરે એલ્ફીન્સ્તને બ્રીટીશ લશકરના સીરૂર છાવણી નાખી પડેલા મોટા ભાગને પુને બોલાવ્યો. તેની હીલચાલની ખબર ત્રીમ્બકજી અને ગોકલા તરફથી પેશવાને પારવતી દેહેડાં પર મળી અને તેને આધારે વધુ વખત ઢીલ નહી કરવાના ઇરાદાથી લડાઇ માટે નગારાં ઠોકવામાં આવ્યાં, પણ તેજ વેળા પેગામચીઓ મોકલી એલ્ફીનસ્ટનને વધુ ડાપ આપવાનું ચાલુજ રાખ્યું. પણ આ વખતે રેસીડંટ વગેરે બ્રીટીશ અમલદારોની આંખ્યો ખુલ્લી ઉઘડી હતી, મોટા ગણાતા કેટલાક કપતી દેશીઓ પર કેટલો ભરોસો મુકવો તે તેમને હવેજ માલમ પડયું. ભલો ભોળા દીલનો સર જોન માલકમ પણ હવે ખબરદાર બન્યો. તે એક મહાન મુસાફર હતો, છતાં આ મરાઠા ગુપ્ત એકસપી માટે કેમ ભેપરવા રહ્યો તે સમજી શકાતું નથી. દેશીઓની ડાપ આપવાની તરેહવાર રીતોનું તે ફકત પરીણામ હતું.

તે દીવસની ખુનખાર ઝપાઝપીનો વીગતવાર હેવાલ વાંચનારને સર જોન માલકમ, ગ્રાંટ ડફ, કીન્કેડ, પરસનીસ, સરકાર, વગેરેના પુસ્તકોથી મળશે.

ફક્ત અહીં એટલોજ ઇશારો કરવો પુરતો થઇ પડશે કે મરાઠી પ્રખ્યાત ઝુંડા "જરી પટકા" (ઇરાની "કાવ્યાની ઝુંડા" જેવો) લડાઇના મેદાનમાં લઇ જતી વેળા શરૂઆતમાં તેની કાઠી આગળથી ભાંગ્યો, જેને વેહેમી મરાઠાઓએ અપસગન ગણ્યા. પણ ખરેખર! તે દીવસની ઝપાઝપીઓથી અજીત્ય ગણાતા મરાઠા રાજ્યના બરડાનો કાંઠો ભાંગી ગયો હતો, અને તે પણ બ્રીટીશો કરતાં સાડાસાત ઘણું વધારે લશકર અને જબરદસ્ત ખાનખરાબીના હથ્યારો છતાં. કરનલ બરરની એક બાજુ લકવાથી પીડાતી હતી, છતાં લડાઇની હરોળમાં તે જણાતો હતો. તેની નજદીકમાં તેના બે ખીદમતગારો માર્યા ગયા; તેનાં પોતીકા ઘોડાના માથાં પર ગોળી લાગી અને બીજી તેની ટોપીમાંથી પસાર થઇ હતી. કેપ્ટન ફોર્ડની ટુકડીમાંથી લાંચ રૂસ્વત અને તેમના કુટુમ્બો સાથે વહેવાર નહી રાખવાની યાને અસહકાર કરવાની દેશી બદમાસોથી ધમકીથી ડરી જઇ મરાઠાઓ બેવફા બની ચાલી ગયા, એટલુંજ નહી પણ નવા રહેલા દેશીઓ પણ અળગા થવાથી તેમને એ બહાદુર સરદારે તુરતા તુરત રજાચીઠ્ઠી આપી. ખરકીની આ લડાઇમાં આઠસો યુરોપ્યનો અને ઘણામાં ગણા અઠાવીસ સો દેશી લશકરીઓએ બ્રીટીશો તરફથી ભાગ લઇ ચઉદ મોટી ટોપો વાલાં છત્રીસ હજાર માણસના મરાઠા લશકરને સખ્ત સીકસત આપી હતી. બ્રીટીશોના છેયાસી જોદ્ધાઓ માર્યા ગયા હતા, જેમાં ડાબી બાજુથી લડતા છપન દેશીઓ હતા. બીજા હાથ પર માર્યા ગયલા તથા ઘાયલ થયલા મરાઠા પાંચસો લશકરીઓની ખુવારી મરાઠા બખરોમાં નોંધાયલી છે. બીચારો મોરો દક્ષીત પોતાનાજ મીત્ર કેપ્ટન ફોર્ડના લશકરની એક ગોળીથી ઘાયલ થયો હતો, જે રાજ કાયદા મુજબ પેશવા તરફથી લડાઇમાં જોડાયો હતો.

બ્રીટીશ એલચી ખાતું તો તેમાંના સરસ દેશી પુસ્તકખાના સાથે આ લડાઇ આગમચ લુંટીને બાળી નાખવામાં આવ્યું હતું. હીંદ તવારીખના પુસકલ કીમ્મતી હાથ પુસ્તકો એમાં હતાં. બ્રીટીશ દેશી લશકરના જે પણ કુટુમ્બીઓ શેહેરમાં મરાઠાઓ અને તેમની પક્ષનાઓના હાથમાં આવતાં તેમને લુટી બે ધડક ઘાતકી રીતે મારી નાખતાં હતાં. ખુદ બ્રીટીશોની ઘોરો વતીક ઉખેડી નાખી ચુંથી પીખી નાખવામાં આ બદમાસ દેશીઓ મજાહ માનતા હતાં એ સઘળું પેલા પ્રખ્યાત એક કરોડ રૂપીયાના પ્રતાપે હતું. છતાં બંધવા દાખલ પકડાયલા અને શેહેરમાં ઘેરાયલા ગણતરીના થોડા જાણીતાઓને ચોકક્સ શરતોએ બ્રીટીશ છાવણીમાં પાછા ફરવા હારકા પેશવાએ પરવાનગી આપી હતી. પુના શહેરમાં ઘેરાયલાઓમાં એલચી એલ્ફીન્સટનનો મુનશી હતો. પોતાના ઘરના બચાવ અરથે રખેવાળી દાખલ તેણે આરબોની એક ટુકડી રાખી હતી. લડાઇ તાંકણે જ્યારે તેના ઘર પર લુચ્ચા લફંગાઓએ હલ્લા શરૂ કીધા ત્યારે થોડા દહાડા સુધી તેઓએ હીમ્મતથી બચાવ કીધો; આખરે ગોકલા સેનાપતીએ મુનશીને કબુલાત આપી પોતા આગળ બોલાવ્યો. મુલાકાત વેળા ઘણા શખ્સો હાજર હતા. મુનશીને ગોકલાએ એક દસ્તાવેજ નાંડેલા પેશવા બાજીરાવની સહી સાથનો દેખાડયો, જેમાં આ સેનાપતીને ગમે તે કરવાની છુટ આપી હતી. આ ગુલામી ખત દેખાડયા પછી થોડીક પરચુરણ વાત કરી કહ્યું:— "તારો શેઠ મારો જુનો મીત્ર હોવાથી શેહેરમાં મેં તુંને આસરો આપ્યો. હવે આપણે અકેકના દુશમનો છઇએ. કોણ ફાવે છે તે હવે જોવાનું છે. પાસો નખાઇ ચુકયો છે (યાને ખરકીની લડાઇ થઇ ચુકી હતી). જો કે હું ધારતો હતો તે કરતાં ઉલટુંજ પરીણામ શરૂઆતમાં આવ્યું છે, પણ તારા શેઠને જણાવ કે ઠેઠ વેર અમે પુરા

લડીશું. તલવારો હાથમાં રાખી જીવ જશે ત્યાં સુધી અમો લડીશું, લડીશું અને લડીશું."

એક કરોડ રૂપીઆમાં હીંદમાંથી બ્રીટીશોને હાંકી કાઢવાનો ફાંકો રાખનાર પહેલાં ગ અક્ષર ધરાવતા આ ગોકલાના શબ્દો હતા. હાલના વખતનું કેવું મળતાપણું ? વળી ગુલામી ખત પણ ! બ્રીટીશો કરોડો રૂપીઆ ખરચી તમામ દુન્યાના માણસાઇ ગુલામોને છુટાપણું બક્ષીને જાવેદાન નામના મુકી ગયા છે, જ્યારે હાલના વખતના અજ્ઞાનો કહો યા બદમાસો કહો યા આપ મતલબી કહો ગુલામો બનવા આતુર બનેલાં જણાવવામાં આવે છે.

આપણે ખરકીની લડાઇની ચાર દીવસ આગમચથી બાતમી મેળવનાર જેનરલ સ્મીઠ માટે ઉપર લખી ગયા છીએ. એલચી સાથનો દસ્તાવેજી સંબંધ તુટી ગયલો જણાતાંજ તે શુરો સીરૂર છોડી પુને આવવા નીકળ્યો. રસ્તામાં મરાઠા ઘોડેસ્વાર લશકરીઓ સાથે ઝપાઝપીઓ થવા કીધી. તેની પાસે ઘોડેસ્વારોની અછત હતી. આખરે તે તા. ૧૩ મીએ પુનાની સરહદે જઇ લાગ્યો. અહીં પેશવાઇ જોર જુલમથી ત્રાસ પામી ગયલા કેટલાક જાગીરદારો પોતાના લશકરીઓ સાથે સામેલ થયા. તા. ૧૬ મીની સાંજે નાળું ઓળંગી ગોરપુરે ગામમાં જવા એક ટુકડીને તેણે રવાના કીધી, જેમ કરતાં મારીયા ગયલા તથા ઘાયલ થયલા ચોરીયાસી માણસ તેને ગુમાવવા પડયા, પણ રાત્રીએ તેમને કોઇએ હેરાન કીધા નહી. બીજે દીને સહવારના ધુમસ વીખરાવા માંડતાં તે આગળ વધ્યો, અને પેશવાઇ લશકરની છાવણી આગળ જઇ પુગતાં તેને તે પેશવાઇ લશકરીઓએ છોડી દીધેલી જણાઇ. બ્રીટીશોને હીંદમાંથી હાંકી કાઢવાનો ફાંકો રાખનારા ગોકલા અને બાજીરાવ બન્ને (હીમાલયને બદલે) સતારાના ઉંચા પહાડ પર નાશી ગયા હતા. તે દીને યાને તારીખ સતરમી નવેમ્બરે (એટલે ખરકીની લડાઇ પછી બારમે દીને) તમામ શહેરનો કબજો જેનરલ સ્મીથે લીધો. થોડા વખતમાં તેની બાહોશીથી ખુનો અને લુટાફાટથી ધાસ્તી ખાઇ ગયલા પુનાવાસીઓમાં આશાનું કીરણ પ્રગટી નીકળ્યું. શાંતી અને સલાહ સંપજ થોડા કલાકમાંજ મોટે ભાગે પંઠરાઇ ગઇ. ખાપયા, કરૂર ખુની બ્રાહ્મણો, ગોસાંવીઓ અને જબુન કામો કરવા કામે લગાડેલા પર કોમી લો એકા એક દપટ મારી ગયા. જેનરલ સ્મીઠે શાંતી પકડી, પાંચ દીવસ પુને રહી, સીંઘ ૨૭ વાને કોનડાનાના ઉંચા કીલ્લાની આસપાસની કેટલીક તોપો પકડી. સતારાના રાજાને જોર જુલમથી પેશવા બાજીરાવ પોતા સાથે રાખતો હતો તે બીનાની માહીતી બ્રીટીશોને પડેલી હતી, તેથી માહોલી ખાતે પેશવાની પુઠે એક ટુકડી તા. ૨૨ મી નવેમ્બરે મોકલી, અને વાસોટા ખાતેથી સતારાના રાજા, તેની મા અને ભાઇઓને પોતાની છાવણીમાં લાવવા જેનરલ સ્મીઠે લશકરી ટુકડીઓ રવાના કીધી; પણ રાજા આવી પુગે તે આગમચ પેશવાની પુઠે સ્મીઠ માહોલી છોડી ગયો, જે પનડરપુર ભાગો. ત્યાંથી પેશવા નાશી જુનેરની ઉત્તરે આવેલા લાગ ઘાટ ચઢી બામનવારીમાં ભરાઇ બેઠો. આ ઠેકાણેની ખીણોમાં ત્રીમ્બકજી દાંગલ્યાએ લશકર આણી બચાવ કરવાનું બીડું ઝડપ્યું. અહીં સતારાના રાજા અને તેના કુટુમ્બને પણ તેમની મરજી ઉપરાંત લાવવામાં આવ્યું. તરેહવાર ઠેકાણેથી નાસતો આખરે પેશવા આશરે પચીસ હજાર આરબ, ગોસાંવી, મરાઠા વગેરેના લશકર સાથે ભીમા નદીના કીનારા પર આવેલાં કોરેગામ આગળ તા. ૧ લી જાનેવારી ૧૮૧૮ એ સવ સમારો જંગી સામી બાજુએ ઉંચી સલામત જગ્યે જોતો બેઠો. વચમાં ભીમા નદી હતી. ઇંગ્રેજી લશકર પાંચસો માણસનું બનેલું હતું, તેમાં ત્રણસો તો નવા ભાડુતીઓ હતા. આ ખુનખાર જંગમાં કેપ્ટન ફ્રાન્સીસ સ્ટાઉનટન, ક્વાર્ટરમાસ્ટર વીન્ગેટ, લેફટનંટ સ્વાનસ્ટન, સરજ્યન વાઇલી, લેફટ-

નરો ઓઝલોમ, ટોમાસ પેલીસન, જોનસ, વગેરેએ ઘણી બહાદુરી દેખાડી. જે પણ બ્રીટીશ ઘાયલ થયલો યા મરણ પામેલો પેસ્વાઇ લશ્કરીઓના હાથમાં સપડાતો તો તેનું ધડ શરીરથી છુટું પાડી નાખતા અને શરીર ચુંટી પીખી નાખતા. બ્રીટીશ તરફ પોની બસોની મરણ તથા જખ્મીની ખુવારી થઇ, જ્યારે પેશવાઇમાં પાંચસોથી છસો માણસોની હતી. કોરેગાંવનું ખુનખાર જંગ જ્યારે નવાં વરસ દહાડે ચાલતું હતું, ત્યારે પેસ્વા બાજીરાવ અધીરાઇથી પોતાની નજદીકના અમલદારોને તાણા મારતો "પેલા ગોકલા, આપા દેશાઇ અને ત્રીમ્બકજી (જેઓ જંગમાં મેદાને પડયા હતા) ની મોટે મ્હોંની દફાંસ કયાં ગઇ? પાંચસો બ્રીટીશોને જેર કરી નથી શકતા તો દીલ્હમાંથી કયાંથી હંકી કાઢવાના હતા?" સતારાના રાજાને પોતા સાથે રાખેલો હતો તેણે તપતા સુર્યથી બચવા આફતાબગીર વાળો પડદો મુંકયો. જે જોઇ તે કાઢી નાખવા પેસ્વાએ કહ્યું: "આ જોઇ ઇંગ્રેજો તરતજ એક ગોળો આ બાજુ છોડી વીંધી નાખશે."

કોરેગાંવથી પેસ્વા નાસી કરનાટીક તરફ નાઠો, જેની પુંઠે જનરલ પ્રીટઝલર પણ સાલ્પીઘાટ ઓલંગી ગયો. પણ ગુટપુરબા ખાતે પેસ્વા જઇ લાગતાં તે તરફનો મોટો વીસ્તાર ઇંગ્રેજોએ સ્વાધીન લીધેલો જોઇ અજબ થયો. આ કામ પેસ્વાઇ બેદાદીથી કાયર થયલી દેશી રૈયતની મદદથી બ્રીગેડીઅર-જેનરલ મનરોએ બજાવ્યું હતું. અહીંથી નાઠેલો એક સંપીમાં જોડાયલા માઇસોરના રાજાની પનાહમાં આસરો શોધવા પેસ્વા તે તરફ ગયો, પણ માર્ગમાં જેનરલો મનરો, પ્રીટઝલર અને સ્મીથના સપાટામાં ઘેરાયલો જોઇ સાલ્પીઘાટ ઓલંગી સોલાપુર તરફ નાઠો.

પણ પેસ્વાની અનેક દગાબાજી અને ઠાપબાજીની સર્વ બાબદો હવે પુરાવાઓ સાથે જ્યારે વાઇસરોય મારક્વીસ ઓફ હેસ્તીંગ્સને મળી. ત્યારેજ તે બાહોશ બ્રીટીશે એનો સમુલગો નાશ કરવાના દહાપણ ભર્યા ઠરાવથી પેસ્વાઇ રાજ્યનો અંત લાવવા નકકી કીધું. દેશી રાજ્યો અને દેશી મોટા અમલદારો અને ધર્મ ગુરૂઓના જુલમાત ભર્યાં કામોથી તમામ રૈયત કાયર થયલીજ હતી. એટલે શાંતી સ્થાપવા માટે રઇયત અત્યાર આગમચ પ્રખ્યાત થયલા બ્રીટીશોને પનાહમાં જવા આતુરમંદ હતી. ચપરખાંધા, બદમાસો અને ખુનીઓ સીવાય, દરેક રાંક રઇયત પાસે થોડી ઘણી દોલત સંઘરાની તો રાજા સાથે દેશી મોટા નાના અમલદારો લુટી લેવા, એટલુંજ નહી પણ બે ધડક કશી સજા વગર ખુનો વટીક કરવાં, તેનો તેમને કડવો અનુભવ શું નહી હતો? તેને લીધેજ તે બાપડાંઓ જમીન ખરીદવામાં દહાપણ સમજતાં. નાહસ્તા પેસ્વાની પુંઠે એક હાથ પર જ્યારે બ્રીટીશ લશ્કરનો એક ભાગ રોકાયલો હતો, ત્યારે બીજા હાથ પર મરાઠા રાજ્યની ધજાનું બીજું મુખ્ય મથક ગણાતા સતારાને જીતવા માટે બીજી બ્રીટીશ ટુકડી જેનરલ સ્મીથના ઉપરીપણા હેઠલ તા. ૭મી ફેબ્રુઆરી ૧૮૧૮ એ તે તરફ ગઇ. મરાઠાઓની નજરમાં આ કીલ્લો અજીત ગણાતો હતો, પણ તા. ૧૦ ફેબરૂઆરીએ યાને ત્રણ દીવસમાં તો તે પુનાની પેઠે બ્રીટીશોને તાબે થયો, કે તુરત કીલ્લા પર બ્રીટીશ વાવટો ઉરાડવામાં આવ્યો. આ પ્રમાણે પોતાની સર્વો રી સત્તા દેખાડી બીજે દીને તે વાવટો ઉતારી, પેશ્વાઇ સત્તા નાબુદ દાખલ ઠેરવી, શીવાજી અને તેની પેહેડીનો 'ભગવા ઝન્ડા' વાવટો કીલ્લા પર બ્રીટીશોએ મોટું દીલ દેખાડી ઉડતો કીધો. તેજ વખતે બ્રીટીશ સરકારે ઢંઢોરો જાહેર પાડી બાજીરાવ પેસ્વાની સઘળી દગાબાજીઓ ટુંકમાં વીસ્તારી સર્વ સત્તા પરથી તેને નાબુદ કીધો. દગાબાજી કોઇ પણ જાતના

રાજ્યવહીવટમાં તેની યા તેના કોઇ પણ કુટુમ્બની સામેલગીરી નાબુદ થયલી ઠેરવી અને સર્વ સત્તા પોતા હસ્તક રાખેલી જાહેર કીધી. શીવાજી વંશના સતારાના રાજા માટે થોડો ભાગ અલાહેદો કાઢ્યો. સર્વને પોતપોતાનો ગમે તે ધર્મ બેધડક પાળવાની છુટ બક્ષી. ગુલામોને છુટાપણું બક્ષેલું જાહેર કીધું. સતીનો દયાહીન રેવાજ બંધ પાડ્યો. જોરાવર માતેલા થઇ જોર જુલમ અને જબરદસ્તી કરતા પ્રબલ ગણાતા બ્રહ્મણો અને ગોસાંવીઓ, પીંઢારાઓ, ઠગો, તથા ખુનીઓના કાળજાં આથી બગડી ગયાં હોય તેમાં નવાઇ નથી; સબબ તેમની જાહેર ઢોંગી હીલચાલોને આખરે બ્રીટીશોએ વાજબી સખ્ત ફટકો માર્યો, જેનો ચચરાટ એ દેશી કરપીનોના વંશજોમાં હજી કેટલો બધો છે તે તો બ્રીટીશ સામેની દુશમની વરેહવાર આકારે આપણે જોઇએ છીએ. બ્રીટીશો જો હીંદમાંથી વીદાય થાય તો એ ધારમીક વગેરેનાં ડોલ ધાલગાલુ પીંઢારાઓ પાંદવ કૌરવથી તે પેશ્વાઇ વખત સુધીનું જંગલી કરૂર જાનવરો જેવું જોર ચાલુ કરે. બ્રીટીશે વહીવત લીધો તે આગમચના સર્વ ખરેખરાં વતન, ઇનામી જગ્યાઓ, સાલ્યાના અને લવાજમો એક સરતે ચાલુ રાખવા ઠેરવ્યું અને તે એકે ઢંઢેરાના દીનથી બે મહીનામાં એ સઘળાએ કોઇ પણ કીસમનો સંબંધ જાહેર યા ખાનગી રીતે બાજીરાવ યા તેની ટોળકી સાથે રાખવો નહી. જો વતનદારો તે છતાં ખાનગી રીતે પેશ્વાને યા પેશવાઇ અમલદારોને ભરણું આપે તો તેમનો જમીન પરનો હક ગુમાવેલો ગણાય. આ ઢંઢેરાથી બ્રીટીશો સામેના સર્વ છુપા બંદખોરો ગભરાતમાં પડયા અને તેજ વખતે તેમની આશા સદંતર નાબુદ કરવા નાહસતા પેશવાને પકડવા વધુ ચાંપતા ઇલાજો લીધા, એટલુંજ નહી પણ તેને હસ્તકના સર્વ કીલ્લાઓ એક હાથ કરવા જુદી જુદી ટુકડીઓને રવાના કીધી. જેનરલ સ્મીઠ પણ ભાગતા પેશવા બાજીરાવ પાછળ મંડયો. આ સર્વ બનાવો બનતા હતા ત્યારે શોલા- પુર નજદીક બાજીરાવ કોમી મરહુમ શીવુડેશ ભાઉ માન્કેસરના કારકુન પાસેથી જોર જુલ્મ- મથી તે મરનારની નાણાની મોટી રકમ ખુંચવી શકયો. આ માન્કેસર ખરકીની લડાઇ આગ- મચ ખુદ બાજીરાવનો એક સલાહકારી પ્રધાન હતો અને મરણ પામ્યો હતો. જે પ્રમાણે તા. ૧૦ મી ડીસેમ્બર ૧૬૭૮ માં ઔરંગઝેબે પોતાના એક વફાદાર જોધપુરના મહારાજા સેનાધીપતી જેસવંત સીંગની તેની તરફથી જમરૂડ ખાને લડતાં થયલાં મરણ પછી સરવ અસ્કેયામત કશાં કારણ વગર જપત કીધી, તેજ પ્રમાણે બાજીરાવે કીધું. નીમકહલાલ નોક- રીના બદલામાં તેમની મીલકતોના કેવા હાલ હીંદી રાજકર્તાઓ તે વેળા કરતા, તેમાંના અસંખ્ય નમુનાઓમાં આ બે તપકાવ્યા છીએ. સર્વ જણાનો આ માનીતો માન્કેસર જાહેર પુરૂષ હતો અને નાના ફડનવીશ સાથે તેણે પણ બ્રીટીશો સાથે સારૂં રાખવા બાજીરાવ પેશવાને સલાહ આપી; એટલુંજ નહી પણ બંદ ઉઠાવવાના પ્રપંચને તેણે ઝંબુન કામ જાહેર કીધું હતું અને તેમાંથી સારો નતીજો નહીં મળશે કરી આગાહી કીધી હતી. તેના મરણ બાદ ટુંક વખતમા તેની આગાહી કેટલી બધી ખરી પડી ? તેના આ વીચારો જાણી લીધા પછી પેશવા તથા ગોકલાએ તેને પણ ઠગ્યા કીધો. પણ એકાએક જયારે તેમની છેતરપં- ડીથી આ મહાન પુરૂષ જાણીતો થયો ત્યારે બેધડક ચીટકાર નાખવા ચુકયો નહીં. ખરે- ખરો મરાઠો મહાત્મા ! છેતરપંડી અને ખુનરેજીનો ખરો કટ્ટો વેરી. પુરેલાં ઊમરે તે મરણ પામ્યો. શાંતી ! એવા સારી નીષ્ટાના ખરેખર દેશભકતો હીંદ તવારીખમાં જવલેજ જણાશે. હમણાના બાહેરના દેખાવ કરનારાં ખાલી ઢોંગી દેશ હીતકારીઓમાં ખપનારાં અને તેને માન આપનારાં ખુશામદઓ અસંખ્ય નજરે પડશે. હીંદ ! એટલાં તારાં હીન ભાગ્ય !

એવાં જ્યાં સુધી નાબુદ થશે નહી ત્યાં સુધી ઉંચી સપાટી પર આ દેશ પુગી શકશે નહી. "દેશ સેવા" આજકાલ તો ખાલી શબ્દો રૂપી ઢોંગ છે. તેઓ ખુદ પોતાના ખોદાને ઠગે છે તો અજ્ઞાનો કાં નહીં તેમની છેતરપીંદી ચુંગાલમાં ફસે ?

પોતાના નીમકહલાલ અને મરશ સલાહકારી માન કેસરની અસકેઆમત લુટી લીધા પછી બાજીરાવને નાગપુરના રાજા તરફથી લશ્કરી મદદ મળી. જેની સરદારી ગનપટરાવે લીધેલી હતી. તે છતાં પેસવા ત્યાંથી નાસીને પંઢરપુર તરફ ગયો. જેનરલ સ્મીઠ તેની પુઠે દોડયો. અહીંથી તે વળી આશવાહ નાઠો, પણ તા. ૨૦ મી ફેબ્રુઆરીએ સહવારના સાડા આઠ વાગતે શુરો સમીઠ નાની ટુકડી સાથે પેસવા છાવણીની નજરે પડયો. પેસવએ ગોકલાને તાણો મારી કહેવાડયું કે પેશવાઇ પીઠના લશ્કર અને અસબાબનો તું આ રીતે બચાવ કરે છે કે ? ગોકલાએ ધીરજ રાખવાનો સંદેસો કહેવાડયો, અને અપ્પા દેશાઇ નેપાન્કુરના સ્વાધીનમાં ચાર હજાર લશ્કરીઓને લડવા તૈયાર રાખવા કહી પોતે ત્રણસો ઘોડેસ્વાર લશકરીઓની ટુકડી સાથે શરૂઆતમાં આવેલી સ્મીઠની ટુકડી સામે બાહોબાહ લડવા તૈયાર હમો. ગોકલાના સલાહકારીઓએ તેને આ કામથી વાર્યો, પણ બ્રીટીશોના ચુનંદા એક સરદારને જેર કરવાની હોંશમાં સહમજ્યો નહી. "જે તે નીવેડો હવે લાવવા માંગું છું." તેણે ઉત્તર વાળ્યો. દોડતી ચાલુ મુસાફરીને લીધે નાનું બ્રીટીશ લશ્કર તદન ઠાકેલાની તેણે ગણુતરી કીધી હતી; તેણે ધસી જવનું બીડું ઝડપ્યું. ચુનંદા ત્રણસો ઘોડેસ્વારોને લઇ તે એકદમ સ્મીઠની ટુકડી પર ધસારો લઇ ગયો, પણ કેપ્ટન ડેઓસે તેને ફાવવા દીધો નહી; તે પણ પોતાની વધુ નાની ટુકડીને ધસી આવતા મરાઠાઓની વચ્ચોવચ્ચ ઘુસાડી લઇ ગયો, અને થોડી મીનીટના અરસામાં તેમને વીખેરી નાખ્યા. એક બ્રીટીશ સ્વારને હાથે ગોકલા જમીન પર રગડોલાયો. મરવાની છેલ્લી ઘડી સુધી તે પોતાના હમનબરદ સામે બાંડાબાઠ લડયો, અને પોતે લીધેલી વડાઇ મુજબ હાથમાં કલમ નહી પણ તરવાર સાથે આખરે મુરદું થઇ પડયો. તેની સાથે તેના બે સરદારો ગોવીંદરાવ ગોરપુરે અને આનંદરાવ બાપુર પણ માર્યા ગયા. મરાઠાઓમાં નાશભાગ ચાલી. કેટલાક હાથીઓ, થોડો લડાયક સામાન અને ઘોડાઓ બ્રીટીશ જીતનારના હાથમાં ગયા; પણ સહુથી અગત્યનો બનાવ તે ખુશાલી વચ્ચે 'મહાન' શીવાજી વંશના શતારાના રાજા, તેની મા, તથા તેના બન્ને ભાઇઓ બ્રીટીશ છાવણીમાં કેદીઓ દાખલ પકડાવાનો હતો. કોંકણી બ્રાહમણો અને બ્રીટીશ તરફ બેવફા થયલા બાજીરાવ પેશવાના સકંજામાંથી તેમનો આખરે બ્રીટીશેજ છુટકો કીધો હતો. એક કરોડ રૂપ્યાથી બ્રીટીશોને હીંદમાંથી હાંકી કાઢવાનો ફાંકો રાખનાર ગોકલાની કતલ થવાથી મરાઠા રાજ્યોએ રચેલી સર્વ બાજી ધુળે રગડોલાઇ. આશનાહની આ લડાઇ નાની હતી, પણ તેનું પરિણામ બ્રાહ્મણી પેશવાઇ રાજ માટે તદન આફતકારક નીવડ્યું, અને તે ફક્ત બ્રીટીશ બેરહુએ એક માણસ માર્યો જવાથી તથા વીશ જખ્મી થવાથી થયું હતું. નાહસ્તા મરાઠાઓની ખુંવારી સો માર્યા જવામાં થઇ.

હોલકરની મદદ કોપરગાંવ આગળ મળશે એમ ધારી બાજીરાવ તે તરફ બાકીના લશ્કર સાથે નાઠો. અહીં સરદારો પતવરધનો તેને છોડી ગયા. ત્યાંથી હોલકરના લશ્કર ભેગો તે ચાડોરથી થઇ નાગપુર નાઠો. અહીં બ્રાહ્મણી રીત પ્રમાણે બ્રીટીશોને ઠાપ આપ્યા કરનાર નાગપુરી આપ્પા સાહેબ પોતાના ખરા આકારમાં અત્યાર આગમચ બાહેર પડયો હતો. પેશવાના સેનાપતી દાખલ પ્રખ્યાત "જરી પટકા" ફડફડાવી મેદાને પડેલ, અને પેશવા સાથની છુપી આગલી ગોઠવણુ પ્રમાણે બ્રીટીશ રેસીડંસી (જે શેહેરની પશ્ચીમ તરફ સીતા બલ્ડી ટેકરી

તરફ હતી તે) પર ધસારો લઇ ગયો. જેનરલ ડોવેટન વધુ લશ્કર સાથે તા. ૨૬મી નવેમ્બર ૧૮૧૭માં નીકળેલો આવી પુગે તે આગમચ કેપ્ટનો સેડલર અને ફીટ્‌ઝરલ્ડે ઘણો બહાદુરીથી બચાવ કીધો. જ્યારે ખુનરેજી લડાઇ પુર બાહરમાં હતી ત્યારે કરનલ સ્કોટની રજા મેલવી શુરા ફીટ્‌ઝરલ્ડે એકદમ ધસારો લઇ જઇ ગુમાવેલી ટોપો પાછી મેલવી. બ્યુગલ વજાડનાર સ્મીઠે પણ અવધી કરી મેલી. લેફ્ટનંટ જોન ગ્રાંટ પણ ખાંડયો ગયો નહી હતો. આ સીતા બલ્ડીની લડાઇમાં ચઉદસો બ્રીટીશ લશ્કર અને અઢાર હજાર બેત્રફા આપા સાહેબના લશ્કરે ભાગ લીધો હતો, જેમાં સાડા ત્રણ હજાર તો આરબો આપા તરફથી બહાદુરીથી લડયા હતા. પોતાની લુચ્ચાઇ ભરેલી દગાબાજીમાં પેશવાની પેઠે ફાવેલો નહી જોઇ ફિલગબરડીના ખેલો આપ્પાએ ચાલુ કરવા માટે ઠગી નાગપુરીઓને મી. જેન્કીન્સ આગલ સલાહ કરવા મસે મોકલ્યા. "પેહેલ્લાં તમારા લશ્કરને વીખેરી નાખો, પછી મારી આગલ આવો !" જેન્કીન્સે લાયક રોકડો જવાબ પરખાવ્યો. તા. ૧૫મી એ બ્રીટીશ લશકરની વધુ મદદ મલતાંજ કસી પણ સરત વગર તાબે થવા આપ્પા પર કહેણુ મોકલ્યું, પણ તેજ વખતે કેહેવાડયું કે જો તેમ કરશે તો રાજનો સારો જેવો ભાગ હજી તેને મળશે. બીજે દીને સાંજનો છ વાગતે ઠેરવેલો વખત પસાર થવા પછી સીલાખાનાની તોપો સ્વાધીન કરવામાં આવી, પણ બીજી તોપો જ્યારે લેવા બ્રીટીશો આગલ વધ્યા કે એકાએક તેમની પર તોપોનો મારો ચલાવવામાં આવ્યો. ગનપતરાવ અને સુનબટ સરદારોએ આ મારો ચલાવ્યો હતો. પણ બ્રીટીશોના એકસો એકતાલીશ માણસોની ખુવારી સાથે સર્વ તોપો હાથ કરવામાં આવી કે ગનપતરાવ નાસીને પેશવા સાથે સોલાપુર ખાતે જોડાયો, જે આપણે ઉપર જોઇ ગયાં છીએ. લશ્કર સાથે સુનભટ નાગપુરના કીલ્લામાં ભરાયો. પણ તે કીલ્લો તા. ૨૪મી ડીસેમ્બરે ઝપાઝપી પછી તાબે થયો. પેશવાઇ રાજ પેઠે આપ્પાનું નાગપુરી રાજ પણ લડાઇમાં બ્રીટીશોને હાથ ગયું.

આગલ આપણે જોઇ ગયાં તેમ ચીતુ, રામદીન કરીમખાં અને વાસીલ મહમદ નામના ઠગો તથા પીંઢારાઓના સરદારોને પેલા કરોડ રૂપીયામાંથી ઇંડોર અને સાગરની વચ્ચે બ્રીટીશો સામે લડવા પેશવાઇ દરબારે છુપી રીતે તૈયાર રાખેલા હતા, અને ખરકીની લડાઇમાં તથા ત્યાર પછીની બાજીરાવની નાશભાગ વખતની નાની લડાઇઓમાં તેઓએ ભાગ લીધો હતો. તેમને લગભગ દરેક હીંદુ નાના મોટાં રાજ્યોએ (બ્રીટીશોને હીંદમાંથી હાંકી કાઢવાના ઇરાદાથી યા પેશવાઇ આપખુદીથી,) મદદ આપવા છુપા તૈયાર રાખેલા હતા. પણ કરીમ અને વાસીલ વચ્ચે કાંઇ જાજી મહોબત જણાઇ નહી, કદાચ "સરસ કોણ" નો હમેશનો જઘડો હોય. સાગર આગલ વાસીલનું પીંઢારી લશકર નાની ઝપાઝપીમાં બ્રીટીશોથી હારી માળવાના જંગલોમાં પાછું ભરાઇ બેઠું હતું. આ બનાવ આપ્પાની બેવફાઇ ખરા આકારમાં ઉઘાડી પડી તે આગમચ બન્યો હતો. ઉપલા ત્રણે પીંઢારી લશકરના સરદારોને તેમના લશકર સાથે ઘેરવાનું કામ બ્રીટીશોએ હવે ઉમંગથી ઉપાડયું. પીંઢારીઓને ગ્વાલીઅર સીંધ્યા તેમજ હોલકરની પણ અંદરખાનેથી મદદ હતી તે બીના હવે બ્રીટીશોને માલમ પડી ચુકી હતી. થોડીક ઝપાઝપીઓથી બચી પીંઢારો ચીતુ આખરે હોલકરી લશકર સાથે જોડાયો. હોલકરની ખુદ દરબારમાં મારામારીને લીધે વઝીર બાલારામનું ખુન કરવામાં આવ્યાથી તાત્યા જોધના હાથમાં દીવાનની ખરેખરી સત્તા ગઇ હતી. ગનપતરાવ દીવાન વચ્ચે રીજંત તુળ-બાઇને ઠીક હતું. ગનપતરાવ ફકત નામે દીવાન હતો. ગોકલાએ પેશી છુપી એક સંપીમાં જોડાવા બન્ને સામ સામી ટોળકીઓને આમંત્રણ કીધું હતું. રાણી તુળસીબાઇએ પોતાને

અને નાની વયના મલ્હારરાવને બ્રીટીશ પનાહમાં જવા ખાનગી સંદેશા નરેમ્બરની અધ-વચ્ચે મકલાવ્યા હતા; હોલકરી લશકરના સરદારોને ગોફલાએ પૈસાથી એક હાથ કરી પેલી છુપી એક સંપીમાં જોડેલા હોવાથી ધફુર ખાનની સરદારી હેઠળ બ્રીટીશો સાથે સલાહ કરવા મસે હોલકરીઓએ ઠાપ બાજી ચાલુ રાખ્યા કીધી હતી, પણ તા. ૨૦ મી ડીસેમ્બર ૧૮૧૭ એ રાજને બચાવવાના ઇરાદાથી તુળસીબાઇની બાજુ વાળાઓ જરૂર બ્રીટીશો સાથે સલાહ કરશે એમ જણાઇ આવ્યાથી દીવાન અને રીજંટની સામેની ગોફલા ટોલકીએ દીવાન ગનપતરાવને એકાએક બંદીવાન કીધો અને રાણી તુળસીબાઇનું ધફુરખાનના લશકરી અમલદારોએ તલવારથી ધડ ફરતાથી છુટું પાડી સીપ્રાહ નદી કીનારે તેણીને ફેંકી દીધી. પેલા એક કરોડ રૂપ્યામાં ભજવવામાં આવનારા નાગરામાં આ પણ નાતરમ્ નાગરો હતો, જે એ દયાહીણોએ અમલમાં મુકયો હતો. બીજે દીને સર જોન માલ્કમ,* સર ટોમસ હીસ્લોપ, વગેરે બ્રીટીશ શુરાઓએ નાના લશકર છતાં વીસ હજાર હોલકરી અને પીંઢારી લશ-કરીઓને હરાવી તુળસીબાઇ રાણીના ખુનનું વેર લીધું. હીંદુ-મુસલમીન એક સંપીના લશકરના ત્રણ હજાર માણસો મહીદપુર આગળની સીપરાહ નદી આગલના એ ખુનખાર જંગમાં માર્યા ગયા, કે જે નદીમાં આગલેજ દીને તેઓએ પોતાની રાણી માતાને કતલ કરી ફેંકી દીધી હતી. બ્રીટીશોની ખુવારી ૭૭૮ માણસોની હતી. તા. ૧૦મી જાનેવારી ૧૮૧૮માં રામ્પુરાહ આગળ રોશન બેગની સરદારી હેઠલના હોલકરી લશકરે જનરલ બ્રાઉનને હાથે વધુ હાર ખમી. જાણીતો કાવતરાંખોર એનાર્કીસ્ટ સંત રામદીન અહીંથી નાસી કોપરગામ આગળ નાહસતા બાજીરાવ પેશવાને જઇ મળ્યો. તા. ૬ ઠી જાનેવારી ૧૮૧૮ એ હોલકર દરબારે બ્રીટીશો સાથે ઘણોક મુલક આપી દઇ આખરે સલાહ કીધી. હોલકર દરબારની અને પેશવાઇ નામોશી ભરી હાર જોઇ સીંધ્યા દરબાર નમી ગઇ, પણ તેના કેટલાક લશકરી વગેરે સરદારો નવી આશાએ પીંઢારા ચીતુ સાથે જોડાઇ જાદવના રાજા જેશવંતરાવ ભાઉ સાથે જોડાયા. તા. ૨૮મી જાન્યુઆરી ૧૮૧૮ એ બ્રીટીશોએ જાદવના કીલ્લાના બારણાઓ ઉરાડી મેલ્યાં અને શેહેર સ્વાધીન લીધું. ઉદેપુરના રાણાની નબલાઇનો લાભ લઇ આ જેશવંતરાવ ધણી થઇ બેઠેલો હતો. તેને હસ્તકના બીજા કીલ્લાઓ પણ બ્રીટીશોએ ઉરાડી મેલી કબજે મેલવ્યો હતો. પણ ચીતુ પીંઢારીના લશકરને કાંઇ પડતું મેલ્યું નહી હતું. તા. ૨૫મી જાન્યુઆરી ૧૮૧૮માં તેની મુખ્ય ટોલકી પર એકાએક હલ્લો કરવામાં આવ્યો. માર્યા ગયલા તથા બંધવા દાખલ પકડાયલા સીવાય જેઓ જેમ ગમે તેમ વીખરાઇ નાઠા, તેમનો બાકી ભીલ અને ગરાસીઆઓએ વેર ભાવમાં લાવી મેલ્યો, જેમને પીંઢારીઓએ અગાઉ ઘણા હેરાન કીધા હતા. બસો માણસો સાથે ચીતુ નાઠો. ભોપાલના નવાબની મારફતે બ્રીટીશો સાથે સલાહ કરવા યત્ન કીધો, પણ તેમાં ફાવ્યો નહી; તેના મળત્યાઓ એક પછી એક ખરવા લાગ્યા. ઘણાક હાડેસા ચીતુએ નાસ ભાગમાં ખમ્યા પછી આખરે "આસીરગઢનાં જંગલમાં વીકરાલ ચીતાનાજ ડાચામાં ભક્ષ થયો. સરદારોની ગેરહાજરીમાં પીંઢારીઓ વીખરાઇ ગયા અને બ્રીટીશો જમની પેઠે લાગેલા જોઇ આખરે તેઓમાંના ઘણાકો પાછા ખેતીકાર થઇ આસાન જીંદગી બ્રીટીશ રાજમાંજ ભોગવવા લાગ્યા. એક કરોડ રૂપ્યામાં હીંદમાંથી બ્રીટીશોને હાંકી કાઢવા મંડેલાઓમાં આ પીંઢારીઓનો હોલકર પેઠે આખરે અંત આવ્યો. વાસીલ મહમદને ગાઝીપુર ખાતે બ્રીટીશોના હુકમથી સીંધ્યાએ કેદ કીધો, પણ ત્યાંથી છટકવાની બાજી નીશફળ

* આંબોલીમાં " માલ્કમ બાગમાં " જે રહેતો હતો, તે એજ મહાન પુરૂષ હતો.

નીવડયાથી તેણે ઝેર ખાઇ આપઘાત કીધો. કરીમખાં પણ કોતાહના ઝાલીમસીંગને શરણે થઇ કેદી બન્યો હતો. તા. ૨ જી એપ્રીલે જોધપુર દરબારે પણ પેશવાઇ કાવતરાંથી છુટા પડી બ્રીટીશો સાથે સલાહ કીધી. પણ બીજા હાથ પર બુંદી અને ભોપાલ દરબારો બ્રીટીશો સાથે પેહેલેથીજ વફાદારીથી રહ્યા, માટે એક કરોડ રૂપ્યામાં બ્રીટીશોને હીંદમાંથી હાંકી કાઢવાની બાજી રમનારાં દરેક દેશી રાજયોના કેટલાક ભાગો જીતનાર બ્રીટીશોને સલાહ રૂએ હાથમાં ગયા હતા, તેમાંથી કેટલોક તેમને અગત્ય જણાતો ભાગ બ્રીટીશોએ ઉપલાં વફાદાર ભોપાલ અને બુંદીને બક્ષેશ દાખલ આપ્યો. આ કામથી દેશીઓમાં બ્રીટીશોની પ્રતીષ્ટા ઘણી વધી ગઇ. તેઓએ કમનસીબ સતારાના રાજાના બાબમાં પણ તેમજ જોયું હતું. નાગપુરી બેવફા આપ્પાએ સલાહ કરીને કેટલાક કીલ્લાઓ તથા રાજમીલકતો જીતનાર બ્રીટીશોને સ્વાધીન કરવા સારૂં કીધું હતું, પણ તેજ વખતે એ દગાબાજે ખાનગીમાં કીલીદારો અને જમીનદારોને તે નહી સ્વાધીન કરવા ફરમાન ગુપચુપ રવાના કીધેલું જણાયું, જો કે બ્રીટીશોની ફક્ત મેહેરબાનીથી એ આપ્પાને પાછો મસનદ પર બેસાડયો હતો. તાલ્નીઅરના આવા એક કીલ્લેદારે દગાથી બ્રીટીશોની કેટલીક ખુવારી કીધી, જેનું પરીણામ કીલ્લામાંના ત્રણસો ભાડુતી ખુની આરબોની સર ટોમાસ હીસ્લોપની ટુકડીને હાથે ખુવારીમાં આવ્યું; ફક્ત એકજ આરબ કીલ્લાની દીવાલ પરથી કુદકો મારી જીવ બચાવી શકયો. વળી નાગપુરના એ રાજાએ કીધેલી છુપી ગોઠવણની રૂએ જંગલી ગોઆંદ લોકે બ્રીટીશો સામે બલવો જગાડયો. આ સર્વ ખબર તેણે

ખાસ હલકારાઓ મારફત શોલાપુર ખાતે નાસી ગયલા પેશવા અને ગનપતરાવને પુગાડી; છેલ્લા આપણે ચાંદાર ભણી નાસભાગ કરતા બાજીરાવ પેશવાને જોઇ ગયા છીએ. પણ બ્રીટીશો, ઉપર લખેલાં એકસંપી રાજયોને જેર કરતા, મકેલા છતાં પોતા પાછલ પણ લાગેલા જોઇ, કોપરગામ, બીર, ચંદાહ, પાંડેર કઉરા થઇ રયુતી ખાતે પેશવા જઇ લાગ્યો. આ ઠેકાણે તેને ખબર મલી કે બળવાખોર નાગપુરી રાજાને મી૦ જેન્કીન્સે બીજી વખત કેદ કીધો, અને પેશવાઇ જાગીરદારોમાંના ઘણાઓએ પોતાની સલામતી માટે પાછળથી એકસંપીને ઠોકર મારી. આપ્પાને કેદ કર્યા છતાં તેના લશકરે બ્રીટીશોને ઘુમ પાડવા ચાલુ રાખ્યું. આ સઘળી નામોશી ભરી હારો છતાં બાજીરાવને સીંધ્યા લશકર તરફથી મદદની આશા હતી. તા. ૫ મી મેએ તે ટાપટી નદી ઓળંગી ગયો; આખરે આસીરઘડની નજદીક ઢેલકોટ આગળ છાવણી નાખી આનંદરાવ ચંદાવરકર અને બંજાને સલાહ કરવા માટે મઉની બ્રીટીશ છાવણીઓમાં સર જોન માલકમ આગળ મોકલ્યા. આ વખતે સીંધ્યા સાથની સલાહ મુજબ આ કીલ્લો બ્રીટીશોને સ્વાધીન થવો જોઇએ, પણ કીલ્લેદારે તેમ કરવા ના પાડી અને બાજીરાવ આઠ હજાર માણસો

સાથે પડાવ નાખી ત્યાં રહ્યો. નરમ દીલના સર જોન માલકમે લેફટનન્ટો લો અને મેકડોનલ્ડને સલાહની શરતો સાથે બાજીરાવ આગળ મોકલ્યા, તેમાં બાજીરાવ તથા તેના કોઇ પણ વંશનો મરાઠા રાજ ગાદી પરનો હક સદાનો છોડી જવા ફરમાવ્યું, યાને મરાઠા મહારાસ્ત્ર વગેરે સર્વ બ્રીટીશોની મીલકત દાખલ સ્વાધીન કરવા કહી, સર્વ રાજ સત્તા પણ છોડી દેવા ફરમાવ્યું; મેહેરબાનીની ફક્ત રાહે પેશવાની આજીજીથી આઠ લાખ રૂપ્યાનું સાલ્લાનું તે જીવે ત્યાં સુધી આપવા અને બ્રીટીશો કહે તે ઠેકાણે રહેવા કબુલાત માંગી. પેશવાના આ ખટપટીઆ મરાઠાઓના કૃત્યો જોતાં આ ઉદાર દીલની બ્રીટીશોની શરત હતી. એટલું યાદ રાખવાનું કે દીલ્હી સર્વોત્તમ મોગલ સત્તાની નબળાઇ જોઇ તથા તેના શહેનશાહને ડાગાથી અપંગ થયલો જોઇ પેશવાઓ મહારાસ્ત્રમાં જોહુકમી હકુમત કરવા લાગ્યા

હતા. તે બનાવને હીંદુઓ "સ્વરાજ" મેળવ્યું કરી વધાઇ લેતા હતા; હજી પણ કેટલા-કને મુર્ખાઇથી તેમ બોલતાં સાંભળાએ છીએ. એ શરતો ઉપરાંત રામદીન તથા બીજા પીંઢારીઓ તથા ઠગો સાથનો સંબંધ તે વડીથી છુટો કરવા બાજીરાવને ફરમાવ્યું. ઘણાક દીવાં બાહનાં કાઢી અને પોતાને સર્વ બાજુથી ઘેરાઇ ગયલો જોઈ બાજીરાવ તા. ૩ જી જુન ૧૮૧૮ માં શરણે ગયો. મરાઠા પેશવાઇ સત્તા તે સાથે તદન ધુળ મળી ગઇ. એક કરોડ રૂપીયાથી બ્રીટીશોને હીંદમાંથી હાંકી કાઢવાની તેની શેખીને બરાબર જવાબ મળ્યો, અને જે બ્રીટીશોને ધીક્કારનાર, તેનોજ પનાહ તથા તેનીજ તરફનું આઠ લાખનું વારસીક પેનશન ખાઇ કાનપોર નજદીક બીઠુરમાં પોતાની લાંબી જીંદગી ભોગવી તા. ૨૮ મી જાનવારી ૧૮૫૧ માં "મત્તી સાથ મત્તી" થયો અને તે સાથે તેની રાજ વંશાવળી ખતમ થઇ.

પણ પારવતી ટેકડી હજી ઉગલા બનાવોની શરૂઆત માટે યાદ આપતી ખડી છે. તેની પર દક્ષીણ તરફ મ્હોં કરી ઉભેલા જોનારને પડત પેશવાઇ મેહેલની ભાંગેલી દીવાલો, ઉત્તર બાજુએ લીલી હરીયાળી વચ્ચે પુના શહેર અને કેમ્પ, તેની મધ્યે પ્રખ્યાત છળ કપટથી પુર થયલા શનવાર વાડા, મુળા મુઠા નદીના વહેતાં પાણી અને તેની પર હાતમ દીલના પહેલ્લા સર જમશેદજી જીજીભાઇએ બંધાવેલો બંડ જણાય છે, જયારે પુર્વ તરફ ચતુરસીંગીના દહેડાં સાથની ટેકડી, તેની નીચાનમાં ગનેશ ખીંડનો મેહેલ, જયારે ઠેઠ દક્ષીણે શીવાજીનો માનીતો તોરના કીલ્લો અને તાનાજી માલુસરેના મરણથી અને ઘણીક ઝપાઝપીઓ માટે પ્રખ્યાત થયલો સીંહગઢ (કનડાના) અને એ બે કીલ્લાઓ વચ્ચે ખડકવાસલાનો નીરમળ પાણીનો ગંજાવર સરોવર કુદરતી દેખાવની બાબદમાં જોનારને હેરત કરે છે. એક કરોડ રૂપીઆમાં ઉભો કરવામાં આવેલો જમેલો તો તેને લાયક કેંજે પુગ્યો છે. પણ હજી ટેકડી હૈયાત છે. તે વખતના ખટપટીઆઓ અને કરપીણોના કામોથી થયલી વાજબી દશા માટે તે વીલાપ કરે છે

એક કરોડ રૂપીયાની મદદથી હીંદમાંથી બ્રીટીશોને હાંકી કાઢવાની "સ્વરાજી" ભીની તવારીખનો આ ખરો બનેલો મરાઠા સફો છે. તે હીલચાલનો વડો-ગોકલા-તો શુર સરદારને છાજે તેમ હાથમાં નાગી તલવાર સાથે ખુદ જાતે લડીને મરણ પામ્યો હતો, જયારે આ સદીના એ હીલચાલના મુખીઓ તો માર્યા જવાની ધાસ્તીને લીધે ફક્ત પોતાની સલામતી માટે પોતેજ રચાવેલા બખેડા યા બલવાઓ વેળા દુરના દુર રહી બરાતા છુપાતા ફરે છે યા સલામતી માટે "આરામ આપનાર" જેલમાં રહેવા પસંદ કરે છે. તેઓ જાણે છે કે તેમને મરવા ગમે છે, પણ તેની જગ્યે જવાના સસેકા ટીન પાંઉ કરે છે! ઓ ઓરંગઝેબ! તું જીવતો હતે તો આ "બહાદુર શુરાઓ" નું શું કરતે? હીંદ તવારીખના ખરા અભ્યાસીઓ તો ખરી અટકલ કરી શકશેજ. રચેલી ખુનામરકીમાં માર્યો જવાની ધાસ્તીને લીધે એક ઇસ્લામી મુખી તો પાછો બ્રીટીશોની જેલમાં રહેવા પસંદ કરે છે! ખુનો, લુચ્ચાઇ, લફંગાઇ અને બીજાં કરપીણ કામોના વેરી બ્રીટીશોને તલવારથી ગોકલા વગેરે હાંકી નહી શકયા, તો અસલનું છલ કપટી ખુનખાર રાજ પાછું ચાલુ કરવાને હોસીલા થયેલાઓ પરદેશી કપડાં બલાવી નાખીને ખાઇ પી મંડેલાં હતાં અને છે. પરીણામ શું? હરેક હીંદી અંતઃકરણથી એવાંઓને માટે હાય મારતો હશે. અજ્ઞાનોને ઉશ્કેરવાની આ બદનીઇટાવાળી ઢોંગી હીલચાલનું કુદરતે નવુંજ વલણ આપી તેમના પોતીકા અઠાવીસ કરોડ કોમી ભાઇબંધોને કુશીક્ષા કીધી. કેવી રીતે? કપડની અતીરપ મોંઘવારીને લીધે: કારણ કે જેટલું ઓછું પરદેશથી સસ્તુ કાપડ આવે તેટલી

હીંદમાં આબાદ થાય અને હરીફાઇ જેવું નહી રહ્યાથી દેશમાં વણતાં કાપડનો ભાવ વધારી મેળવા મીલ વાળાઓ અને દેશી વેપારીઓ ચુક્યા નથી. નામ ત્યારે સ્વદેશીને ઉત્તેજન! પણ ફુલાવેલાં ખીસાં વધુ તર કરવાની બાતેન યુક્તી! સ્વરાજી ફંડોમાં એવાઓ પાસેથી લાગારૂપે પૈસા ભરાવવાની પેરવી! ગરીબ બાપડાં હીંદીઓ! તમારૂં કલ્યાન કરવાનો આ દાખલો જુઓ!

બીજો દાખલો એ "સ્વરાજ" ના હીમાયતીઓ, દેશી ધરખણી વેપારીઓ અને માલેતુજાર લોકરક્ષીઓમાં ખપનારાં ઘરોના માલેકોનો જુઓ: લોકને રાહત આપવા માટે મામાલુ મુબઇની સરકારે હાથ ધરેલી "બેક બે" ઇ૦ યોજનાઓથી જરૂર મોંઘાં ભાડાંઓ પર કાપ પડશેજ, એમ એ બેહેલી ભગતોની ખાતરી હોવાથી તરેહવાર સદંતર ખોટાં કારણોથી સરકારના આ લોક–સુખ આપનારાં કામને કેવી રીતે હરકતો કર્યા કરે છે તેનો આ બીજો તાજો દાખલો આપણે જોઇએ છીએ. અજ્ઞાનોને ઉશ્કેરી તેમને ખોટે મારગે દોરવવાની તેમથી વધુ માટે જેટલું બોલીએ તેટલું ઓછું ગણાશે.

ત્રીજો દાખલો:—ઘરોમાં અને દુકાનોનું પીકેટીંગ! લોકોને સુધારવાના ઢોંગી દેખાવ હેઠલ પીકેટરો ત્યાંના દુકાનદારો અને ઘરોના વકરા અને દર દાગીના મુકવાની જગાઓ જોઇ લે છે. જ્યારે હુલ્લડો કરવામાં આવે છે ત્યારે એ "સ્વરાજી ભગતો" સઉપર પેહેલ્લાં એ રોકડ તથા દરદાગીના લુટે છે. તેમાંની રોકડનો ચોક્કસ ભાગ કેટલાકો "સ્વરાજ" વગેરે ફંડોમાં ભરી પોતાનું અંતકરણ સાફ કરે કરાવે છે, જ્યારે કહે છે કે લુટેલા દર દાગીના સ્વરાજી મોટા વેપારીઓ અને સ્વરાજી શેઠીયાઓને ત્યાં ગીરવી મેલી આવે છે, જે જુજ કીમ્મતમાં આખરે એ રાખનારાઓને હજમ થઇ જાય છે ને ગલાઇ જાય છે. નામ ત્યારે પીકેટીંગ! માટે શા માટે બેહેલી ભગતો તે પાછું ચાલુ કરાવવા કલાહોલ નહીં કરે? સઉ પોત પોતાની મતલબમાં લોટે છે, અને જાહેરમાં લોક–રક્ષીઓમાં ખપાવે છે! હીંદ! એટલાં તારાં હીન ભાગ્ય! વળી પીકેટીંગથી 'સરકારની નબળાઇ' અજ્ઞાનોને દેખાડે છે.

પણ એવા તો અસંખ્ય દાખલાઓ આજકાલ બ્રીટીશ સરકારની ધીલી દોરીને લંધે આપણે જોઇએ છીએ. હીંદનો આગલો ઈતીહાસ જાણનાર ગુજરાતનો મહાન કવી દલપતરામ બ્રીટીશોના અમલ માટે લખી ગયો છે કે:—

દીવસ ગયા ડરના ને દુઃખના,
સુખના દીનનું દીધું દાન.

પણ એ બ્રીટીશોની આગમચનું ભયંકર રાજ એ "સ્વરાજ" ના મુખ્ય હીમાયતીઓ પોતાની મતલબ માટે પાછું સ્થાપવા માગે છે.

"પારસી"માં ખપતાં સ્વરાજીઓ! બ્રીટીશોની આગમચ તમારા બાપદાદાઓ કઇ સ્થીતીએ પડી ઠેકાણે લાગ્યા. તેની તમોને કાંઇ સુરત છે? એકલ ડોકલ જરથોસ્તી તે વેલા જરા માન મરતબો પામ્યો, પણ તે પોતા પાછલ શું નામના યા અસ્કયામત મુકી ગયો છે? બાહરોટ વગેરેની નાસભાગ અને વરસોવા જરથોસ્તી હીમ્મતવાને બાનુઓએ નદીમાં શા માટે નખાવી દીધું તે જરા કહેશો! તમારાં આતશ બહેરામો અને કહેહો તે વખતે શું તદન જરૂરીઆ, લાગા, વગેરે વગર સલામત હતાં કે? અને બીનદેહસ્તે આટલાં બધાં હતાં કે? હડતાલો: અજ્ઞાન લોકોમાં લુટફાટ અને ખુનરેજી ચલાવવાનું અધંધારમાં ભયંકાર આ એક જાહેરની તીરદોશ જખાતું બીજું હથ્યાર! જ્યારે જ્યારે આખરે સુલેહ ચાહનારાં લોકના આમહથી કંતાઇ સરકાર એ સ્વરાજી ભગતોના તરેહવાર કામોની મજબુત હાથે ખબર લેવા

તૈયાર થાય છે, ત્યારેજ તેમની દુષ્ટ યોજના પડતી મેલવાનું ડોળ દેખાડી પાછી ખુનરેજી અને લુંટફાટ થાય તેવીજ નવાં નામની યોજના આ સ્વરાજીઓ રસ્યન બોલશેવીસ્તોની પેઠે બાહેર પાડે છે; સલાહ સંપથી રેહવા માગતી રૈયતના સુખમાં ખલલ નાખતા ફરે છે, અને આદફલતરી રીતે જરમની રસ્યા વગેરે ઠેકાણેથી મળેલાં અને મળતાં હીરા મોતીના દાગીના તથા નાણાંની મદદથી હીંદદયોગોનો નાશ કરાવે છે તે જુદો. ગ્રેટ બ્રીટનના કાયદા પ્રમાણે સરકાર ધીલી દોરી મેલે છે, પણ ત્યાંની રૈયતમાં અને હીંદની સેંકડો કોમોથી બનેલી રૈયતમાં આસમાન જમીનનો ફરક છે તે ગણત્રીમાં સારા હૈયાના ભોલા મોટા બ્રીટીશ અમલદારો લેતા નથી, એ કમનશીબીનીજ બીના છે.

આપણે દુષ્ટ જરમનો અને બોલશેવીક રસ્યા માટે ઉપલા ફકરામાં ઇસારો કરી ગયા છે. નોંધી લેવા જોગ એ છે કે દુન્યાની છેલ્લી ખુનખાર લડાઇ સવાચાર વરસો સુધી જરમનોએ જગાડી, ત્યારે જેઓ તે વખતે જરમનોની ફતેહ ઇચ્છી અને બ્રીટીશો માટે હલકાં વેણો બોલતાં હતાં તેઓમાંનો અતિ મોટો હાલનો હૈયાત ભાગ "સ્વરાજી" ઓનો જણાય છે. તે વખતે પણ એ લોક તરેહવાર હલકી અફવાઓ ફેલાવતાં રહ્યાં હતાં, એટલુંજ નહી પણ તેમના ભાઇબંધો, અમેરીકન-જરમનોની મારફતે, તે વેળા અમેરીકાના સાં ફ્રાંસીસ્કો ખાતે રહી હીંદમાં મોટા પાયા પર બલવા જગાડવા ખાઇ પી મંડેલાં હતાં. ફ્રાંસ ઉપ્રાંત ઇ૦ સ૦ ૧૯૧૭-૧૮ માં એવા છત્રીસ હીંદુઓ વગેરેની સાં ફ્રંસીસ્કો ખાતે અમેરીકાએ ચલાવેલી તપાસ દરમ્યાન તેમના આ ભોપાલાં બાહેર પડ્યાં હતાં. તેઓએ ત્યાંના જરમન કોનસુલ-જનરલની મદદથી ૧૯૧૫માં એક મોટું બારકસ ભરાય તેટલાં ખાના ખરાબીના હથ્યારો તથા બારકસ પણ ખરીદી હીંદ ભણી ગુપચુપ મોકલ્યા હતાં. ગોઠવણ એવી હતી કે સફર દરમ્યાન અમેરીકન સરકારને વખતે ખબર પડે અને પકડાવે તેવા આધારથી એક બીજું બારકસ "સાઉદ સી" માં તૈયાર રખાવ્યું હતું કે તેમાં એ સર્વ ખાના ખરાબીનો સામાન ગુપચુપ ખાલી કરે; પણ તેમની નેમ છુપાં સરકારી ખાતાંએ ઉંઘી કરી નાખી અને, પરીણામમાં તપાસ દરમ્યાન, એક હીંદી બધવાએ ભર કોર્ટમાં (બીજા તેના ભાઇ બંધે વીરૂદ્ધ જબાની આપવાથી) બંદુક ફોડી ખુન કીધું, અને નાસવાની તૈયારીમાં હતો તેટલાં અદાલતના એક પેહરેગીરે ત્યાંજ તેને ઠાર માર્યો. (જુઓ "ટાઇમ્સ હીસ્તરી ઓવ વોર"—પુસ્તક ૨૧-પાના ૨૧૩-૨૧૪.)

"સ્વરાજ" ઇત્યાદી દજન જુદાં નામો ધરાવનારાં ફંડોમાં સપર પહેલી નાણાંની મોટી રકમ રસ્યન બોલવીક સરકારે લોહીથી ખરદાયલુ. જર જરીઆન ઉપરાંત કરોડો રૂબલોની સંખ્યામાં અફગાનીસ્તાન, આયરલાંડ વગેરે ઠેકાણેથી મોકલેલી દેશીઓમાં છડે છોક બોલાતી હતી. યાને નરદોષ રસ્યન લોહીથી ખરદાયલું આ નાણું "સ્વરાજી" ફંડોને મદદ થઇ પડયું હતું. તે ટપાલ મારફતે થોડું, પણ દેશી વેપારી ઉતારૂઓ, કહે છે કે, લઇ આવ્યા હતા, અને સત્તો ચલાવી હીંદી રોકડમાં ફેરવી નાંખી આ ફંડો ખીલવ્યાં હતાં, કે જે ફંડો હુલ્લડો, ચોરીઓ, દાબ દબાન, લાગા, ગોરક્ષા વગેરે તરેહવાર યુક્તીઓથી ખીલવી તેનો અતી મોટો ભાગ લશ્કરી અને પોલીસમાંના દેશીઓને બેવફા કરવામાં, સ્વરાજી "મહેનતના બદલામાં" ખીસાં તર કરવામાં, પીકેટીંગ મસે હુલ્લડો અને તેના કુદરતી પરીણામો દાખલ ખુનો અને લુંટફાટ, જબરદસ્તી વગેરે કરાવવામાં વાપર્યાં, અને ઢોંગી નામો હેઠળ હજી વાપરે છે. એની એકે એક પઇ માણસાઇ લોહીથી ખરદાયલી છે. ખુન આને એમના સુખીઓ

"તેજતી" નફતાઇ ભરી રૂપમાં આપે છે. નાનકાના, અમદાવાદ, ખેરી, વીરમગામ, માલેગામ, ધારવાર, મુંબઇ, મલબાર, ચઉરાચઉરી, વગેરે ઠેકાણેની ભયભીત ખુનરેજીઓ આજાઓ અને લુટફાટોની બોલશેવીક રીતીઓથી બાતેનમાં ખરે ખરા મથન થતા દેખાય છે; જો તેમ નહીં હોય તો જુદાં જુદાં ઓઠાં હેઠળ નવી યુકતીઓ કદી પણ ચાલુ રાખે નહી. અપવાસો ! અજીરણ યા કબજીઆત થવાથી દરેક માણસ પોતાની જીંદગીમાં તે અસંખ્ય વખત પાળતો હશે. પણ શું તેથી એ લોકોના કાર્યથી નીરદોશોના થયલાં ખુનો વીસરાઇ જવાતાં હશે ? યા પાપ ધપાતાં હશે ? મુંબઇનાં સ્વરાજીઓએ કરાવેલી ખુનરેજીઓથી પોતાનાજ જાત ભાઇઓ માર્યા ગયા ત્યારે જેટલા દીવસો અપવાસજ પાડયા, ત્યારે મલબાર વાસીઓ જાહેર છાપામાં સવાલો કરે છે કે માપલાઓએ ચલાવેલી અસંખ્ય કતલો માટે એ ધરમીઓ કેટલા મહીનાઓનો અપવાસ પાળવા ઇચ્છે છે ? પણ દાનેશમંદ વાંચનાર ! ઇસ્લામી "રોજા" અને હીંદુ "અપવાસમાં" આસમાન જમીનનો ફરક છે તે પણ ધ્યાનમાં રાખવા. [જુઓ "ટાઇમ્સ ઓફ ઇંડીયાના" તા. ૨૦ મી ફેબરૂઆરી ૧૯૨૨ ના અંકમાં "પુકારામનું" ચર્ચા પત્ર. વળી એક સ્વરાજી માપલાએ પંચોતર હીંદુઓને કતલ કીધા તેની પોતે હાકલી વડાઇ. વળી "સ્વરાજ" ફંડો ઉઘરાવનારાઓને હાથોએ ચીટકેલાં ગુંદરથી તેમનાજ ખીસામાં જતાં નાણાંની જાણીતી બાબદ.]

કલીફાટ-મુહાજરીન-સ્વરાજ-કોંગ્રેસ-ફરફે-ઉરફે—ના નીરદોસ તવંગર અને ગરીબ લોકોને ખુની જરમન, જયુ, વગેરે રસ્યન નાશતીક બોલ્સેવીસ્તોએ કતલ કરી તથા શેહેરો ગામડાંઓ લુટી તારાજ કરી નહી ધરાતાં બ્રીટીશો સામેના નીચ ધીક્કારના આવેશમાં તરાતીઓ હીંદમાં પણ ફેલાવવા અરથે કરોડો મફત (હાલ અરધાની કીમ્મતની નહી) રૂબલ નોટો તથા જર જવાહેર યુરોપ અમેરીકામાં વારંવાર આવજાવ કરતાં બેવશ [અને પોતાના બદનીષ્ટાવાલી દગાબાજીઓ બ્રીટીશોને લીધે ફલીભુત નહી થતી દેખી બ્રીટીશો સામે અભાવ દેખાડનારાં] દેશીઓ અને હલકી પ્રકૃતિના યુરોપ્યનો મારફતે રવાના કરી, તેનો બોડોલા પાયા પર સત્તા ઠરાવી, અજ્ઞાનોનાં ગળામાં ઓલવીને, બ્રીટીશ સોના રૂપાં અને નોટોમાં નાણું ઉપજાવી, ઉપલાં ફંડોની શરૂઆત કીધી. બ્રીટીશ સરકારને હીંદમાંથી હાંકી કાઢવાનો ફાંકો રાખનારાં અને તે માટે બોલ્શેવીક નાણું મેલનતારોઓની ત્યાંના કાયદા વીરૂધની હીલચાલો માટે ફરાંસ, અમેરીકા, વગેરે સ્વતંત્ર રાજ્યોની અદાલતોએ ત્યાંના હીંદી-નીહીલીસ્તોનો તલાસો ચલાવી ત્યારે તેમનાં છુપાં ભોપાળાં પકડાઇ આવવાથી રૂબલ સત્તા બંધ થઇ ગયો, છતાં રાજદ્રોહ હીંદી દેશીઓ તરેહવાર બાહને યુરોપ વગેરેની સફરો કરી બોલ્શેવીક નાણું જર જવાહેરમાં લાવતાં રહ્યાં. હડતાલો અને તેના પરીણામે હુલ્લડો, ખુનો અને લુટફાટોમાં એ લોહીયાર નાણાંનો ઉપયોગ થતો રહયો છે. સલાહને લીધે પાછળથી અફઘાનીસ્તાનનો માર્ગ બંધ થયો છે. ઇ૦ સ૦ ૧૯૨૦માં મુંબઇમાં અફવા એ હતી કે એ બોલ્શેવીક નાણાંનાં ખરાં મઠકો તથા લાવનારાઓનાં નામો એ ફંડોમાં જમે થતાં નથી, પણ જુદી જુદી કોમોનાં કહેવાતાં "દેશ ભકતો" ઘણું ખરૂં પોતા હસ્તક યા દેશી બેંકોમાં રાખી હડતાલો હુલ્લડો ઇ૦ માં ચોક્કસ પડદા પાછલ છુપાયલા ચોક્કસ આસામીઓના હુકમ મુજબ ચોકસ માણસોને આપે છે. લંડનનું કામદાર વર્ગનું હીમાયતી દેલી "હરલ્ડ" વર્તમાન પત્ર કેવી રીતે બોલ્શેવીક જર જવાહેર લઇ તે વેચીને કરપીનાના હોજરો ભરતું, તે ઝટ ત્યાંની ખંતીલી પોલીસે શોધી કાઢયું, તેમ આશા રાખીશું કે વખત હવે એવો આવી લાગ્યો છે કે હજી એ ધંધામાં પડેલા

કારગા બેવફાઓને હીંદી પોલીસ જરૂર બાહેર આની સખતમાં સખ્ત શીક્ષા લોક સલામતી માટે કરાવે. "વેસ્ટર્ન ઇંડયા લીબરલ એસોશીએશન" સીવાય બીજા કોઇ પણ રાજદ્વારી મંડલોમાં નાણું આપવું નહી ના જોડાવું નહી, એ દરેક સ્વમાન દેશભક્ત વફાદાર દેશીની પોતાના ધર્મ અને કુટુમ્બની સલામતી માટે ફરજ છે. આજકાલના કહેવાતા "મોડરેટરો" પર ભરોસો નહી મુકતાં નામવર સરકારને મદદ કરવામાં પોતાની સાથે કુટુંબની સલામતી છે. "હીંદી મોટરેટરો"નો મોટો ભાગ નામેજ "મોડરેટર" છે. તે આપ મતલબી છે. વળી હજારો નકલો લેવાની તથા છાપવાના મોંઘે દામે કામો આપવાની બોલ્શેવીક કુનેહથી આપણ વચ્ચે ઘણાં દેશી તેમજ ઇંગ્રેજીમાં છપાતાં ઝેરી બેવફા વર્તમાનપત્રો છે. તેઓ માનવંત આગળાં લખનારાંઓના નામો વાપરી શેખાઇથી નીરદોશોના લોહીના પૈસાથી જીવે છે. લંડનમાં પોતાને સ્વતંત્ર ગણાવતું કામદાર વર્ગનું જાણીતું "દેલીહેરલ્ડ" અને ફરાંસમાં ખોલો પાશાવાલો "બોનેટરૂજ" ના દાખલાઓ (જુઓ "ટાઇમ્સ હીસ્તરી ઓવ-વોર"-૨૨ મું પુસ્તક પાનાઓ ૨૧૩-૪ અને ૩૬૪) કદી ભુલી જવાશે નહી. દેશને ઉંચી દશાએ લઇ જવાના કામદાસર કામોને ઉત્તેજન આપવાને બદલે એવી મલતી લાલચોથી દેશી હુન્નરોનું આ ઢોંગી નાશીતીક નીહીલીસ્ટ "દેશ ભકતો" નખોદ વાળતાં આવ્યાં છે. જેલમાં "આરામ લેવા" ગયલા "નામવરો" વાજબી સજા ભોગવી પાછાં બાહેર આવે તેટલે, તેમજ સરકારની હાલની વાજબી કદણુતાથી ડરી જઇ, ખુના મરકીથા ભરપુર હડતાલો અને પીકટીંગો હાલ તરત મોકુફ રાખેલાં છે. માટે દરેક સાચ્ચા વફાદાર દેશી આ યુરોપ્યને આ નીચ યુકતીઆથી સાવચેત રહી વલતો સ્વાદ ચખાડવા "ઇનડયન ટેરીટોરીયલ" તેમજ "ઓક્ઝીલીયરી" ફોર્સમાં જોડાવું જોઇએ.

અજ્ઞાનોને ભમાવવા આ "દેશ ભકતો" જે જે યુક્તિઓ રચતાં રહ્યાં તેમાં દરેકે દરેકમાં કુદરતે વાજબી ફટકા માર્યા. તેથી હવે હડતાલોન મસે હુલ્લડો, ખુનો અને લુટાણુંના સેજ ફાવી ગયલા માર્ગો તક સાંધી પાછા અજમાવવાની યુકતીઓ રચી રહ્યાં છે. સરકારી લેહેણું નહી ભરવા બોલશેવીક યુકતીઓ અજ્ઞાન ખેડુતો વગેરેમાં અજમાવી, દમદાટી વટીક કીધી, પણ તેજ સરકારી અને મ્યુનીસીપ્લ ટેક્ષો યાને લેહેણા પોતે ગુપચુપ ભરતાં ગયાં અને ભરે છે. કદાચ અજ્ઞાનોના રાચ રચીલાં અને જમીના અતી સસ્તે ભાવે બીજાંઓ મારફતે હજમ કરવાની યુક્તિ પણ હોય, કે જેમ મુહજરીનોના બાબમાં થયલું જોઇ ગયા છીએ. કેવાં "દેશ ભકો?" હીંદ! એવા કારગાંઓ તારી ધરતી પરથી કયારે નાબુદ થશે? નાશતીક "નોન-વાયોલંસ":—અજ્ઞાન રૈયતની આંખ્યોમાં ધુળ છાટવા યોજેલો આ વધુ ઢોંગી શબ્દ છે. એને લીધે "લોહીની નદીઓ વહેતી થાય" તો મુજાકા નહી, પણ તે "નોન-વાયોલંસ ગણવું!" કહે છે કે માણસાઇ ખુનો, લુટફાટો ઇ૦ થી ફક્ત શયતાને ખુશી થાય છે; એટલે આપણે "સયતાની નોન-વાયોલંસ" કહીએ તો ખોટાં નથી. એ ઢોંગી યોજનાથીજ આપણે બેથી વધુ વરસો થયાં હડતાલો અને તેના કુદરતી પરીણામે ખુનરેજી લુંટાણું ઇ૦ થતું જોતાં આવ્યાં છીએ. જેલમાં "આરામ લેવા" ગયલાં "નામવરો" નાં મોટા જથ્થાના છુટવાની ફક્ત તેઓ વાર જોતાં જણાવવામાં આવે છે, જો કે બાહેરથી હમેશ મુજબ જુદું ડોળ દેખાડયું છે. રાજદ્રોહ મંડલો દાખલ સરકાર વાજબીપણે એમની "કોંગ્રેસો," "કમીતીઓ," "મીટીંગો," "એસોએશનો" (બધાં ઇંગ્રેજીજ નામો હો!) ને જાહેર કરે અને તેથી તેના કરતા

કાવતરીઓ પોતે સપાટામાં નહી આવે તે સબબ સરૂ હવે નવી હીકમત આ ઠગીઓએ શોધી કાઢી છે, તે એ કે છુટા છુટા શખ્સોએ બોલશેવીક મંડળોની "ટીકીટો" લઇ, ટોલકીઓ બની, કાયદા ભંગ કરવાં, પણ "આરામ લેવા" (એક મુખીના આ શબ્દો છે.) જેલમાં રેંટીયો યા ચરખો ચલાવવા યા પથરો ભાંજવા ૪૦ માટે એ બાહુતીઓ જાય તો તે વેળા (તેમને નહી પણ) તેના કુટુમ્બીઓને આ "આરામ લેનારાંઓની" ગેરહાજરી દરમ્યાન નાણાની રકમો "ધર્માદા" યા "બક્ષીસ" દાખલ છુપી રીતે આપવી. ખુનો માટે મશાનમાં, સ્વરાજ ચલાવવા જાય તો વધુ આપવી. જડકા બદમાસોના રમખાણો માટે પણ તેમજ! કોણના બાપની દીવાળી અને શું નાદર કામ? પોતાનીજ જાતવાલાં કરોડો ભીખારીઓ પુરતાં વસ્ત્ર વગર અને અર્ધ ભુખે મરે છે તેમને એ ફંડોમાંથી મદદ કરી કામ ધંધે લગાડવાના અખાડા! કદાચ તેમના નવીન પ્રકારના કોઇ પરમેશ્વરની બાધ હશે! પણ કદાચ તેથી નાસ્તીક બોલશેવીક નાણું બંધ પડવા યા ઓછું મલવાની ધાસ્તી હશે! "નોન-વાયોલંસ" ના શબ્દરૂપી ઢોંગના પરીણામે **પારકાંઓની** "લોહીના નદીઓ વેહેવાય તો અડચણ નહિ! કરોડોમાં એટલાં ઓછાં"! પણ તેજ વેળા પોતે સલામત રહેવાં જોઇએ! અને પેલી પ્રખ્યાત થયલી "પ્રેમાબાઇના ભોપાલાં" યા નાટકી ફાર્સની પેઠે પેંડા, બરફી, હલવા, લાડવા તથા ફળો ખાઇ "ઉપવાસ"! વાતચીતમાં એક ચતુર ભાટીઆ અહરથે જણાવ્યું તેમ એ તો "કળીયુગના કાળાં કર્મો!" એવી શોખાઇઓના ખરા ઉતાર દાખલ દરેક વફાદાર દેશી જવાને "ઇન્ડયન ટેરીટોરીઅલ" અને "ઓકઝીલીઅરી ફોર્સ" માં જોડાઇ પોતાનાં, પોતાનાં કુટુમ્બના, તેમજ માબાપ ગણાતા સતાવાલાઓના હાથ મજબુત કર્યાથી દેશની સલામતી છે. સરકારે હવે વધુ વખત ધીલી દોરી મુદલ છોડી દેવી જોઇએ. એ નાશકારક "નોન-વાયોલંશ" ના ઢોંગથી કુદરતી રીતે વધુ લશકર અને પોલીસ રાખવી પડે છે, જેના ભારી કરોના બોજા રૈયત પરજ એવાઓને લીધે પડે છે તે કેમ આ "દેશ ભક્તો" જણાવતાં નથી? નવી સુધારેલી રાજ સભાઓઃ- એમાં પણ થોડાક ધાંધલ્યા અને મુરખાઓ ધુસી ગયલા હોવાજ જોઇએ; આપ મતલબી મોડરેટરોનો પણ સારો જથ્થો હોવોજ જોઇએ. તેમના દાખલાઓઃ કાઉન્સીલમાંના, મુખ્ય કરી મીલકતદારોની, નેમેલી રેન્ટએક્ટ સુધારવાની કમીટીનો "ગરીઓની દાજ" માટેનો નાદર રીપોર્ટ! (૨) આજકાલ કાપડ સુતરની મીલો એક વરસમાં બના ટેક્ષો આપ્યા પછી પંચોતેરથી ત્રણસો ટકા નફા કરે છે, છતાં "બનીરય" ની ઢોંગી એકલપટી વાત વચ્ચે લાવી તેમની આવકના નજીવા ટેક્ષમાં કરવા ધારેલા વધુ નજીવા વધારા માટે ધરપચ સરપચ! (૩) તરતને તરત રેલ્વેમાં **મલાહીદાર ઓહદાઓ બીન અનુભવી** દેશીઓને મલતા વાજબી પણે રહી જાય છે, તેના મતલબી ચચરાટને લીધે જી. આઇ. પી. વગેરે રેલ્વેઓ આંખ મીચી ખરીદવા માટે અકડાતકડીનો વધુ નાદર નમુનો! જી. આઇ. પી. રેલ્વેને દાખલે લઇએ. તેના ઘણા ખરા શેર હોલડરો ફક્ત ઇંગ્રેજો છે. ૪૦ સ૦ ૧૯૦૦ સાલમાં તેનું પેહેલું સાદું ખલાસ થયું અને વાજબીપણે એ ઇંગ્રેજોએ પોતાના પૈસા સાટાં મુજબ પાછા માગ્યા ને પ્રીવી કાઉન્સીલ વેર ગયા. પણ તે વખતે હીંદમાં નાણાંની બતંગતાને લીધે અને તે વખતનાં હીંદ કલ્યાણ અરથે હીંદી સરકારે એવી કુનેહદાર યોજના રચી કે જેથી ઇ. સ. ૧૯૪૫-૫૦માં નજીવા ખરચે એ મોટી રેલ્વે આપ મેલે સરકારની મતા થાય, પણ એટલા પીસતાલીશ પચાસ વરસો પછી રીત સરના વારસીક વ્યાજ ઉપ્રાંત તે વખતે ઠેરવેલી ઠોક ઘણી રકમ

મેલવે. છેલાં બે ત્રણ વરસ થયાં દેશી મીલો અને ઘણી મીલકતો એકજ વરસમાં સધળા ટેક્ષો આપ્યા બાદ અસલ ઠાપણમાં બડલ નફાનો નવાણો ગુપચુપ ગરવ કરે છે, છતાં શીખાઇથી રૈઅતેના આવાં સાટાંને "લુટ" ની વ્યાખ્યા (અજ્ઞાનોની તાલીઓ મેળવવાના કહાચ વીચારથી) આપવામાં આવે છે ! (૪) દેશનો સરવે કારોબાર પોતાને હસ્તક તુરવા તુરત લઇ લેવાની ઢોલઘાલુ "દેશ-ભકતો" ની ધરપચ અને નાશકારક કુનેહો ! શા માટે ? તે તો તેમનાં અંતઃકરણોજ જાણે. પણ તેના આખર પરીણામ તરીકે ખચીતજ નાસ્તીક બોલશેવીઝમ હીંદમાં વધુ ફેલાય તે શાપરત છે. કારણ કે તેમની નેમો સુલેહ પાંઠરવા માટે જોઇતાં લશકર અને પોલીસને (ખરચમાં ઘટાડો કુરવાને મસે) ફક્ત સરકારને નબલી કરવાની દીસે છે. પણ એ ઢોલઘાલુ "દેશ ભકતો" ખુલ્લું કહે છે કે દેશ શાંતી માટે તેમને લશકર યા પોલીસ જોઇતી નથી. રેલ્વેઓ જોઇતી નથી. (બોલશેવીક નાણું લાવવા માટે) થોડી ઘણી સ્ટીમરો પુરતી થઇ. મીલો તથા યાંત્રીક કારખાનાં જોઇતાં નથી. લંગોટ પર અને ઘણું થાય તો ખડર ઓઢી ફરવું ફરવું. મોટરકારો ફક્ત એ સુખીઓજ બેધડક વાપરી શકે. રાંધણીમાં બાયડીઓએ નાગાં થઇ રાંધવું. કારણ "કુદરત શું દેખાડે છે ?" ઘોડાં, કુતરાં, બીલાડાં, સુંડો વગેરે પણ ક્યાં કપડાં પેહેરે છે ? ખુદ શેહેરો અને ગામડાંઓમાં જાનવરો કયાં રેલ્વે સ્ટીમરો વગેરે વાપરે છે ? તેઓ કેવાં નચીંત અને આનંદીમાં દીવસો ગુજારે છે ? ભાષણો માટે તેઓ પણ ભુંકે છે. શું એ સ્વરાજી સ્વર્ગ નહી ગણાય ? લોક-સુખ સલામતી આપનારો બ્રીટીશ સરકાર સામે ધીક્કારવા જોગ વેર કેટલું એ ઢોલ ઘાલુ "દેશ ભકતો અને ભકતાણીઓ" દેખાડે છે તે ખુલ્લા આકારમાં જણાઇ આવે છે. ફક્ત મુરખમાં મુરખ આદમીજ આ એક્ષ્ત્રીમીસ્ટ નોહીલીસ્ટો અને ઢોલ ઘાલુ કહેવાતા "મોડરેટરો"ની યુક્તિબાજ કુનેહો સમજી શકે નહી. એ ફલીફાત-તીલ્ફીઓએ અફઘાનીસ્તાનને ઉશ્કેરી લડાઇ શરૂ કરાવી, તે દાખડા લશકરી કરોડો રૂપ્યાનો ભારી બોજો હીંદને માથે એ "ભક્તો"ની પેરવીથી થયો, તે ખરી બીના જણાવવા એમના પક્ષકાર વર્તમાનપત્રો કેમ નથી જણાવતાં ? તેમના એ કાર્યોથી આજનું હીંદ કેવી હાયઅફસોસ કરે છે ? ઉલટું "લેંકેશાયર અને મેનચેસ્તરના ગોરાઓ" તો સસ્તું અને ધરખમ કાપડ હીંદમાં મોકલીને હરીફાઇથી ગરીબ મધ્યમ વર્ગોને રાહત આપતા હતા અને ચોકકસ આંકોશો કાઢી નાખે તો હજી પણ સારાં કાપડની સોંઘવારી કરે, પણ "દેશી ભકતોના" વારસીક પંચોતેરથી ત્રણસો ટકા નફામાં કાપ પડે તેનું કેમ ? એ ગણતરીના માલેતુજારો તો આખરે દેશીઓજ છેની ? ત્રીશ બત્રીશ કરોડ ગરીબ દેશીઓને કાપડની સોંઘવારી શાની જોઇએ, એમ એ "સ્વતંત્ર" ગણાવતાં દેશીઓ અને દેશી વર્તમાન પત્રો બેહાઇથી બોલે છે અને છાપે છે, ને મુળ લફંગાઇ છુપાવવા વેલાતી ગોરાઓનું નામ વચ્ચે લાવી ધીક્કાર ઉત્પન્ન કરાવે છે. કેવી શોખાઇ ? કેવી નીચ હીકમતો ? પેલાં "જીના" વગેરે ૫ ડોના વીગતવાર હીસાબો કયાં છે ? જર જવાહેર, જમીનો, મીલકતો વગેરે ખરીદી પચાવી પાડવામાં તો નથી અલોપ થયાં ? થોડાં ઘણાં નાણાં સરકારી બેવફા નોકરોના ખીસાં ભરવામાં, લશકરને બેવફા કરવામાં, હડતાળોના ખોટાં હેડળ હુલ્લડો વગેરે કરાવવામાં ખરચાયલાં જણાય છે, પણ બાકીના કયાં ગેપ ?

" વણકરોના હાથ પગ કાપ્યા !":—બીન માહીતગાર કમઅક્કલીઓને સમજાવવા " સ્વરાજીઓ " એ એવો બુત્તો લગાવી મજબુત પેરવી કીધી કે ચરખા ને રેંટીયાનો જમાનો મરણ પામ્યો, તે વેપાર અરથે આવેલી અસલની ' ઇસ્ત ઇંડીયા કંપની' એ હીંદના દેશી વણકરોના જોર જુલમથી હાથ પગો કપાવી નાખ્યાથી થયા ! તેના ટેકામાં તે વખતનો એક ડીસ્પેચ ટાંકે છે, જેમાં લખેલું કે " આપણે દેશી વણકરોના હાથ પગ અત્યારથી કાપી નાખ્યા છે. " એની જે ખરી મતલબ છે તે " સચ્ચાઇના એ સાધુઓ " (!) **હમેશની યુકિતઓ પ્રમાણે** જણાવવા તદન ' સસેકા ટીન પાંઉ ' કરી જાય છે, અને **પારસી બેહલી ભકત સ્વરાજીઓ** પોતીકા ધર્મનો સાચ્ચું બોલવાનો ઉપદેશ ભુલી જઇ ખોટા અર્થ ઉડાડી, જુઠ્ઠાઇને આગળ કરી, કમ અક્કલીઓને ઠગતાં ફરે છે. તવારીખનો ખરો અભ્યાસી જાણતો હોવોજ જોઇએ કે ઇ૦ સ૦ ૧૮૫૭ માં બાહાદર બ્રીટીશ રાણી માતા વીકટોરીયાએ હીંદનું રાજ પોતીકે સ્વાધીન ' ઇસ્ટ ઇંડીયા કંપની ' પાસેથી લીધું, તેની આગમચ એ કંપની બીજી ચીજો ઉપરાંત, વેલાતી તેમજ ઇરાની, ચીનાઇ કાપડનો બોહોળો વેપાર હીંદુસ્થાનના જુદા જુદા ભાગો પર, (ફેકટરીઓ સ્થાપવા ઉપરાંત,) કરતી હતી. હાલની પેઠે માંચેસ્તર, લેંકેશાયર વગેરેના વેલાતી કારખાનાંમાંથી બાહેર પડતું કાપડ તેનો કુમાસ, ખુશરૂંગ ધોવા છતાં **ટકી રહેવાની શકિત**, મજબુતાઇને ટેકો આપવા માટે બાંગેલા ટાંટણાને ખરી રીતે ગાંઠ મારવાની ચંચળાઇ, અમેરીકન તથા ઇજીપશ્યન લાંબો રેશમ જેવો મજબુત રૂનો તમામ ઉપયોગ, **વણતી વખતે જે બીનાશ** જોઇએ તે કુદરતે ત્યાં આપેલી હોવાથી અને વળી સુધારેલાં સાંચા કામોનો ધમધોકાર ઉપયોગ કર્યાથી નીકળતો મોટો જથ્થો, અને તે જથ્થાને લીધે થતાં **સસ્તાંપણાને લીધે** આળસુ અજ્ઞાન હીંદી વણકરોના માલને કુદરતી રીતે દાબી દઇ શકયું: યાને તેમના **(ધંધાના)** હાથ પગ કપાઇ ગયા ! પણ માણસો જયારે બદમાસી ભર્યા થાય છે, ત્યારે શબ્દોના અર્થોનો કેવો ખોટો ઉપયોગ કરે છે, તેનો આ વધુ દાખલો છે. આગળ ઇસ્લામી તેમજ હીંદુઓના રાજયોમાં કાંઇ વાંક પડવે બાપડાંઓના હાથ પગ **ખરેખરા** કપાવી નાખતા હતા, અને હાલ પણ અફઘાનીસ્તાન વગેરે દેશોમાં એ રેવાજ ચાલુ છે. ઇ૦ સ૦ ૧૯૨૧ માં માપલા " સ્વરાજીઓએ " શરૂઆતમાં તેમજ કીધું હતું. છેલ્લા માલેગામમાં સ્વરાજીઓએ રચેલા બળવા વખતે **ઇસ્લામી** વણકરોએ તો હીંદુઓની ખુદ **કતલગીરી કીધી** હતી. ધારો કે ઇસ્ત ઇંડીયા કંપનીની પોતાની કોઇ ફેકતરીના લાંચ ખાઉ બદમાસોની વણકર ટોલકીએ બંડફીતુર કરવા યા દુશમન વેપારીઓના કહેવાથી યા ધમકીથી બાળી નાખવા તાગરો રચ્યો હોય અને તે માલમ પડી આવ્યો હોય તો **તે વખતના રેવાજ પ્રમાણે** હાથ પગ કપાવી નાખવામાં પણ વાજબી ગણાય ! પણ પેલા ડીસ્પેચમાં જે વાકય લખેલો છે તે **હરીફાઇને લીધે** સારૂં, સુંદર અને સસ્તું વેલાતી કાપડ હીંદની રૈયત પોતીકા લાભ અરથે લેતી હોવાથી મોંઘે ભાવનું સ્વદેશી અને ફાટી જાય તેવું હલકું કાપડ લેનારાઓ સુખીંજ ઠરી, અનુભવ મલવે, વેલાતી યા પરદેશી **કીમ્મત પ્રમાણે** સસ્તું કાપડ ધમધોકાર લીધાથી કુદરતી રીતે અયાસી અનગડ હીંદી વણકરોના દહાડા ગણાઇ ગયા: યાને આપણી સાધારણ બોલીમાં " હાથ પગ કપાઇ ગયા ! "

હીંદ હીંદને માટે !—હાલના ફુટી નીકળેલા હીંદુ સ્વરાજીઓ કહે છે કે હીંદ અમારૂં છે: બીજા હાથ પર તેમના " ભાઇબંધ " ઇસ્લામીઓ રસ્તે શેરીએ જણાવે છે કે " હીંદુસ્થાન

અપના ધર્મ !" આ એક 'આઇમંધ" કોમોનો ઘણોજ સ્મુજી જગડો હસવું ઉપજાવ્યા વગર રહેતો નથીજ ! પછી ભલે સ્વરાજીઓ કહેવાતી 'આઇમંધી' ને લીધે તે પર નફ્ફટાઇથી ઢાંકણુ વાળે ! કેટલાક ધર્મજ્ઞાની અને ધર્મચુસ્ત પોતાને ગણાવતા સ્વરાજીઓ તો રસ્યન જરમન બોલસેવીસ્તો પાસેથી હડતાલોને મસે બળવા જગાડવા માટે નાણા સંબંધી બદલો મેળવી અજ્ઞાન લોકને ઠગવા અને તેમનું ધ્યાન પોતા તરફ ખેંચવા ધર્મ પર ભાષણો આપવા ઇ૦ ના ઠગબાજીના કામો કરવાથી, લોક અફવા પ્રમાણે, શું નીરાલાં છે? હોય યા નહી, માટે દાનેશમંદોએ એવાંઓથી ખુબ ચેતી ચાલવું, નહી તો નવેમ્બર ૧૯૨૧ના જેવો બે ચ્યાર દીનનો મામલો પાછો નહી આવી પડે! ગાંધી, ખલીફ્રાવ, તીલક ફંડો ઉપ્રાંત રસ્યન જરમન નાસ્તીક બોલ્સેવીસ્તો તરફથી મળતું એક તદન અલાહેદું ફંડ પણ કહેવાય છે, જો કે બધાંની નેમ અંદરખાનેથી એક મલતી છે. પણ હીંદ કોણનું? નીચલી ખરેખરી હકીકતો વાંચી તેનો તોલ વાંચનારેજ કરવો.

અસલ આર્યો ઉત્તર ધ્રુવ તરફ હતા. પારસી ધર્મ પુસ્તકો "ખોરદેહ અવસ્તા" માં ગાથા સ્પેન્તોમદ (હા. ૫૦-ફ. ૧૦) તથા મેહેર યશત પ્રમાણે ગ્રહોની તથા રૂતુઓની હીલચાલો તથા દીવસ-રાતના ઉજરડાં તથા અંધકાર પ્રમાણે ત્યાં એક ખંડ હોવાથી યા તો યુરોપના ઉપર ભાગો સાથે જોડાયલો હોવાથી, આર્યો-પારસીઓ ઉપ્રાંત આજે પોતાને જે હીંદુઓ ગણાવે છે તેમના વડવાઓ, વગેરે-ત્યાં હતા. પણ દીવસે દીવસે ઉત્તર ભાગ તરફ મોટાં ભારે બરફોના તોફાનો વધ્યાથી ત્યાંની પારસી પાદશાહતોએ વખતો વખત દક્ષીણ તરફ કદમ ફેરવી વસવા માંડયું. રૂતુએ અહીં પણ તેમનો પીછો છોડયો નહી, તેથી વધુ દક્ષીણ તરફ આવતાં ઇરાન વેજમાં તેઓએ પોતાનું મથક કીધું. એ વખતે આગમચ તો ઉત્તર ધ્રુવનો ભાગ યા ખંડ ચાલુ ગંજાવર બરફના તોફાનો અને છેક છેલ્લાં ધરતીકંપોને લીધે ગરક થયો અને તેની પર પાણી ફરી વળ્યું. જેને આપણે જગરેલ કહીએ છિએ. વેદમાં પણ તેના ઇશારા છે. ત્યારે સર્વ આર્યો ઇરાનમાં ઠરી ઠામ થયા. પણ અહીં રૂતુને બદલે નવું તોફાન શરૂ થયું. ધર્મ ઉપાધ્યાઓની ખીસાં તર કરવાની તરેહવાર યુક્તીઓને લીધે તેઓ લાકડાં પથરો વગેરેના આકૃતી વાળા આકારોને દેવ દેવીઓ ઠેરવી ભક્તી કરાવવા લાગ્યા. પણ એકજ અનદીઠ ખુદાને માનનારો સુધારાવાળો ટોલો તેમાંથી ઉભો થયો; સ્પીનત્માન જરથુસ્ત્ર પેગમ્બરે તેમને જોશ આપ્યું, અને છેલ્લાં પાદશાહોએ આ નવા ધર્મના ફરમાનોના ઉમદાપણાને લીધે સ્વીકાર કીધાથી તે જરથોસ્તી યાને પારસી ટોલા દાખલ ગણાવા લાગ્યો. રાજ દરબારે પણ આ નેકી અને સ્વચ્છતાઇથી ભરપુર જરથોસ્તી ધર્મ અખત્યાર કીધાથી અને આર્યનો વધુ અને વધુ તે દીનમાં જોડાવાથી, વેહમોને ઉતેજન આપનારા બ્રાહ્મણો અને તેમના વેદીક ચેલાઓએ દક્ષીણ ભણી કદમ ફેરવ્યાં, જેમ કરતાં તેઓ હીંદુસ્થાનમાં આવ્યા; અસલ સુધી ઇરાનમાં આ વેદીક આર્યનોએ 'સોમ' ઝાડનો દારૂ પી છાકટા બનવાનું, લુટફાટ કરવાનું અને ઇરાની-આર્યોના ઘર બારના આસામીઓ પર આજાર ગુજારી તેમના ફળદ્રુપ ખેતરો પર દરોડા પાડવાનું ચાલુ રાખ્યું હતું. તેથી સુધરેલા આર્યનોએ આ વેદીક-આર્યનોને તેમની દેવ યાને સેતાન્યત પરસ્તીને લીધે "દેવ" ઉપમા આપી. [વાંચો "અફ્રાસમંદ અદેવાન" ની વાર્તા] અને તમામ અવસ્તા વાણીમાં એ વેદીક-આર્યોને એજ નામે—દેવ યા સયતાન—ઓળખવેલા જોવામાં આવે છે.

ખુદ સ્પીન્તમાન ઝરથોસ્તના ગાથાંમાં પણ તેમની એ બદીઓ પર ધીક્કાર દેખાડી એજ "દેવ" તરીકે ઓળખાવ્યા છે. એના વેર ભાવમાં વેદીક–આર્યનોએ સુધરેલા તથા નેકીવાળા ઇરાની આર્યોને 'અસુર' નામે ઓળખ્યાં. આ પ્રમાણે અસલ આર્યનોના બે તાયફાઓ થયા, અને 'સુર' તરીકે પોતાને પાછળથી ગણાવનારાઓ નાઠેલા વેદીક આર્યનો, હુનો તથા ચીનાઓ ભેગા, આશરે અઠાવીસસો વરસ પર હીમાલય અને વીંધ્યા પરવતો વચ્ચે ત્યાંના અસલ વતનીઓને જેર કરી વસ્યા. ત્યાર પછી મગધના રાજાના એક સગા ચંદ્રગુપ્તએ મેસીડોન્યાના રાજા સીકંદર પાદશાહને હીંદુસ્તાન પર ચઢાઇ લાવવા લલચાવ્યો. સીકંદર જીતીને જ્યારે પાછો મેસેડોન્યા ગયો કે આ ચંદ્રગુપ્ટાએ બેવફા બની ગુપચુપ એક લશકર ઉભું કરી નબરવસ સીકંદરી લશકરને હરાવી પતલીપુત્રા યાને પતનામાં રાજ્યધાની સ્થાપી પોતે મહારાજા થઇ બેઠો. બીજી તરફ, પુર્વથી ચીના અને ઉતરથી અફઘાનો વગેરેના ટોળાંઓ પણ તેમની સાથે ભેળાતાં ચાલ્યાં. ઇરાન છોડી આવેલાં વહેમી આર્યનો લડાઇ કરવાની બેટાઇને લીધે હીંદના રાસ્ત્રીકા, કાતકરી, ધોંડ. ઇ૦ અસલ વતનીઓને જેર કરીને હીંદમાં ઠરી ઠામ થયા. જે અસલ વતનીઓના વંશજોને આપણે રાસ્ત્રીકા, કાતકરી, કાઠુરી, ભીલ, વગેરે કહીએ છીએ તેઓ હજી પણ અજ્ઞાન રહી જંગલોમાં રહી જીંદગીના બાકીના દહાડા ગુજારે છે, અને મનુ, દશરઠ, રામ વગેરેના વખતનો થોડો ઘણો ખ્યાલ આપે છે. સ્વરાજીઓના મુખીઓને એવો જમાનો મુખથી બહુ ભાવે છે. કારણ કે જબરદસ્તી, ખુનો, બાયડી છોકરાંઓ ઉપાડી જવાં વગેરેનો નીરભયપણે, શીક્ષા વગર, ઉપયોગ કરી શકાય છે.

પણ પારસી–આર્યોને છોડીને વેદીક–આર્યો હીંદમાં આવ્યા, છતાં ચોક્કસ વખત વેર સર્વોતમ પારસી પાદશાહોની સતા હેઠળ તેઓ હોવા જોઇએ. કારણ કે પારસી હખામની વંશના હીસ્તાસ્પીસ પાદશાહનો છોકરો પાદશાહ દારવ્યુસ યાને દરાયસ (દારાં) ખીલા ગેકી બાધામાં તખ્તે રસ્તીમ તેમજ પરસીપોલીસ યાને તખ્તે જમશીદમાંના દરાયસના મેહેલના દરવાજા પરના લેખમાં જણાવે છે કે "હું છું દરાયસ; મોટો પાદશાહ, પાદશાહેને પાદશાહ; ઘણી પ્રજાનો પાદશાહ, નીચલાં દેશો પર સતા ધરાવું છું ને ખંડણી લઉં છું, જેવાં કે સુસીયાના, મીડીયા, બેબીલોન, અરબસ્તાન, એસીરીયા, મીસર (યાને ઇજીપ્ત), આરમીન્યા, કાપેદોસ્યા, સ્પાર્ટા, આયોન્યા, સગારસ્યા, પારથીઆ, જરંગ્યા, એસીઆ, બાક્ત્રીયા, સોગડીયાના, ખોરાસાન્યા, સેથેગેદીયા, આરકેસ્યા, હિંદ, ગંદ્રા, સરયા અને મીસોયા."

પહાડી મેહેલો પરના ઉપલા લેખો પરથી જણાશે કે હીંદુસ્થાન પર એક વખત પારસી પાદશાહોની હકુમત હતીજ; યાને હીંદુસ્થાન પારસીઓનું હતું. ત્યાર પછી જેમ આરબોએ છેલ્લા પછી પારસી પાદશાહ યજદેઝરદને લડાઇમાં હરાવી ઇરાની રાજ લઇ ત્યાં ઇસ્લામી ધજા ફડફડાવી, તેમ ઉતર તરફથી મોગલ પાદશાહ બાબરે આવી લડાઇઓ કરી હીંદુસ્તાનમાંના ઘણાક ભાગોમાં ઇસ્લામી હકુમત સ્થાપી. તેના વંશજોએ સલતનતમાં મોટો વધારો કીધો, તેમાં અઉરંગઝેબે તો તે ઉપ્રાંત હજારો હીંદુ મંદીરો અને મુર્તીઓનો નાશ કરાવ્યો; એપ્રીલ ૧૬૬૯માં દરેક પ્રાંતોના હાકેમો પર તેમ કરવા હુકમો મોકલ્યા હતા, તેમાં વળી બ્રાહ્મણોની દરેક નીશાળ પણ નાશ કરવા લખી હતી. તેત્રીશ લાખ રૂપ્યાનું મથુરાનું શ્રેષ્ટ કેશવરાય મંદીર જમીનદોસ્ત કરાવી તેમાંની હીંદુઓની અતી માનીતી મુરતીઓને જાનેવારી ૧૬૭૦માં

આગ્રા ખાતે લાવી જહાનારા મસજીદના દાદર નીચે દતાવી, કે જેથી દરેક ઇસ્લામી નીમાજી તેમની પરથી ચાલી જાય! કાઠીયાવાદના સોમનાથના દેહેડાંનો પણ નાશ કરાવી તે જગ્યા પર દાન દેવાની મના કીધી! ઈ૦ સ૦ ૧૬૭૯-૮૦ માં ફક્ત મેવારમાંજ બસો ચાલીશ મંદીરનો નાશ કરાવ્યો. જેમાં પ્રખ્યાત ત્રણ ઉદેપુરના અને એક સોમેસ્વરનું હતું. તા૦ ૨ જી એપ્રીલ ૧૬૭૯માં જેઓ ઇસ્લામી ધર્મ પાલતા નહી હોય તેઓ પર જજીઆ કર વેરો પાછો ચાલુ કરાવ્યો. કેટલાંક નીરધન લોકો જજીયા વેરો કાઢી નખાવવા માટે એ શેહેનશાહની સ્વારી અટકાવી આજીજી કરતા રસ્તામાં સુઇ ગયાં તો **હાથીઓના પગો તળે તેમને તરત કચડી નાખવા હુકમ કીધો!** રજપુત સીવાય દરેક બીન ઇસ્લામીને હાથી, પાલખી યા અરબી તથા ઇરાની ઘોડાઓ પર બેસી ફરવાની **મનાં કીધી!** કલમના એકજ ફટકાએ જાહેર દફતરખાનામાંથી સર્વ હીંદુઓને નોકરી પરથી રૂખસદ આપી! આ પ્રમાણે હીંદમાં મોઘલ દસ્ત પેંઠો, તે છેલ્લા દીલ્હીના નબળી સતાના મોગલ શાહ વેર રહ્યો. ત્યાર પછી આગળ જોઇ ગયાં તેમ પેસવા અને બીજા હીંદુ ઇસલામી રાજાઓ અમલ કરવા લાગ્યા, ને ખરકીની લડાઇ પછી તેમનો આંકો આવી બ્રીટીશ અદલ રાજ ચાલુ થયું. ત્યારે હવે હીંદ ખરેખર કોણનું, અને કોણ માટે, તેનો વાંચનારેજ ખ્યાલ કરવો!

નેશનલ સ્કુલો:—સ્વરાજીઓની અસંખ્ય **છેતરપીંદીની** આ એક નવી યુક્તી છે. એમાંથી પૈસા કુતી કાઢવા ઉપ્રાંત ભવીસ્યની ઓલાદને તદન ઉંધે રસ્તે દોરવા કોમી વેર ઉત્પન્ન કરાવવાની હલકામાં હલકી તુચ્છકારવા જોગ નેમ છે. એમાં તવારીખના તદન ખોટાં ગુલબાનો સીખવવામાં આવે છે. માટે અજાણ અને નીતીવાન રૈયતે ખુબ સાવચેત રહેવું. સબબ, આવી ભુંડી શીખામણો સીખેલો છોકરો યા છોકરી કુદરતી રીતે મા બાપ યા વાલીની દરકાર કરે નહી યા માન રાખે નહી. છેલ્લાં ચોરી લુટફાટનો ધંધો તો તેમને માટે છેજ! આ નેશનલ, યા રાષ્ટીય શાળાઓના કેટલાક મુરબ્બીઓ 'મોટાં માણસો' દેખાશે, પણ દરેક કોમે એટલું યાદ રાખવું કે તેઓ એક યા બીજા સબબસર ખાનગી સ્વારથી ઓહ્દા, ખેતાબોનો **લાભ સરકાર પાસેથી નહીં મેળવી શકયાથી વેરભાવમાં** ફક્ત જોડાયલા છે. સૌથી હસ્વા જોગ તો એ છે કે બ્રીટીશોનીજ સનદો ધરાવતા એવા 'મહાન પુરૂષો' એ હજી તુર્શીક એ સનદો, ખેતાબો, ઇ૦ પાછા સપુરદ **કીધા નથી.** કેવા લોકરક્ષીઓ! ધન્ય છે તેમના છાતીને કે જાહેરમાં છેતરપીંદીનું બજાર તેજી રાખી શકે છે!

ચાર આને ફરો ધઉં ને બે રૂપ્યે મણ સોજ્જું ઘી:—કરોડ રૂપ્યાની યા જરમન રસ્યન બોલસેવીસ્તોની જર જવાહેર યા સોનાની મદદોથી બ્રીટીશોને હીંદમાંથી હાંકી કાઢ્યાથી "અસલના વખત પ્રમાણે ચાર આને ફરો ચોખા અને બે રૂપે મણ ઘી મળશે" કરી સ્વરાજીઓએ મુર્ખાઓને પોતાની તરફેણમાં મોહીત કીધેલાં જણાય છે. "આપે છે કોણ, ને લે છે કોણ?" ની કહેતી એક બાજુ મેલી, એની પણ તપાસ ચલાવીશું. શું તેમ બન્યું હોય? ખરચીતજ! બ્રીટીશોએ વહીવત પોતાના હાથમાં લીધો તે આગમચ સરકારી જમીનભાડું યા ટેક્ષો, ઉપજના ચોક્કસ ટકા પ્રમાણે તે ચીજે લઇ, દેશી સરકારો વસુલ કરતી હતી, અને કડાચ તેની કીમ્મત ઉપર લખ્યા મુજબ હીસાબ રાખવા ગણાતી હોય! કદાચ દરોગ પર કોઇ વરસ કે બીજાં રાજયો પર દરેરો પાડવાનો સંજોગ નહી મળતો હોય, તો પછી એ વખારાનો સામાન એવી કીમ્મતે સરકાર લશ્કરીઓને, નોકરોને યા રૈયતને વેચતી પણ હોય! આ પણ

બનવા જોગ છે કે જે સ્થલોએ દરોરો પડવાની ખાતરી હોય તે સ્થલોએ ખેડુતો વગેરે એ ભાવે પણ વેચી નાખી નાણું વસુલ કરવામાં સલામતી જોતાં હોય! કદાચ દુર વહાવને મોકલવાના બીન સાધનોને લીધે પણ કેટલાંક વેચતાં હોય! લગભગ સાત અબજ રૂપ્યાની હીંદી રેલ્વેઓ અને સ્ટીમરો જેવાં સસ્તાં સાધણો તે વેળા નહી હતા. પણ અક્કલમંદ સ્વરાજીઓના મુખીઓ તો કહે છે કે રેલવે વગેરે નહી જોઇએ. કારણ કે ઝડપી મુસાફરી અને પોલીસ બંદોબસ્તને લીધે જર જવાહેર વગેરે **નીરાંતે લુટવાનું**, બાયડીઓ છોકરાંઓ વગેરે પગ વાટેથી **ઉપાડી જવાનું** સાધન તો તેથી જતું રહ્યું. અસલ દેશી રાજ્યોનો અમલ કેવો હતો તે ઘણાંકો વાંચી શકતાં નથી; છતાં, કોટ, કાલબાદેવી, ગ્રાંટરોડ પરની ખુદ હીંદુ અને ઇસ્લામી કંપનીઓના વખણાયલા નાટકો શું ભાસ કરાવે છે? શું એ હીંદુ ઇસ્લામીઓએ તદન ખોટાં પાત્રો જોડી કાઢ્યાં? જેને જેને બુદ્ધી હોય તેણે બે ઘડી તેનો ઉપયોગ કરવો જોઇયે. સ્વરાજીઓ! તમારા પગ તરફજ પહેલ્લાં નજર કરો. 'તવારીખો ખોટી'ના બેહુદા લખાનો છોડી દેનો. એજ તવારીખમાં તમારી 'શાહુકારી,' છેતર પીંદી, લુટફાટ, ખુનરેજી, હડતાળોને મસે હુલ્લડો, વગેરે, અત્યારમાં લખાઇ ચુકાં છે. અજ્ઞાનોમાં ખોટીશો સામે તદન ખોટાં ગુસ્સાનો ઉરાડવા એ તો દરેક સહમજુ જાણે છેજ કે એક વધુ સેતાન્યત કામનો વધારો કરવામાં આવ્યો. સુર્ય નારાયણ, આફતાબ યા ખોરશેદનું તેજી કીરણ જેમ છુપું રહી શકતું નથી, તેમ સ્વરાજી જુઠાણાં પણ લાંબો વખત છુપાં રહી શકશેજ નહી.

"**સ્વદેશી હુન્નરો વધારો!**" સ્વરાજીઓ આ વાક્યો અવાર નવાર બકે છે. પણ છેલ્લા ત્રણ વરસ દરમ્યાન વખત અને મેહેનતના પ્રમાણમાં થોડો હલકો મોઘો માલ ઉપજાવનારા ચરખા અને રેંટીયા શીવાય બીજા કયા હુનરો દાખલ કર્યા છે? **તેમના સ્વદેશી હુન્નરોમાં** તો હડતાળો, હુલ્લડો, ખુનરેજી, લુટફાટ, સતાવાળાઓ સામે તરેહવાર ખોટાં ગુસ્સાનો અને હડ હડતી જુઠ અફવાઓ, દમ દાટી, પ્રમાણીક ધંધાદારીઓના કુટુમ્બની આવકમાં અટકાવો, વગેરે, મુખ્ય જગ્યા લે છે. ધીકતાં કારખાનાંઓના અજ્ઞાન કામદારોને ઉશ્કેરી ધંધાને નુકશાન કરાવ્યા ઉપરાંત તે કામદારોના કુટુમ્બની પાયમાલી જરમન રસ્યન **બોલશેવીક રીતીઓ પ્રમાણે** કરાવે છે. ત્રણ વરસોમાં તમો દેશીઓએ દેશી કંપનીઓ સ્થાપી, અને તેના સ્વદેશબંધુ શેર હોલ્ડરોને કેવી **ભયંકર ખોટના ખાડામાં ઉતાર્યા**, તેનો કાંઇ તમોને ખ્યાલ છે? વેલાતી કારખાનાવાળાઓને મુફલીશ થોડો ઘણો ગોદો લગાવ્યો, પણ પરમેશ્વરે તમારાજ સ્વદેશી બાઇબંધોને હાથે તે કરતાં વધુ સખ્ત લગાવ્યો, અને તેજ વખતે વેલાતીઓના પૈસા પણ બચાવ્યા. કર ને જો, અહીનું અહીંજ! સત્યનો જય સદા છે. કાપડ, વગેરેની મોંગવારી મોટે ભાગે એ કરપીણ સ્વરાજીઓને લીધે છે. તવંગર મીલ એજંટો અને મીલ શેર હોલ્ડરો બાતેનમાં તેમને હાલ તરત ઉશ્કેરે છે. કારણ કે નીરધનોને ભોગે તઓ મોટા નવાલા પોતાના ગજવામાં શેરવી શકે છે. જેલની જાત્રાએ ગયેલાઓ તરફ દીલસોજી દેખાડનારાં પાત્રોના મુળ મતલબ એજ છે. તારો અને ઠરાવો સરકાર પર મોકલવાના ધીક્કાર પાત્ર કોશેશો આપ બતલમી છે.

બોમ્બે પ્રેસીડંસી એશોશીએશન, દેશી વેપારી ચેમ્બર્સ, સ્વરાજ સભાઓ, દખ્ખની સભા, વગેરેના કરતા કારવતાઓ અંદરખાનેથી એકના એક છે. ફક્ત પૈસાના જોરે આજકાલ ફાવે છે, અને અજ્ઞાનોને ઠગી શકે છે.

વાછા બ્રધર્સનું વૃતાંત.

કાંઇ અસંખ્ય તવારીખ વગેરેના કીસ્સાઓ મારી તરફથી બાહેર પડતા હતા ત્યારે ઘણાઓ જણાવતાં હતાં કે "તમારી પેઢીનોજ કીસ્સો કેમ નહી બાહેર પાડતા?" પણ તે વખતે આ લખનારને નમોશ્નું લાગ્યું, એટલુંજ નહી પણ મુંબઇના બે ત્રણ અઠવાડીક પત્રોએ મ્હોડે ચઢી છબીઓ સાથે તવારીખ છાપવા માંગી, પણ મેં ઠંડું પાણી રેડયું ને વાત વીસરાઇ ગઇ. હવે જ્યારે આ "ઐતહાસીક પેઢી" જમાનાને દોરે બંધ પડી છે, અને કેટલાકો હજી તેની તવારીખ જાણવા માંગે છે તો આ ટાંકણે ટુંકમાં જણાવવામાં હવે હરકત નથી.

તમારા સેવકનું નામ માણેકજી! ટપકામાં નશરવાનજી! ભાઇઓના નામો સોરાબજી તથા જેહાંગીરજી. બાવાનું નામ એદલજી બરજોરજી માણેકજી જીજીભાઇ બાટલીવાલા તથા વાછા. વંસાવલીનો જેમને શોખજ હોય તો જુવો "મુંબઇના બાહેર"ના બે વોલ્યુમોમાં બાટલીવાલા ખાનદાનની તવારીખ. અમારો ભલાં અસીલ જન્મ આપનારનું નામ બાઇજીબાઇ જીવાજી મા. વાછા હતું, જેવણ રોજ ૨૩ મો, માહ ૧૨, શહેનશાહી સને ૧૨૭૭ (ઇ. સ. ૧૯૦૮) બેહેસ્તનશીન થયાં હતાં.

આ લખનારનો જન્મ તા. ૧૪મી જુલાઇ ૧૮૬૪ ને દીને હતો. માતાજી તરફથી વાંચણનો જાણે હડીઓ આવ્યો હતો. તેવણ તથા તેવણના અસીલ માતાજી સુનાબાઇને ગુજરાતી વાંચનનો કેટલો શોખ હશે તે એટલાંથીજ જણાશે કે દરરોજી વર્તમાન પત્રોમાં "જામે જમશેદ", "અખબારે સોદાગર," "મુંબઇ સમાચાર," "રીપન રીપોરટર" વગેરે ખરીદવામાં આવ્યા ઉપ્રાંત "સત્ય મીત્ર," "પારસી પંચ," "યજદાં પરસ્ત," "રાસ્ત ગોફતાર," "હાતરડું" વગેરે સાથે મુંબઇમાં નકળતાં દરેક માસીક ચોપાન્યાઓ પણ ખરીદી વાચતાં, અને આ લખનાર પણ આ આફતાં જ્ઞાન પર તરાપ મારતો. નાનપણમાં અમો ભાઇઓએ ખેતવાડી કાવસદારૂની નાની દુકાન જેવી જગ્યામાં કેળવણી લઇ, ત્યાર પછી થોડે દુર આવેલી શેઠ જીજીભાઇ દાદાભાઇની સ્કુલથી થઇ, કોર્ટમાં ફોર્ટ બ્રેંચ સ્કુલ, સર જમશેદજી ઇન્સ્ટીટયુટ, એલફીનસ્ટન હાઇ સ્કુલ થઇ, છેલ્લાં "રોટલો પેદા કરવા" તારદેવની સખી વજુદ મી. નવરોજજી નશરવાનજી વાડયા સી. આઇ. ઇ. ની મેનેજમેંટ હેઠલની માણેકજી પીટીટ મીલના જબરાં મોટા એનજીન સાથના વર્કશોપમાં સેત્રક તથા સોરાબજી સીખાઉ દાખલ ચાકરી રહ્યા. બેહસ્તનશીન મી. નવરોજજી કેવા બાહોશ એનજીનયર હતા તે તેમના એ એનજીન પરથી ઝટ જણાઇ આવે છે. છીની હથોડીથી અમે કામ શરૂ કરી છેલ્લે વર્કશોપના દરેક તરેહવાર યંત્રો પર જાતે કામ કરી, ખુદ એન્જીન રૂમમાં કામ કરવા શરૂ કીધું, તેટલાં ભાયખલાની વીકટોર્યા જુબીલી ટેકનીકલ ઇન્સ્ટીટયુટ ઉઘડી ત્યાં ઉપલા બાહોશ મરહુમની ઇચ્છાથી વધુ શીખવા ત્યાં ગયા. મારા ભાઇ સોરાબજીએ એનજીનીયરીંગ ધંધાની ત્યાં, જ્યારે આ-લખનારે રૂપારખચાથી કાપડ વણવા તુલીકની સંપુર્ણ કેળવણી લીધી. એ ઉપ્રાંત પ્રયોગો સાથે ઇલેકટ્રીક, કેમીસ્ત્રી, ડ્રોઇંગ વગેરે ત્યાં શીખ્યા તે જુદું. ટેકનીકલ કોલેજના એ સપર પહેલા બેચમાં, અમો હતા, અને તે મસ્તી તોફાનમાં એક પુરો ગણાતો! એલ્ફીન્સટન હાઇ સ્કુલમાં તરેહવાર મસ્તી તોફાનનો વારસો મેળવેલો, તે હવાં વધુ ફુરસદ હોવાથી પુર બાહરમાં ખીલી નીકળેલો, તેમાં નેક પ્રીન્સપાલ રીથીમન તથા કોટન માસ્તર મી૦ હ્યુ મોની પાધરા ઇંગ્લંડથી આવેલા: એટલે કેટલીક વેળા હંમા મસ્તીની હદ કુદાવી જતાં!

કારણ કે એ અસરાફો ગુજરાતી યા ઉરદુ ભાષાથી બીન માહીતગાર હતા, જો કે પોતાના હુન્નરી જ્ઞાનમાં કુશલ હતા. ભલા મરહુમ ડોકટર તવરીઆ તથા પ્રોફેસર વેલીનકર (હાલ બેરીસ્તર-એટ-લૉ) અમો પારસીઓની બાળકોઓને ખુમો પડાવવાની રીતોથી તદન માહીતગાર હતા, છતાં હું ધારૂં છું કે તેઓ બાતેનમાં સમત મેળવતા હતા. એ ઢીંગા મસ્તીમાં મારા બેહસ્તનશીન દોસ્ત ભાઇ બમનજી ફરામજી ડાવર પહેલે નંબરે આવતા તો તેમ કહેવામાં ખોટે, ગણાઇશ નહી. એ ભાઇ ચોપન વરસની વયે તા. ૧૧મી ફેબરૂઆરી ૧૯૨૨માં હાર્ટ ફેલ્યરથી બેહેસ્તનશીન થયા હતા, પણ પોતા પાછળ મેસરસ બી૦ એફ૦ ડાવર એન્ડ કંપની નામે મીલોને તરેહવાર સામાન પુરો પાડવાની પેહેડી મુકી ગયા. તેકનીકલ કૉલેજમાં લીધેલી કેળવણીને પ્રતાપે કેટલોક સરસ સામાન પોતાના કારખાનામાં પોતેજ બનાવતા હતા: તેઓ એ પાછલ સદા ખંતીલા રહેતા. એઓ સાથની અમો ભાઇઓની દોસ્તી છેક ફ્રોર્ટ ઈંગ્લીશ સ્કુલના વખતથી તે મરવાની ઘડી સુધીની હતી. હું કહેતાં વિસરી ગયો કે ખેતવાડીમાં નાનપણથી અમો ભાઇઓ કસરતશાળામાં જોડાયા હતા અને ત્યાં સ્વીમીંગ બાદમાં તરતાં પણ સીખ્યા હતા. એલ્ફીન્સ્તન હાઇ સ્કુલની વેળા અમારી પોતીકી નાની એક ક્રીકેટ કલબ હતી: હમણા જ્યાં કામા ઓસ્પીતલ છે ત્યાં અમો એ ઉમદા રમત ખેલતા હતા. આ સ્કુલની વખતેજ આ લખનારને ન્યુઝપેપરો તથા માસીક ચોપાન્યામાં લખાણો કરવાનો શોખ લાગ્યો હતો, તેમાં એ સ્કુલના બાહોશ શીક્ષક ભલા મી. પેસ્તનજી સંજાના હસ્તકની લાઇબ્રેરીની ચોપડીઓથી મને પુશકળ મદદ થઇ હતી. સરસ લખાણોનો ત્યાં સંગ્રહ હતો.

ટેકનીકલ કોલેજમાં ત્રણ વરસનો કોર્સ પુરો કરી ઇ૦ સ૦ ૧૮૯૨ માં ગુજરાતના જુદાં જુદાં કારખાનાઓ જોવા તથા તેમાં કાંઇ નવાં યંત્રો હોય યા કાંઇ નવી રીતી હોય તે જાણવા વધુ અનુભવ મેળવવા અમો સ્ટુડંટ્સ પારસી દોસ્તોની નાની ટોલકી નીકળી હતી. બરોડા રેલ્વેના એજન્ટની મેહેરબાનીથી અમોને કીફાયતે મુસાફરી કરવા સાથે ઘણી સવળતા મળી હતી. અલબત્તાં! એ સર્વ માટે અમો મુખ્ય કરી બેહસ્તનશીન મી. નવરોજી નશરવાનજી વાડીઆને આભારી હતા, જેઓ પહેલા સર દીનશાહજી પીટીટ તથા લોર્ડ રેની પેઠે એ કોલેજના જીવ હતા એમ કહીએ તો ખોટું નથી.

ગુજરાતની મુસાફરી તો કરી આવ્યા અને વર્તમાન પત્રોમાં હેવાલો પણ છપાવા, પણ નોકરો મેળવવાના વાંધા પડયા! મીલોનાં જુદા જુદા ખાતાંના ઉપરીઓ તેમના પેટ પર લાત પડશે ધારી તથા સેંકડો યા હજારો રૂપ્યા શીખાઉઓ પાસેથી મેલવતા હતા તે લગભગ બંધ થવાથી અદેખાઇના માર્યા પોતાના હાથ હેઠળ વટીક રાખવા તદન નારાજ જણાયા. છેલ્લાં બન્યું એમ કે એ પહેલ્લાં બેચતાંના લગભગ એંસી ટકા તદનજ જુદા જુદા ધંધામાં પડયા. મહેનત બરબાદ! ટેકનીકલ કેળવણીને સ્વદેશીઓજ કેમ ઉતેજણ આપે છે તે શરૂઆતમાંજ જણાઇ ગયું! એ વીશ ટકાનો મોટો ભાગ જે મીલો યા કારખાનાઓમાં આખરે ચાકરી રહેતા નશીબવંત બન્યો તે રૂપજીની મુખ્ય મદદથી હતું.

થોડા મહીના ઘરમાં ખીચડો ખાધા પછી આ લખનાર અને નાના ભાઇ સોરાબજીએ તે વખતના લોક પ્રીય થવાની અણી પર આવેલા નવા શરૂઆતના સાઇકલના ધંધામાં ઝુકાવવા નક્કી કીધું. અમોને એ કામમાં અમારા સગા બેહસ્તનશીન શેઠ પેસ્તનજી સોરાબજી બરેયાટે ઘણી હીમ્મત, ઉતેજણ અને મદદ કીધી. એઓ પોતાના વખતમાં કેટલા

બધા સ્વતંત્ર, લોક પ્રીય અને એક્કા હીસાબી હતા, તે તો મુંબઇની તવારીખ જાણનારને માલમ હોવુંજ જોઇએ. ઘણાંજ ગુંચવણ ભર્યા અને દગાબાજીથી ભરપુર હીસાબોના ચોપડાંઓ તપાસી તેના રીપોરટો કરવાનું મુશ્કેલ કામ ખુદ હાઇ કોર્ટ તરફથી એવણને સોંપવામાં આવતું હતું. દીવાળું કાઢનાર કેશવજી નાયકનો દાખલો પુરતો થઇ પડશે. લોક રક્ષી મી૦ નવરોજી ફરદુનજીની એપોલો સ્ત્રીટમાં આવેલી ઓફીસમાં મી૦ ખરેઘાટની બેઠક હતી અને બન્ને વચ્ચે ઘાડી દોસ્તી હતી.

એવા એ પરગજુ ગ્રહસ્થના ઉત્તેજનથી અમારા સાઇકલના ધંધાની શરૂઆત હાલની પ્રોકટર સ્ત્રીટમાં આવેલી છોટાણી બીલ્ડીંગના આગલા વરંડા પર ઇ૦ સ૦ ૧૮૯૨માં કીધી, કે જ્યાં અમો રહેતા હતા. સાતસો રૂપ્યા પહેલ્લા ઉછીના મરહુમ શેઠ પેસ્તનજી પાસેજ લઇ અમે બન્નેએ શરૂઆત કીધી. "જામે જમશેદ" માં ટુંકી જાહેર ખબરો અવાર નવાર આપ્યા કીધાથી રોજગાર ટુંક ટુંક ચાલવા લાગ્યો. અમે જોયું કે એ જગ્યામાં મુંબઇના તે વખતના આંગલી પર ગણાય તેટલા "બોનશેકર" તથા ઉંચી "ઓરડીનરી" સાઇકલો પર ફરનારા જવલેજ આવવાનું પસંદ કરતા. તેઓ પોતેજ વેલાતથી સાઇકલો મંગાવી વાપરતાં: આથી થોડી ઘણી હીમ્મત પકડી ગીરગામ પોરચુગીઝ ચર્ચની સામે એક નાની દુકાન તે વખતના નજીવે દામે બાડે લીધી. સમાર કામ કરવા માટે અને ઘરાકોને કીફાયતે કામ કરી આપવા માટે પગથી ચલાવવાનો લેથ, ડરીલીંગ મશીન વગેરે નાના ઓજારો પણ આણ્યાં, અને તેની સાથે દેવું વધ્યું! પણ જેઓનું નામ મી. ખરેઘાટ! અમો બન્ને ભાઇઓની ઉતકંઠા અને હીમ્મત જોઇ પોતે વધુ રકમ ધીરી, અને ખોટમાંથી બચાવવા ઇંગ્લંડથી વેચાઇ જાય તેવો થોડો સામાન પણ મંગાવવા સલાહ આપી, અને શરૂઆત દાખલ મેસર્સ લાયન એન્ડ કંપની પર પોતે કાગળ લખી અમો જે મંગાવ્યે તે મોકલવા લખ્યું. આથી અમોને વધુ હીમ્મત આવી. સ્તીલ બોલ્સ, સ્પોકસ, ફાનસો વગેરે પરચુરણ સામાન ઇંગ્લંડથી આવ્યો, અને જુજ નફે તે સપાટામાં વેચી પણ કાઢ્યો. આથી રફતે રફતે વધુ ઓરડરો ગયા અને છેલ્લાં વધુ કરજ કરી હીમ્મતવાન બની ઇંગ્લાંડમાં તે વખતે "શેફ્ટી બાઇસીકલ" (હાલ જે ફરે છે તે ઘપની) નામની નીચી સોલીડ ટાયરની ત્રણ બાઇસીકલો મંગાવી, અને જાહેર ખબરની બરકતથી ઝટ તે થોડે નફે વેચી પણ નાખી. હાલના એ સેફ્તી બાઇસીકલ મુંબઇમાં પેહેલ વેહેલા દાખલ કરી જાહેર વેચનાર દાખલ અમો વાચ્છા બ્રધર્સજ હતા. ત્યાર પછી કુશન ટાયર્સવાલી બોહેર પડી કે તે પણ પેહલ વેહેલાં અમેજ મંગાવી વેચી અને છેલ્લાં ડબલ ન્યુમેટીક ડાયર (હાલ છે તે) વાલી અને સઉથી છેલ્લામાં છેલ્લા સુધારાવાલી બાઇસીકલો દાખલ કરવાનું માનપણ વાછા બ્રધર્સનેજ મલ્યું. વાંચનારને અહીં જણાવવું જોઇએ કે ઇંગ્લાંડમાં સાઇકલ ધંધાને લગતાં "ધ સાઇકલીસ્ટ," "આઇરીશ સાઇકલીસ્ટ," "બાઇસીકલ ન્યુઝ" વગેરે પેહેલ્લે નંબરે ગણાતાં વર્તમાન પત્રો અમો ખરીદતા હોવાથી તે વાંચી છેલ્લામાં છેલ્લી સુધારાવાલી સાઇકલો અને સામાન મંગાવવાનું તદન સવલ થઇ પડયું હતું. પાછલથી "ધ સાઇકલીસ્ટ" પેપર સાથે વધુ ઘાડા સંબંધમાં આવ્યાથી મુંબઇના ખબરપત્રી દાખલ પણ આ લખનારે લખાણો કીધાં હતાં. અલબતાં તેનું સારૂં દામ દર ત્રણ મહીને એ શાહશીકો મોકલતા હતા, એટલુંજ નહી પણ આ લખનારના પુછાવ્યાથી વારંવાર સરસ માલ માટે ખબરો આપતા હતા. એ વખતુાયમાં અઠવાડીક વર્તમાન પત્રની ઓફીસમાં મી. સીમસેન કરી ઘણા

બાહોશ એન્જીન્યરીંગ સાઇકલીસ્ત હતો, તેની સાથે અમે ગોઠવણ કીધી, જેની રૂએ ઇંગલંડથી આવતી અમારી દરેક સાઇકલો તે તપાસી પાસ કરે નહી ત્યાં સુધી રવાના કરવી નહી, ફરી વખણાયલા બનાવનારાઓ છતાં તેમની સાથે ગોઠવણ કીધી હતી. આ વધુ અનુભવ મલતાં દેશને લાયક કેવી બાઇસીકલો જોઇએ તેની બારીક બારીક વીગતો મી૰ લીચમેન પર રવાના કરતા ગયા હતા, અને જણાવવાને ઘણો ખુશી છું કે તદન પ્રમાણીકપણાથી આ ઇંગ્રેજ બચ્ચાએ કામ કરી ઘણી વખત અમોને હેવરપીંદીથી બચાવ્યા હતા. સરસ સાથે સસ્તી બાઇસીકલો વેચવાનું માન જે વાછા બ્રધર્સ પોતાના ધીકતા વખતમાં ધરાવતા હતા, તે એવી ગુપ્ત ગોઠવણોને લીધે હતું. અલબતાં! દરેક સાઇકલ દીઠ મી૰ લીચમેનને ઠેરવેલું દામ મલ્યું જતું હતું.

કાંઇ નહી તો સાઇકલોમાં દર વરસે કાંઇને કાંઇ સુધારો થયા કરતો. તેને લીધે સામા૰નમાં પણ તેમજ થતું: એટલે બન્યું એમ કે મોટા જથ્થામાં અમો હવે દર મેલ સ્ટીમરમાં છેલ્લામાં છેલ્લી ઢપની અને ખાસ બનાવેલી સાઇકલો તથા સામાન મંગાવતા હોવાથી આગલી ઢપના સામાનનો વધારો થતો ચાલ્યો, યાને ટુંકમાં કહીએ તો તે બધો રદી થાય યા ખોટ ખાઇ વેચવો પડે! આ પાછલો માર્ગ વધુ સારો હતો, એમ અનુભવથી પાછલથી જણાયો. અમારો વેપાર હવે બહુ ખીલતો ચાલ્યો. અમારે ખરચે જાહેર ખબરો પછવાડે ખરચ પણ વધતો ચાલ્યો હતો. અવાર નવાર વેલાતના સાઇકલ કારખાનાંઓ તરફથી મલતાં જબરાં મોટાં વોલપેપરો મુંબઇ, પુના, વગેરે ઠેકાણેની દીવાલો પર ચીટકેલાં નજરે પડતાં હતાં. વળી અમોએ "ઇન્ડીઅન સાઇકલીસ્ટ" નામનું ઇંગ્રેજી વર્તમાનપત્ર પણ મી૰ એલીસની કસાયલી કલમ હેઠળ કેટલોક વખત પ્રસીદ્ધ કીધું. એ ઉપ્રાંત ધંધાના વધારા અરથે "સાઇકલીસ્ટસ હેન્ડ બુકસ" તથા "પોકેટ ડાયરી બુકસ" પણ પ્રસીદ્ધ કરતા ગયા હતા. ઇંગ્રેજી તેમજ ગુજરાતી જુદાં જુદાં પેપરો આખાં હીંદુસ્થાનમાં અમારી જાહેર ખબરો ફેલાવતાં હતાં, તેમાં "પાયોન્યર" પત્ર જાહેર ખબરોની બાબદમાં "સીવીલ એન્ડ મીલીતરી ગેઝેટ" પેઠે સરસ માલમ પડ્યું હતું. હવે "કોન-બેરીંગસ" ને બદલે "બોલ-બેરીંગસ," ઝડપી ચાલ માટે, શોધી કાઢવામાં આવી કે તરતજ વાછા બ્રધર્સની સાઇકલો પહેલ વહેલી તે યુક્તી સાથે ફરતી થઇ. મુંબઇમાં પ્લેગના પેહેલ્લા કાતીલ હલ્લા વેળા વેચાણની બાબદમાં અમોને ઘણું જોર મલ્યું. તેનો સબબ હતો. સાઇકલો મજબુત અને ઝડપી ચાલની આવવા લાગી, અને લોક દુર પરાંઓ તથા બીજે ઠેકાણે નાહસતા ફરી વસવા લાગ્યું; એટલે જલદીથી ઓછે ખરચે લઇ જવાનું સાધન કુદરતી રીતે સાઇકલો હતી. અમો ભાઇઓ પણ તે વખતે દર સાંજે એક સ્પેસ્યલ ટ્રેન જતી તેમાં બેસી ખંડાલે જતા, અને જરૂર જણાય તો બીજે દીને સહવારની ટ્રેનમાં ઉપડી પાછા મુંબઇ આવતા. આ વખતે મેસર્સ એસ. આર. નોરમન કંપની (બુક સેલર્સ)ને મુંબઇમાં વેચાણ કરવાનું કામ સોંપ્યું હતું, જેના ધણી મી. લીચ પણ દરરોજ અમારીજ પેઠે લોનોલા જતા અને બીજી સહવારે મુંબઇ આવવા ઉપડતા. ભલો અને પ્રમાણીક ગ્રહસ્થ આ મી. લીચ હતો. ખંડાલે બેઠા બેઠા અમો બાહેર ગામના ઓરડરો બજા લાવતા હતા, અને નાણા સંબંધી વહીવતનો મોટો ભાગ ત્યાંજ થતો. પણ એ ભયંકર રોગની કારી મોસમ વખતે પણ અમો એટલા તો વખતસર ઇંગ્લંડ તેમજ અમેરીકામાં નાણું રવાના કરતા કે તે વખતથી ત્યાંના કારખાનાવાલાઓનો અમો પર વીસ્વાસ સંપુર્ણ બેસી

ગયો, તે એટલા સુધી કે અમેરીકાની સીકેગો ખાતેની મેસર્સ ગોરમલી એન્ડ જેફ્રી કંપની તો અમો માંગે તેટલી પ્રખ્યાત "રેમ્બલર" તથા "આઇડીયલ" બાઇસીકલો, જી. એન્ડ જે. ટાયર્સો, તથા બીજો પરચુટણ સામાન બેધડક મોકલી આપતા ગયા અને અમો વેચાણનાં જેવાં નાણા આવે કે તેમના માંગ્યા વગર મોકલી આપતા ગયા. ત્યાર પછી એ પ્રખ્યાત ખાનગી પેહેડી જાહેર લીમીટેડમાં ફેરવાઇ ગઇ, અને આ નવી કંપનીએ મુંબઇના અમારી હરીફ પેઢીને પણ પોતાની સાધારણ બનાવેલી સસ્તી બાઇસીકલો પુરી પાડયાથી અમોને ભારે ખોટ જવાથી અમારા વચ્ચેનો સંબંધ અમે તદન તોડી નાખ્યો. જો કે ત્યાર પછી સોરાબજી જ્યારે યુરોપ, જાપાન તથા અમેરીકાની મુસાફરીએ ગયા ત્યારે મી. જેફ્રીએ પોતાને ત્યાં બોહોંશ કરી લઇ જઇ ઉતારો આપ્યો હતો, એટલુંજ નહી પણ જાતે જુદા જુદા કારખાનામાં લઇ જઇ સર્વ દેખાડવા તથા ઓળખાણ કરાવતા, તેમ પ્રખ્યાત શોધક મી. એડીસન સાથે પણ કરાવ્યાથી તે પ્રખ્યાત શોધકે જાતે મારા એ ભાઇને પોતાનું ગંજાવર કારખાનું દેખાડયું હતું. કેવા અમીરી ખવાસનાઓ! સીકેગોના સાઇકલીસ્ટોમાં અતી પ્રખ્યાત થયલાં અઠવાડીક મોટાં ન્યુઝ પેપર "રેફ્રી" એ તો "રેમ્બલર" બાઇસીકલોના હીંદુસ્થાનના એજન્ટો દાખલ સેજ વીવેચણ સાથે અમો બન્ને ભાઇઓની છબી પણ છપી હતી.

એક વખત એવો આવ્યો કે જુની પેતરનની સેકંડ હેન્ડ સાઇકલો સસ્તે ભાવે અમોને પાછી આપી, વધારાના રૂપ્યા આપી, તેના બદલામાં નવી ઢપની સાઇકલો લેવા ઘરાકો આતુર બન્યાં. હવે તે વેળા અમો પાસે જથ્થો પણ ઘણો થયલો ને નાણાની સત્તળતા માટે તેમ કર્યા વગર છુટક રહયો નહી. હરીફાઇ પણ વધતી ચાલી. એક વખત એવો હતો કે હીંદના જુદાં જુદાં અઢાર શહેરોમાં અમારી એજન્સીઓ યા બ્રેંચો હતી. એમાંની ત્રણ શીવાય સર્વ આફત કારક નીવડી. જયાં સુધી જાતી દેખરેખ નહીં હોય ત્યાં સુધી બ્રેંચીસ યા એજન્સીઓ રાખવી એ બેવકુફઇ ભર્યું હુ સમજું છું. આપ મુઆ વગર સ્વર્ગે નહી જવાય, તે હમેશાં નવાં ધંધાદારીએ ખુબ ધ્યાનમાં રાખવું. જે ચીજો ઝટ વેચાઇ જતી હોય તેનીજ, પણ ઉમદામાં ઉમદા કીસમની અને ઓછે નફે વેચવાનો નીયમ ધ્યાનમાં રાખી, મંગાવવી. હદ ઉપરાંત મોટા જથ્થામાં, સસ્તી પડશે યા આસ્તે આસ્તે વેચાશે, એ નીયમ પર કદી અમલ કરવો નહી. નહીંતર છેલ્લાં ભારે ભારે ખોટના વમળમાં અમારી પેઠે આવી પડવાનો સંભવ રહેશે. રીતસરની ટુંકી જાહેર ખબરો બળતા દીવસો પર વર્તમાન પત્રોમાં આપ્યા કીધાથી આખરે ફાયદો થયા વગર રહેતો નથીજ. ઉધાર આપવામાં અખાડા કરવા. એવા ઉધાર ધંધાથી લાખ ઉપર રૂપ્યા, મુખ્ય કરી તવંગર, દેશીઓ ખાઇ ગયા. સાતસો રૂપ્યા યુરોપીયનોએ ખાધા. હું ઉપર લખી ગયો તેમ સેકન્ડહેન્ડ સાઇકલોના "ઢોખલાં" વધતાં ચાલ્યાં, પણ તેજ વખતે ભાડે લેનારાંઓનો વર્ગ પણ નીકળ્યો: કારખાનું હવે વધી ગયું હતું અને તે કવીન્સ રોડથી ગીરગામ મેસર્સ કસુજાફરની પેહેડી પાસેના બે મજલાંવાળાં ઘર તથા તેની પાછલના મોટાં કારખાનામાં આવેલું હતું, તેથી હરકત જેવું જણાયું નહી. ચાલીશથી પચાસ સાઇકલો દરરોજ ભાડે જાય. વળી પારસી જીમખાનામાં અમો બન્ને ભાઇઓ લાઇફ મેમ્બરો: એટલે કેટલાક મેમ્બરોના આગ્રહથી "સાઇકલ હોકી" ની રમત શરૂ કરવામાં આવી. આ સાઇકલનો મોટો ભાગ અલબતાં રમતને ઉતેજન આપવાના ઇરાદાથી નજીવાં દામે ભાડે હતો, એટલે જબર દસ્ત ભાંગ ટુટ થતી તે અમો ખોટે સંભાળી લેતા. દુકાન યા કારખાનાની અમારી ટુંક ગેરહાજરી

દરમ્યાન ભાઈ જેહાંગીરજી તથા મેનેજર સંભાળી લેતા હતા. અમારા આ મરહુમ ભાઈને પણ વર્તમાન પત્રોમાં ચર્ચા પત્રો લખવાનો ભારે શોખ હતો. હું લખતાં વીસરી ગયો કે સાઇકલ તથા મોટરકારોના કારખાનાનો વધુ અનુભવ મેળવવા ભાઈ સોરાબજી વાછા ઇંગ્લાંડ ગયા ત્યારે ત્યાંની તે વખતની પ્રખ્યાત સાઇકલ એનજીનીયરીંગ એસોશીએશને એશોસીએટેડ મેમ્બર દાખલ તેવણને ચુંટી કાઢી મોટું માન આપ્યું હતું, કે જે માન પારસીઓમાં મેળવનાર તેવણજ પહેલા હતા. ત્યાર પછી એટ્‌ઓાટનની એશોશીએશન ઓટોમોબાઇલના નામે ફેરવાયલી છે. યુરોપ અમેરીકા તથા જાપાનના એ પ્રવાસ દરમ્યાનના અનુભવથી ગેસથી ઇનેમલીંગ કરવાનું, નીકલ પ્લેટીંગ કરવાનું, તથા બાઇસીકલો બનાવવાનું કામ પહેલ વહેલ્લું, કાંઈ નહી તો મુંબઇ ઇલાકામાં, ખાનગી પેઢેડી દાખલ વાછા બ્રધર્સે શરૂ કીધું. અલબતાં, ટાયરો, સાંકળો અને સરસ સ્ટીલ ટ્યુબીંગના કટકાઓ ઇંગ્લંડ તથા અમેરીકાથી આવતા. ઝડપી ચાલની અને છેલ્લી ઢપની "રોયલ ઇન્ડીયન" બાઇસીકલો ટકાઉદાર બની ખરી, પણ ઇંગ્લંડ તથા અમેરીકાના ભાવો સાથે મુદલ પોશાઇ નહી. વેલાતના બનારનારાઓ પણ ઉપલા ત્રણ ભાગો આઇતા લઇનેજ બનાવે છે. એ ઉપરાંત નવાં નીકળેલાં ફાનસો માટે "કાલસ્યમ કારબાઇડ" તથા મુંબઇમાં પહેલ વહેલ્લી પેતરોલથી ચાલતી ગાડી દાખલ કરનાર પણ વાછા બ્રધર્સજ હતા. એની ત્રણ વરસ અગાડી મેસર્સ મેક્ર નેવ્યુ એન્ડ કંપનીએ વીજળીથી ચાલતી ત્રણ કારો મુંબઇમાં ફેરવી હતી. અમે નવી નીકળેલી પેત્રલથી ચાલતી ચાર પઇડાંની ગાડી મુંબઇના રસ્તાઓમાં ફેરવી તો ખરી, પણ એના પેત્રલ બળતણના તેલ માટે મહા મુશીબત અમોને નડી હતી. તે વખતના કાયદાને લીધે પેત્રલના દબ્બા ઇંગ્લંડથી એન્તવર્પ મોકલવામાં આવ્યા, અને ત્યાંથી મુંબઇના બાગમાં આવ્યા તો સફર દરમ્યાન અરધાથી વધુ જથ્થો ગળતર થયલો યા ઉડી ગયેલો હતો. વળી કસ્તમની પોથીમાં "પેત્રલ" શબ્દ લખાયલો નહી, એટલે નામવર સરકારને અરજી કરી "હાઇલી ઇન્ફ્લેમેબ્લ સ્પીરીત"ના મઠાલાં હેઠળ લાંબી મુદતે પાસ કરાવી શકયા તે વખતે બાર રૂપે ગ્યાલન વેચતા પણ અમોને ખોટના ખાડામાં ઉતરવું પડ્યું સરકારે ત્યાર પછી કાયદામાં સુધારો કરી આયાત કરવામાં સવલતા કરી હતી. શનીવાર તા. ૮ મી ડીસેમ્બર ૧૯૦૦ ના "અખબારે સોદાગર"માં છપાયલું કે "બાઇશીકલના વેપારમાં જાણીતા થયલા મેશર્સ વાછા બ્રધર્સના ગીરગામમાં આવેલી દુકાનમાં હાલ ઇંગ્રેજી બનાવટની એક નવી ઢબની મોટર ગાડી રસ્તે ચાલનારાઓનું મોટું ધ્યાન ખેંચે છે." જામે જમશેદ એજ તારીખના અંકમાં લખે છે કે "બાઇસીકલના અત્રેના સરૂથી ચહડતા દુકાનદારો મેશર્સ વાછા બ્રધર્સને ત્યાં છેલ્લી ઢપની 'મોટર ગાડી' આવી છે...આવતાં અઠવાડીયામાં ફરતી થવાની વકી રખાય છે."

એ ઉપરાંત જાહેરમાં અમો સાઇકિલ-સરતો ઉભી કરાવતા. વળી બે પઇડાં વાળી, પણ અકેક પાછળ પાંચ જણા બેસી ચલાવે તેવી, લાંબી "જેમ્સ ક્વીન્ટ" નામની બાઇસીકલ પણ મુંબઇના રસ્તાઓમાં ફેરવતા, જે પણ ઘણું ધ્યાન ખેંચતી હતી. ત્યાર પછી આ ચલાવનારાઓએ "રેમ્બલર કલબ" ઉભી કીધી, જેની મુખ્ય નેમ શની, રવી, તથા બીજા તહેવારો પર સાઇકલો પર બહઠું બાંધી મુંબઇ બાહેર "સેહેલ" કરવાની હતી.

પણ હદ બાહેર ઉધાર માલ આપ્યાથી, નવી ચાલુ શોધોને લીધે આગલો મોટા જથ્થામાં આવેલા સામાનનો (રદી) જથ્થો વધવાથી, નાણાની કેટાઇ, નાદરસ્ત તબ્બેત, બેત્રણ કામદારોની પેરવીઓ, વગેરેને લીધે એક વખતની આ ધીકતી પેઢી બંધ થઇ. હું

લખતાં વીસરી ગયો કે અમારા ભાઇ જેહાંગીરજીના ગુજર્યા બાદ તા. ૧૮ મી આગસ્ટ ૧૯૧૬ માં ભાઇ સોરાબજી પણ બેહેસ્તનશીન થયા. ત્યાર પછી દોઢેક વરસ હાલની "સીનેમા મેજેસ્ટીક" વાળી પોખાલ જગ્યા પર પેઢી પાછી સારા રાહ પર આવતી ગઇ, તેટલાં એ ભાડેની માલકતના વેચાણને લીધે, અને રેન્ટ એક્ટની ગેરહાજરીને લીધે, થોડે દુર ગાવવાડીમાં કારખાનાને લઇ જવું પડયું. અહીં બેવફા કામદારોથી કાયર થઇ નાદુરસ્ત તબ્યતને લીધે તે ચલાવવા બીજાને માસીક દરે ભાડે આપ્યું, પણ તે કંપનીએ છોડી દીધાથી વધુ નાદુરસ્ત તબ્યતને લીધે આખરે કાઢી નાખવું પડયું. અમારા ધીકતા વખતમાં સાઇકલ ચલાવનારા સરકારી યુરોપ્યન તેમજ દેશી ઓધેદારોમાંના ઘણા ખરા, તેમજ બાયખલા કલ્બ અને યાત કલ્બના મેમ્બરો, તેમજ જાણીતાં ગ્રહસ્થો અને બાનુઓ અમારાંજ ઘરાકો હતાં એમ કહેવું ખોટું નહી ગણાશે. સાઇકલો ભાડે ફેરવવામાં જે મોટી ખોટ આવી, તે પાછલથી જણાઇ આવેલી દગાબરી લુચ્ચાઇને લીધે હતું. તે એ કે દરરોજનો રૂપ્યો યા દોઢ રૂપ્યો આપી કેટલાક હીંદુઓ તથા મુસલમાનો લઇ જાય. કારખાનાનાં હીંદુ મુસ્લીમ કામદારો તેમને ઓલખે; પછી ઘરે લઇ જઇ યા હરીફ ધંધાદારીને ત્યાં લઇ જઇ અંદરની બાર પંદર રૂપ્યાવાળી નવી ટયુબો કાઢી લઇ અંદર જુની મુકી સાઇકલ પાછી સાંજે યા સહવારે પાછી આપી જાય, ને લુચ્ચા કામદારો પાછી નવી ટયુબો મુકી ભાગીદારીનો ધંધો ચલાવે. માટે ભાડે ફેરવનારાઓએ એ બીના પણ ધ્યાનમાં રાખવાની છે. આ હેવાલમાંથી પુરતો ખોરાક ધંધામાં જીપલાવનારા નવાઓને મળશે, એવી આશાથી ખાસ લખ્યો છે.

સખુનોની સીફત.

અંદરીમાન નામનો એક તવંગર શખ્સ પાદશાહ કએ કાઉસના અમલ દરમીઆન માજનદરાન તરફ રહેતો હતો. રાત્રીએ કેટલાક શખ્સોના પગલાં સાંભળી તે તેમના આવ્યાની મતલબ સહમજી ગયો, અને પોતાની ઉંઘરેતી બાયડીને જગાડી તેણીના કાનમાં કહ્યું: "હું જાણે ભર ઉંઘમાં પડયો હોવું તેમ ઢોંગ કરીશ, અને તું જાણે ઉંઘમાંથી ઉઠાડતી હોય તેમ સીફત લગાડજે, અને એવા મહોટે સાદે મારી સાથે વાત કરજે કે ચોરો તે બરાબર સાંભળે! મેં દોલત કેમ જમા કીધી તે તું જાણવા માંગજે, અને હું નાનો જવાબો વાળું, તે છતાં તું તે જાણવાની હઠ લેજે!"

ધણીઆણીએ તેમ કીધું, પણ અંદરીમાને જવાબ આપ્યો: "મેં તુંને કેટલી વખત ના કહ્યું કે એ સવાલ કોઇ દી તારે પુછવો નહી? મુંગી મુંગી ખાઇ પી મજાહ કર! જો તુંને ખરો જવાબ પણ આપું, છતાં કાં નહી કોઇ સાંભળે? દીવાલને પણ કાન હોય છે તે કહેવત શું તું વીસરી ગઇ? એથી આપણા બાબમાં કેવું માઠું પરીણામ નીપજે તેનો તો તું જરા વીચાર કર!"

આથી ધણીઆણીની જીભલડી કાતરની માફક ચરચર ચાલી. આખરે તેણીથી કંતલાઇ ગયો હોય તેમ અંદરીમાન બોલ્યો: "તમો બઇરાંઓથી તો હાથ જોડયા! બાયડી, હાથ જોડયા! પણ ડાહ્યા માણસોની શીખામણને તો તું જરા વીચાર કર! કોઇ દી આપણો ભરમ ઓરતને કહેવો નહી કરી તેઓ શું નથી જણાવી ગયા!"

"તું મને પોતાની બાબડી ગણે છે કે કોઇ બીજી?"

"પ્યારી મારી! ખોદા ખાતર ધીરી પડ! તું મારી કેવી લાડકવાઇ છે તે તો તુંને પુર માલમ છે! હું તુંને કહેવા કાંઇ ના પાડતો નથી, પણ કદાચ કોઇ બીજો સહમજે તેનોજ મને વાંધો છે! ઓતી જાત! હુશીઆરી દેખાડવા વળી કોઇ આગળ તુંજ બોલે!"

"પ્યારા! હું કબુલાત આપું છું કે આ જીભ પરથી એ બાબદનો એક સુખન વટીક બાહેર નીકળશે નહી."

"બાપરે બાપરે! આ પીડા કયાંથી પગે વલગી, જો તુંને જાણવાનોજ શોખ છે તો સાંભળ! આ મારી સઘળી દોલત ફક્ત લુટનું પરીણામ છે! એક ચોક્કસ કીમીઉં મારી પાસે છેઃ તેની મદદથી ચાંદરણાની રાત્રીએ જ્યારે માહતાબ પુર રોશનીથી રોશન બને છે ત્યારે ચુપચુપ હું તવંગર શખ્સોના ઘર બાહેર ઉભો રહું છું અને 'ઓ સીઆમક! સીયામક! સીયાયામક'; શબ્દો સાત વખત માહતાબ તરફ મ્હોં કરી અને તે તરફ હાથ લંબાવી, બોલી, ઝરુખા ભણી નજર ફેરવી રાખી, પાછો સાત વખત 'સીઆમક! સીયામક! સીયાયામક!' બોલનો કુદકો મારું છું કે આબાદ તે ઘરમાં પેસી જાવું છું, અને ત્યાર પછી ત્યાં પણ સાત વખત એ કીમીઆગરી શબ્દો ઉચારું છું કે અમલામાંની સર્વ છુપાવેલી દોલત મારી ચશમ સનમુખ ખુલ્લી થાય છે! એમાંથી મન પસંદ ઉપાડી લઇ બારી વાટેથી 'સીયામક! સીયામક!' શબ્દો બોલતો ઉપાડેલી લુટ સાથે ભુસકો મારું છું અને સલામત અહીં લાવું છું. એ શબ્દોની કરામતથી કોઇ મને વળી દેખી પણ શકતું નથી અને મારી પર કોઇ શક પણ લાવતું નથી! આ પ્રમાણે આપણી દોલત વધતી જાય છે. પણ પ્યારી! કોઇ આગલ એ ભરમ ખુલ્લો કરતી ના, નહીંતર આપણી પોતા પર આફત વરસશે!" દાનાવો કહી ગયા છે કે જતુની બદમાસો, જુગારીઓ, વગેરે, ઘણાં ખરાં વેહેમી હોય છે અને બાજે વખત અસંભવીત વાતો પર એતબાર રાખે છે! તેજ મુજબ છુપાયલા ચોરોના બાબમાં પણ બન્યું. વગર મેહેનતે અને પકડાવવાની કશી ધાસ્તી વગર આઇતું કમાવવાનો આવો કારગત ઇલાજ સાંભળી ઘણા ખુશી થયા. ઘરમાંના સર્વેને ખાબમાં ગીરફતાર થવાની વાર જોતા તેઓ સંતાઇ બેઠા. આખરે જ્યારે હાલ ચાલ અને વાતચીતનો મુદલ સનસારો જણાયો નહી કે ચોરોના સરદારે (સ્વરાજ બદલ) "સીઆમક! સીયામક! સીયામક!" બોલનો ઉઘાડી બારીમાંથી મકાનમાં ભુસ્કો માર્યો કે તે બાજુ મોટી દાંગ સાથે ભરાઇ બેઠેલા અંદરીમાને ચોરના સરદારના ખભાં પર ફટકો લગાવી કહ્યું: "આતલાં વરસ સુધી શું તમો હરામખોરો માટે મેહેનત કરી મેં મીલકત જમા કીધી કે? એક શબ્દ પણ જો બોલ્યોચ તો તરત તારો જીવ લઇશ!" એટલું બોલી તેના હાથ પગ લુંગડાથી બાંધ્યા. આ પ્રમાણે ઓરડાની અંદરનો મામલો હતો ત્યારે સરદારની વાર જોઇ બીજાએ પણ પેલા શબ્દો ઓચરી ઓરડામાં જીપલાવ્યું, કે તરતજ દીગોલું અને ઘર ધણીઆણીને હાથે બંધીવાન! આ પ્રમાણે પાંચેક જણા અંદર સપડાઇ ગયા. આખરે શક જવાથી બાકીનાઓ ત્યાંથી નાઠા.

સહવારું પોહોર ફાટતાંજ દુર આવેલી પોલીસ ચોકી પર ઘોડેસ્વાર થઇ અંદરીમાનની પરણેતર નીકળી પડી અને રૈયતના રક્ષકોની મદદ લાવી પેલા પાંચે જણાઓને રાજને સ્વાધીન કીધા. વધુ તેહેકીક કરતાં તો રાજ સામે અજ્ઞાન રૈયતને ઉશકેરી મેલનારા બગતો નીકળ્યા, કે જેમને ઢુંડી કાઢવા પોલીસ કેટલુંક થયું મંડેલોજ હતી.

અજબ આદમ.

ગર્મસીર બારીસ્તાનની દક્ષીણે આવેલા ઈરાની અખાત યાને ધરીઆવમની બાજુએ અરબસ્તાનના કીનારા આગળ એક દીને એક માછી જાળ નાખી માછલાં મારતો હતો. ત્યારે તેણે પોતાની જાળ અતીશય ભારે દેખાવાથી ખુશી થયો કે જબરદસ્ત માછલી સપાટામાં આવ્યાથી તે દીવસે તેનું નશીબ ફરી ગયું હતું. સઘળું જોર એકઠું કરી ઉમંગથી તેણે કીનારા પર તે ખેંચી. પણ જબરદસ્ત માછલી યા સંખ્યાબંધ માછલાઓને બદલે માણસાઈ આકારનું એક જાનવર જોઈ તેના ગભરાટનો પાર રહ્યો નહી. માણસાઈ આકારના આ જાનવરના દરેક ભાગ પર ખીચોખીચ બાલ હતા. તણુમણુથી તેણે તે જાળમાંથી છોડવ્યું. પણ તે નીરદોષ જણાવાથી પાળેલા જાનવરની પેઠે ઘરે લઈ જઈ ઉછેર્યું. "હાકલ! હાકલ!" શીવાય તે કશા શબ્દ બોલતું નહીં હતું, તો પણ તે અતીશય નરમાશ વાળું અને મળતાવડા સ્વભાવનું જણાયું. આ માછી પાસે સારી જેવી પુંજી હોવાથી પોતાના પાળેલા જાનવરો અને પક્ષીઓની સંભાળ લેવાનું કામ તેને સોંપ્યું.

બન્યું એમ કે એક દીને તદન હથીયાર બંધ થઈ આસારે સો ઈરાનીઓની એક ટુકડી ત્યાં જઈ લાગી. અને બકરાં મેંઢાના ટોળાને હંકારી લઈ જવા લાગી. પાસબાન દાખલ ચોકી કરતા હાકલ પાસે ફક્ત એક ડીંગોરુ હતુ, છતાં તેણે પેલી ટુકડીને ઈશારત કરી ધારેલા કામથી હાથ ઉઠાવવા કહ્યું; પણ તેના અકુદરતી દેખાવ જોઈ તે ટુકડીના માણસો હસવા અને મશકરી કરવા લાગ્યા. બે જણા તેની નજદીક ગયા તો ડીંગોરાનો સ્વાદ ચાખી મરણતોલ થઈને પડ્યા. હવે ટુકડીની શુદ્ધ ઉડી. તેઓ તેની પર ધસારો લઈ ગયા; પણ આ પાસબાનની ચંપળતા અને ચંચળાઈથી તેમનામાંના કેટલાક આજેજ થઈ મરણ તોલ ભોંયે પડ્યા, જ્યારે લગભગ અરધી સંખ્યા મરણ પામી ત્યારેજ તેઓ દેહશત ખાઈ નાઠા.

હથીઆરબંધ ટુકડીની નાશભાગથી માછી અને તેના પાડોશીઓનું ધ્યાન ખેંચાયું અને તેઓ ચારા વાળી જગ્યા આગળ જઈ જોય છે તો નજદીક પચાસ હથ્યાર બંધ માણસો મરણ પામેલા! તેમના સર્વ જીવતા ઘોડા તથા શરીર પરની અસંક્યામતનો ધણી હાકલ થયેલો દીઠો. દેશના સ્વાઈઆ પ્રમાણે જીતનાર દાખલ એ સર્વ અસબાબનો માલેક તે થયો હતો. તેની સામે કોઈથી બોલાય તેમ નહી હતું. આથી જમાના લાલચુ એક આરબે પોતાની એક ખુબસુરત બેટીને તેની સાથે નેકાહ કરાવવા વીચાર કીધો. હાકલની મરદાનગીની વાત ટુંક વખતમાં આખા કોહસ્તાના ગામોમાં પ્રસરી રહી અને આફરીનના શબ્દો સીવાય બીજું કાંઈ સંભળાતું નહી. તેથી ગામડાના પેલા આરબની બેટીને આ બેદોલ સામે વાંધો નહી હતો. ઘણી ધામધુમ સાથે તેમના નેકાહ થયા કે જેવી ધામધુમ તે ગામડાંએ કદ્દીનજ જોઈ હશે. નેકાહ વખતે પોતાના હમનંબરદ ઈરાનીનો સઉથી કીમ્મતી પોશાક તેણે પેહેરીઓ, અને પકડેલા ઘોડાઓમાંથી સર્વેથી સરદા ઘોડા પર તે સ્વાર થયો તે હદે ઘણો શોભાયમાન દીસ્યો, અને ગમતી ચાલાથી જે નવજવાન ગાભરૂઓ તેની ધણીઆણીની દયા ખાતા હતા તેઓ હવે અદેખાઈ કરવા લાગી. આ નેકાહથી જોરાવર બાંધાના ચાર બેટાઓ જનમ્યા, જેમની જોરાવરી અને ક્રુરતાથી સદીઓ સુધી તે કીનારા આગળ તરેહવાર દંતકથાઓ ઉભી થઈ, અને માછીઓ તથા વહાણવટીઓ બનતા સુધી તેમનાથી દુરના દુર રહેતા હતા. સાર—ક્રુરતાથી પણ આ જગતના નામના બોલાય છે. પણ તે ધીક્કારને પાત્ર ગણાય! દાખલા તરીકે જમશેદ બાદશાહના વખતનો ઝોહાક, ઈટલીનો નીરો, પોરચુગલનો પેડ્રો, હીંદનો ઢોંડુ પંત યાને નાના સાહેબ!

માણેકજી એદલજી વાછાનાં પુસ્તકો માટે વર્તમાનપત્રોના મતોઃ

હીંદી પંચ લખે છે: મી. વાછા ભલે કે એક ઝવેરી નથી, તોપણ હીરા અને માણેક પરખવાની સારી કુનેહ તેઓ ધરાવતા દીસે છે, તેથી વાર્તાના સાહીત્યની ખાણમાંથી સુંદર માણેક ખોદી કહાડી તેમને પંચ પ્રજા હજુર ધરવાનો ઉમંગ તેઓએ ચાલુ રાખ્યો છે.

રાસ્ત ગોફતાર લખે છેઃ—વાર્તાઓને રસીલી બનાવવાને કર્તાએ કશી ખામી રાખી નથી.

કૈસરે હીંદ લખે છેઃ—મી. વાછા પણ થાક્યા નહી જાય નો ? વરસો થયાં તેઓને હાથે કલમ ચાલી રહી છે, અને વાંચનારનું દીલ ખેંચી રાખવાની તેમાં શક્તી છે.

ગુજરાતી લખે છેઃ—રસીક વાર્તા સંગ્રહ યાને જુદાજ પ્રકારની વાર્તાના બંડોળનું આ પુસ્તક હસ્તીમાં આવ્યું છે.

જામે જમશેદ લખે છેઃ—ગુજરાતી વાર્તા-લખાણનો લાંબો મહાવરો હોવાથી આ પુસ્તક રસીલી રીતે લખાયલું નજરે પડે છે. લખાણની ભાષા તથા ઇમારત સાદી અને મન પસંદ છે.

મુંબઈ સમાચાર લખે છેઃ—પુસ્તક એક વાર હાથમાં ધર્યા પછી કંટાળો આવતો નથી, પણ ઉલટું તે પુરૂં કરવાની ઇચ્છા થાય છે.

અખબારે ઇસ્લામ લખે છે—એક એક વાર્તા એક બીજીને ભુલાવે એવી રસકસથી ભરપુર છે.

અખબારે સોદાગર લખે છેઃ—નીરદોષ અને દીલખુશ વાંચણથી ભરપુર પુસ્તક, દરેક ઘરમાં ફુરસદના વખતે મગજને રમુજ આપવા માટે રાખવા જોગ છે.
